ગુજરાતનો સાંસ્કૃતિક ઇતિહાસ

(ઇ.સ. ૧૩૦૪ થી ૧૮૧૮)

નવીનચંદ્ર આનંદીલાલ આચાર્ય

તૃતિય આવૃત્તિ (પુનર્મુદ્રિત) 2015

યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ–૬.

For Reference See Pages: 94, 176.
For page numbers, see the page footer. Page numbers are in 'Page x of y' format

ગુજરાતનો સાંસ્કૃતિક ઇતિહાસ

(ઇ.સ. ૧૩૦૪ થી ૧૮૧૮)

નવીનચંદ્ર આનંદીલાલ આચાર્ય

તૃતિય આવૃત્તિ (પુનર્મુદ્રિત) 2015

યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ–૬.

ગુજરાતનો સાંસ્કૃતિક ઈતિહાસ
(ઈ.સ.૧૩૦૪ થી ૧૮૧૮)

: લેખક :
સ્વ.નવીનચંદ્ર આનંદીલાલ આચાર્ય
એમ.એ., પીએચ.ડી.
નિવૃત્ત પ્રાધ્યાપક
ભારતીય સંસ્કૃતિ વિભાગ
એચ.કે.આર્ટ્સ કોલેજ, અમદાવાદ

યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ–૬.

Cultural History of Gujarat (A.D.1304 to 1818)
By
Late Dr.Navinchandra A.Acharya

પ્રકાશક :
શ્રીમતી ભાવનાબેન દવે
ઉપાધ્યક્ષ
યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય,
અમદાવાદ - ૩૮૦૦૦૬
website: www.granthnirman.com
email : granthnirman1970@gmail.com

પ્રથમ આવૃત્તિ : *૧૯૮૪*
દ્વિતીય આવૃત્તિ (પુનઃ મુદ્રિત) : ૧૯૯૯
તૃતિય આવૃત્તિ (પુનઃ મુદ્રિત) : ૨૦૧૫
ISBN : ISBN : 978-93-85344-12-1
નકલ : *૧૧૦૦*
કિંમત: *રૂા. ૧૦૦.૦૦*

"Published by the University Book Production Board, Gujarat State; under the Centrally Sponsored Scheme of Production of Books and Literature in Regional Languages at the University level, of the Commission for Scientific and Technical Terminology (CSTT) Government of India in the Ministry of Human Resource Development (Department of Higher Education), New Delhi."

ટાઈપ સેટીંગ:
હરીઓમ કોમ્પ્યુટર્સ
૯૪, અવનીશ સોસાયટી, પવિત્રકુંજ સોસાયટી સામે
સી.ટી.એમ.ક્રોસ રોડ, અમદાવાદ
મો.૯૩૨૫૦૧૮૫૫૬, ૯૩૭૬૧૯૮૮૨૯
email : jyotidhandhykia@gmail.com

મુદ્રક : શ્વેતા ઓફસેટ પ્રા. લિ.
૧૪/૧, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ

પ્રસ્તાવના (પ્રથમ આવૃત્તિ)

ગુજરાતના મધ્યકાલીન ઈતિહાસમાં સલ્તનતકાળ અને મરાઠાકાળ મહત્ત્વનું સ્થાન ધરાવે છે. આથી આ ગ્રંથ 'ગુજરાતના ઈતિહાસ' (ઈ.સ. ૧૩૦૪ થી ૧૮૧૮)માં એ ત્રણે કાળના સાંસ્કૃતિક ઈતિહાસનો સમાવેશ કરેલ છે. પ્રસ્તુત ગ્રંથનું શીર્ષક ગુજરાતનો 'સાંસ્કૃતિક ઈતિહાસ' આપેલ હોઈ અહીં રાજકીય ઈતિહાસની માત્ર રૂપરેખા જ આપી છે. રાજકીય ઈતિહાસનું ભારણ ઓછું થતાં સાંસ્કૃતિક ઈતિહાસની વિગતોની વિસ્તૃત રીતે ચર્ચા થઈ શકે એ દૃષ્ટિએ અહીં રાજકીય ઈતિહાસ કરતાં ઈતિહાસને લગતી વિગતોને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે.

ગુજરાતના મધ્યકાલીન ઈતિહાસની માહિતી શ્રી મગનલાલ વખતચંદના 'અમદાવાદનો ઈતિહાસ', શ્રી ર. ભી. જોટના 'ગુજરાતનો સાંસ્કૃતિક ઈતિહાસ ઈસ્લામયુગ', 'ગુજરાતનું પાટનગર અમદાવાદ' Commissariat History of Gujarat - Vol I, II, III વગેરે ગ્રંથોમાંથી મળે છે. આ ગ્રંથોમાં પણ રાજકીય ઈતિહાસની છણાવટ સવિશેષ કરેલ છે. અહીંના ભો. જે. અધ્યયન-સંશોધન વિદ્યાભવન તરફથી બહાર પડેલ 'ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ' - ગ્રંથ ૫. ૬.૭ મહદંશે ઈતિહાસના વિષયમાં સંશોધન ક્ષેત્રે અભ્યાસ કરનારને સવિશેષ ઉપયોગી નીવડે તેમ છે સ્નાતક કક્ષાએ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે આવા એક સળંગ સંક્ષિપ્ત ઈતિહાસનો ઘણા સમય થી ખોટ વર્તાતી હતી. આ વસ્તુને ધ્યાનમાં લઈ યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડે આવો એક ગ્રંથ તૈયાર કરાવવાનું વિચાર્યું અને તે માટે મને ગુજરાતના સાંસ્કૃતિક ઈતિહાસ (ઈ.સ. ૧૩૦૪ થી ૧૮૧૮) ને લગતાં ગ્રંથ લખવાનું આમંત્રણ આપતા. મેં તેનો સહર્ષ આભાર સાથે સ્વીકાર કર્યો.

સમગ્ર ગ્રંથને ત્રણ વિભાગમાં વહેંચી નાખી પ્રથમ વિભાગમાં સલ્તનતકાલીન સાંસ્કૃતિક ઈતિહાસ, દ્વિતીય વિભાગમાં મુઘલકાલીન સાંસ્કૃતિક ઈતિહાસ અને તૃતીય વિભાગમાં મરાઠાકાલીન સાંસ્કૃતિ ઈતિહાસને લગતી વિગતો આપી છે. આ ગ્રંથ સાંસ્કૃતિક ઈતિહાસને લગતો હોઈ શાસકોની વંશાવળીઓ આપેલ નથી. અહીં વિષયને સરળ બનાવવા જરૂરી ચિત્રો. દરેક પ્રકરણને અંતે તે તે પ્રકરણને લગતા સંદર્ભગ્રંથો તથા ગ્રંથને અંતે પરિભાષા સૂચિ આપેલ છે.

આ ગ્રંથને તૈયાર કરવામાં મહદંશે પકાણ નીઝામુદીન વકીલે કરેલ 'મિરાતે અહમદી'નો ગુજરાતી અનુવાદ. શ્રી મગનલાલ વખતચંદનો 'અમદાવાદનો ઈતિહાસ' શ્રી ર. ભી. જોટનો 'ગુજરાતનું પાટનગર અમદાવાદ', કોમીસેરિયેટનો 'ગુજરાતનો ઈતિહાસ' - વો. ૧. ૨. ૩ તથા ભો. જે. અધ્યયન-સંશોધન વિદ્યાભવન તરફથી બહાર પાડેલ 'ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ' ગ્રં. ૫. ૬. ૭ વગેરે ગ્રંથોનો ઉપયોગ કર્યો છે. તેની સાભાર નોંધ લઉં છું અને તે સર્વ ગ્રંથોના વિદ્વાન લેખકોના ઋણનો સ્વીકર કરું છું. મેં શક્ય એટલી માહિતી એકત્ર કરીને આ ગ્રંથ તૈયાર કર્યો છે. છતાં, સાંસ્કૃતિક ઈતિહાસનું ક્ષેત્ર એટલું બધું વિશાળ છે કે સંપૂર્ણ વિગતો આપવી મુશ્કેલ છે તેથી આ ગ્રંથમાં અન્યને જણાઈ હોય એવી કોઈ વિગતોનો અભાવ દેખાય તો ક્ષમ્ય ગણાશે અને મારા ધ્યાન પર લાવવા કૃપા કરશો કે જેથી બીજી આવૃત્તિમાં તેને સમાવી શકાય.

આ ગ્રંથ તૈયાર કરવાની પ્રેરણા આપવા માટે તેમ જ એના પ્રકાશન માટે યનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડનો તથા ગ્રંથ તૈયાર કરવામાં સંગીન માર્ગદર્શન આપવા બદલ મારા પરમ આદરણીય ગુરુ ડૉ. હરિપ્રસાદ ગં. શાસ્ત્રીનો જેટલો આભાર માનું તેટલો ઓછો છે. આ સાથે ઉપયોગી ચિત્રોના બ્લોક પૂરા પાડવા બદલ અમદાવાદના ભો. જે. અધ્યયન-સંશોધન વિદ્યાભવનનો હું અંતઃકરણપૂર્વક આભાર માનું છું.

૪-૧૦-૧૯૮૪ **ડૉ. નવીનચંદ્ર આચાર્ય**

અમદાવાદ

અનુક્રમણિકા

પ્રકરણ ૧ : પ્રાસ્તાવિક

ખંડ ૧ : સલ્તનતકાળ

ગુજરાતના સાંસ્કૃતિક ઇતિહાસની સાધનસામગ્રીની ઉપયોગિતા જુદા જુદા સમયે જુદી જુદી રહી છે. પ્રાચીનકાળમાં પ્રાક્-સોલંકીકાળ માટે સિક્કાઓ, શિલાલેખો અને તામ્રપત્રો આધારભૂત સાધન મનાતાં હતાં. સોલંકીકાળના ઇતિહાસ માટે અભિલેખો, તામ્રપ્ાત્રો અને સમકાલીન સાહિત્ય આધારભૂત મનાય છે; જ્યારે મધ્યકાલીન ગુજરાતના સાંસ્કૃતિક ઇતિહાસ માટે મુસ્લિમ અને હિંદુ રાજવીઓના સિક્કાઓ, અરબી-ફારસી અને સંસ્કૃત-ગુજરાતી અભિલેખો, મુસ્લિમ તવારીખો, શાહી ફરમાનો અખબારાત વગેરે નોંધપાત્ર ગણાય છે. સામાન્ય રીતે મધ્યકાલીન ગુજરાતના સાંસ્કૃતિક ઇતિહાસનાં સાધનોને ત્રણ વિભાગમાં વહેંચી શકાય: (૧) આભિલેખિક, (૨) સાહિત્યિક અને (૩) પુરાવશેષીય.

આભિલેખિક

આભિલેખિક સાધનોમાં અભિલેખો, સિક્કાઓ, તામ્રપત્રો વગેરેનો સમાવેશ થાય છે.

અભિલેખો

ગુજરાતમાં મુસ્લિમ સત્તાની સ્થાપના થતાં અભિલેખોનું સ્વરૂપ બદલાવા માંડ્યું. પ્રાચીનકાળની સરખામણીએ આ લેખો ઘણા જ ટૂંકા છે. તેમાં પ્રશસ્તિલેખોનું પ્રમાણ ઘણું ઓછું છે. કેટલાક લેખો અરબી-ફારસીમાં, તો કેટલાક લેખો સંસ્કૃત-ગુજરાતીમાં લખાયા છે.

ગુજરાતના અરબી-ફારસી ભાષાના લેખોનો અભ્યાસ ઇતિહાસલેખન માટે યોગ્ય રીતે થયો હોય તેમ જણાતું નથી. ઈ.સ. ૧૮૮૯માં ભાવનગર રાજ્યના પુરાતત્ત્વ ખાતા તરફથી અરબી-ફારસી લેખોનો એક નાનો સંગ્રહ 'Corpus Inscriptionum Bhavanagari' ઈ.સ. ૧૯૪૨ના અરસામાં ડૉ. મુહમ્મદ અબ્દુલ્લાહ ચઘતાઈ-કૃત 'અમદાવાદ શહેરના અભિલેખો'નો સંગ્રહ, Movements

of Ahmedabad through their Inscriptions. Yazdani and Gyani R.G. નું Important Inscriptions from the Baroda State, Vol. II Muslim Inscriptions (1940), ઝિયાઉદ્દીન એ. દેસાઈ (સં) નું ગુજરાત ઇતિહાસ સંદર્ભસૂચિ ખંડ ૬: અરબી-ફારસી શિલાલેખો (ઈ.સ.૯૨૦ થી ૧૯૫૩), શંભુપ્રસાદ હ. દેસાઈનું Arabic and Parsian Inscriptions of Saurastra, Burgess, J. and Cousens નું Architectural Antiquities of Northen Gujarat, Revised List of an Antiquarians in Bombay presidency વગેરે મહત્ત્વના ગ્રંથો બહાર પડ્યા છે.

આ ઉપરાંત, ભારતીય પુરાતત્ત્વ ખાતા તરફથી તેના વાર્ષિક હેવાલોમાં અમદાવાદ,ખંભાત, ધોળકા, ભરૂચ વગેરે સ્થળોએથી મળી આવેલા અરબી-ફારસી લેખોની માહિતી મળે છે. આ સર્વ લેખોની વિશેષતા એ છે કે તેમાંથી રાજાની વંશાવળીઓ, રાજકુલની અગત્યની વ્યક્તિઓ, રાજ્યની હદ, કર્મચારીઓ, હોદ્દાઓ, સંવત, કરવેરા પદ્ધતિ, પ્રજાની સ્થિતિ, વેપારીઓની મુશ્કેલીઓ, રાજ્ય તરફથી વહીવટીતંત્રને વ્યવસ્થિત કરવા માટે લેવાતાં પગલાં વગેરે વિવિધ બાબતોની માહિતી મળે છે. આ સમયના અભિલેખો મહદંશે સૌરાષ્ટ્ર, કચ્છ, ઉત્તર ગુજરાત, અમદાવાદ વગેરે સ્થળોએથી મળેલા છે.

સલ્તનતકાળ દરમિયાન લખાયેલા અરબી-ફારસી લેખોમાં કેટલાક ઘણા મહત્ત્વના છે. હિ.સં ૯૨૨ (ઈ.સ. ૧૫૧૬-૧૭)માં રાણી હીરબાઈએ અમદાવાદમાં બંધાવેલ મસ્જિદ અંગેનો એક લેખ અમદાવાદની મંછા (મન્શા)ની મસ્જિદમાંથી મળ્યો છે. ભરૂચના હિ.સં.૮૨૧ (ઈ.સ.૧૪૧૮)ના લેખમાંથી ગુજરાતમાં સુરસન પ્રચલિત હોવાનું જણાય છે.

મુઘલકાલીન અરબી-ફારસી અભિલેખોમાંથી મુઘલ સૂબાઓ, મુઘલ બાદશાહો, મુઘલકાલીન ગુજરાતના અધિકારીઓ, યુદ્ધો, મસ્જિદો, વાવો, ધર્મશાળાઓ વગેરેને લગતી માહિતી મળે છે. કેટલાક લેખોમાંથી મુઘલકાલીન શિક્ષણસંસ્થાઓ - જેવી કે અમદાબાદ, પાટણ અને સુરતની મદ્રેસાઓ, મુસ્લિમ મુસાફરો માટે સુરતમાં બંધાવેલી ધર્મશાળા વગેરેનો ઉલ્લેખ મળે છે. સિદ્ધપુર (હિ.સં. ૧૦૫૬-ઈ.સ. ૧૬૪૬-૪૭)નો, પેટલાદ (હિ. સં. ૧૧૧૧-ઈ.સ. ૧૬૯૯-૧૭૦૦)નો, વડનગર (હિ. સં ૧૦૪૨, ઈ. સ. ૧૬૩૩)નો, અમદાવાદના પાંચકૂવા

પાસેની અમૃતવર્ષિણી વાવ (ઈ.સં.૧૭૨૩)નો વગેરે સંસ્કૃત-ગુજરાતીમાં લખાયેલા લેખો નોંધપાત્ર છે. આ સર્વ લેખોને લગતી માહિતી 'ગુજરાતના ઐતિહાસિક લેખો' - ભા.૪,૫, સં. ડૉ.હ.ગં. શાસ્ત્રી, ભાવનગર પ્રાચીન શોધ સંગ્રહ, ડિસકલરકનું 'Inscriptions of Kathiawad' ખખ્ખર ડી.પી.નું 'Report on the Architectural and Archaeological Remains of the province of kachh વગેરે ગ્રંથોમાંથી મળે છે.

મરાઠાકાળ દરમિયાન લખાયેલા અરબી-ફારસી લેખો મોટે ભાગે અમદાવાદ, પાટણ, સુરત, ખંભાત, ભુજ, રાધનપુર વગેરે શહેરોના કસ્બામાંથી મળે છે. આ સમયના લેખો મોટે ભાગે મસ્જિદો બંધાવવા, તેમ જ મૃત્યુ તારીખો કે રોજાઓ બંધાવવા અંગેના છે. કેટલાક લેખોમાંથી કિલ્લા કે શહેરના દરવાજા બંધાવ્યાના ઉલ્લેખ મળે છે. હિ.સં. ૧૨૨૦ (ઈ.સ. ૧૮૦૫)ના એક લેખમાંથી આનંદરાવ ગાયકવાડના સૂબા રઘુનાથરાવ મહિપતરાવના તથા હિ.સં.૧૨૪૦ (ઈ.સ. ૧૮૨૪-૨૫)ના લેખમાંથી સ્થાનિક અમલદારો સૈયદ સરફરાજઅલી તથા શેખ વલિયુદ્દીન નિઝામ વગેરેના વહીવટનો ખ્યાલ આવે છે.

આ સમયે કેટલાક લેખો સંસ્કૃત-ગુજરાતીમાં લખાયા છે. આવા લેખો મોટે ભાગે હિંદુ-જૈન મંદિરોમાંથી, જળાશયો જેવાં કે વાવ, તળાવ વગેરે સ્થળોએથી મળી આવેલા છે. મોટા ભાગના લેખો પૂર્ત ધર્મને લગતા છે. આ લેખોમાંથી વાવ કરાવ્યાના, કોટ કરાવ્યાના, તળાવ બંધાવ્યાના તેમ જ ભૂમિદાન આપ્યાના ઉલ્લેખો મળે છે.

આ ઉપરાંત, કેટલાક લેખો ગુજરાતનાં વિવિધ સ્થળોએ આવેલા પાળિયાઓ ઉપરથી મળે છે. આ લેખોમાંથી રાજ્યમાં બનેલ કોઈ નોંધપાત્ર બનાવ, દેશમાં પ્રચલિત સતી પ્રથાની સમાજ પર અસર, દેશની બળવાન કોમોની બહાદુરી, રક્ષણની ભાવના વગેરેને લગતી માહિતી સાંપડે છે. આવા પાળિયાલેખો અમદાવાદ, શામળાજી, ઉત્તર ગુજરાત, વિજયનગર (જિ. સાબરકાંઠા) વગેરે સ્થળોએથી મળી આવેલા છે.

વિ.સં. ૧૫૪૪ (ઈ.સ. ૧૪૮૯) ના દાહોદના લેખમાંથી કિલ્લો બંધાવ્યાનો, વિ.સં. ૧૫૫૫ (ઈ.સ. ૧૪૯૯) ના લેખમાંથી મહેમદાવાદ નગરને લગતો,

(વિ.સં. ૧૫૫૫ (ઈ.સ. ૧૪૯૯) ના લેખમાંથી અડાલજની વાવ તથા વિ.સં. ૧૫૫૬ (ઈ.સ.૧૫૦૦) ના લેખમાંથી બાઈ હરિર અમદાવાદમાં વાવ બંધાવ્યાનો ઉલ્લેખ મળે છે.

આ સમયના પ્રશસ્તિલેખો મોટે ભાગે પૂર્ત કાર્યોને લગતા જોવા મળે છે. ઘણા લેખો શુદ્ધ સંસ્કૃત ભાષામાં લખાયા છે. કેટલાકમાં ગદ્યપદ્યનું મિશ્રણ જોવા મળે છે. કેટલાક લેખોમાં વિવિધ અલંકારો પ્રયોજાયેલા જોવા મળે છે. દા.ત., વિ.સં. ૧૫૧૪ના માંડવીની વાવના લેખમાં કાળા જમાનને કાલિકા માતાની ઉપમા આપેલી છે.

આ સમયે વિપુલ પ્રમાણમાં પ્રતિમાલેખો રચાયા હોય તેમ જણાય છે. આવા લેખો મોટે ભાગે દેવદેવીઓની પ્રતિમા ઉપર કોતરાયેલા જોવા મળે છે. પ્રતિમાલેખો મોટે ભાગે જૈન પ્રતિમાઓ ઉપર કોતરાયેલા વધુ જોવા મળે છે. આવા લેખો પાટણ, અમદાવાદ, ખંભાત, રાધનપુર, થરાદ વગેરે વિવિધ સ્થળોએથી મળે છે. પ્રતિમાલેખોમાંથી તીર્થંકરનું નામ, પ્રતિમાની સ્થાપનાનું વર્ષ, સ્થાપના કરનારનું નામ, સ્થાપનાનો હેતુ, પ્રતિષ્ઠા કરાવનાર સૂરિ, તેમના ગચ્છ વગેરે તત્કાલીન સાંસ્કૃતિક ઈતિહાસને લગતી માહિતી મળે છે. આવા લેખો સલ્તનતકાળ, મુઘલકાળ અને મરાઠાકાળ દરમિયાન ઠીક ઠીક સંખ્યામાં રચાયા હતા. આ અંગેની માહિતી ડૉ. ઈ.વિ. ત્રિવેદી-સંપાદિત 'ગુજરાત ઈતિહાસ સંદર્ભસૂચિ' - ખંડ ૪, ૫ માંથી મળે છે. આ ગ્રંથમાં ઈ.સ. ૧૩૦૧ થી ૧૭૬૦ સુધીના લેખોનો સમાવેશ કરેલો છે.

પ્રતિમા લેખો ઉપરાંત આ સમયના કેટલાક પાળિયાલેખોમાંથી પણ સાંસ્કૃતિક ઈતિહાસને લગતી માહિતી મળે છે. પાળિયા સામાન્ય રીતે તળાવની પાળે કે ગામના પાદરે ઊભા કરેલા હોય છે. આ પાળિયાલેખો વીરગતિએ પામેલા યોદ્ધાઓ અને સતી થયેલી સ્ત્રીઓને લગતા હોય છે. આવા લેખો મોટે મોટે ભાગે તળપદી ભાષામાં, દેવનાગરી કે તત્કાલીન પ્રચલિત લિપિમાં લખાયેલા હોય છે. આવા લેખોમાંથી મિતિ, ભાષા, કોઈ મહત્ત્વનો પ્રસંગ, લિપિ, મનુષ્યનામ, ધાર્મિક પ્રવૃત્તિઓ વગેરેને લગતી માહિતી સારા પ્રમાણમાં મળે છે. દા.ત., નગેચાણા (કચ્છ) ના વિ.સં. ૧૫૪૦ (ઈ.સ. ૧૪૮૪) ના પાળિયાલેખમાંથી ગાયની વહારે જતાં મૃત્યુ થયાનો, તેમ જ વિ.સં. ૧૬૦૪ (ઈ.સ.૧૫૪૮) ના (બગસરા) ના લેખમાંથી સતી થયાનો,

તેમ જ દૂધેશ્વર આગળથી મળેલ મુઘલકાલીન પાળિયાલેખમાંથી એક વણિકની બે સ્ત્રીઓ સતી થયાનો ઉલ્લેખ મળે છે.

તામ્રપત્રોની બાબતમાં આ કાળ ઘણી જ દરિદ્રતા અનુભવે છે. આમ છતાં આ સમયના ઘણા હિંદુ રાજવીઓનાં તામ્રપત્રો મળ્યાં છે. પણ તે સર્વ પ્રાચીનકાળની સરખામણીએ ભાષા અને માહિતીની દૃષ્ટિએ ઊતરતી કક્ષાનાં છે. ભાષા, વિગતો વગેરેમાં ચોકસાઈનો અભાવ વર્તાય છે. આમ છતાં, તે સર્વ પ્રાચીન પ્રણાલિકાને જીવંત રાખતાં હોય તેમ જણાય છે.

સિક્કાઓ

મુસ્લિમ સમય તેમ જ મરાઠા સમયના ઘણા સિક્કાઓ ગુજરાતમાંથી મળ્યા છે. ગુજરાતના સ્વતંત્ર સુલતાનોના સિક્કાઓ પર ફારસી પદ્યમાં લખાણ, રાજાની વંશાવળી, હિજરી સંવત,બિરુદો વગેરે જોવા મળે છે. અકબર, જહાંગીર, ઔરંગઝેબના સિક્કાઓ પરથી તેમનો કલાપ્રેમ, ધાર્મિક માન્યતાઓ વગેરે નજરે પડે છે. ગાયકવાડ અને ખંભાતના નવાબના સિક્કાઓ પરથી રાજ્યમાં પ્રચલિત ચલણી નાણું, વિનિમય પદ્ધતિ વિશેની રાજ્યની બેદરકારી વગેરેનો ખ્યાલ આવે છે. સુલતાનો અને મુઘલ બાદશાહોના સિક્કાઓ પરથી મધ્યકાલીન ટંકશાળો વિશેની માહિતી મળે છે. આમ, સિક્કાઓ ઉપરથી રાજ્યમાં પ્રચલિત ભાષા, સંવત, રાજ્યધર્મ, રાજ્યની આર્થિક સ્થિતિ વગેરે અનેક બાબતોની માહિતી મળે છે.

ફરમાનો

શાહી ફરમાનો ઐતિહાસિક માહિતી મેળવવા ઘણાં જ અગત્યનાં છે. મુઘલ બાદશાહો અકબર, જહાંગીર, શાહજહાં, ઔરંગઝેબ વગેરેનાં ફરમાનોમાંથી રાજાની ભાવના, ધાર્મિક નીતિ, કરવેરા પદ્ધતિ, લેખનશૈલી, રાજભાષા વગેરેનો ખ્યાલ આવે છે. મુઘલ બાદશાહ શાહજહાંના ઈ.સ. ૧૬૨૧, ૧૬૨૫, ૧૬૮૮ નાં ફરમાનોમાંથી અમદાવાદ શેઠ શાંતિદાસ ઝવેરીના ચિંતામણિ પાર્શ્વનાથના મંદિરના તથા શત્રુંજય, ખંભાત, સુરત, રાધનપુર વગેરે સ્થળોનાં જૈન મંદિરોના રક્ષણ માટેના ઇજારાને લગતી વિગતો મળે છે.

ઔરંગઝેબનાં ફરમાનોમાંથી રાજ્યમાં કેફી પદાર્થો ન વાવવા કે ન વેચવા,

ખેતી સુધારવી, નીતિનાં ધોરણો ઊંચા લાવવાં, કરવેરા તથા ન્યાયને લગતા તેણે કરેલા હુકમોનો ખ્યાલ આવે છે.

ખતપત્રો

સલ્તનતકાળમાં ખતપત્રને દફતર કહેતા અને દફતરખાનાના વડાને દફતરદાર કહેતા. શાહી શાસનના લખાણને ખતપત્ર કહેતા. આવાં ખતપત્રો મુખ્યત્વે ફારસી ભાષામાં લખાતાં, પણ ખાનગી મિલકતના વેચાણ કે ગીરોને લગતાં ખતપત્રો સંસ્કૃત-ગુજરાતીમાં લખાતાં. સલ્તનતકાળમાં લખાયેલાં કેટલાંક ખતપત્રોના નમૂના 'લેખપદ્ધતિ' નામના ગ્રંથમાંથી અને મુઘલકાલીન ફરમાનોના નમૂના ગ્રંથમાંથી અને મુઘલકાલીન નમૂના પ્રો. કોમિસેરિયેટના ગ્રંથમાંથી મળે છે.

મરાઠાકાળનાં ખતપત્રો ભાગ્યે જ પ્રકાશિત થયાં છે. અમદાવાદની ગુજરાત વિદ્યાસભા નામની સંસ્થા પાસે મરાઠાકાળનાં લગભગ ૨૫ ખતપત્રો છે. તેમાંનાં કેટલાંક સંસ્કૃત-ગુજરાતીમાં, તો કેટલાંક ફારસીમાં છે. તેમાંથી મિતિ, મિલકતનાં વર્ણનો, જમીનનું માપ વગેરેને લગતી માહિતી મળે છે.

સાહિત્યિક સાધનો

સાહિત્યિક સાધનોને બે વિભાગમાં વહેંચી શકાય : (૧) સમકાલીન અને (૨) અનુકાલીન

સમકાલીન સાહિત્ય

સમકાલીન સાહિત્યમાં મુસ્લિમ તવારીખો મહત્ત્વનું સ્થાન ધરાવે છે. સલ્તનકાળ અને મુઘલકાળ દરમિયાન કેટલાક પરદેશી ઇતિહાસકારોએ રાજ્યાશ્રય મેળવીને લેખન- કાર્ય કર્યું હતું. તેમણે રાજવીઓને ખુશ કરવા અરબી-ફારસીમાં કેટલાક ચરિત્રગ્રંથો રચ્યા હતા. આવા ગ્રંથો તવારીખો તરીકે ઓળખાય છે. આવા ગ્રંથોમાં ઘણી અતિશયોકિત હોવા છતાં ગ્રંથો તવારીખો તરીકે ઓળખાય છે. જે તે બાદશાહના સમયમાં બનેલા બનાવોની નોંધો મળે છે.

સલ્તનતકાળ દરમિયાન અમીર ખુસરોએ 'દવલરાણી-વ-ખિજરખાન ઉર્ફે આશિકા' નામનું મહાકાવ્ય રચ્યું (ઈ.સ. ૧૩૨૫). તેમાં વાઘેલા સોલંકી રાજવી

કર્ણદેવની પુત્રી દેવળદેવી અને બાદશાહના પુત્ર ખિજરખાન વચ્ચેની પ્રેમકથા આલેખી છે. એમાંનું વર્ણન ઘણું જ કપોલકલ્પિત છે. છતાં તેમાંથી કેટલીક ઐતિહાસિક વિગતો મળે છે.

આ ઉપરાંત, આ સમયે રચાયેલી તવારીખોમાં મૌલાના ઈસામીનું 'ફુતુહ-ઉસ્-સલાતીન', ઝિયાઉદ્દીન બર્નિનું 'તારીખે ફિરોઝશાહી' (ઈ.સ. ૧૩૫૬), યાહ્યા બીન અહમદ સરહિંદીનું 'તારીખે મુબારકશાહી' (ઈ.સ. ૧૪૩૪) 'તારીખે મુઝફ્ફરશાહી' વગેરે ગ્રંથો ગુજરાતમાં બનેલા બનાવોની વિગતો મેળવવા માટે નોંધપાત્ર છે.

આ ઉપરાંત, હલવી શિરાઝનું 'તારીખે અહમદશાહી', અહમદહુસેન તુનીનું 'મઆસિરે મહમૂદશાહી', અબ્દુલ કરીમનું 'તબકાતે મહમૂદશાહી', ફૈજુલ્લાહનું 'તારીખે મહદમૂદશાહી', શરફુદીન મુહમ્મદ બુખારીનું 'તારીખે સલાતીને ગુજરાત', મીર સૈયદ અબી કાશાનીનું 'તારીખે મુઝફ્ફરશાહી,' હુસામખાન ગુજરાતીનું 'તારીખે બહાદુરશાહી,' હાજી-ઉદ્-દાબીરનું 'તારીખે બહાદુરશાહી' વગેરે પુસ્તકોમાંથી સાંસ્કૃતિક ઈતિહાસને લગતી વિગતો મળે છે. 'તારીખે ઈબ્રાહીમી યા તવારીખે હુમાયૂં'માં ગુજરાતના સૂબા ઝફરખાનથી માંડી મુહમ્મદશાહ બીજા સુધીનો હેવાલ મળે છે. મીર અબુ તુરાબ વલીના 'તારીખે ગુજરાત' નામના ગ્રંથ (ઈ.સ. ૧૫૯૫)માં મુઘલ બાદશાહ અકબર અને સુલતાન મુજફ્ફરશાહ ત્રીજો વચ્ચેના સંઘર્ષને લગતી વિગતો આપેલી છે. આ વખતે ઘણા લેખકો રાજકીય બાબતોમાં સક્રિય રીતે ભાગ લેતા હોવાથી તેમના ગ્રંથોમાં નોંધાયેલા બનાવોના તેઓ સાક્ષી હતા. સૈયદ મહંમદ બીન મુનવ્વરુલ્ મુલ્કનું 'તારીખે સલાતીને ગુજરાત' તથા 'તારીખ મુઝફ્ફરશાહી' માંથી અહમદશાહ પહેલાથી બહાદુરશાહ સુધીના રાજવીઓનો ઈતિહાસ મળે છે.

મુઘલકાળમાં રચાયેલી તવારીખોનું સ્વરૂપ સલ્તનતકાળ કરતાં જુદું છે. તેમાં સાંપ્રદાયિકતાને બદલે બનાવોની વિગતો ચોક્કસપણે આપવાની કાળજી રખાઈ છે. આ સમયે રચાયેલી તવારીખોને- (૧) આત્મકથા, (૨) શાહી તવારીખો અને (૩) ખાનગી તવારીખો-એમ ત્રણ વિભાગમાં વહેંચી શકાય છે.

આ સમયે અબુલફઝલે 'અકબરનામા' અને 'આઈને અકબરી' નામના અકબરને લગતા બે ગ્રંથો રચ્યા. અબુલફઝલના આ ઘણા મહત્ત્વના ગ્રંથો છે. તેમાંથી

અકબરના વહીવટને લગતી માહિતી મળે છે. જહાંગીરે રચેલ 'તુઝુકે જહાંગીરી' માંથી જહાંગીરના રાજ્યકાળને લગતી માહિતી મળે છે. આ એક પ્રમાણિત ગ્રંથ છે.

આ ઉપરાંત, આ સમયે રચાયેલા ગ્રંથોમાં નિઝામુદ્દીન અહમદ હરવીનું 'તબકાતે અકબરી', મુહમ્મદ કાસિમનું 'તારીખે ફિરિસ્તા' (ઈ.સ. ૧૬૧૧), અબ્દુલ લાહોરીનું 'બાદશાહનામા', મુહમ્મદ સલિહ કમ્બુનું 'શાહજહાંનામા', ઔરંગઝેબના સમયમાં રચાયેલ 'મુન્તખબુલલુબાબ', 'મઆસિરે આલમગીરી', ઈશ્વરદાસનું 'ફુતૂહાતે આલમગીરી' (ઈ.સ. ૧૭૩૧), દીવાન રણછોડજી અમરજીનું 'તારીખે સોરઠ', સારાભાઈ નાગરનું 'મુન્તખબ તારીખ ગુજરાત', જગતરાયકૃત 'ફરહંગે કારદાની' (ઈ.સ. ૧૬૩૮) વગેરે ગ્રંથોમાંથી મુઘલકાલીન ગુજરાતના ઈતિહાસને લગતી મહત્ત્વની વિગતો મળે છે.

મરાઠાકાળ દરમિયાન રચાયેલા અરબી-ફારસી ગ્રંથોમાં 'મિરાતે અહમદી' 'હદીકએ અહમદી', સારાભાઈકૃત 'અહવાલે ગાયકવાડ' આ સમયના સાંસ્કૃતિક ઈતિહાસ માટે મહત્ત્વના ગ્રંથો છે.

હિંદુ સાહિત્ય

ગુજરાતમાં મુસ્લિમ રાજ્ય સ્થપાતાં ધીરે ધીરે પાટણનું મહત્ત્વ ઓછું થયું. પાટણની વિદ્યાકીય પ્રવૃત્તિઓનો લગભગ અંત આવ્યો. ધીરે ધીરે ગુજરાતમાં સંસ્કૃત-પ્રાકૃતને બદલે પ્રાદેશિક ભાષામાં સાહિત્ય રચાવા માંડ્યું. આ સમયે રચાયેલું હિંદુ સાહિત્ય મહદંશે બ્રાહ્મણોએ રચ્યું છે. આ સમયની સર્વ કૃતિઓ ધર્મના રંગે રંગાયેલી જોવા મળે છે. પ્રજાની નાડ પારખીને કવિઓ આ સમયે સાહિત્ય રચતા હતા.

સલ્તનતકાળ દરમિયાન ઈડરના રાજકવિ શ્રીધર વ્યાસે 'રણમલ્લ છંદ' (ઈ.સ. ૧૪૦૦ આસપાસ) રચ્યું. તેમાં ઈડરના રાજા રણમલ્લે પોતાની સ્વતંત્રતા જાળવવા મુસ્લિમો સામે આદરેલા યુદ્ધનું વર્ણન કરેલું છે. ગંગાધર નામના કર્ણાટકી કવિએ ઈ.સ. ૧૪૪૯ ની આસપાસમાં રચેલા 'ગંગદાસ-પ્રતાપ વિલાસ નાટક' તથા 'મંડલિક મહાકાવ્ય' (ઈ.સ.૧૪૬૦ આસપાસ)માંથી ચાંપાનેર અને જૂનાગઢનાં રાજ્યો વિશે માહિતી મળે છે. ઈ.સ. ૧૪૬૨ અને ૧૪૬૯ વચ્ચે રચાયેલા ઉદયરાજકૃત 'રાજવિનોદ' નામના મહાકાવ્યમાંથી સુલતાન મહમૂદ બેગડાની ધાર્મિક નીતિ વિશેની વિગતો મળે છે.

આ સમયે જાલોરના કવિ પદ્મનાભે 'કાન્હડદે-પ્રબંધ' નામનું કાવ્ય રચ્યું. તેમાં દિલ્હીના બાદશાહ અલાઉદ્દીને ગુજરાત પર ચડાઈ કરી તેનું વર્ણન આપેલું છે. આ ગ્રંથ આ સમયના અભ્યાસ માટે એક આધારભૂત ગ્રંથ મનાય છે. આ ઉપરાંત, આ સમયે રચાયેલા ઠક્કર ફેરુકૃત 'દ્રવ્યપરીક્ષા', શ્રીધરાચાર્યકૃત 'ગણિતસાર' ઉપરનો ગુજરાતી બાલાવબોધ, લાવણ્યસમયકૃત 'વિમલપ્રબંધ', અમૃતકલશકૃત 'હમ્મીર પ્રબંધ' (ઈ.સ. ૧૫૧૮), નયચંદ્રસૂરિકૃત 'હમ્મીર મહાકાવ્ય' વગેરેમાંથી ગુજરાતના સાંસ્કૃતિક ઇતિહાસને લગતી માહિતી મળે છે. બાલાવબોધમાંથી ગુજરાતના તોલમાપને લગતી માહિતી મળે છે. આ સમયે વિવિધ જ્ઞાતિઓનાં પુરાણો રચાયાં, તેમાંથી ગુજરાતના સમાજજીવનને લગતી ઘણી માહિતી મળે છે. દા.ત., 'ધર્મારણ્ય પુરાણ', 'વાયડ પુરાણ', 'શ્રીમાલ પુરાણ' વગેરે. કવિ અસાઇતે ઈ. સ. ૧૩૬૧માં ભવાઈના ૩૬૦ જેટલા વેશ લખ્યા હતા. એની કૃતિ 'હંસાઉલી' મધ્યકાલીન ગુજરાતની સહુ પ્રથમ લોકકથા કહી શકાય. તેમાંથી ગુજરાતની લોકકલાની વિગતો મળે છે.

મુઘલકાળ દરમિયાન કવિ પ્રેમાનંદે 'નળાખ્યાન', 'સુદામાચરિત્ર', 'દશમસ્કંધ', 'શામળશાહનો વિવાહ', 'હૂંડી' 'કુંવરબાઈનુ મામેરું' વગેરે આખ્યાનો રચ્યાં. કવિ શામળ, અખો, વલ્લભ ભટ્ટ વગેરે કવિઓએ પોતાના ગ્રંથો દ્વારા ગુજરાતની પ્રજાને ધર્મનું જ્ઞાન આપ્યું. શામળે પોતાની કવિતા દ્વારા ગુજરાતના સમાજજીવનને આલેખ્યું. પ્રેમાનંદકૃત 'વિવેક વણઝારો', શામળની 'બત્રીસ પૂતળીઓની વાર્તા', વલ્લભના ગરબા અને દયારામની ગરબીઓ ગુજરાતનું અમર સાહિત્ય છે. શામળે 'કણબીની વાર્તા' દ્વારા ખેડૂતજીવનનો પરિચય કરાવ્યો છે. તેમની 'ભદ્રાભામિની' વાર્તામાં ગુજરાતના તે સમયના આર્થિક જીવનનો ચિતાર આપેલો છે. આ સમયે રચાયેલ કપૂરચંદનો રાસ, વેણીભાઈનો રાસ, ભાણનો સલોકો, રૂસ્તમકુલી અને અભરામકુલીનો સલોકો વગેરેમાંથી ગુજરાતના સાંસ્કૃતિક ઇતિહાસને લગતી ઘણી માહિતી મળે છે.

આ સાથે સુરભટ્ટનું 'કાલિમહિમા', દયારામનું 'પ્રેમરસગીતા', 'સત્યભામાવિવાહ', 'પ્રબોધબાવની' તેમ જ ધીરો, નરભેરામ, ભોજો વગેરે કવિઓનાં પદો વગેરે ઉપદેશાત્મક હોવા છતાં, ગુજરાતના મુઘલકાળના ધાર્મિક

જીવનની ઝાંખી કરાવે છે. મુઘલકાળ દરમિયાન રચાયેલાં ભાટચારણોનાં વૃત્તાંતો કપૂરચંદનો રાસ, વેણીભાઈનો રાસ વગેરેમાંથી ગુજરાતના ઇતિહાસને લગતી ઘણી વિગતો મળી આવે છે. ફાર્બસ ગુજરાતી સભા, મુંબઈની એક હસ્તપ્રતમાં આવું સાહિત્ય સંગ્રહાયેલું જોવા મળે છે.

મરાઠાકાળ દરમિયાન રચાયેલા ગ્રંથો - જેવા કે પાટણની ગઝલ (ઈ.સ.૧૭૮૮), વડોદરાની ગઝલ (ઈ.સ. ૧૭૯૬), અજ્ઞાતકર્તૃક ફતેસિંહરાવ ગાયકવાડનો ગરબો, શેલુકરનો ગરબો (ઈ.સ. ૧૮૦૦), ચાડિયાની લાવણી, ચાડિયાની વાર્તા, સતી સદુબાઈનો પવાડો વગેરેમાંથી ગુજરાતના રાજકીય અને સામાજિક જીવનનો ખ્યાલ આવે છે. આ ગ્રંથોમાંથી મરાઠા રાજ્યવહીવટ, મરાઠાઓનો પ્રજા પર ત્રાસ, અમદાવાદનો વહીવટ, સમાજજીવન વગેરેને લગતી ઘણી જ આધારભૂત માહિતી મળે છે.

જૈન સાહિત્ય

આ સમયે રચાયેલા જૈન સાહિત્યમાં મેરુતુંગાચાર્યકૃત 'પ્રબોધચિંતામણિ' (ઈ.સ. ૧૩૦૫), રાજશેખરસૂરિકૃત 'પ્રબંધકોશ' (ઈ.સ. ૧૩૪૯), જિનભદ્રસૂરિકૃત 'વિવિધ તીર્થકલ્પ' (ઈ.સ. ૧૩૩૩માં સમાપ્ત), રત્નમંદરગણિકૃત 'ઉપદેશતરંગિણી', શુભશીલગણિકૃત 'પ્રબંધ પંચશતી અથવા કથાકોષ' (ઈ.સ. ૧૪૫૩) વગેરે ગ્રંથોમાંથી મુસ્લિમ સમયની સ્થાપના પછીની મહત્ત્વની રાજકીય હકીકતો મળે છે. આ ઉપરાંત, અંબદેવસૂરિકૃત 'સમરારાસ' (ઈ.સ. ૧૩૧૫), કક્કદેવસૂરિકૃત 'શત્રુંજય તીર્થોદ્ધાર પ્રબંધ', ઠક્કર ફેરુકૃત 'દ્રવ્યપરીક્ષા', શ્રીધરાચાર્યકૃત 'ગણિતસાર', ગુર્વાવલીઓ કે ગુર્જર પટ્ટાવલીઓ વગેરેમાંથી સલ્તનતકાલીન ગુજરાતના સાંસ્કૃતિક ઇતિહાસને લગતી વિગતો મળે છે.

મુઘલકાળ દરમિયાન રચાયેલી જૈનકૃતિઓ - જેવી કે સંવત ૧૬૫૦માં રચાયેલ હેમવિજયગણિકૃત આદિનાથ મંદિરની પ્રશસ્તિ, શેઠ શાંતિદાસ ઝવેરીએ બંધાવેલ ચિંતામણિ પાર્શ્વનાથ મંદિરની પ્રશસ્તિ, રુદ્રમાળની પૂતળી કર્પુરમંજરીનો રાસ, સિદ્ધસેનસૂરિ રચિત 'સિંહાસન બત્રીસી' (ઈ.સ. ૧૬૧૬), કુશલલાભકૃત 'માધવાનલ કથા,' નયસુંદરસૂરિકૃત 'શત્રુંજય ઉદ્ધાર રાસ', સમયસુંદર ગણિકૃત

'વસ્તુપાલ રાસ', રાજસાગરસૂરિકૃત 'નિર્વાણરાસ' વગેરેમાંથી ગુજરાતના ધાર્મિક જીવનને લગતી માહિતી મળે છે.

મરાઠાકાળ દરમિયાન રચાયેલા રાસ સાહિત્ય- દા.ત., 'રૂપસેનરાસ' (ઈ.સ. ૧૭૫૩), 'ચિત્રસેન પદ્માવતી રાસ' 'નેમિનાથરાસ' (ઈ.સ.૧૭૬૪), 'ગુણસેન-હવેલીરાસ' (ઈ.સ. ૧૮૦૫) વગેરેમાંથી તત્કાલીન સાંસ્કૃતિક ઇતિહાસને લગતી વિગતો મળે છે.

મુઘલકાલીન બાદશાહી ફરમાનો-જેવાં કે બાદશાહ અકબર, જહાંગીર, શાહજહાં, ઔરંગઝેબ વગેરેનાં ફરમાનોમાંથી ગુજરાતના રાજકીય ઇતિહાસને લગતી મહત્ત્વની માહિતી મળે છે.

આ સમયે પારસી લેખકોએ પણ કેટલુંક સાહિત્ય રચ્યું હતું. ઈ.સ. ૧૬૦૦માં રચાયેલ 'કિસ્સે સંજાણ'માંથી ગુજરાતમાં વસતા પારસીઓને લગતી ઘણી વિગતો મળે છે. આ ઉપરાંત, અન્ય દસ્તુરોએ પણ કેટલાક ગ્રંથો રચ્યા છે, જેમાંથી પારસી ધર્મગુરુઓએ અકબરના દરબારમાં કરેલી કામગીરીનો ખ્યાલ આવે છે.

પરદેશી મુસાફરોનાં વૃત્તાંતો

મહમૂદ બેગડાના સમયથી ગુજરાતમાં ફિરંગીઓએ પગપેસારો શરૂ કર્યો હતો. ઈ.સ. ૧૫૦૦માં ફિરંગી બારબોસાએ પોતાના પ્રવાસના વર્ણનમાં ગુજરાતની રાજકીય સ્થિતિ, ઉદ્યોગો, વેપાર, બંદરો વગેરેને લગતી વિગતો આપી છે. ફિરંગી સચિવ ગેસ્વરે પોતાના ગ્રંથમાં ઈ.સ. ૧૪૯૭ થી ૧૫૫૦ સુધીના ગુજરાતમાંની ફિરંગીઓની પ્રવૃત્તિ વિશેને ખ્યાલ આપ્યો છે. તેણે દીવાન નૌકાદળની કામગીરીનો સુંદર ચિતાર આપ્યો છે.

સત્તરમા સૈકામાં સ્થપાયેલ અંગ્રેજ કોઠીઓના હેવાલો, ઇટાલિયન મુસાફર પી. ડેલાવલે (ઈ.સ. ૧૬૨૬)ની નોંધ તથા રેવ. હેન્રી લોર્ડ અને થોમસ હાર્બટનાં લખાણોમાંથી સુરત, ખંભાત વગેરે સ્થળોના વેપારને લગતી માહિતી મળે છે. મેન્ડેલ્સ્લો નામના જર્મન મુસાફરે શેઠ શાંતિદાસ ઝવેરીના ચિંતામણિ પાર્શ્વનાથ મંદિરનું વર્ણન પોતાના વૃત્તાંતમાં સુંદર રીતે આલેખ્યું છે.

આ ઉપરાંત થેવેનો (ઈ.સ. ૧૬૬૬), ડૉ જોન ફ્રેયર (ઈ.સ. ૧૬૭૪-૭૫) નાં લખાણો તથા બ્રિટિશ ઈસ્ટ ઇન્ડિયા કંપનીના હેવાલોમાંથી ગુજરાતનાં બંદરો - જેવાં કે સુરત, ખંભાત, ભરૂચ તેમ જ અમદાવાદ, વડોદરા વગેરે શહેરો, ગુજરાતની પ્રજા સાથેના અંગ્રેજોના સંબંધો, ગુજરાતની મહેસૂલ પદ્ધતિ, રાજ્યમાં વેપારીક્ષેત્રે પ્રવર્તતી અંધાધૂંધી, મુઘલ-મરાઠાઓના વગેરેને લગતી મહત્ત્વની વિગતો મળે છે.

અનુકાલીન સાહિત્ય

અનુકાલીન સાહિત્યમાં 'મિરાતે અહમદી', મિરાતે સિકંદરી, દીવાન રણછોડજી અમરજી-કૃત 'તારીખે સોરઠ' (ઈ.સ. ૧૮૨૫), અમદાવાદના સારાભાઈ નાગર-કૃત'મુખ્તસર તારીખે ગુજરાત' (ઈ.સ. ૧૮૪૭), મગનલાલ વખતચંદ-કૃત 'અમદાવાદનો ઇતિહાસ' (૧૮૫૧), એદલજી ડોસાભાઈ-રચિત 'ગુજરાતનો ઇતિહાસ' (ઈ.સ. ૧૮૯૪) વગેરેમાંથી ગુજરાતના સલ્તનતકાળ, મુઘલકાળ અને મરાઠાકાળના ઇતિહાસને લગતી ઘણી માહિતી મળે છે.

આ ઉપરાંત, Giakwads of Baroda, English Documentsના સંગ્રહમાં ઈ.સ. ૧૭૨૦ થી ૧૮૨૯ સુધીના, પીલાજીરાવથી માંડીને આનંદરાવ ગાયકવાડ સુધીના ગાયકવાડોનો ઇતિહાસ આલેખેલો છે. તેમાં પેશવાઓ અને ગાયકવાડો, ગાયકવાડ અને અંગ્રેજો, ગાયકવાડ રાજ્યની હદ, વહીવટ, આવક, યુદ્ધસંધિ વગેરે અનેક બાબતોનું વર્ણન કરેલું છે. આ સાથે રેસિડન્સીના રેકોર્ડ્ઝમાંથી પણ ઈ.સ. ૧૭૮૫ થી ૧૮૧૮ ના ગાળાના કેટલાક દસ્તાવેજો ગુજરાતના ઇતિહાસને લગતી માહિતી આપે છે. મુંબઈ ગેઝેટિયરના ગ્રંથ ૧ થી ૭ મરાઠા સમયના ઇતિહાસ માટે મહત્ત્વના છે. Gazetteer of Baroda State Vol.I, II માંથી વડોદરાના ગાયકવાડોને લગતી માહિતી મળે છે.

પુરાવસ્તુકીય સાધનો

આ કાળનાં સ્થાપત્યકીય સ્મારકોમાં કેટલાંક જીર્ણોદ્ધાર પામેલાં દેવાલયોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, આ સમયે રચાયેલાં મુસ્લિમ સ્થાપત્યો - જેવાં કે મસ્જિદો, રોજા, દરગાહ, ઈદગાહ તેમ જ બિનધાર્મિક સ્થાપત્યો વાવ, તળાવ, કૂવા વગેરેમાંથી નોંધપાત્ર માહિતી મળે છે.

સલ્તનતકાળ દરમિયાન અસ્તિત્વમાં આવેલા અમદાવાદનું મુસ્લિમ સ્થાપત્ય, ચાંપાનેર, મહેમદાવાદ, જૂનાગઢ, ખંભાત વગેરે સ્થળોએથી મળતા સ્થાપત્યના અવશેષો, કિલ્લાઓ, અડાલજની વાવ, માતર ભવાનીની વાવ, બાઈ હરિરની વાવ, પાટણનું ખાનસરોવર વગેરેમાંથી સાંસ્કૃતિક ઇતિહાસને લગતી મહત્ત્વની માહિતી મળે છે.

આ ઉપરાંત અકબરના સમયમાં બંધાયેલો વડોદરાનો કુતુબુદ્દીનનો હજીરો, અમદાવાદની ચિશ્તીની મસ્જિદ, શત્રુંજયનાં મંદિરો, આજમખાનનો મહેલ (અમદાવાદ), શાહીબાગનો મહેલ, જમાલપુર દરવાજા બહાર આવેલ તુરાબનો રોજો વગેરે સાંસ્કૃતિક ઇતિહાસને લગતી વિગતો આપે છે.

આ સાથે શૈવધર્મ અને વૈષ્ણવધર્મનાં કેટલાંક મંદિરો - જેવાં કે દ્વારકાધીશનું મંદિર, શામળાજીનું દેવગદધરનું મંદિર, ડાકોરનું રણછોડજીનું મંદિર, ઈ.સ. ૧૭૨૭માં પાવાગઢ ઉપર મરાઠા સરદાર કંથાજી કદમે બંધાવેલું મંદિર, પાટણનું અજિતનાથનું મંદિર વગેરે આ સમયની પ્રચલિત શિલ્પ અને સ્થાપત્ય કલાનો પરિચય કરાવે છે.

મુસ્લિમ સ્થાપત્યમાં બારીક નકશીકામ, ફૂલવેલની ભાત, ભૌમિતિક રૂપાંકનો, ઝરૂખા, બુરજ, કાંગરા, બારીઓ વગેરે તત્કાલીન સમયના કારીગરોનું કલા-કૌશલ્ય દાખવે છે.

ચિત્રો

ચિત્રકલા સમાજનાં અનેક પાસાંઓ પર સારો એવો પ્રકાશ ફેંકે છે. સલ્તનતકાલીન ચિત્રોના નમૂના આ સમયે રચાયેલા જૈન ગ્રંથોની હસ્તપ્રતોમાંથી મળે છે. આ ચિત્રો પશ્ચિમ ભારતની લઘુચિત્ર શૈલીનો ખ્યાલ આપે છે. આ સમયનાં ચિત્રો પાટણના ગ્રંથભંડારમાંના 'ચાંપાનેરનો પ્રસંગોચિત પંચતીર્થપટ' (ઈ.સ.૧૪૩૩), 'કલ્પસૂત્ર' (ઈ.સ. ૧૪૬૫), 'બાલગોપાલસ્તુતિ' વગેરે ગ્રંથોમાંથી મળે છે.

અકબરના સમયથી ચિત્રકલાનો વિકાસ થયો. બાદશાહ જહાંગીર સમયમાં તે સર્વોચ્ચ કક્ષાએ પહોંચી. ઈ.સ. ૧૬૬૭માં રચાયેલ ભાગવતના 'દશમસ્કંધ' ની

એક હસ્તપ્રત ઉપર એક ગુજરાતી કલાકારે દોરેલું સુંદર ચિત્ર ગુજરાતમાં થયેલી ચિત્રકલાના વિકાસનો ખ્યાલ આપે છે.

આ ઉપરાંત, આ સમયના જૈન સૂરિઓના વિજ્ઞપ્તિપત્રોમાં, બ્રાહ્મણોએ બનાવેલ જન્મપત્રિકાઓમાં ઘણાં રંગબેરંગી ચિત્રો જોવા મળે છે. જામનગરના રાજમહેલમાં યુદ્ધને લગતાં કેટલાંક સુંદર ભિત્તિચિત્રો આલેખાયાં છે, જેમ કે ભૂચરમોરીમાં ખેલાયેલ યુદ્ધ, હળવદ ઉપર જામ જસાજીની ચડાઈ વગેરે. આ સર્વ ચિત્રો ઉપરથી ગુજરાતના રાજકીય, ધાર્મિક, સામાજિક જીવનનો ખ્યાલ આવે છે.

આ ઉપરાંત ચંડરાસ, નલદવદન્તીરાસ, શ્રેણિકરાસ, શ્રીપાલરાસ, સંગ્રહણીસૂત્ર (ઈ.સ. ૧૫૮૩), ઉત્તરાધ્યયન સૂત્ર (ઈ.સ.૧૫૮૦ થી ૧૬૦૦), ઉપદેશમાલા (ઈ.સ. ૧૭૦૮), વૈષ્ણવ સંપ્રદાયની ભાગવતની ચિત્રિત પોથીઓ વગેરેમાંથી આ સમયનાં ચિત્રો મળી આવે છે. તેના ઉપરથી ગુજરાતના સમાજજીવનનો ખ્યાલ આવે છે.

(आ) મુસ્લિમ સત્તાની સ્થાપના સમયનું ગુજરાત

ગુજરાતમાં મુસ્લિમ સત્તાની સ્થાપના સમયે ચારે બાજુ અંધાધૂંધી પ્રવર્તની હતી. રાજપૂત રાજ્યો વેરવિખેર હાલતમાં હતાં. તેઓ અંદરોઅંદર ઈર્ષ્યાની આગમાં શેકાતાં હતાં. સોલંકી રાજ્યના અંત પછી ગુજરાતમાં કોઈ બળવાન રાજ્ય ન હતું. સૌરાષ્ટ્રના ચૂડાસમા, ગોહિલ, વાળા, જેઠવા, ઝાલા, ઈડરના રણમલજી વગેરે રાજપૂત રાજાઓએ મુસ્લિમો સામે સખત યુદ્ધ ખેલ્યું, તેમ છતાં તેઓ મુસ્લિમ સત્તાની સ્થાપના અને વિકાસને અટકાવી શક્યા નહિ.

સમાજમાં જ્ઞાતિનાં બંધનો તીવ્ર બન્યાં હતાં. દરેક જ્ઞાતિમાં નાનામોટા વાડાઓ બંધાઈ ગયા હતા. મુસ્લિમોનાં આક્રમણોને લીધે ઘણી જ્ઞાતિઓએ અંગસંકોચન કર્યું હતું. બ્રાહ્મણોમાં નાગરોનું વર્ચસ્વ ધીરે ધીરે રાજકીય ક્ષેત્રે જામવા લાગ્યું હતું. આ ઉપરાંત રાયકવાડ, શ્રીમાળી, મોઢ વગેરે નોંધપાત્ર જ્ઞાતિઓ હતી.

રાજપૂતો પોતાને સૂર્યવંશી કે ચંદ્રવંશી કહેવડાવતા હોવા છતાં તેમના સમાજમાં અનેક પ્રકારની બદીઓ ફેલાયેલી હતી. આ ઉપરાંત નાનામોટા ધંધાઓને અનુરૂપ જ્ઞાતિઓ-જેવી કે રંગારા, ભાટિયા, ભોઈ, સોની, બ્રહ્મક્ષત્રિય વગેરે

અસ્તિત્વમાં હતી. નવનારૂ અને પાંચકારૂ નામે ઓળખાતા કારીગરોની સ્વતંત્ર જ્ઞાતિઓ અસ્તિત્વ ધરાવતી હતી. ઘણી જ્ઞાતિઓમાં મિશ્રણ થયેલું જોવા મળે છે. ઘણાને વટલાવીને મુસ્લિમ બનાવવામાં આવ્યા હતા. ઘણી હલકી જ્ઞાતિઓમાં ચાવડા, પરમાર, રાઠોડ વગેરે અટકો જોવા મળે છે.

ગુજરાતમાં સોલંકી કાળ દરમિયાન વ્યાપક બનેલો શૈવ ધર્મ અસ્તિત્વમાં હોવા છતાં તેના મૂળ સ્વરૂપ પાશુપત સંપ્રદાયનો ધીરે ધીરે અસ્ત થયો હતો. વૈષ્ણવ સંપ્રદાય, જૈન સંપ્રદાય તેમના અસલ સ્વરૂપમાં ટકી રહ્યા હતા. બૌદ્ધ ધર્મનો સદંતર લોપ થયો હતો. શક્તિ સંપ્રદાયની તાંત્રિક વિધિઓ અસ્ત પામતી જતી હતી. તેના સ્થાને દેવી પૂજા સૌમ્ય સ્વરૂપે વિકસતી જતી હતી. મુસ્લિમ આક્રમણોને લીધે ઘણા લોકો પોતાના ઘરમાં દેવસેવા રાખતા. આના પરિણામે દેવોની નાની પ્રતિમાઓનું સર્જન થવા લાગ્યું હતું.

સમાજમાં અસ્પૃશ્યતાનો વિકાસ વધતો જતો હતો. તેના પરિણામે દરેક ઠેકાણે હરિજનોના વાસ અલગ પડી ગયા હતા.

આ સમયે ગુજરાતમાં પેટલાદની બાબા અર્જુનશાહની દરગાહ, ધોળકાની હિલાલખાન કાજીની મસ્જિદ જેવાં મુસ્લિમ સ્થાપત્યો અસ્તિત્વમાં હતાં. તે તેમના અસલ સ્વરૂપમાં ટકી રહ્યાં હતાં. ગુજરાત ઉપર મુસ્લિમ આક્રમણો શરૂ થયાં હોવા છતાં ગુજરાતના મુસ્લિમ સ્થાપત્યને જરા પણ નુકસાન થયું ન હતું, તે ગુજરાતની પ્રજાની ધર્મ સહિષ્ણતાનો ઉત્તમ દાખલો પૂરો પાડે છે. કમનસીબી એ છે કે ગુજરાતમાં મુસ્લિમ સત્તાની સ્થાપના થતાં મુસ્લિમ સુલતાનો હિંદુઓ જેવી ધાર્મિક ઉદારતા દાખવી શકયા નહિ. તેમણે અનેક ઉત્તમ હિંદુ મંદિરોનો નાશ કર્યો !

મુસ્લિમ આક્રમણોને લીધે ગુજરાતનો વેપાર અસ્તવ્યસ્ત થઈ ગયો હતો. ખેતી બરબાદ થઈ ગઈ હતી. ખેડૂતો બેહાલ બન્યા હતા. બંદરો પ્રવૃત્તિહીન બન્યાં હતાં. નાણાતંત્ર પડી ભાંગ્યું હતું. કોઈ ચોક્કસ પ્રકારની વિનિમય પદ્ધતિ અસ્તિત્વમાં હોય તેમ જણાતું નથી. સિક્કાઓનો સદંતર અભાવ વર્તાતો હતો. સોલંકીકાલીન કોઈ આધારભૂત સિક્કાઓ આજ દિન સુધી મળ્યા નથી.

મુસ્લિમ આક્રમણોને લીધે મંદિરસ્થાપત્યનો વિકાસ અટકી ગયો. ઘણાં

ઊતરતી કક્ષાનાં નાનાંમોટાં શિલ્પોનું સર્જન થવા લાગ્યું.

ટૂંકમાં, મુસ્લિમ સત્તાની સ્થાપના સમયે ગુજરાતમાં ચારે બાજુ અવ્યવસ્થા, અંધાધૂંધી અને અરાજકતા પ્રસરી હતી. સર્વત્ર હિંસાનું તાંડવ દેખાતું હતું. મુસ્લિમોની વટાળ પ્રવૃત્તિ અને ગુલામો બનાવવાની પ્રવૃત્તિને લીધે પ્રજાજીવન ત્રાસી ગયું હતું. આ એક સંક્રાંતિકાળ હતો.

સંદર્ભગ્રંથો

આચાર્ય નવીનચંદ્ર આ. — ૧. ગુજરાત ઇતિહાસ સંદર્ભસૂચિ - ખંડ ૩ : પ્રતિમાલેખો. અમદાવાદ. ૧૯૬૬.

૨. ગુજરાતનો સોલંકીકાલીન ઇતિહાસ, અમદાવાદ, ૧૯૭૩.

૩. મુઘલકાલીન ગુજરાત, અમદાવાદ, ૧૯૭૪.

ઓઝા વજેશંકર ગૌ. (સં) — ભાવનગર પ્રાચીન શોધસંગ્રહ, ભાવનગર, ૧૮૮૭.

ત્રિવેદી ઇન્દ્રવદન — ગુજરાત ઇતિહાસ સંદર્ભસૂચિ - ખંડ ૪-૫.
ખંડ ૪ : શિલાલેખો (ઈ.સ. ૧૩૦૧-૧૭૬૦);
ખંડ ૫ : પ્રતિમાલેખો (ઈ.સ. ૧૩૦૧-૧૭૦૦),
અમદાવાદ, ૧૯૬૯.

દેસાઈ ઝિયાઉદ્દીન અ. — ગુજરાત ઇતિહાસ સંદર્ભસૂચિ - ખંડ ૬ : અરબી-ફારસી શિલાલેખો, અમદાવાદ ૧૯૭૧.

દેસાઈ શંભુપ્રસાદ હ. — ૧. સૌરાષ્ટ્રનો ઇતિહાસ, જૂનાગઢ, ૧૯૬૮.

૨. જૂનાગઢ અને ગિરનાર, જૂનાગઢ, ૧૯૭૫

નાયક છોટુભાઈ ર. — ગુજરાતમાંની ઇસ્લામી સલ્તનતનો ઇતિહાસ, અમદાવાદ,૧૯૮૨

પરીખ ર. છો. અને શાસ્ત્રી હ. ગં. (સં) — ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ, ગ્રંથ, ૪,૫,૬,૭ (૧૯૭૬,૧૯૭૯,૧૯૮૨).

શાસ્ત્રી હ. ગં. (સં)	ગુજરાતના ઐતિહાસિક લેખો - ગ્રં. ૪,૫. ઈ.સ. ૧૯૮૧-૮૩.
શેઠ મગનલાલ વખતચંદ	અમદાવાદનો ઈતિહાસ અમદાવાદ, ૧૮૫૧ પુનર્મુદ્રણ ૧૮૭૭.
સાંડેસરા ભોગીલાલ	ગુજરાતનાં જૂના ખતપત્રકો અને દસ્તાવેજો, ગ્રંથ અને ગ્રંથકાર - પુ. ૬, અમદાવાદ, ૧૯૩૫.
Burgess J.	Muhammadan Architecture of Ahmedabad part II, London, 1950.
Burgess J. and Cousens H.	Architectural Anitiquities of northern Gujarat, London, 1903.
Chaghtal M.A.	Muslim Monuments of Ahmedabad, through their Inscriptions, Poona, 1942.
Commissariat M.S.	(1) History of Gujarat - Vol, I, II, London, 1935, 1938; Vol.III, Ahmedabad, 1980.
	(2) Imperial Mughal Farmans in Gujarat, Bombay, 1940.
Desai S.H	Arabic and persian Inscriptions of Saurashtra, Junagadh.
Diskalkar D.B.	Inscriptions of Kathiawad, Bombay 1938-41.
Hodiwala S.H.	The Unpublished Coins of Gujarat

	sultanat, Journal of Bombay Branch of Royal Asiatic Society, 1926.
Khakhar D.P.	Report on the Architectural and Archaeological Remains in the Province of Kachh, Bombay, 1879
Taylor G.P.	Coins of Gujarat Sultanat. Journal of Bombay Branch of Royal Asiatic Society of Great Britain, Vol XXI, London, 1904,
Yazadani G. and Gyani R.G. (Ed.)	Important Inscriptions From the Baroda State - Vol. II : Muslim Inscriptions Baroda, 1944.

●

પ્રકરણ ૨ : દિલ્હી સલ્તનતની હકૂમત નીચેનું ગુજરાત

વાઘેલા સોલંકી રાજવી કર્ણદેવ બીજાના મહામાત્ય માધવની પ્રેરણાથી દિલ્હીના સુલતાન અલાઉદ્દીન ખીલજીએ ગુજરાત પર આક્રમણ કર્યું. કવિ પદ્મનાભ જણાવે છે કે કર્ણદેવ માધવના કુટુંબની કોઈ સ્ત્રી પર અત્યાચાર ગુજાર્યો હોવાના પરિણામે માધવે વેર વાળવા માટે અલાઉદ્દીન ખીલજીને ગુજરાત ઉપર આક્રમણ કરવા ઉશ્કેર્યો. સુલતાને ઈ.સ. ૧૨૯૮ ના ઉત્તરાર્ધ કે ઈ.સ. ૧૨૯૯ના ઉત્તરાર્ધ કે ઈ.સ. ૧૨૯૯ ના પૂર્વાર્ધમાં ઉલુઘખાન અને મલેક નુસરતખાનને મોટી ફોજ લઈ ગુજરાત જીતવા રવાના કર્યા. આ આક્રમણનો સામનો રાય કર્ણદેવ ન કરી શક્યો. પાટણ લૂંટાયું. કર્ણદેવ તેની પુત્રી દેવળદેવી સાથે નાસી છૂટ્યો. પોતાની પત્ની મુસલમાનોના હાથે કેદ પકડાઈ. સમય જતાં તે દિલ્હીના બાદશાહની બેગમ બની! આ પછી મુસ્લિમ સૈન્યે સોમનાથ ભાંગ્યું. સૌરાષ્ટ્રના પ્રદેશને વેરાન બનાવી દીધો.

ઈસામીના જણાવ્યા પ્રમાણે, પ્રથમ વખતના યુદ્ધમાં કર્ણ હાર્યો. પણ મુસલમાનો ગુજરાતમાં કાયમી સત્તા સ્થાપી શક્યા નહિ. થોડાક વખત બાદ મુસલમાન સૈન્ય પોતાની જાતે પાછું વળતાં અથવા કર્ણે બળવો કરીને હાંકી કાઢતાં કર્ણ ફરી પાછો પાટણનો સત્તાધીશ બન્યો. આથી બાદશાહે બીજી વાર જહીમત અને પંચમની નામના સરદારોની આગેવાની હેઠળ ગુજરાત પર ચડાઈ કરવા સૈન્ય મોકલ્યું. આ વખતે કર્ણ સંપૂર્ણપણે હાર્યો.

વિચારશ્રેણી, પ્રવચન પરીક્ષા વગેરેમાં કર્ણનો રાજ્યકાળ વિ.સં. ૧૩૫૩ થી ૧૩૬૦ સુધી આપેલો છે. સં.૧૫૭૧ ની એક ગ્રંથપ્રશસ્તિમાં પણ સં. ૧૩૬૦ માં કર્ણદેવનું રાજ્ય હોવાનું જણાવ્યું છે. આથી, એમ જણાય છે કે મુસલમાનોનું પ્રથમ આક્રમણ ઉપર જણાવ્યા પ્રમાણે વિ.સં. ૧૩૫૬ (ઈ.સ.૧૨૯૯-૧૩૦૦) માં થયું. કર્ણે એ પહેલાંના વર્ષ (વિ.સં. ૧૩૫૯માં) પાટણની સત્તા પુનઃ પ્રાપ્ત કરી લાગે છે. બીજા આક્રમણ વખતે કર્ણ સંપૂર્ણપણે હારી ગયો. હિંદુ સત્તા ગુજરાતમાંથી કાયમને માટે અસ્ત થઈ. કર્ણદેવ ગુજરાત છોડી બીજા પ્રદેશમાં ચાલ્યો ગયો. તે

રખડી-રઝળીને મૃત્યુ પામ્યો. આ સમય દરમિયાન અનેક હિંદુ મંદિરોનો નાશ થયો. અનેક હિંદુઓને મુસલમાન બનાવ્યા.

ખીલજી સલ્તનતની સત્તા (ઈ.સ. ૧૩૦૪-૧૩૨૦)

ઈ.સ. ૧૩૦૪ માં ગુજરાતમાં મુસ્લિમ સત્તા સ્થપાતાં સુલતાન અલાઉદ્દીન ખીલજીએ પોતાના સાળા મલેક સંજરને 'અલ્પખાન'નો ખિતાબ આપી ગુજરાતના નાઝિમ તરીકે નીમ્યો.

નાઝિમ અલ્પખાન (ઈ.સ. ૧૩૦૪-૧૩૧૫)

નાઝિમ અલ્પખાન અલાઉદ્દીન ખીલજીના ચાર વિશ્વાસુ સરદારો પૈકીનો એક હતો. તે એક કુશળ અને યોગ્ય વહીવટકર્તા હતો. તેના અમલ દરમિયાન ગુજરાતમાં શાંતિ સ્થપાઈ. પોતાની ઉદાર નીતિને લીધે તે પ્રજામાં પ્રિય થઈ પડ્યો. તેને ઈમારતો બાંધવાનો શોખ હતો. પાટણમાં તેણે એક સુંદર મસ્જિદ બંધાવી હતી. તે આદીના મસ્જિદના નામે ઓળખાતી. સામાન્ય રીતે તે પ્રજાની ધાર્મિક લાગણી દુભાવતો નહિ. તેણે સમરાશાહ નામના એક જૈન વેપારીને શત્રુંજયનાં મંદિરોનો જીર્ણોદ્ધાર કરવાની પરવાનગી આપી હતી (ઈ.સ. ૧૩૧૨-૧૩). તેના ખર્ચ પેટે હીરાથી ભરેલી એક પેટી આપી હતી. પેટલાદ અને ખંભાતનાં મુસ્લિમ સ્થાપત્યોમાંથી મળેલા લેખો ઉપરથી જણાય છે કે તેણે મુસ્લિમ દેવસ્થાનોને રક્ષણ આપવાનો પ્રબંધ કર્યો હતો.

નાઝિમ અલ્પખાનની આ લોકપ્રિયતા સુલતાન અલાઉદ્દીનનો વિશ્વાસુ સરદાર મલિક કાફૂર સહન કરી શકયો નહિ. તેણે અલ્પખાન વિરુદ્ધ બાદશાહના કાન ભંભેર્યા. તેને પરિણામે બાદશાહે તેને દિલ્હી પાછો બોલાવી લીધો. દિલ્હી ગયા પછી થોડાક જ વખતમાં તેનું ખૂન થયું.

નાઝિમ કમાલુદ્દીન ગુર્ગ (ઈ.સ.૧૩૧૬)

નાઝિમ અલ્પખાનનું મૃત્યુ થતાં તેની જગાએ સુલતાને કમાલુદ્દીન ગુર્ગ નામના માણસની નાઝિમ તરીકે નિમણૂક કરી. તે ગુજરાતનો વહીવટ બરાબર સંભાળી શકયો નહિ. ગુજરાતના બળવાખોરોએ તેને મારી નાખ્યો.

આ અરસામાં બાદશાહ અલાઉદ્દીનનું અવસાન થયું (ઈ.સ.૧૩૧૬).

સુલતાન શિહાબુદ્દીન ખીલજી તથા સુલતાન મુબારકશાહ ખીલજી

બાદશાહ અલાઉદ્દીનના મૃત્યુ બાદ મલિક કાફૂરે શિહાબુદ્દીન નામના બાળ-શાહજાદાને સુલતાન બનાવી સત્તાનાં સૂત્રો પોતાના હાથમાં લીધાં. થોડાક જ વખતમાં તેના અત્યાચારથી ત્રાસીને મીરોએ તેનું ખૂન કર્યું અને શાહજાદા મુબારકખાનને શિહાબુદ્દીનના રક્ષક તરીકે નીમ્યો. થોડાક જ વખતમાં શિહાબુદ્દીનને પદભ્રષ્ટ કરી મુબારકશાહ સત્તા પર આવ્યો.

આ સમય દરમિયાન ગુજરાતમાં એનુલ્ મુલ્ક મુલતાની (ઈ.સ. ૧૩૧૬-૧૭) અને માલિક દીનાર ઝફરખાન (ઈ.સ.૧૩૧૭), માલિક હુસામુદ્દીન (ઈ.સ. ૧૩૧૭-૧૮), વહીદુદ્દીન કુરેશી (ઈ.સ. ૧૩૧૮-૧૩૧૯), ખુશરોખાન (ઈ.સ. ૧૩૨૦) વગેરે નાઝિમપદે આવ્યા. તેઓ ગુજરાતનો વહીવટ યોગ્ય રીતે કરી શક્યા નહિ. ગુજરાતમાં ચારે બાજુ અવ્યવસ્થા ફેલાયેલી હતી.

ખુશરોખાન દિલ્હી પાછો ગયો. ત્યાં જઈ તે દિલ્હીની રાજકીય અવ્યવસ્થાનો લાભ લઈ, સુલતાનનું ખૂન કરી, દિલ્હીનો બાદશાહ બન્યો, પણ તે લાંબો વખત સત્તા ભોગવી શક્યો નહિ. થોડાક જ વખતમાં મલિક ગ્યાસુદ્દીન તુગલુક અને ખુશરોખાન વચ્ચે ભયંકર યુદ્ધ થયું. ખુશરોખાન મરાયો અને દિલ્હીમાં તુગલુક વંશની સત્તા સ્થપાઈ.

તુગલુક વંશના શાસન નીચે ગુજરાત (ઈ.સ. ૧૩૨૦-૧૪૦૩)

તુગલુક વંશના સુલતાન ગ્યાસુદ્દીન તુગલુકથી સુલતાન ફિરોજશાહ તુગલુકના સમય સુધી ગુજરાત તુગલુક શાસન નીચે રહ્યું. આ સમય દરમિયાન અનુક્રમે તાજુદ્દીન તુર્ક (ઈ.સ. ૧૩૨૦-૨૫) મુહમ્મદ શરફૂલમુલ્ક અલ્પખાન (ઈ.સ. ૧૩૨૫-૧૩૩૯), મુક્બિલ તિલંગી (ઈ.સ. ૧૩૩૯ થી ૧૩૪૫), નિઝામ ઉલ્મુલ્ક (ઈ.સ. ૧૩૫૦) વગેરે સુલતાન ગ્યાસુદ્દીન તુગલુક અને સુલતાન મુહમ્મદશાહ નાઝિમ તરીકે ગુજરાતમાં સત્તા પર આવ્યા.

ઈ.સ. ૧૩૪૨માં આફ્રિકન મૂર પ્રવાસી ઈબ્નેબતૂતા સુલતાન મુહમ્મદ શાહના સમયમાં નાઝિમ મુક્બિલ સત્તા પર હતો, ત્યારે ગુજરાતના પ્રવાસે આવ્યો હતો.

તેણે પોતાની નોંધમાં ખંભાતની સમૃદ્ધિનાં સુંદર વખાણ કર્યાં છે. કાવી, ગંધાર, પીરમબેટ, ઘોઘા વગેરે સ્થળોની પ્રજાના રીતરિવાજોની માહિતી આપી છે.

ગુજરાતમાં બળવો

મુહમ્મદશાહ તુગલુકના સમયમાં હિંદમાં ઠેરઠેર બળવાઓ ફાટી નીકળ્યા હતા. તેની અસર ગુજરાતમાં પણ પડી. નાઝિમ મુકૂબિલના સમયમાં અહીંના અમીરોએ એકત્ર થઈ બળવો કર્યો. શરૂઆતમાં બળવાખોરોએ ખંભાત લૂંટ્યું, ત્યાર પછી સરખેજ આગળ શાહી ખજાનો લૂંટી લીધો. ગુજરાતમાં ચારે બાજુ આગ અને લૂંટફાટનું તાંડવ રચાયું. સુલતાન મુહમ્મદશાહને ખબર પડતાં વિશાળ ફોજ લઈ તે ગુજરાત આવ્યો. બાદશાહની ફોજ સામે બળવાખોરો ટકી શક્યા નહિ, વેરવિખેર થઈ ગયા. શેખ મઈઝ્ઝુદ્દીનને પાટણનો હવાલો સોંપીને તેણે ડભોઈ, ખંભાત, વડોદરા, ભરૂચ વગેરે સર કર્યાં (ઈ.સ. ૧૩૪૫-૧૩૫૦). તેણે શાહી મહેસૂલ ઉઘરાવવાનાં બહાના હેઠળ બળવાખોરો પર ભયંકર ત્રાસ વર્તાવ્યો. તેમની ભયંકર રીતે કતલ કરવામાં આવી. એ પછી તે દોલતાબાદ તરફ ગયો.

દોલતાબાદ પહોંચતાં તેને ખબર પડી કે ગુજરાતમાં મલેક તુગી નામના સરદારે ફરીથી બળવો કર્યો છે. આથી તે તાત્કાલિક ગુજરાત પાછો ફર્યો. આ સમય દરમિયાન મલેક તુગીએ પાટણ કબજે કરી ત્યાંના નાઝિમ મુઈઝ્ઝુદ્દીનને કેદ કર્યો હતો. બાદશાહને આની ખબર પડતાં તે તાત્કાલિક પાટણ પહોંચ્યો. બાદશાહ આવ્યાની ખબર પડતાં મલેક તુગી કચ્છ તરફ નાસી ગયો. ત્યાંથી તે જૂનાગઢના રાખેંગાર ચોથાના શરણે ગયો.

બાદશાહ મુહમ્મદશાહે એ પછી રાજપૂત ઠાકોરો અને રાણાઓને પોતાની સત્તા નીચે આણ્યા. જૂનાગઢના રા'ખેંગારને હરાવવા ગિરનાર તરફ કૂચ કરી. રસ્તામાં પીરમબેટના મોખડાજીને હરાવ્યો (ઈ.સ. ૧૩૪૯). બાદશાહની ફોજ આગળ રાખેંગાર નમી ગયો. તેણે જૂનાગઢ મલેક તુગીને સોંપી દઈ માફી માગવાનો વિચાર કર્યો. તુગીને આની જાણ થતાં તે સિંધમાં ઊતરી પડ્યો. અંતે રાખેંગારે બાદશાહની શરણાગતિ સ્વીકારી. ત્યાર પછી બાદશાહે મલેક તુગીને આશ્રય આપનાર સિંધના સુમરાઓને હરાવવા ઠઠ્ઠા તરફ કૂચ કરી. રસ્તામાં અચાનક બીમાર પડતાં ઈ.સ. ૧૩૫૧માં માર્ચની ૨૦મી તારીખ તેનું અવસાન થયું.

સુલતાન મુહમ્મદશાહે સિંધ તરફ કૂચ કરતાં કેટલાક સમય માટે ગુજરાતનો વહીવટ નાઝિમ નિઝામ ઉલ્‌મુલ્કને સોંપ્યો હતો. આ સમયે ધીરે ધીરે ગુજરાતમાં શાંતિ સ્થપાતી જતી હતી.

ઈ.સ. ૧૩૫૧ માં સુલતાન મુહમ્મદશાહ તુગલુકનું અવસાન થતાં દિલ્હીની ગાદીએ તેનો પિતરાઈ ભાઈ ફિરોઝશાહ તુગલુક આવ્યો (ઈ.સ. ૧૩૫૧ થી ૧૩૮૮). તેના સમયમાં ગુજરાતમાં અનુક્રમે નિઝામુ-ઉલ-મુલ્ક (૧૩૫૧-૧૩૬૨), ફઝરખાન ફારસી (ઈ.સ. ૧૩૬૨-૧૩૭૨), દરિયાખાન ઉર્ફે ઝફરખાન બીજો (૧૩૭૨-૧૩૭૪) શમ્સુદ્દીન દામઘાની (ઈ.સ.૧૩૭૧-૧૩૮૦), ફર્હતુલ મુલ્ક (ઈ.સ. ૧૩૮૦-૧૩૮૮) વગેરે સૂબાઓ સત્તા પર આવ્યા.

આ સમય દરમિયાન સુલતાન ફિરોઝશાહે સિંધ ઉપર આક્રમણ કર્યું, પણ તેમાં તેને સફળતા ન મળી. અનેક મુશ્કેલીઓ વેઠીને તે ગુજરાતમાં પ્રવેશ્યો. ગુજરાતમાં ધીર ધીરે પરિસ્થિતિ થાળે પડતી જતી હતી. સૂબા ઝફરખાને ઊના અને કપડવંજમાં મસ્જિદ બંધાવી જામે મસ્જિફનો માંગરોળમાં પાયો નંખાયો. નાઝિમ શમ્સુદ્દીન દામઘાનીના સમયમાં પ્રજા પર અત્યાચારો વધ્યા, પરિણામે ખેતી બરબાદ થઈ, મહેસૂલની આવક ઘટી. અંતે તેનું ખૂન થયું.

નાઝિમ ફર્હતુલ મુલ્કના સમયમાં ઈડરના રાવ રણમલજી સાથે યુદ્ધ થયું. તેમાં નાઝિમની ભયંકર હાર થઈ. આ યુદ્ધનું વર્ણન કવિ શ્રીધર વ્યાસે પોતાના 'રણમલ્લ છંદ' કાવ્યમાં સુંદર રીતે આલેખ્યું છે.

સુલતાન ફિરોજશાહ તુગલુકનું ઈ.સ. ૧૩૮૭માં અવસાન થતાં તેની જગાએ દિલ્હીમાં સુલતાન નાસિરુદ્દીન મુહમ્મદશાહ સત્તા પર આવ્યો. તેના સમયમાં અનુક્રમે ફર્હતુલ મુલ્ક (ઈ.સ.૧૩૮૮-૧૩૯૧), ઝફરખાન બીન વજીરુલ મુલ્ક 'મુઝફ્ફરખાન' (ઈ.સ. ૧૩૯૧-૧૪૦૭) ગુજરાતના નાઝિમ બન્યા. નાઝિમ ફર્હતુલ મુલ્ક ધીરે ધીરે બળવાન બનતો જતો હતો. અહીંના મુસલમાનોએ આ વાત દિલ્હી જણાવતાં ઝફરખાનને ગુજરાત મોકલવામાં આવ્યો. ફર્હતુલ મુલ્કે સત્તા ન સોંપતાં છેવટે બંને વચ્ચે યુદ્ધ થયું. ફર્હતુલ મુલ્ક મરાયો. વિજયી ઝફરખાને પાટણનો કબજો લીધો. જે મેદાનમાં ઝફરખાનની જીત થઈ હતી, ત્યાં તેણે 'જીતપુર' નામે ગામ વસાવ્યું.

આ પછી તેણે ખંભાત, પાટણ વગેરે પ્રદેશો વ્યવસ્થિત કર્યા. ઈડરના રાવ રણમલ્લને હરાવી ખંડણી વસૂલ કરી. પણ થોડાક જ વખતમાં ઈડર સ્વતંત્ર બની ગયું. આ સમયે સોમનાથમાં મૂર્તિપૂજા અટકાવવાના બહાને તેણે આક્રમણ કર્યું. હિંદુઓ સખ્ત રીતે હાર્યા. હમીરખાન નામના ગોહિલ રાજપૂતને હાથીના પગ નીચે કચડી નાખી ઠાકોરો ઉપર સત્તા સ્થાપી. આ વખતે તેનો પુત્ર તાતારખાન તેની સાથે હતો. તે સ્વતંત્ર થવાનાં સ્વપ્નાં સેવતો હતો.

દિલ્હીમાં તૈમૂર લંગના આક્રમણથી ચારે બાજુ અવ્યવસ્થા ફેલાઈ હતી. રાજસત્તા નબળી પડી હતી. આ તકનો લાભ લઈ ઝફરખાને પણ ગુજરાતના પ્રદેશમાં સ્વતંત્ર શાસન શરૂ કર્યું. ગુજરાતમાં ઝફરખાનનો પુત્ર તાતારખાન સ્વતંત્ર થઈ ગયો. પરિણામે ગુજરાતમાંથી દિલ્હીની સત્તાનો અંત આવ્યો. ગુજરાતમાં સ્વતંત્ર સલ્તનતનો ઉદય થયો.

રાજ્યતંત્ર

ગુજરાતમાં સોલંકીકાળ દરમિયાન જે વહીવટી પ્રથા હતી, તેમાં મુસ્લિમ સત્તાની સ્થાપના થતાં ઘણા ફેરફારો થયા. કાયદાકાનૂન માટે પ્રાચીન ધર્મશાસ્ત્રોને બદલે કુરાન પ્રમાણભૂત મનાવા લાગ્યું! કુરાનને કેન્દ્રમાં રાખી સમગ્ર વહીવટી તંત્ર ગોઠવવામાં આવ્યું. ભૂતકાળમાં વહીવટી તંત્રમાં સંસ્કૃત ભાષાનું જે મહત્ત્વ હતું, તે ધીરે ધીરે ઓછું થવા લાગ્યું. ફારસીને રાજભાષાનું સ્થાન મળતાં રાજ્યનાં જુદાં-જુદાં ખાતાંઓ, અમલદારો, વિભાગો વગેરેને ફારસી નામ મળ્યાં.

દિલ્હી સલ્તનતના શાસનકાળ દરમિયાન ગુજરાતનો વહીવટ સૂબાઓ મારફતે ચાલતો. આ સૂબાઓની નિમણૂંક દિલ્હી દરબારમાંથી થતી હોવાથી તેઓએ દિલ્હીને અનુરૂપ અહીંનું વહીવટી તંત્ર ગોઠવવા પ્રયત્નો કર્યા, સામાન્ય રીતે દિલ્હીના સુલતાનની મરજી એ કાયદો-એ સ્થિતિ ગુજરાતમાં સર્જાઈ. મુસ્લિમ રાજ્ય ધર્મકેન્દ્રી હોવાથી ઇસ્લામનો પ્રચાર એ તેમનું મુખ્ય કાર્ય બન્યું.

નાઝિમ

ગુજરાતમાં હાકેમને નાઝિમ તરીકે ઓળખવામાં આવતો. તેની પસંદગી દિલ્હીના નામાંકિત અમીર વર્ગમાંથી થતી અને તે પસંદગીને બાદશાહની મંજૂરીની

મહાર વાગતી. તેનું મુખ્ય કાર્ય રાજ્યની સરહદનું રક્ષણ કરવું, આંતરિક કાયદો અને વ્યવસ્થા જાળવવાં અને શક્ય હોય તેટલું વધારે મહેસૂલ ઉઘરાવી દિલ્હી મોકલવું. આ ઉપરાંત તેણે ઉલેમાઓ, સૈનિકો, મુસ્લિમો, મુલકી કાર્યચારીઓ, લશ્કર વગેરેની વ્યવસ્થા જાળવવી પડતી. ખેતીવાડીને ઉત્તેજન આપવાનું તેનું મુખ્ય કાર્ય હતું. શરૂઆતમાં નાઝિમને તેના વેતન પેટે જાગીર આપવામાં આવતી, પણ અલાઉદ્દીને તે પ્રથા બંધ કરી. રોકડ રકમ વેતન પેટે અપાવા લાગી. આ પ્રથા છેક ફિરોઝશાહ તુગલુક સુધી ચાલુ રહી.

તેણે પોતાની હકૂમત હેઠળના પ્રદેશની વ્યવસ્થા જાળવવા લશ્કર રાખવું પડતું. રાજ્યના અમીરો, સરહદી રાજ્યો વગેરે સાથે યુદ્ધનો પ્રસંગ આવે તો તે આ લશ્કરનો ઉપયોગ કરતો. સ્થાનિક ફોજોનો તે જરૂર પડ્યે ઉપયોગ કરતો. અવારનવાર દિલ્હીથી આવતાં ફરમાનોનો અમલ કરી તેને રાજ્ય તરફ પોતાની વફાદારી દાખવવી પડતી.

નાઝિમના કાર્ય ઉપર દિલ્હી દરબારની સતત દેખરેખ રહેતી. તેની વફાદારી માટે સહેજ પણ શંકાનું કારણ મળતાં તરત જે તેને પાછો દિલ્હી બોલાવી લેવામાં આવતો. તેની નોકરીની મુદત અને સેવાનો બદલો રાજાની મરજી ઉપર રહેતો. અલ્પખાન જેવા કેટલાક લોકપ્રિય સૂબાઓને થોડાક જ સમયમાં દિલ્હી બોલાવી લેવામાં આવ્યા હતા. કેટલાક સૂબાઓની હત્યા પણ કરવામાં આવી હતી. આમ, સૂબાનું કાર્ય ઘણું જ જોખમકારક હતું. જો દિલ્હી સુલતાન બળવાન અને કાબેલ હોય તો સૂબાઓ પોતાની ફરજો વફાદારીપૂર્વક બજાવતા, પણ દિલ્હીમાં સહેજ પણ નબળાઈ દેખાય તો સૂબાઓ સ્વતંત્ર બનવા તત્પર થઈ જતા. છેલ્લા સૂબા ઝફરખાનનો પુત્ર દિલ્હી દરબારની નબળાઈ પારખી જઈ પોતે ગુજરાતનો સ્વતંત્ર સુલતાન બની ગયો હતો !

સૂબાઓનો વહીવટ મોટે ભાગે તેમની ઇચ્છા અનુસાર ચાલતો. સૂબાઓએ સ્થાનિક રાજપૂતો, ઠાકોર, કોળી, ભીલ વગેરે લડાયક પ્રજાનો સામનો કરવો પડતો. આંતરિક બળવાના સમયમાં તેની કાબેલિયત અને આવડતની ખાસ કસોટી થતી. તેના સ્થાનનો આધાર આવા સમયની તેની સફળતા ઉપર રહેતો.

વહીવટ

ગુજરાતમાં મુસ્લિમ સત્તાની સ્થાપના થતાં સમગ્ર વહીવટી તંત્ર બે વિભાગમાં વહેંચાઈ ગયું હતું. આ બે વિભાગો તે (૧) કેન્દ્રની સત્તા હેઠળનો વિસ્તાર અને (૨) જિતાયેલા આશ્રિત રાજવીઓનો પ્રદેશ. કેન્દ્રની સત્તા હેઠળના પ્રદેશમાં નાઝિમ મારફતે કેન્દ્રનો અંકુશ રહેતો. નાઝિમ દિલ્હીની સૂચના પ્રમાણે પોતાનું વહીવટી તંત્ર ગોઠવતો. આશ્રિત રાજવીઓ પોતાના રાજ્યમાં સ્વતંત્રપણે વહીવટ ચલાવતા. સૂબો તેમાં હસ્તક્ષેપ કરતો નહિ. આવાં રાજ્યોએ સૂબાને ખંડણી ભરવી પડતી. સૂબો આ રકમ દિલ્હી મોકલતો. આવાં રાજ્યોની કામગીરી ઉપર સૂબાએ ચાંપતી નજર રાખવી પડતી, કે જેથી તેઓ સૂબા ઉપર આક્રમણ ન કરે. સૂબો બહુ જ કડક રીતે ખંડણી વસૂલ કરતો.

વહીવટી દૃષ્ટિએ સૂબો પોતાના પ્રદેશનો વડો હતો. પાટણ વહીવટી તંત્રનું મુખ્ય કેન્દ્ર મનાતું. સોલંકીકાળથી રાજધાની તરીકે ચાલ્યું આવતું પાટણનું મહત્ત્વ દિલ્હી સલ્તનતકાળમાં પણ ટકી રહ્યું હતું. સમગ્ર વહીવટી તંત્રને જુદાં જુદાં ખાતાંઓમાં વહેંચી નાખવામાં આવ્યું હતું. ખાતાંઓનો વડો નાઝિમ કહેવાતો. નાયબ નાઝિમોની નિમણૂક દિલ્હીથી થતી. તેઓ પોતાના પ્રદેશના પોતાની હકૂમત હેઠળના ખાતાની વ્યવસ્થા સંભાળતા. પ્રાદેશિક લશ્કરી ખાતું કેન્દ્રને સીધું જવાબદાર રહેતું. દરેક ખાતાની રચના દિલ્હી દરબાર પ્રમાણે થતી.

પ્રાદેશિક વિભાગો 'શિક્ક'ના નામે ઓળખાતા. તેનો વડો શિકદાર કહેવાતો. નાનામાં નાનો એકમ 'ગ્રામ' હતું. સોલંકીકાળથી ચાલી આવતી જુદા જુદા વિભાગોની રચનાનું સ્વરૂપ સદંતર ફેરવાઈ ગયું હતું. નાનાં ગામોનો સમૂહ 'પરગણા' તરીકે ઓળખાતો. પરગણાના જુદા જુદા અધિકારીઓ આમિલ, મુશરિફ, કારકુન, કાનુનગો વગેરે નામે ઓળખાતા. 'આમિલ' સમગ્ર પરગણાનો વહીવટી વડો મનાતો. મુશરિફ કર ઉઘરાવવાનું અને કારકુન પોતાના વિભાગની નોંધ રાખવાનું કાર્ય કરતો. કાનુનગો ખેતીવિષયક જવાબદારી સંભાળતો. ગામની સર્વ માહિતી આપનાર ચૌધરી કહેવાતો. નાનામાં નાના એકમ ગામડાનો વહીવટ પંચાયત મારફતે ચાલતો. 'મુખી' ગામનો જવાબદાર અધિકારી મનાતો. ગામને મહેસૂલ તરીકે ભરવાની રકમનો હિસાબ 'પટવારી' રાખતો. મહેસૂલ વસૂલ કરવાની પદ્ધતિ પ્રાચીનકાળથી

આવતી પ્રથા પ્રમાણે રહે. તેમ છતાં મહેસૂલ વસૂલ કરવામાં લશ્કરી સૈનિકો અને અધિકારીઓનો ત્રાસ સવિશેષ હતો. મહેસૂલ વસૂલ કરવા તેઓ જુદી જુદી પદ્ધતિઓ અખત્યાર કરતા. તેમના ત્રાસમાંથી બચવા ખેડૂત લાચારીથી જમીનદારના કે સ્થાનિક શાહુકારના શરણે જતો. તેઓ ખેડૂત પાસેથી વ્યાજ પેટે પુષ્કળ અનાજ વગેરે પડાવી લેતા. ખેડૂત સદાય પરાધીન રહેતો. કેટલીક વાર જમીનદાર ખેડૂતો પાસેથી સીધું મહેસૂલ ઉઘરાવી રાજ્યમાં ભરતો.

રાજ્ય જમીન ઉપરાંત વેપારધંધા ઉપર કર નાખતું . જમીન મહેસૂલનો દર જમીનની પેદાશ ઉપર રહેતો. વેપારીઓએ પોતાના માલ ઉપર ભારે જકાત કર પેટે ભરવી પડતી.

ન્યાયતંત્ર કુરાનના આદેશ પ્રમાણે ગોઠવાયું હતું. મોટે ભાગે કાઝી રાજ્યના નાના-મોટા ઝઘડાઓનો નિકાલ કરતો. ચોરી, ખૂન વગેરે માટે શારીરિક શિક્ષાઓ થતી. મહેસૂલ અંગેના ઝઘડાનો નિકાલ મહેસૂલી અમલદાર કરતો.

ટૂંકમાં, આ સમયે ગુજરાતના વહીવટીતંત્રનું સ્વરૂપ સદંતર બદલાઈ ગયું હતું. 'ઈસ્લામ'ને કેન્દ્રમાં રાખી સમગ્ર માળખું ગોઠવાયું હતું. ધર્મશાસ્ત્રો અને સંસ્કૃત ભાષાનું મહત્ત્વ સદંતર ઘટી ગયું હતું. સૂબાઓની નિમણૂક અચોક્કસ મુદત માટે થતી હોવાથી દરેક સૂબો જેટલું બને એટલું વધારે મહેસૂલ ઉઘરાવી વધારે લાભ ઉઠાવવા તત્પર રહેતો ! પરિણામે પ્રજા ઉપર અધિકારીઓનો ત્રાસ પુષ્કળ પ્રમાણમાં રહેતો. સમગ્ર પ્રજાજીવન અસ્તવ્યસ્ત હતું. ચારે બાજુ અવિશ્વાસ અને અશાંતિનું વાતાવરણ ફેલાયેલું હતું.

સમાજ

પ્રાચીનકાળથી ચાલી આવતી પ્રથા પ્રમાણે સમાજમાં ચાતુર્વર્ણની પ્રથા પ્રચલિત હોવા છતાં દરેક વર્ણમાં નાનીમોટી જ્ઞાતિઓ અને પેટાજ્ઞાતિઓ અસ્તિત્વમાં આવી હતી. ઈસ્લામના આક્રમણોને લીધે સમાજમાં જ્ઞાતિઓ અને પેટાજ્ઞાતિઓ અસ્તિત્વમાં આવી હતી. ઈસ્લામના આક્રમણોને લીધે સમાજમાં ઘણું જ સંકુચિત સ્વરૂપ ધારણ કર્યું હતું. આંતરજ્ઞાતીય લગ્નો પર પ્રતિબંધો વધ્યા હતા. બાળલગ્નોની પ્રથા વધી હતી. જ્ઞાતિના નિયમોનો ભંગ કરનારે 'જ્ઞાતિ બહિષ્કાર' જેવી ભયંકર

સજાનો સામનો કરવો પડતો. નીચલા વર્ણમાં પણ ઘણા પેટાવિભાગો પડી ગયા હતા. 'વસવાયાં' નો એક વર્ગ અસ્તિત્વમાં આવ્યો હતો. મુસલમાનોની ધર્માન્તર પ્રવૃત્તિ વધતાં સમાજના નીચલા વર્ગોમાં કેટલીક નવી જ્ઞાતિઓ અસ્તિત્વમાં આવી હતી. અસ્પૃશ્યતા પણ વ્યાપક પ્રમાણમાં વિસ્તરી હતી.

સમાજમાં મુસ્લિમ પ્રજાનો એક વિશિષ્ટ વર્ગ અસ્તિત્વમાં આવ્યો હતો. તેમાં પણ બહારથી આવેલા મુસલમાનો અને ધર્માન્તર પ્રવૃત્તિથી બનેલા મુસલમાનો એવા બે વર્ગો પડી ગયા હતા. મુસ્લિમ પ્રજા મોટે ભાગે રાજ્યના લશ્કરમાં જોડાતી.

મુસ્લિમ આક્રમણોને લીધે જાહેર ઉત્સવો, તહેવારો વગેરે ઉજવાતા બંધ થયા હતા. મુસલમાનોની નજરથી બચવા દરેક માણસ સતત કાળજી રાખતો. ધનિકો પોતાને સામાન્ય કક્ષાના માનવી તરીકે ઓળખાવતા !

ધાર્મિક સ્થિતિ

સમાજમાં શૈવ, વૈષ્ણવ, શાકત, જૈન, ઈસ્લામ, જરથોસ્તી વગેરે ધર્મો પ્રચલિત હતા. દેવમંદિરો મુસ્લિમ આક્રમણોનો ભોગ બનેલાં હોઈ અસ્તવ્યસ્ત અને ખંડેર હાલતમાં ઊભાં હતાં. શૈવ ધર્મ સૌમ્ય સ્વરૂપે ટકી રહ્યો. પાશુપત સંપ્રદાયની વિધિઓ અસ્ત પામી હતી. શાક્ત સંપ્રદાય ધીરે ધીરે વ્યાપક બન્યો હતો. વૈષ્ણવ ધર્મનાં 'હવેલી' મંદિરો ધીરે ધીરે લોકપ્રિય બનતાં જતાં હતાં. જૈન ધર્મ તેના અસલ સ્વરૂપે ટકી રહ્યો હતો. મુસ્લિમ આક્રમણોને લીધે તીર્થસ્થળો અસ્તવ્યસ્ત થઈ ગયાં હતાં. યાત્રીઓનો અભાવ વર્તાતો હતો. દેવ-મંદિરોના જીર્ણોદ્ધારની પ્રવૃત્તિ સદંતર અટકી ગઈ હતી. જૈન તીર્થધામ શત્રુંજય અને શૈવતીર્થ સોમનાથ અનેકવાર મુસ્લિમ આક્રમણોનો ભોગ બન્યાં હતાં. અનેકવાર અહીંની પ્રાચીન મૂર્તિઓનું ખંડન કરવામાં આવ્યું હતું.

ઈસ્લામનો ધીરે ધીરે ફેલાવો થતો જતો હતો. પાટણ, સોમનાથ, પેટલાદ, ખંભાત, માંગરોળ વગેરે અનેક સ્થળોએ મસ્જિદો બંધાઈ હતી. તેમના નિભાવ માટે રાજ્ય તરફથી ખાસ મદદ મળતી હતી. આ સમયે જેટલા પ્રમાણમાં ઈસ્લામનાં ધર્મસ્થાનોનું રક્ષણ થતું હતું, તેટલા પ્રમાણમાં હિંદુ દેવસ્થાનોનો નાશ થતો હતો!

આર્થિક સ્થિતિ

મુસ્લિમ આક્રમણોને લીધે ગુજરાતમાં ચારે બાજુ અશાંતિ ફેલાયેલી હતી. પરિણામે સોલંકીકાળની ગુજરાતની જાહોજલાલી નાશ પામી હતી. પરદેશો સાથેનો વેપાર અટકી ગયો હતો. બંદરો સૂમસામ બન્યાં હતાં. લૂંટના ભયે સામાન્ય વેપારી ઘરઆંગણે વેપાર કરી જરૂરી રકમ કમાઈ લેતો. ખેતી તેમ જ નાના પ્રકારના ઉદ્યોગોનો વિકાસ અટકી પડ્યો હતો. કરવેરાનું ભારણ વધતાં પ્રજા ત્રાસ પામી ગઈ હતી. જાહેર માર્ગો પ્રવૃત્તિહીન બન્યા હતા. યોગ્ય નાણાતંત્ર કે વિનિમય પદ્ધતિનો અભાવ વર્તાતો હતો. ગામડાંઓમાં 'સાટા'- બદલા પદ્ધતિ પ્રચલિત હતી. વ્યાજનો દર ઘણો ભારે હતો. વેપારને રાજ્ય તરફથી યોગ્ય રક્ષણ મળતું નહિ.

સાહિત્ય

ગુજરાતમાં મુસ્લિમ સત્તાની સ્થાપના સમયે ચારે બાજુ રાજકીય અવ્યવસ્થા ફેલાયેલી હતી. દિલ્હી સલ્તનતના સૂબાઓ પોતાની સત્તા વધારવા અને વધારેમાં વધારે મહેસૂલ ઉઘરાવવા સિવાય બીજા કામમાં ખાસ રસ લેતા ન હતા. સમાજમાં મુસ્લિમોની ધર્માન્તર પ્રવૃત્તિને લીધે અશાંતિ ફેલાયેલી હતી. મુસ્લિમ સૂબાઓએ અરબી-ફારસીને રાજભાષા તરીકે મહત્ત્વનું સ્થાન આપતાં સંસ્કૃત, પ્રાકૃત અને અપભ્રંશ ભાષાઓનું પ્રભુત્વ ઘટવા લાગ્યું. ધીરે ધીરે સ્થાનિક ભાષાઓનો વિકાસ થવા લાગ્યો. ગુજરાતી ભાષાનું વર્તમાન સ્વરૂપ ધીરે ધીરે વિકસવા માંડ્યું. અપભ્રંશ ભાષાનું સ્વરૂપ બદલાવા માંડ્યું.

આમ છતાં આ સમયે કેટલાક જૈન ધર્મગુરુઓએ તેમ જ અન્ય કવિઓએ સંસ્કૃત-ગુજરાતી સાહિત્યની રચના કરી. આ સમયે મેરુતુંગસૂરિએ વઢવાણમાં રહીને 'પ્રબોધચિંતામણિ' (ઈ.સ. ૧૩૦૫) નામનો એક ઉત્તમ ગ્રંથ રચ્યો. ગુજરાતના પ્રાચીન ઇતિહાસ માટે આ એક મહત્ત્વનો આધારભૂત ગ્રંથ મનાય છે, તેમાં પાટણના ચાવડા વંશથી શરૂ કરીને સોલંકી રાજવીઓ તથા વસ્તુપાળના ચરિત્રની મહત્ત્વની વિગતો આપેલી છે.

આ ગ્રંથ પહેલાં લખાયેલા ધર્મપ્રબોધના ગ્રંથો કરતાં જુદો પડે છે. આ ગ્રંથમાં જૈનાચાર્યોનાં વૃત્તાંતો આપવામાં આવેલાં છે. તે સર્વ સંસ્કૃત પદ્યમાં રચાયેલા છે! આ ઉપરાંત તેમાં અન્ય ઐતિહાસિક રાજવીઓ, મંત્રીઓ, શ્રેષ્ઠીઓ વગેરેનાં વર્ણનો આપેલાં છે. આ કથાઓ ગદ્યમાં છે તેમાં સંસ્કૃત, પ્રાકૃત બંને ભાષાઓનો ઉપયોગ કરેલો છે.

આ ગ્રંથની ખાસ વિશેષતા એ છે કે બહુ પ્રાચીન એવા ધર્માચાર્યો કે સત્પુરુષોનાં વૃત્તાંતો અહીં આલેખેલાં નથી; પણ લોકોમાં જાણીતા એવા નજીકના સમયમાં થઈ ગયેલા પુરુષોનાં ચરિત્રો આપી જનમનરંજન કરવાનો પ્રયત્ન કરેલો છે. આથી આમાં ગુજરાતના રાજપૂત ઇતિહાસમાંથી ઘણાં ચરિત્રો પસંદ કરવામાં આવેલાં છે.

આ ગ્રંથની બીજી વિશેષતા એ છે કે લેખકે આ ગ્રંથ રચ્યો, ત્યારે ગુજરાતનું રાજપૂત રાજ્યશાસન નાશ પામ્યું હોઈ અથવા લગભગ નાશ પામવાની તૈયારીમાં હોઈ કોઈ રાજવીનો ભય લખાણ ઉપર દેખાતો નથી અને તેથી તેમાંથી વધારે પ્રમાણિત ઐતિહાસિક વિગતો મળે છે. જો કે આમાં ગુજરાતનું ગૌરવ હણાય એવી વિગતો નહિ આપવાની ખાસ કાળજી રાખેલી છે. કેટલેક ઠેકાણે જૈન ધર્મ અને ગુજરાતનું ગૌરવ વધારવાનો ખાસ પ્રયત્ન કરેલો છે.

આ ગ્રંથોમાં વિગતો કાળાનુક્રમ પ્રમાણે આપેલી છે. એ રીતે લેખકે ગુજરાતના ઇતિહાસને કાળક્રમ પ્રમાણે ગોઠવવાનો પ્રયત્ન કરેલો છે. આ ગ્રંથમાં ગુજરાતમાં પ્રચલિત એવી કેટલીક અનુશ્રુતિઓનો સમાવેશ થયેલો હોવા છતાં 'કીર્તિકૌમુદી' જેવા કેટલાંક પ્રસિદ્ધ મહાકાવ્યોમાંથી શ્લોકો લેવામાં આવ્યા છે.

ટૂંકમાં, મહત્ત્વની પ્રમાણિત ઐતિહાસિક માહિતી પૂરી પાડતો આ ગ્રંથ ગુજરાતના ઇતિહાસમાં મહત્ત્વનું સ્થાન ધરાવે છે. તેમાં તત્કાલીન સમાજના લોકમાનસનું પ્રતિબિંબ પડ્યું છે.

આ ઉપરાંત આ સમયે ધર્મપ્રભસૂરિના શિષ્ય સર્વાનંદસૂરિએ 'જગડૂચરિત્ર' (ઈ.સ. ૧૩૧૯), સિદ્ધસેનસૂરિના શિષ્ય આચાર્ય કક્કસૂરિએ કાંજરકોટમાં રહીને 'નાભિનંદનજિનોદ્ધાર પ્રબંધ' (ઈ.સ. ૧૩૩૭), 'પ્રબોધચિંતામણિ'ના કર્તાથી જુદા એવા મેરુતુંગાચાર્યે 'સ્થવિરાવલી' (વિચારશ્રેણી)(ઈ.સ. ૧૩૪૪ લગભગ), જયસિંહ સૂરિએ 'કુમારપાળ ચરિત્ર' (ઈ.સ.૧૩૬૫) અબ્દુર રહેમાન (ઈ.સ. ની ૧૪મી સદીની લગભગ) સંદેશક રાસ તરગાળા નાયકોના આદ્યપુરુષ ગણાતા એવા અસાઈતે ૩૬૦ જેટલા 'ભવાઈના વેશ' (ઈ.સ. ૧૩૬૧ની આસપાસ), શ્રીધર વ્યાસે 'રણમલ્લ છંદ' અને 'ભગવતી ભાગવત અને ઈશ્વરી છંદ' (ઈ.સ. ૧૩૯૮ની આસપાસ) વગેરે કૃતિઓ રચીને તેમણે ગુજરાતના તત્કાલીન સાંસ્કૃતિક ઇતિહાસની નોંધપાત્ર વિગતો અને માહિતી આલેખી છે.

આ સાથે જૈન સૂરિઓ - જેવા કે મહેન્દ્રપ્રભસૂરિ કમલપ્રભ, જિનપદ્મ,

સોમતિલકસૂરિ, ધર્મપ્રભસૂરિ, જયાનંદસૂરિ, રાજશેખરસૂરિ, મહેન્દ્રસૂરિ મલયચંદ્ર, રત્નશેખર, જયશેખર, સોમસુંદરસૂરિ, જ્ઞાનસાગરસૂરિ વગેરેએ જૈન ધર્મને લગતા વિવિધ ગ્રંથો રચ્યા હતા.

આમ, દિલ્હીની સલ્તનતના સૂબાઓના સમયમાં ગુજરાતમાં રાજકીય અશાંતિ હોવા છતાં કેટલુંક ઉત્તમ ધાર્મિક સાહિત્ય રચાયું તેનો યશ મહદંશે જૈન ધર્મગુરુઓને ફાળે જાય છે.

સ્થાપત્ય અને શિલ્પ

ગુજરાતમાં મુસ્લિમ સત્તાની સ્થાપના થતાં ચારે બાજુ મુસ્લિમ આક્રમણો થવા લાગ્યાં, તેને પરિણામે અનેક હિંદુ મંદિરોનો નાશ થયો. સોલંકીકાળ દરમિયાન મંદિરો બાંધવાની જે પ્રવૃત્તિ વિકસી હતી, તેમાં સદંતર ઓટ આવી. આ સમયે બંધાયેલા કોઈ મંદિરના નમૂના ઉપલબ્ધ નથી. તેમ છતાં છૂટાછવાયાં કેટલાંક હિંદુ મંદિરો બંધાયાં, તેના ઉલ્લેખો આપણને કેટલાક સમકાલીન અભિલેખો અને સાહિત્યમાંથી મળે છે.

વિ.સં. ૧૩૬૬ (ઈ.સ. ૧૩૦૯-૧૦) માં ખંભાતમાં સૂબા અલ્પખાનના સમયમાં ઊકેશવંશના શાહુ જેસલે અજિતદેવ તીર્થંકરનું મંદિર બંધાવ્યું. એણે પાટણમાં શાંતિનાથનું ચૈત્ય બંધાવ્યું.

બોરુ (તા. વિજાપુર, જિ. મહેસાણા)માં વિ.સ. ૧૩૬૭ (ઈ.સ.૧૩૧૧) માં રૂપેશ્વર મહાદેવના મંદિરનો જીર્ણોદ્ધાર થયો.

વિ.સં. ૧૪૪૭ (ઈ.સ. ૧૩૯૧)માં અયોધ્યાના રાજપૂત ખૂંદુએ અણહિલપુર પાટણમાં આહડેશ્વર મહાદેવના શિવાલયનો જીર્ણોદ્ધાર કરાવ્યો.

વિ. સં. ૧૪૬૩ (ઈ.સ. ૧૪૦૭)માં ચાંદોદ પાસે આવેલ જિયોર (જિ. વડોદરા) આગળ નાંદોદના રાજા ઉદયસિંહના સચિવ ગોવર્ધને કુંભેશ્વર મહાદેવના શિવાલયનો જીર્ણોદ્ધાર કરાવ્યો.

આમ, આ સમયે મંદિરો બાંધવાની પ્રવૃત્તિ મંદ પડી, પણ મંદિરોનો જીર્ણોદ્ધાર કરવાની પ્રવૃત્તિ ટકી રહી હોય તેમ જણાય છે. આ સમયે નવા હિંદુ મંદિરોનું સર્જન અટકી ગયું, પણ તે સાથે ગુજરાતમાં કેટલાંક ઈસ્લામી સ્થાપત્યો અસ્તિત્વમાં આવ્યાં. ઈસ્લામી સ્થાપત્યોમાં આ સમયે મોટે ભાગે મસ્જિદો બાંધવાની પ્રવૃત્તિને વેગ મળ્યો.

ગુજરાતમાં સલ્તનત સ્થાપાઈ એ પહેલાં પણ કેટલાંક ઈસ્લામી ધર્મસ્થાનો અસ્તિત્વમાં આવ્યાં હતાં. ગુજરાતમાં મુસલમાનોની વસ્તી વધતાં અને મુસ્લિમ સત્તા સ્થપાતાં આમાં વધારો થવા લાગ્યો.

ઈ.સ. ૧૩૦૪માં ગુજરાતમાં મુસ્લિમોની સત્તા સ્થપાઈ તે પહેલાં કેટલેક ઠેકાણે રોજા, મસ્જિદ વગેરે અસ્તિત્વ ધરાવતાં હતાં. આ સમયનું ઈસ્લામી સ્થાપત્ય સામાન્ય કક્ષાનું હતું. આ સમયની મસ્જિદો આપણને પેટલાદ, ખંભાત, ભરૂચ, માંગરોળ વગેરે સ્થળોએથી મળી આવે છે. આ સર્વમાં પેટલાદની બાબા અર્જુનશાહની દરગાહ નોંધપાત્ર છે. અહીંથી અરબી-ફારસીમાં કોતરેલા કેટલાક લેખો મળી આવ્યા છે. મસ્જિદની એક કમાનમાંથી મળેલા લેખમાંથી આ મસ્જિદની નજીક મસ્જિદ હોવાનો ઉલ્લેખ મળે છે. જો કે હાલમાં તે મસ્જિદ જોવા મળતી નથી.

ખંભાતની દરિયાકિનારા નજીક આવેલી જુમ્મા મસ્જિદ ઈ.સ. ૧૩૦૦માં બંધાઈ હોવાનું મનાય છે. હાલમાં તે દરિયાકિનારાથી ઘણી જ દૂર છે. આખી ઇમારત પથ્થરની બાંધેલી છે મસ્જિદના મહેરાબ ઉપર કુરાનમાંથી કેટલાંક વાક્યો કોતરેલાં છે. અહીંથી મળેલા લેખમાં જણાવ્યું છે કે આ મસ્જિદ મહમૂદ-અલ-અનસારી નામના એક મુસ્લિમ વેપારીએ બંધાવેલી. આવી મોટી મસ્જિદ સૌરાષ્ટ્રમાં માંગરોળ સિવાય અન્ય કોઈ ઠેકાણે જોવા મળતી નથી. મસ્જિદની પાછળ એક મોટો રોજો આવેલો છે, જેનો આગળનો ઘુમ્મટ પડી ગયેલો છે. અહીં પણ દીવાલમાં કુરાને શરીફમાંથી કેટલાંક વાક્યો કોતરેલાં છે. ખંભાત શહેરથી લગભગ ૫ કિ.મી. દૂર ફિરોજશાહ તુગલુકના સમયમાં બંધાયેલી એક ઈદગાહ છે. અહીંથી ફિરોજશાહ તુગલુકના સમયનો એક લેખ મળેલો છે. તેમાં જણાવ્યા પ્રમાણે આ મસ્જિદ ઈ.સ. ૧૩૨૫માં બંધાઈ હોવાનું સ્પષ્ટ થાય છે. આ મસ્જિદ કોઈ જૈન મંદિરના અવશેષોમાંથી બાંધવામાં આવેલી હોય તેમ જણાય છે.

ભરૂચની જામી મસ્જિદ ખંભાતની જામી મસ્જિદ કરતાં ઘણી નાની છે. હાલમાં તે ખંડેર બની ગયેલી છે. ભૂતકાળમાં આ મસ્જિદના પ્રયોગ અંગ્રેજો પોતાનું સૈન્ય રાખવા કરતા હતા. દીવાલમાં કુરાનમાંથી કોતરલ વાક્યો મળે છે. મસ્જિદની પાસે એક ઈદગાહ આવેલી છે. અહીંથી ઈ.સ. ૧૩૨૬ નો એક લેખ મળેલો છે.

ધોળકામાં આવેલી હિલાલખાનની મસ્જિદ ઈ.સ. ૧૩૬૧માં બંધાઈ હોવાનું ત્યાંથી મળતા હિ.સં.૭૬૨ (ઈ.સ. ૧૩૬૧) ના લેખ પરથી જાણવા મળે છે. આ

મસ્જિદ હાલમાં ખંડિત અવસ્થામાં છે. તેની આગળના મિનારા અસ્તિત્વમાં છે. તે ભરૂચની મસ્જિદને કેટલેક અંશે મળતી આવે છે. તેનો મહેરાબ સુંદર રીતે શણગારેલો છે. તેનું બાંધકામ હિલાલખાન નામના સરદારે કરાવ્યું હોવાનું જણાય છે.

માંગરોળની જામી મસ્જિદ ફિરોઝશાહ તુગલુકના સમયમાં ઈ.સ. ૧૩૮૪-૮૫માં બંધાઈ હોવાનું મસ્જિદની અદર આવેલા લેખ ઉપરથી જાણવા મળે છે. આ ઉપરાંત, અહીં મસ્જિદે રહેમત-દયાની મસ્જિદ અને રાવળી મસ્જિદ નામે બે મસ્જિદો ઈ.સ. ૧૩૮૨-૮૩માં બંધાઈ હતી એમ લેખ પરથી જાણવા મળે છે. આ મસ્જિદના પ્રવેશદ્વાર ઉપર છત્રી છે. લેખ પાસેની દરગાહની દીવાલમાં જડેલો છે. માંગરોળની આ મસ્જિદને અમદાવાદ જુમ્મા મસ્જિદ સાથે સરખાવવામાં આવે છે. અહીં ફેર માત્ર એટલો જ છે કે એના ઉપર મિનારા નથી. મસ્જિદમાં અનેક થાંભલા છે. પડાળીઓના થાંભલા બેવડા ઊંચા છે. આ કોઈ હિંદુ મંદિરના અવશેષો હોય એમ સ્પષ્ટ લાગે છે. થાંભલા ઉપરની કોતરણીને ખંડિત કરવામાં આવેલી છે.

માંગરોળ શહેરને ફરતો કોટ અને અંદરનો કિલ્લો ઈ.સ. ૧૩૯૫માં બંધાયો હોવાનો ઉલ્લેખ અહીંથી મળતા લેખમાં જોવા મળે છે. આ કિલ્લો ગુજરાતના સૂબા મુઝફ્ફરખાનના સમયમાં અહીંના કોટવાલ મલિક મુસાએ બંધાવ્યો હતો, એમ લેખમાં જણાવેલું છે. લેખ અરબી-ફારસી અને સંસ્કૃતમાં છે.

શિલ્પ

આ સમયે અનેક મંદિરો મુસ્લિમ આક્રમણોને લીધે નાશ પામ્યાં હોવાથી આ સમયનાં કોઈ ચોક્કસ શિલ્પો મળ્યાં હોય તેમ લાગતું નથી. આમ છતાં સાબરકાંઠાના ઈડરનાં તથા ખંભાતનાં જૈન મંદિરો અને હિંદુ મંદિરોમાંથી તીર્થંકરો તથા હિંદુ દેવો શિવ, વિષ્ણુ, મહિસાસુરમર્દિની વગેરેની પ્રતિમાઓ મળે છે. આ શિલ્પો સોલંકીકાળનાં શિલ્પો કરતાં ઊતરતી કક્ષાનાં છે.

સંદર્ભગ્રંથો

કક્કસૂરિ	નાભિનંદનજિનોદ્ધાર પ્રબંધ. સંપાદકઃ ભગવાનલાલ હ. પંડિત, અમદાવાદ, વિ.સં. ૧૯૮૫.
મેરુતુંગાચાર્ય	વિચારશ્રેણી (સ્થવિરાવલી), જૈન સાહિત્ય સંશોધક - ખં. ૪, અંક ૩-૪, પૂના, ૧૯૨૫
પદ્મનાભ	કાન્હડદે - પ્રબંધ. સંપા. ડાહ્યાભાઈ દેરાસરી, અમદાવાદ, ૧૯૨૬.
આચાર્ય નવીનચંદ્ર આ.	ગુજરાતનો સોલંકીકાલીન ઇતિહાસ, અમદાવાદ, ૧૯૭૪.
જોટ રત્નમણિરાવ ભી.	ગુજરાતનો સાંસ્કૃતિક ઇતિહાસ, ઈસ્લામયુગ - ખંડ ૧-૨, અમદાવાદ, ૧૯૫૯
નાયક છોટુભાઈ ર.	ગુજરાતમાંની ઇસ્લામી સલ્તનતનો ઇતિહાસ, અમદાવાદ,૧૯૮૨.
પરીખ ર. છો. અને શાસ્ત્રી હ. ગં. (સં.)	ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ, ગ્રંથ ૫ : સલ્તનતકાળ, અમદાવાદ, ૧૯૭૭.
Commissariat M.S.	A History of Gujarat Vol. -I, London, 1935.
Ishwari Prasad	Medieval India, Allahabad, 1925.
Mujumdar R.C. (G.Ed.)	Delhi Sultanate, Bombay. 1967.

●

પ્રકરણ ૩ : ગુજરાતની સ્વતંત્ર સલ્તનત

(ઈ.સ.૧૪૦૩ થી ૧૫૭૩)

રાજકીય ઈતિહાસ

સુલતાન નાસિરુદ્દીન મુહમ્મદશાહના અમલ દરમિયાન દિલ્હીમાં રાજકીય અવ્યવસ્થા સ્થપાતાં ધીરે ધીરે હિંદના અન્ય પ્રદેશના સૂબાઓ સ્વતંત્ર બનવા લાગ્યા. ગુજરાતના નાઝિમ ઝફરખાનના પુત્ર તાતારખાને પણ તકનો લાભ લઈ ઈ.સ. ૧૪૦૩-૧૪૦૪ દરમિયાન 'મુહમ્મદશાહ' ખિતાબ ધારણ કરી ગુજરાતના સ્વતંત્ર સુલતાન તરીકે પોતાને જાહેર કર્યો.

સુલતાન મુહમ્મદશાહ પહેલો (ઈ.સ. ૧૪૦૩-૧૪૦૪)

પોતાના પિતા ગુજરાત નાઝિમ ઝફરખાનને કેદ કરી મુહમ્મદશાહે પોતાને ગુજરાતના સ્વતંત્ર સુલતાન તરીકે જાહેર કર્યા બાદ તેણે દિલ્હી સર કરવા કૂચ આરંભી, પણ કમનસીબે ખરાબ હવામાનને કારણે બીમાર પડતાં નર્મદા કિનારે આવેલ શિનોર ગામમાં તેનું મૃત્યું થયું. કેટલાક માને છે કે તેના પિતા ઝફરખાને તેને ખોરાકમાં પોતાના નાના ભાઈ મારફતે ઝેર આપી તેનો અંત આણ્યો, પણ આના વિશે કોઈ આધારભૂત પ્રમાણ મળતું નથી. તેના પછી ઝફરખાને કેટલોક વખત ગુજરાતના સૂબા તરીકે સત્તા ભોગવી અને અંતે ઈ.સ. ૧૪૦૭માં તે 'મુઝફ્ફરશાહ' ખિતાબ ધારણ કરી ગુજરાતનો સુલતાન બન્યો.

સુલતાન મુઝફ્ફરશાહ પહેલો (ઈ.સ. ૧૪૦૭-૧૪૧૧)

ઈ.સ. ૧૪૦૭માં ગુજરાતના સ્વતંત્ર સુલતાન મુઝફ્ફરશાહે સૌરાષ્ટ્રના માથાભારે કોળીઓને હરાવ્યા. તે ધીરે ધીરે વૃદ્ધાવસ્થાને લીધે વહીવટ કરવા અશક્ત બનતાં ઈ.સ. ૧૪૧૦માં તેણે પોતાના પુત્ર તાતારખાનના પુત્ર અહમદશાહને ગુજરાતના સુલતાન તરીકે જાહેર કરી તેના બદલે રાજ્ય કરવા લાગ્યો. તે ઈ.સ. ૧૪૧૧માં મૃત્યુ પામ્યો.

અહમદશાહ પહેલો (ઈ.સ. ૧૪૧૧-૧૪૪૨)

લગભગ ઓગણીસ વર્ષની નાની ઉંમરે પોતાના દાદા સુલતાન મુઝફ્ફરશાહની પ્રેરણાથી 'અહમદશાહ' ખિતાબ ધારણ કરી ઈ.સ. ૧૪૧૧માં અહમદખાન ગુજરાતની ગાદીએ બેઠો. આ સમયે તેની નાની વયનો લાભ લઈ તેના પિતરાઈઓએ બળવો કર્યો. આ બળવાને તેણે બહુ જ બહાદુરીપૂર્વક શમાવી દીધો. આ બાદશાહ વિશેની માહિતી આપણને મુસ્લિમ તવારીખોમાંથી મળે છે. તેણે પોતાના અમલ દરમિયાન પાટણની જાહોજલાલીનો અંત આણ્યો. સાબરમતીના કિનારે 'અહમદાબાદ' નામે નવું નગર સ્થાપી, તેને ગુજરાતનું પાટનગર બનાવ્યું.

અમદાવાદની સ્થાપના

અહમદશાહ પોતે પોતાના શરૂઆતના રાજ્યકાળ દરમિયાન ગુજરાતનો બળવો શમાવવા સાબરમતીના કિનારે આવેલ 'આશાવલ' આગળ થાણું નાખી રહ્યો હતો. અહીંનાં હવાપાણી બાદશાહને માફક આવતાં તેણે અહીં કાયમનો વસવાટ કરવાનો વિચાર કર્યો. આ કાર્ય માટે તેણે પોતાના ગુરુ શેખ અહમદખટ્ટુ ગંજબક્ષની સલાહ લીધી. કહેવાય છે કે તેમણે એવી સલાહ આપી કે જેણે એક પણ નમાઝ છોડી ન હોય તેવી વ્યકિતના હાથે નવા નગરનો પાયો નાખવો. આ માટે બહુ જ મહેનત કરીને અહમદશાહે ચાર અહમદો શોધી કાઢ્યા. આ ચાર વ્યક્તિઓ તે (૧) અહમદશાહ બાદશાહ પોતે, (૨) શેખ અહમદખટ્ટુ ગંજબક્ષ, (૩) અહમદઝૂલ (પાટણનો કાઝી) અને (૪) મલેક અહમદ. આ ચાર અહમદોના હાથે બાદશાહ અહમદશાહે અમદાવાદનો પાયો નાખ્યો. પાયો નાખવામાં આ ઉપરાંત બાર બાબાઓનો સાથ હતો.

અમદાવાદ સાબરમતીના કિનારે આશાવલ આગળ વસાવવા માટે જુદી જુદી અનુશ્રુતિઓ પ્રચલિત છે - જેવી કે 'જબ કૂત્તે પર સસ્સા આયા તબ બાદશાહને શહર બસાયા', આશા ભીલની દીકરી તેજુ અને બાદશાહ અહમદશાહ વચ્ચેનો પ્રેમસંબંધ વગેરે. પણ આ વિશે કોઈ ઐતિહાસિક પ્રમાણ મળતું નથી, પરંતુ વધુ સંભવિત એ છે કે ગુજરાત માળવા અને સૌરાષ્ટ્ર સાથે રાજકીય સંબંધો ધરાવતું હતું. આ સર્વ પ્રદેશો પાટણથી દૂર હોવાથી તેમના ઉપર રાજકીય અંકુશ રાખી

શકાતો નહિ. આથી આ પ્રદેશો ઉપર અંકુશ રાખી શકાય એ હેતુથી ગુજરાતની મધ્યમાં સાબરમતીના કિનારે બાદશાહે નવું નગર વસાવવાનો વિચાર કર્યો હોય અને એના પરિણામે અહમદાબાદ નગર પ્રાચીન કર્ણાવતીથી કેટલું દૂર હશે તે હાલના તબક્કે બાદશાહે વસાવેલું અહમદાબાદ પ્રાચીન કર્ણાવતીથી કેટલું દૂર હશે તે હાલના તબક્કે કહેવું મુશ્કેલ છે. હાલના અમદાવાદના પાલડી વિસ્તારમાં ખોદકામ કરતાં પ્રાચીન કર્ણાવતીના કેટલાક અવશેષો મળી આવ્યા છે.

આ નગરના કોટની દીવાલના પાયામાં પહેલી ઈંટ દક્ષિણ-પશ્ચિમ ખૂણામાં મુકાઈ અને ત્યાંના બુરજને 'માણેક બુરજ' એવું નામ આપવામાં આવ્યું. આ માણેક બુરજ સાથે માણેકનાથ નામના એક સાધુનું નામ સંકળાયેલું છે. એવી એક અનુશ્રુતિ પ્રચલિત છે, પણ તે માટે કોઈ ઐતિહાસિક પ્રમાણ મળતું નથી. પદ્મપુરાણમાં સાબરમતી મહાત્મ્યમાં માણેકેશ્વર નામના બ્રાહ્મણે સાબરમતી નદીના કિનારે તપ કરીને માણેકેશ્વર મહાદેવની સ્થાપના કરી હતી એવો એક ઉલ્લેખ મળે છે. હાલમાં અમદાવાદમાં માણેક બુરજ અને માણેકચોક માણેકનાથની યાદ અપાવતા અસ્તિત્વમાં છે.

અમદાવાદની સ્થાપના માટે મધ્યકાલીન સાહિત્યમાં જુદાજુદા સમયનિર્દેશ સુચવાયા છે. ડૉ. હ. ગં. શાસ્ત્રીના મત પ્રમાણે, તે પૈકીના બે સ્વીકાર્ય ગણાય છે : (૧) મુસ્લિમ તારીખ પ્રમાણે હિ.સં. ૮૧૩ના ઝિલકાદ મહિનાની ૨જી તારીખ ને ગુરુવાર (તા. ૨૬મી ફેબ્રુઆરી, ૧૪૧૧) અને (૨) હિંદુ અનુશ્રુતિ પ્રમાણે વિ.સં. ૧૩૬૮ ના વૈશાખ સુદ ૭ ને રવિવાર (તા. ૧૭ મી એપ્રિલ, ઈ.સ. ૧૪૧૨). રાજગઢનું ખાતમુહૂર્ત હિ.સં. ૮૧૩ (ઈ.સ.૧૪૧૨) માં થયું લાગે છે. તો વિ.સં. ૧૪૬૮ (ઈ.સ. ૧૪૧૨) ની મિતિ ગઢના વાસ્તુપ્રવેશની હોઈ શકે. (ડૉ. હરિપ્રસાદ ગં. શાસ્ત્રી, અમદાવાદની સ્થાપનાનો સમય, જૈન વિદ્યાલય સુવર્ણજયંતી ગ્રંથ - ભા. ૧)

બાદશાહ અહમદશાહે બહુ જ બુદ્ધિપૂર્વક વેપારીઓને શહેરની મધ્યમાં વસાવ્યા હતા. સમય જતાં મહમ્મૂદ બેગડાના સમયમાં બીજી નવી મસ્જિદો, કિલ્લાનો વિસ્તાર, કાંકરિયું તળાવ વગેરેનો ઉમેરો થયો. મુઘલકાળ દરમિયાન સમગ્ર વિશ્વમાં અમદાવાદ એક ઉત્તમ વેપારી નગર તરીકે પંકાયું.

અહમદશાહે અમદાવાદ વસાવ્યા પછી બળવાખોર અમીરોને નમાવ્યા. એ પછી તેણે સૌરાષ્ટ્ર, માળવા, મેવાડ, ઈડર વગેરે પ્રદેશો પર પોતાની સત્તા જમાવી. હાથમતી નદીના કિનારે અહમદનગર (હાલનું હિંમતનગર) નામનું નવું શહેર વસાવ્યું.

અહમદશાહનો વહીવટ

બાદશાહ અહમદશાહે પોતાની જિંદગીનાં ઘણાં વર્ષો ગુજરાતના મુસ્લિમ રાજ્યને સ્થિર અને સુરક્ષિત કરવા માટે યુદ્ધમાં ગાળ્યાં. આમ છતાં તેણે ગુજરાતમાં ઉત્તમ વહીવટી તંત્રની સ્થાપના કરી. તેણે નાણાતંત્ર, લશ્કર, ન્યાયતંત્ર વગેરેમાં સુધારા કરી ગુજરાતમાં શાંતિ સ્થાપી.

તેના વહીવટી તંત્રને લગતી કેટલીક માહિતી મુસ્લિમ તવારીખોમાંથી મળે છે. તેણે રાજ્યના જુદા જુદા અધિકારીઓને મહત્ત્વનાં ખાતાં સોંપી પોતાના વિશ્વાસમાં લીધા. ખાસ કરીને શાહજાદાઓને રાજ્યની મહત્ત્વની કામગીરીઓ સોંપવામાં આવી. અગાઉના રાજ્યવહીવટમાં ગુજરાતમાં સૂબાઓ હિંદુઓને સ્થાન આપતા ન હતા. આ નીતિમાં ફેરફાર કરીને તેણે કેટલાક હિંદુઓને રાજ્યની જવાબદાર નોકરીઓ આપી. પોતાના પ્રધાનમંડળમાં પણ કુશળ હિંદુઓનો સમાવેશ કર્યો. બાદશાહના દરબારમાં ગુણરાજ સંઘવી, ગદામંત્રી, કર્મણમંત્રી માણેકચંદ, મોતીચંદ જેવા હિંદુઓ મહત્ત્વનું સ્થાન ધરાવતા હતા, તેવા ઉલ્લખો જૈન સાહિત્યમાંથી મળે છે. આ રીતે તેણે હિંદુઓનું મન જીતવાનો પ્રયત્ન કર્યો.

તેણે પોતાના અમલ દરમિયાન લશ્કરને વ્યવસ્થિત કરવા પ્રયત્ન કર્યો. સૈનિકોને વ્યવસ્થિત રીતે પગાર મળે તે માટે તેણે પગારની અડધી રકમ રોકડમાં અને અડધી રકમ પેટે જમીન આપવાની પ્રથા શરૂ કરી, જેથી સૈનિકો નવરાશના સમયે પ્રજાને ત્રાસરૂપ ન બનતાં પોતાની જમીનમાં ખેતી કરે. રોકડ રકમ દર મહિને મળે તેવી વ્યવસ્થા કરવામાં આવી. જ્યારે યુદ્ધ ચાલતું હોય ત્યારે સૈનિકોનાં કુટુંબીજનોને વ્યવસ્થિત રીતે પગાર મળે તે માટે રાજ્ય તરફથી કાળજી લેવામાં આવતી. આથી સૈનિકોનાં કુટુંબોને પોતાના ગુજરાત માટે મુશ્કેલી પડતી નહીં. તેમણે દેવું કરવું ન પડતું. આના પરિણામે લશ્કરમાં સંતોષ ફેલાયો.

બાદશાહ અહમદશાહ ઘણો જ ન્યાયપ્રિય સુલતાન હતો. પ્રજાને ઉત્તમ ન્યાય મળે તે માટે તેણે દરેક મહત્ત્વનાં નગરોમાં કાઝીઓની નિમણૂક કરી હતી. છેવટની અપીલ સુલતાનને કરવામાં આવતી. તેનો ન્યાય કડક અને નિષ્પક્ષપાતી હતો. 'મિરાતે સિકંદરા'માં તેની ન્યાયપ્રિયતાના કેટલાક દાખલા નોંધાયેલા જોવા મળે છે.

સુલતાન અહમદશાહે મહેસૂલ અને નાણા ખાતામાં નોંધપાત્ર ફેરફારો કર્યો હતા. નાણા ખાતામાં માણસોની નિમણૂક તે પોતાના વિશ્વાસુ સરદારોમાંથી કરતો. એક જ કુટુંબના બે માણસો એક જ ખાતામાં કામ ન કરે તેની ખાસ કાળજી રાખવામાં આવતી. આના પરિણામે રાજ્યમાં કરચોરીનું પ્રમાણ ઘટી ગયું હતું. મહેસૂલ વ્યવસ્થિત રીતે ઉઘરાવવામાં આવતું. આ નીતિ મુઝફ્ફરશાહ બીજાના સમય સુધી ચાલુ રહી હતી.

વાંટા પદ્ધતિ

અમીરોની સાથે થયેલી સંધિના પરિપાકરૂપે તેણે રાજ્યમાં વાંટા પદ્ધતિ દાખલ કરી હતી. આ પદ્ધતિ જમીન-વહેંચણીની એક વિશિષ્ટ પ્રથા હતી. ગુજરાતમાં મુસ્લિમ સત્તાની સ્થાપના થતાં હિંદુ જમીનજદારોની જમીન જપ્ત કરવામાં આવી હતી. આના પરિણામે રાજ્યમાં ચારે બાજુ લૂંટફાટ અને ત્રાસ પ્રવર્તતો હતો. ખેતીને નુકસાન થતું હતું. તેથી પ્રજાને આ ત્રાસમાંથી બચાવવા માટે સુલતાને જમીનની વહેંચણી માટે જે નવી પદ્ધતિ દાખલ કરી તેને વાંટા પદ્ધતિના નામે ઓળખવામાં આવે છે. વાંટુ પદ્ધતિમાં ગામની જમીનના ચાર ભાગ પાડવામાં આવતા, તેમાં ત્રણ ભાગ સુલતાનના રહેતા અને એક ભાગ જમીનદારનો રહેતો, જે વાંટાના નામે ઓળખાતો. વાંટાની જમીનના બદલામાં જમીનદારે રાજ્યને નિશ્ચિત સ્વરૂપમાં મહેસૂલ ભરવું પડતું. કેટલીકવાર આના પરિણામે જમીનદારને જરૂર પડ્યે યુદ્ધમાં ફરજ બજાવવી પડતી અથવા ગામના રક્ષણનો ભાર ઉપાડવો પડતો.

આ પ્રથા ઈ.સ. ૧૫૪૫ સુધી ચાલુ રહી. મહમૂદ ત્રીજાના સમયમાં તે બંધ થઈ. તે પછી ઈ.સ. ૧૨૮૭માં મુઘલ બાદશાહ અકબરે તે ફરીથી ચાલુ કરી. આ પ્રથા લગભગ ભારત આઝાદ બન્યું, તે પછી કેટલાક સમય સુધી ગુજરાતમાં અસ્તિત્વમાં હતી.

ટંકશાળ

ગુજરાતમાં સ્વતંત્ર સલ્તનતની સ્થાપના થતાં બાદશાહ અહમદશાહે રાજ્યમાં સિક્કા પાડવા માટે અમદાવાદમાં એક ટંકશાળ શરૂ કરી. બીજી એક ટંકશાળ તેણે હાથમતી નદીને કિનારે વસાવેલા અહમદનગરમાં શરૂ કરી. અમદાવાદની ટંકશાળનું નામ દર્શાવતા સિક્કા ઘણા ઓછા પ્રમાણમાં મળે છે. અહમદનગરની ટંકશાળાના કેટલાક સિક્કા મળ્યા છે. આમ, બાદશાહ અહમદશાહના વખતમાં અમદાવાદમાં પહેલી પદ્ધતિસરની ટંકશાળ શરૂ થઈ એ શકવર્તી બનાવ ગણી શકાય.

અહમદશાહના બાંધકામો

બાદશાહ અહમદશાહે સહુ પ્રથમ અમદાવાદની સ્થાપના કરી. ત્યાં તેણે કેટલીક નામાંકિત ઈમારત બંધાવી. તેણે રાજગઢની આસપાસ કિલ્લો બંધાવ્યો. હાલમાં તે ભદ્રના કિલ્લા તરીકે ઓળખાય છે. આ કિલ્લાનું મુહૂર્ત અહમદશાહે શેખ અહમદ ખટ્ટુ ગંજબક્ષના હાથે કર્યું હતું. કિલ્લાનો મુખ્ય દરવાજો રાજમહેલની પાસે હોવાની માન્યતા છે, જે લાલ દરવાજાના નામે ઓળખાતો. હાલમાં તે દરવાજો અસ્તિત્વમાં નથી. આ દરવાજો સિદી સઈદની મસ્જિદને અડીને હતો. કિલ્લાની અંદર બાદશાહ અહમદશાહે બનાવેલી મસ્જિદ આજે પણ જોવા મળે છે. આ મસ્જિદનું બાંધકામ ઈ.સ. ૧૪૧૪માં પૂર્ણ થયું હતું. મસ્જિદમાં અરબી-ફારસીમાં લખાયેલો લેખ જોવા મળે છે. આ કિલ્લાની પૂર્વ બાજુએ આવેલું મેદાન કારંજના નામે ઓળખાય છે. તેની પશ્ચિમ બાજુનો દરવાજો ભદ્રનો દરવાજો કહેવાતો. તેની પૂર્વ બાજુએ ત્રણ દરવાજાની ઈમારત આવેલી છે. આ મેદાનમાં લશ્કરી કવાયતો યોજાતી.

આ ઉપરાંત જમાલપુરમાં હૈબતખાનની મસ્જિદ, માણેકચોકમાં આવેલી જામા મસ્જિદ, ખાનપુરમાં આવેલી સૈયદ આલમની મસ્જિદ, અહમદશાહનો રોજો (બાદશાહનો હજીરો), રાણીનો હજીરો, તેમ જ હાથમતી નદીના કિનારે સ્થપાયેલા અહમદનગરનો કિલ્લો નોંધપાત્ર બાંધકામો છે. આ સર્વ બાંધકામો સ્થાપત્યની દૃષ્ટિએ મહત્ત્વનાં મનાય છે.

અહમદશાહના સમયના સંતો

બાદશાહ અહમદશાહ ધાર્મિક વૃત્તિવાળો ચુસ્ત મુસલમાન રાજવી હતો. તેની ધર્મનીતિ નીચેના સંતોના માર્ગદર્શન હેઠળ ઘડાયેલી હતી :

(૧) હઝરત શેખ અહમદખટ્ટુ ગંજબક્ષ : અહમદશાહના સમયના સંતોમાં આ સંત મહત્ત્વનું સ્થાન ધરાવતા હતા. અમદાવાદનો પાયો નાખનારા ચાર અહમદોમાં તેઓ મુખ્ય હતા. તેમના મૂળ વતન વિશે કોઈ માહિતી નથી. કેટલાક તેમને નાગોર પાસેના ખટ્ટુ ગામના વતની માને છે. તેમનો જન્મ ઈ.સ. ૧૩૩૮માં થયો હતો. તેમનું જન્મ-નામ વજીઉદ્દીન હતું. યુવાનીમાં વારસામાં મળેલી મિલકતને તેમણે વેડફી નાખી. લાચાર અવસ્થામાં તે સમયના પ્રસિદ્ધ સંત ઇશાક મગરબીના પરિચયે તેમનામાં વૈરાગ્ય જાગ્યો. મક્કાની હજ કર્યા બાદ તેમણે અમદાવાદ પાસે આવેલ સરખેજ ગામને પોતાનું કાયમી રહેઠાણ બનાવ્યું. હાલમાં સરખેજમાં તેમની દરગાહ આવેલી છે. તેમની વિદ્વત્તાથી પ્રેરાઈને બાદશાહ અહમદશાહ તેમનો શિષ્ય બન્યો હતો.

(૨) હજરત કુતુબે આલમશાહ : ગુજરાતના ઇતિહાસમાં વટવાના સૈયદોનું નામ મશહૂર છે. હજરત કુતુબે આલમશાહ વટવાના સૈયદોમાં મહત્ત્વનું સ્થાન ધરાવતા હતા. તેમના પિતાનું નામ હજરત નસીરૂદ્દીન મહંમદ હતું. આ સંત સામાન્ય જનતામાં ઘણા જ લોકપ્રિય હતા. તેઓ પાટણથી આવી અહીં સ્થિર થયા હતા.

હઝરત કુતુબે આલમશાહ વિશે એક દંતકથા ગુજરાતમાં પ્રચલિત છે : તેઓ એક વખત રાત્રે નમાઝ પઢવા ઊઠતાં તેમના પગે માટીનું એક ઠેકું અથડાયું. આથી તેમના પગમાંથી લોહી નીકળ્યું. પગમાંથી લોહી નીકળતાં તે બોલી ઊઠ્યા કે 'આ શું છે ? લાકડું અને પથ્થર - એમ ત્રણ વસ્તુઓનો સમાવેશ થતો હતો. સંતે આ ઢેફાને દાટી દેવાનો હુકમ કર્યો. આ વાત જાહેર ન કરવાની પોતાના શિષ્યોને ખાસ સૂચના આપીને કહ્યું કે 'જે આ ઢેફું બહાર કાઢશે, તેનો વંશ રહેશે નહિ.' છેવટે તેમના એક શિષ્યે વંશ વિનાના રહેવાનું પસંદ કરી આ ઢેફું બહાર કાઢ્યું.

મુઘલ બાદશાહ અકબર આ માટીના ઢેફાને જોઈ ઘણું જ આશ્ચર્ય પામ્યો હતો. તે ઢેફાના એક ભાગને તે આગ્રા લઈ ગયો. આજે કહેવાય છે કે આ ઢેફાનો

બાકીનો ભાગ તેમના વટવાના રોજામાં છે અને ચમત્કારિક પથ્થર તરીકે ઓળખાય છે.

આ અનુશ્રુતિને કોઈ ઐતિહાસિક પ્રમાણ મળતું નથી.

(૩) **સૈયદ ઉસમાન શમે બુરહાની :** આ સંત વટવાના કુતુબે આલમ સાહેબના શિષ્ય હતા. તેમનું ઉપનામ 'બુરહાની' હતું. તેનો અર્થ દીવાનો પ્રકાશ એવો થાય છે. તેમના વિશે એક દંતકથા પ્રચલિત છે : એક વખત તેઓ નદીએ સ્નાન કરવા ગયા હતા. ત્યાંથી ઘેર પાણી લઈ જવા માટે તેમની પાસ કોઈ સાધન ન હતું. આ વખતે ગદાધર નામનો એક છોકરો ગાગર લઈને ત્યાંથી પસાર થતાં સંતે તેની પાસેથી ગાગર લઈ પોતાને ત્યાં પાણી પહોંચાડયું. પછી આ છોકરાને તેમણે પોતાની પાસે આવીને રહેવા જણાવતાં છોકરાએ કહ્યું કે 'અમે ઘણા જ ગરીબ છીએ તેથી કેવી રીતે ઘર બંધાવીએ ?' આ સાંભળતા સૈયદે તેને કહ્યું કે 'જા નદીમાંથી પાણી ભરી ઘેર જા.' છોકરાએ ઘેર જઈ ગાગર ઠાલવી તો ગાગરમાંથી પાણીના બદલે સોનામહોરોનો ઢગલો થયો. આ ચમત્કાર જોઈ છોકરાનું આખું કુટુંબ સૈયદ સાહેબ પાસે આવી રહેવા લાગ્યું. આ અનુશ્રુતિને કોઈ ઐતિહાસિક પ્રમાણ મળતું નથી. સૈયદ સાહેબે સૂફી સંપ્રદાયને લગતા કેટલાક ગ્રંથો રચ્યા છે. તેમના નામ પરથી સાબરમતીના કિનારે અમદાવાદ પાસે ઉસમાનપુરા નામે ગામ વસાવવામાં આવ્યું.

(૪) **શેખ અલી ખતીબ :** આ સંત વિશે ખાસ કોઈ માહિતી મળતી નથી. તેમનો રોજો અમદાવાદના પરા અસારવામાં કુંદનપરામાં આવેલો છે.

(૫) **શેખ અલાઉદ્દીન :** આ સંતનું મૂળ નામ તુકાજી હતું. કહેવાય છે કે તેઓ ધર્મે હિંદુ હતા. એક વખત શેખ અહમદખટ્ટુ ગંજબક્ષે તેમને પાસે બોલાવી તેમના હાથમાં કુરાન મૂક્યું. તુકાજી સહજ રીતે કુરાન વાંચવા લાગ્યા. આથી આ સંતથી પ્રભાવિત થઈ તેમણે ઈસ્લામનો સ્વીકાર કર્યો. તેમણે પોતાના ગુરુ ખટ્ટુ ગંજબક્ષના કાર્યને આગળ વધાર્યું. તેમની કબર ગંજ સાહેબની કબરની નજીક સરખેજમાં આવેલી છે.

(૬) **સૈયદ મુહમ્મદ એરજી :** આ સંત મક્કાની યાત્રાએથી પાછા વળતાં અમદાવાદમાં કાલુપુરમાં આવેલી ભંડેરી પોળમાં ઊતર્યા હતા. તેઓ સરખેજના ગંજ સાહેબના દર્શન ગયા તો ત્યાં તેમના આગમનની ખબર ગંજ સાહેબને આગળથી

પડી ગઈ હતી. ધીરે ધીરે તેમનો ગંજ સાહેબ સાથે પરિચય વધતાં તેઓ તેમના શિષ્ય બન્યા અને ધર્મપ્રચાર કરતાં શાંત થયા. તેમની કબર કાલુપુરમાં ભંડેરી પોળમાં આવેલી છે.

સુલતાન કુતુબુદ્દીન અહમદશાહ ઉર્ફે અહમદશાહ બીજો (ઈ.સ. ૧૪૫૧ - ૧૪૫૯)

અહમદશાહ પહેલાના મૃત્યુ બાદ તેનો સૌથી મોટો પુત્ર પોતાના નામના સિક્કા પડાવી અને મસ્જિદમાં કલમાં પઢાવી ગુજરાતનો સુલતાન બન્યો. તેણે ધીરે ધીરે માળવા કબજે કર્યું. મેવાડના રાણા કુંભા સામે યુદ્ધે ચઢ્યો. તવારીખકારો નોંધે છે કે રાણા કુંભાએ મોટી ખંડણી ભરી બાદશાહ કુતુબુદ્દીન સાથે સંધિ કરી.પણ ચિત્તોડના કીર્તિસ્તંભના સમકાલીન લેખને આધારે જણાય છે કે બાદશાહને કુંભા રાણાના હાથે સખ્ત પરાજય મળ્યો હતો. ઈ.સ. ૧૪૫૯માં તેનું મૃત્યુ થયું. તેણે સરખેજ, વટવા, અમદાવાદ વગેરે સ્થળોએ મસ્જિદો બંધાવી હતી. તેણે અમદાવાદમાં પોતાની યાદમાં 'હોજે કુતુબ' નામનું એક સરોવર બંધાવ્યું હતું, જે હાલમાં કાંકરિયું તળાવના નામે ઓળખાય છે. તેના અવસાન પછી તેનો કાકો દાઉદખાન સત્તા પર આવ્યો.

દાઉદખાન (ઈ.સ. ૧૪૫૯)

સુલતાન અહમદશાહ બીજાના મૃત્યુ બાદ સત્તા પર આવેલ દાઉદખાન અને અમીરો વચ્ચે સંઘર્ષ શરૂ થયો. છેવટે અમીરોએ તેને પદભ્રષ્ટ કર્યો. તેના પછી મુહમ્મદશાહ બીજાનો પુત્ર ફતેહખાન ઈ.સ. ૧૪૫૯માં ગુજરાતનો સુલતાન બન્યો.

સુલતાન મહમૂદશાહ બેગડો (ઈ.સ. ૧૪૫૯-૧૫૧૧)

સુલતાન દાઉદખાન પછી ગુજરાતની ગાદીએ આવનાર ફત્હખાન ગુજરાતના ઇતિહાસમાં મહમૂદ બેગડાના નામે ઓળખાય છે. કેટલાક તેને સોલંકી રાજવી સિદ્ધરાજ જયસિંહ સાથે સરખાવે છે, પણ તે બરાબર નથી. આ રાજવી સિદ્ધરાજ જેવો વિદ્યાવ્યાસંગી કે ધાર્મિક સમદષ્ટિવાળો ક્યારેય ન હતો.

આ રાજવીના બિરુદ 'બેગડા' વિશે કેટલીક દંતકથાઓ પ્રચલિત છે. એક

અનુશ્રુતિ પ્રમાણે કહેવાય છે કે તેણે ચાંપાનેર અને જૂનાગઢ જેવા બે મહત્ત્વના ગઢ જીત્યા હોવાથી તે બેગડો કહવાયો. તો બીજી એક અનુશ્રુતિ એવા પ્રકારની છે કે તેની મૂછોનો આકાર બળદના શિંગડા જેવો હતો. ગુજરાતમાં વાંકડિયા શિંગડાવાળા બળદને બેગડો કહેવાય છે, તેથી સંભવ છે કે તે બેગડો કહેવાતો હશે.

આ જ પ્રમાણે આ રાજવીના ખોરાક વિશે પણ કેટલીક લોકવાયકાઓ પ્રચલિત છે. 'મિરાતે સિકંદરી'માં જણાવ્યું છે કે બાદશાહના મોટાભાઈનું મૃત્યુ ખોરાકમાં ઝેર આપવાથી થયું હતું, તેથી પોતાની એવી દશા ન થાય તે માટે તેણે નાનપણથી જ ખોરાકમાં ધીમું ઝેર પચાવવાની ટેવ પાડી હતી. આથી કહેવાય છે કે તેના શરીર પર માખી બેસે તો પણ તે મરી જતી. તે કોઈને સજા કરતો ત્યારે પાન ખાઈને ગુનેગાર પર પિચકારી મારતો. આના પરિણામે તે માણસ લગભગ અડધા કલાકમાં જ મૃત્યુ પામતો. સવારે નાસ્તામાં તે સોથી દોઢસો કેળાં ખાતો અને પ્યાલો મધ લેતો. રાતના પણ પોતાની પથારી આગળ ખોરાક મૂકી રાખતો. કહેવાય છે કે તેનો રોજનો ખોરાક લગભગ એક મણ જેટલો હતો. તે કહેતો કે જો 'અલ્લાહે મને બાદશાહ બનાવ્યો ન હોત તો હું ભૂખે મરી જાત.' સંભવ છે કે આમાં ઘણી અતિશયોક્તિ હશે, પણ એટલું સ્પષ્ટ છે કે તેનો ખોરાક સામાન્ય માનવી કરતાં વિશેષ હતો.

વિજયો

તેણે ગાદીએ આવ્યા પછી બળવાખોર અમીરોને સખ્ત સજા કરી .આથી પ્રજામાં તેની કીર્તિ વધી. તેણે બહમની સુલતાનને મદદ કરવાના બહાના હેઠળ માળવાના સુલતાનને હરાવ્યો. વલસાડ નજીકના કિલા પારડીનો રાજવી ચાંચિયાગીરી કરે છે, તેવી ખબર પડતાં તેને સખ્ત સજા કરી.

ઈ.સ. ૧૪૬૯માં જૂનાગઢ કિલ્લાને જીતીને ત્યાંના રાજા રામાંડલિકને ઈસ્લામ ધર્મ સ્વીકારવાની ફરજ પાડી. બાદશાહે જૂનાગઢમાં મુસ્લિમ સત્તાની સ્થાપના કરી ત્યાં નવું નગર સ્થાપ્યું. આ નવા નગરનું નામ મુક્તફાબાદ (અલ્લાહની પ્રશંસા પામેલ) પાડ્યું. ધીરે ધીરે આ નગરને તેણે સૌરાષ્ટ્રમાં ઈસ્લામના પ્રચાર માટેનું કેન્દ્ર બનાવ્યું.

આ પછી ઈ.સ. ૧૪૭૨માં તેણે દ્વારકા ઉપર આક્રમણ કર્યું. ત્યાંના રાજા વાઢેર ભીમજીને હરાવી દ્વારકાના રણછોડરાયના મંદિરનો નાશ કર્યો. બીજાં અનેક મંદિરો તોડી ત્યાં નાની મોટી મસ્જિદો બનાવી. ધીરે ધીરે તેણે ઘોઘા અને આસપાસના ચાંચિયાઓને હરાવી સૌરાષ્ટ્રના સાગરકિનારાને ભયમુક્ત કર્યો. રાજ્યનો વેપાર વધાર્યો. આ પછી તેણે સૌરાષ્ટ્રના ઝાલોર, ઝાલાવાડ, સોનગીર-રાણપુર વગેરે પ્રદેશોમાં પોતાની સત્તા સ્થાપી. ઝાલોરના નવાબોએ આગળ જતાં પાલનપુર (જિ. બનાસકાંઠા)માં પોતાની સત્તા સ્થાપી. ત્યાંના નવાબો આજે પણ સુલતાન મહમૂદશાહે આપેલ બિરુદ 'ઝુબદતુલમુલ્ક' ભોગવે છે.

સૌરાષ્ટ્રમાં પોતાની સત્તા વિસ્તાર્યા બાદ સુલતાન મહમૂદશાહે પોતાનું ધ્યાન માળવાની સરહદે આવેલ ચાંપાનેર ઉપર કેન્દ્રિત કર્યું. આ વખતે ચાંપાનેરમાં જયસિંહ રાવળ, જે ઇતિહાસમાં પતાઈ રાવળ તરીકે ઓળખાય છે, તે રાજ્ય કરતો હતો ઈ.સ. ૧૪૮૨માં ચાંપાનેરની નજીક આવેલ રસુલાબાદના મલેક સુધા સુલતાનીએ પ્રજા ઉપર અનહદ ત્રાસ વર્તાવતાં પતાઈ રાવળે તેને પકડીને કેદ કર્યો. આ તકનો લાભ લઈ સુલતાન મહમૂદશાહે ચાંપાનેર પર આક્રમણ કર્યું (ઈ.સ. ૧૪૮૩). ચાંપાનેરના રાજવીએ માળવાના સુલતાનની મદદ માગી. પણ તેમાં તે નિષ્ફળ નીવડ્યો. અંતે સુલતાન મહમૂદશાહના સૈન્ય સામે ટકી શક્યો નહિ. તે હાર્યો અને કેદ પકડાયો. તેને ઈસ્લામનો સ્વીકાર કરવાનું કહેવામાં આવ્યું. પણ પતાઈ રાવળે બળજબરીથી મુસ્લિમ બનાવી તેનું નામ મલેકહુસેન રાખ્યું. ચાપાંનેરને 'મુહમ્મદાબાદ' નામ આપી તેને ગુજરાતની રાજધાની બનાવ્યું. આ નગર લગભગ પચાસ વર્ષ સુધી ગુજરાતનું પાટનગર રહ્યું.

ચાંપાનેરની જીત પછી સુલતાન મહમૂદશાહે બહમનીના સુલતાનને હરાવ્યો. આ વખતે ફિરંગીઓ દીવ ઉપર કબજો મેળવવા માગતા હતા. તેમને અટકાવી સાગરકિનારાને ભયમુક્ત કર્યો. ખાનદેશ ઉપર ગુજરાતનું વર્ચસ્વ સ્થાપ્યું.

શાસનવ્યવસ્થા

સુલતાન મહમૂદશાહે પોતાના અમલ દરમિયાન પોતાના રાજ્યની હદ વિસ્તારી અનેક રાજવીઓને પોતાના ખંડિયા રાજવીઓ બનાવ્યા અને ત્યાં પોતાના

સૂબાઓની નિમણૂક કરી. તેણે લશ્કરને વ્યવસ્થિત કરી સૈનિકોમાં સંતોષ સ્થાપ્યો. યુદ્ધમાં મૃત્યુ પામેલા સૈનિકોનાં કુટુંબીજનોને જાતે મળીને આશ્વાસન આપતો. પોતાના નૌકાસૈન્યને વ્યવસ્થિત કરી રાજ્યમાંથી ચાંચિયાગીરી નાબૂદ કરી. અનેક જાગીરદારોને પોતાના મિત્ર બનાવ્યા. સુલતાન પોતે ન્યાયપ્રિય રાજવી હતો. 'મિરાતે સિકંદરી'માં નોંધ્યું છે કે બહાઉદ્દીન નામના એક અમલદારે એક માણસનું ખૂન કરી, પોતાની સત્તાના આધારે છોડાવી દઈશ એમ જણાવી, બીજા માણસ ઉપર ખૂનનો આરોપ ઢોળી દીધો. અમલદાર તેને છોડાવવામાં નિષ્ફળ જતાં અંતે તેને ફાંસી થઈ. બાદશાહને પાછળથી સત્ય જાણવા મળતાં મૂળ ગુનેગારને પકડીને ફાંસીએ લટકાવ્યો.

ન્યાયની બાબતમાં તેના સમયમાં હિંદુ-મુસ્લિમ વચ્ચે ભેદ વર્તાતો હોય તેવું પ્રમાણ મળતું નથી. તેના સમયના મળી આવેલા કેટલાક સંસ્કૃત અભિલેખોમાં સુલતાન મહમૂદશાહને अन्यायवृक्षोन्मूलमत्तद्विप, अन्यायअन्धकारमार्तण्ड વગેરે બિરુદોથી નવાજ્યો છે. તે જોતાં સ્પષ્ટ જણાય છે કે, આ રાજવી ન્યાયપ્રિય હતો.

રાજ્યના વેપારને વ્યવસ્થિત કરવા તેણે રાજમાર્ગોને ભયમુક્ત કર્યા. થોડે થોડે અંતરે મહત્ત્વનાં થાણાં સ્થાપી પ્રજાને રક્ષણ આપ્યું. રાજ્યની ટંકશાળોને વ્યવસ્થિત કરી. સોનું, ચાંદી, તાંબુ અને મિશ્ર ધાતુના સિક્કાઓ પાડી નાણાતંત્રને વ્યવસ્થિત કર્યું. તેના મિશ્રધાતુના સિક્કા ઘણા લાંબા સમય સુધી ગુજરાતમાં ચલણમાં હતા.

રાજ્યની મહેસૂલની આવક વ્યવસ્થિત કરવા જમીનની જાત પ્રમાણે મહેસૂલ નક્કી કર્યું. પ્રવાસીઓના જાનમાલના રક્ષણની જવાબદારી માટે ખાસ અધિકારીઓ નીમ્યા. અનેક સ્થળોએ ધર્મશાળાઓ અને મસ્જિદો બંધાવી રાજ્યમાં શાંતિ સ્થાપી.

બાંધકામો

સુલતાન મહમૂદશાહના સમયમાં મુસ્લિમ સ્થાપત્યનો સારો વિકાસ થયો. તેના સમયનાં બાંધકામ સરખેજનો રોજો, શાહઆલમનો રોજો, દરિયાખાનનો ઘુમ્મટ, સરખેજ, રસુલાબાદ, વટવા-અમદાવાદ, ચાંપાનેર, ધોળકા વગેરે સ્થળોનાં નાનાંમોટાં મકાનોનો સમૂહ નોંધપાત્ર છે. અમદાવાદ મુસ્લિમ સ્થાપત્યમાં રાણી

રૂપમતીની મસ્જિદ (મિરજાપુર), સૈયદ ઉસમાનની મસ્જિદ (ઉસમાનપુરા), મુહાફિઝખાનની મસ્જિદ (ઘીકાંટા), રેલવે સ્ટેશન મિનારા વગેરે સ્થાપત્યો ઘણા જ સુંદર અને કલાત્મક છે.

ગુજરાતમાં સોલંકીકાળના અંત પછી લગભગ દોઢસો વર્ષ બાદ સુલતાન મહમૂદશાહના સમયમાં વાવોનું સર્જન થયું. આ સમયની વાવોમાં દાદા હરિની વાવ, અડાલજની વાવ વગેરે સ્થાપત્યની દૃષ્ટિએ અદ્‌ભુત અને અદ્વિતીય છે. અડાલજની વાવ ગુજરાતનું ગૌરવ છે. તે આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવે છે ! તે અમદાવાદથી આશરે ૨૦ કિ.મી. દૂર ઉત્તરે આવેલા અડાલજ ગામમાં આવેલી છે.

મહમૂદ બેગડાના સમયના કેટલાક નામાંકિત પુરુષો

મહમૂદ બેગડાના સમયમાં રાજ્યની આબાદી વધારવામાં શાહઆલમ સાહેબ, મલિક દાવર, મલિક આયાઝ,મલિક સારંગ, દરિયાખાન, મલિક ગોપી, મલિક અલીમ, મલિક કાલુ, મલિક ઈસન, તાજખાન સલાર વગેરેએ નોંધપાત્ર ભાગ ભજવ્યો હતો. આથી તે સર્વની યાદ કાયમ રાખવા માટે બાદશાહે અમદાવાદ તેમ જ અન્ય સ્થળોએ તેમના નામે પરાં વસાવ્યાં હતાં. દા.ત., અમદાવાદમાં માલિક અલીમના નામ પરથી અલીમપુર, મલિક કાલુના નામ પરથી કાલુપુર, મલિક ઈસનના નામ પરથી ઈસનપુર, તાજખાન સલારના નામ પરથી તાજપુર, અમીર રામારાયાના નામ પરથી રાયપુર અને રાયખડ, દરિયાખાનના નામ પરથી દરિયાપુર, મલિક સારંગના નામ પરથી સારંગપુર વગેરે વિસ્તારો ઓળખાય છે. સુરતમાં મલિક ગોપીના નામ પરથી ગોપીપુર અને ગોપી તળાવ ઓળખાય છે. આ સર્વમાં શાહઆલમ અને મલિક ગોપી ઘણું જ નોંધપાત્ર સ્થાન ધરાવતા હતા.

મલિક ગોપીએ સુરત બંદરને વિકસાવવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો. તે ફિરંગીઓનો પક્ષપાતી હતો. તેણે આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે સુરત બંદરને મશહૂર બનાવ્યું હતું. તે સંગીતનો શોખીન હતો. આટલી સુંદર કામગીરી બજાવવા છતાં પણ, મહમૂદ બેગડા પછીના બાદશાહના ગુસ્સાનો તે ભોગ બન્યો. છેવટે તેનું કરુણ મૃત્યુ થયું.

આમ, સુલતાન મહમૂદશાહ બેગડાના સમયમાં રાજ્યની સત્તાનો વિસ્તાર

વધ્યો. અમીરોની ખટપટોનો અંત આવ્યો. શાસન પદ્ધતિમાં સુધારો થતાં રાજ્યમાં શાંતિ અને આબાદી વધ્યાં. ન્યાયતંત્ર વ્યવસ્થિત બન્યું. સરકારી મહેસૂલ નિયમસરની આકારણી મુજબ ઉઘરાવાતું હોવાથી ખેડૂતોને પણ શાંતિ થઈ. લશ્કરમાં સંપૂર્ણ સંતોષ પ્રવર્તતો હતો. રાજ્યમાં નવાં શહેરો અને ઇમારતો અસ્તિત્વમાં આવ્યાં. મુસ્લિમ સ્થાપત્યનો સુંદર વિકાસ થયો.

ટૂંકમાં, મહમૂદશાહ બેગડાએ પોતાના અમલ દરમિયાન ગુજરાતને એક મજબૂત અને પ્રતિભાશાળી રાજ્ય બનાવ્યું. ઈ.સ. ૧૫૧૧ના નવેમ્બરની ૨૬મી તારીખે તેનું અવસાન થયું.

મુઝફ્ફરશાહ બીજો (ઈ.સ. ૧૫૧૧-૧૫૨૬)

સુલતાન મહમૂદશાહ બેગડા પછી તેનો સૌથી નાનો પુત્ર ખલીલખાન મલિક ગોપી અને મલિક સારંગની મદદથી 'મુઝફ્ફરશાહ બીજો' નામ ધારણ કરી ગુજરાતની ગાદીએ બેઠો. શમ્સુદ્દીન લકબ અને અબૂનસ કુન્યા નામ ધારણ કરી તેણે પોતાના નામના સિક્કા પડાવ્યા.

સત્તા પર આવતાં તેણે વફાદાર અમીરોને ઊંચા હોદ્દાઓ આપ્યા. દોલતાબાદ નામે નવું શહેર વસાવ્યું. ઈડરના રાજા ભીમસિંહને હરાવ્યો. આ પછી તેણે માળવા, ચિત્તોડ વગેરે પ્રદેશોમાં સત્તા જમાવવા સખ્ત સંઘર્ષ આદર્યો.

ઈ.સ. ૧૫૨૫માં ગુજરાતમાં ભયંકર દુકાળ પડ્યો. આ વખતની પ્રજાની યાતના બાદશાહ સહન કરી શક્યો નહિ. તેના આઘાતથી તે બીમાર પડ્યો. ઈ.સ.૧૫૨૬ના એપ્રિલની ૭મી તારીખે તેનું અવસાન થયું.

ગુજરાતના સર્વ સુલતાનોમાં આ સુલતાન એક સંયમી અને વિદ્વાન બાદશાહ તરીકે મહત્ત્વનું સ્થાન ધરાવે છે. રાજ્યમાં પ્રજાના રક્ષણ માટે નાનામોટા કિલ્લાઓ બંધાવી, ખેતીને વિકસાવી તથા વહીવટી તંત્રને વ્યવસ્થિત કરીને તેણે પ્રજાની પ્રીતિ સંપાદન કરી હતી. તેના અવસાન પછી સુલતાન સિકંદરશાહ સત્તા પર આવ્યો (ઈ.સ. ૧૫૨૬).

સુલતાન સિકંદરશાહ (ઈ.સ.૧૫૨૬)

ઈ.સ. ૧૫૨૬માં બાદશાહ મુઝફ્ફરશાહ બીજા પછી સિકંદર શાહ કેટલાક અમીરોની મદદ વડે અન્ય શાહજાદાઓ સાથે સંઘર્ષ કરી સત્તા ઉપર આવ્યો. સત્તા પર આવતાં તે ખૂબ વિલાસી અને નિર્બળ બની ગયો. તેના પરિણામે ઈમાદુલમુલ્ક ખુશકદમ નામના એક અમીરે તેનું ખૂન કરાવ્યું (તા. ૨૬-૫-૧૫૨૬).

સુલતાન મુહમ્મદશાહ બીજો (ઈ.સ.૧૫૨૬)

સુલતાન સિકંદરશાહનું અવસાન થતાં અમીર ઈમાદુમુલ્કે સુલતાન મુહમ્મદશાહને ગાદીએ બેસાડી સત્તાનાં સૂત્રો પોતાના હાથમાં લીધાં. પણ તે પોતાના વિરોધીઓ સામે ટકી શક્યો નહીં. છેવટે શાહજાદા બહાદુરખાને બહાદુરશાહનો ઈલ્કાબ ધારણ કરી, ઈ.સ. ૧૫૨૬ ના જુલાઈ ૧૧ મી તારીખે ગુજરાતની ગાદી કબજે કરી. મુહમ્મદાબાદમાં તેનો રાજ્યાભિષેક કરવામાં આવ્યો.

સુલતાન બહાદુરશાહ (ઈ.સ. ૧૫૨૬-૧૫૩૭)

સુલતાન મુહમ્મદશાહ બીજાના મૃત્યુ બાદ ગુજરાતની ગાદીએ આવનાર સુલતાન બહાદુરશાહે સત્તા પર આવતાં જ શરૂઆતમાં અમીરો ઉપર પોતાનું વર્ચસ્વ જમાવવા પોતાના ભાઈના ખૂનીઓને તોપના ગોળે ઉડાડી મૂક્યા. પોતાના સર્વ વિરોધીઓનો નાશ કરી તેણે ધીરે ધીરે પોતાની સત્તા વિસ્તારવાના પ્રયત્નો શરૂ કર્યા.

સત્તા પર આવ્યા બાદ તેણે વાગડ, ઈડર, ડુંગરપુરના રાજવીઓને હરાવ્યા. મેવાડના રાણા સંગ્રામસિંહના પુત્ર વિક્રમાજિતને પોતાનો મિત્ર બનાવ્યો. દક્ષિણમાં ખાનદેશ સર કર્યું. અહમદનગર, દોલતાબાદ વગેરે પ્રદેશો પર સત્તા જમાવી. તેણે માળવા પર આક્રમણ કર્યુ. ઈ.સ. ૧૫૩૧માં માળવાના સુલતાન મહમૂદશાહ અને બહાદુરશાહ વચ્ચે ભયંકર યુદ્ધ થયું. છેવટે માળવાનો સુલતાને હાર્યો અને બહાદુરશાહને શરણે આવ્યો. ધીરે ધીરે તેણે બુરહાનપુર, રાયસીન, ઉજ્જૈન, ભીલસા, ચંદેરી વગેરે કબજે કર્યાં. આ પછી તેણે રાયસીનની લડાઈમાં ત્યાંના રાજાને મેવાડના રાણા વિક્રમાજિતે મદદ કરી હતી. એ બહાના હેઠળ ઈ.સ. ૧૫૩૨માં ચિત્તોડ પર આક્રમણ કર્યું. અંતે રાણો હાર્યો. તેની સાથે સંધિ કરી.

આ વખતે દિલ્હીમાં મુઘલ બાદશાહ સત્તા પર હતો. ચિત્તોડની બાબતમાં બાદશાહ હુમાયુ અને બહાદુરશાહ વચ્ચે ભયંકર વેર બંધાયું હતું. બાદશાહ હુમાયુ આગળ બહાદુરશાહ ટકી શક્યો નહિ. તે નાસીને ચાંપાનેર, ખંભાત વગેરે સ્થળોએ ભરાયો. પણ હુમાયુની ભીંસ વધતાં છેવટે ફિરંગીઓને 'દીવ' બંદરમાં કિલ્લો બાંધવા દેવાની શરતે ગયો. સમય જતાં પરિસ્થિતિ સુધરતાં તે દિલ્હીમાં મીરઝા ભાઈઓના સંઘર્ષનો લાભ લઈ અમદાવાદ આવ્યો. તેણે ગુમાવેલું અમદાવાદ બહુ જ મુશ્કેલીએ શરમજનક સ્થિતિમાં પાછું મેળવ્યું. હવે બાદશાહ બહાદુરશાહની પડતીના દિવસો શરૂ થયા.

ફિરંગીઓ સાથે સંઘર્ષ

બાદશાહ હુમાયુથી બચવા બહાદુરશાહે ફિરંગીઓનો આશ્રય લીધો. ફિરંગીઓએ કુનેહથી દીવમાં કોઠી બાંધવાની બહાદુરશાહ પાસેથી પરવાનગી મેળવી. ધીરે ધીરે તેમણે દીવમાં મજબૂત કિલ્લો ચણાવી દીધો. સમય જતાં બહાદુરશાહને ફિરંગીઓને દીવમાં કિલ્લો બાંધવાની પરવાનગી આપ્યાની પોતાની ભૂલ સમજાઈ, પણ તે વખતે ઘણું મોડું થઈ ગયું હતું. છેવટે પોતાના હુકમની વારંવાર ફિરંગીઓ તરફથી અવગણના થતી જોઈ બહાદુરશાહે ફિરંગીઓને પોતાના પ્રદેશમાંથી હાંકી કાઢવા ફિરંગીઓ સામે યુદ્ધે ચડવાનો નિર્ણય કર્યો. આની જાણ થતાં ફિરંગીઓએ બહાદુરશાહ સાથેના સંબંધો સુધારવા પ્રયત્નો શરૂ કર્યા, પણ તેઓ જોઈએ તેવા સંબંધો સુધારી શકાયા નહિ. અંતે ફિરંગીઓએ બહાદુરશાહને જહાજ ઉપર બોલાવી કપટથી મારી નાખ્યો.

શત્રુંજય તીર્થનો જીર્ણોદ્ધાર

ગુજરાતમાં મુસ્લિમ સત્તા સ્થપાતાં અનેક હિંદુ મંદિરોનો નાશ થયો હતો. મુસ્લિમ બાદશાહોએ નવાં મંદિરો બાંધવાની કે જૂનાં મંદિરોનો જીર્ણોદ્ધાર કરવાની મનાઈ ફરમાવી હતી. આ સમયે મેવાડના ઓશવાલ જ્ઞાતિના કર્મા શાહ નામના જૈન વણિકે બાદશાહ બહાદુરશાહની કૃપા મેળવી શત્રુંજય તીર્થનાં મંદિરોનો જીર્ણોદ્ધાર કરવાની પરવાનગી મેળવી. કર્મા શાહે ખૂબ દ્રવ્ય ખર્ચ કરી, ચિત્તોડથી સારા કારીગરો બોલાવી શત્રુંજય તીર્થ ઉપર મંદિરો બંધાવ્યાં. આ જગા આજે કર્મા શાહની ટૂક

તરીકે ઓળખાય છે. આ જીર્ણોદ્ધાર-કાર્યની પ્રશસ્તિ અમદાવાદના કવિ લાવણ્યસિંહે રચી છે. તેમાં તેણે તત્કાલીન જૈન સમાજનું સુંદર ચિત્ર આલેખ્યું છે (ઈ.સ. ૧૫૩૧).

સંગીતકાર બૈજનાથ

સંગીતકાર બૈજનાથનું મૂળ નામ મંજુ હતું. તેણે પોતાના સંગીતથી બાદશાહ હુમાયુને ખુશ કરી, માળવાની કતલ અટકાવીને અનેક લોકોના જાન બચાવ્યા હતા. તે બહાદુરશાહના દરબારનો પ્રસિદ્ધ ગવૈયો હતો.સમય જતાં તે મુઘલ બાદશાહ હુમાયુના દરબારનો નામાંકિત ગવૈયો બન્યો. સામાન્ય જનતામાં આ મંજુ ગવૈયો બૈજુ બાવરાના નામે ઓળખાય છે. મુસ્લિમ તવારીખકારોના જણાવ્યા મુજબ મંજુ ખૂબ ધનવાન હતો. ઉદારતાથી તે દાન કરતો હતો. સદા સંગીતમાં મસ્ત રહેતો હતો.

બાદશાહ બહાદુરશાહ અપુત્ર મૃત્યુ પામતાં તેના પછી તેનો ભાણેજ મુહમ્મદશાહ સત્તા પર આવ્યો.

સુલતાન મુહમ્મદશાહ ત્રીજો (ઈ.સ. ૧૫૩૭)

બહાદુરશાહના અકાળ અવસાન પછી તેનો ભાણેજ ખાનદેશનો સુલતાન મુહમ્મદશાહ ગુજરાતની સત્તા ધારણ કરવા ગુજરાત આવવા નીકળ્યો. પોતાના નામનો ખુતબો વાંચી સિક્કા પડાવ્યા. પણ કમનસીબે ગુજરાતનું તખ્ત મેળવતા પહેલાં રસ્તામાં જ અચાનક તેનું મૃત્યુ થયું.

સુલતાન સહુદુદ્દીન મહમૂદશાહ ત્રીજો (ઈ.સ. ૧૫૩૭-૧૫૫૪)

સુલતાન મુહમ્મદશાહનું અચાનક અવાસન થતાં બહાદુરશાહના નાના ભાઈ લતીફખાનના નાની વયના પુત્રને સુલતાન તરીકે અમીરોએ જાહેર કર્યો. સુલતાન મહમૂદશાહ ત્રીજો નામ ધારણ કરી તેણે સત્તાનાં સૂત્રો ધારણ કર્યા. પણ તેની નાની વયને લીધે ઇખ્તિયાર સિદ્દીકી, દરિયાખાનહુસેન, ઇમાદુલમુલ્ક અને આલમખાન લોદી નામના અમીરો સર્વસત્તાધીશ બની ગયા.સમય જતાં આ સર્વમાં સંઘર્ષ વધી પડ્યો. છેવટે દરિયાખાન સર્વ સત્તાધીશ બની બેઠો. તે વિલાસી બની જતાં અલપખાન સત્તાધીશ બન્યો. સુલતાન ઉંમરલાયક થતાં તેણે સત્તાનાં સૂત્રો હાથમાં લેવા પ્રયત્નો શરૂ કર્યા. પરિણામે સુલતાન અને અલપખાન વચ્ચે સંઘર્ષ શરૂ થયો. છેવટે તે

અમીરોના કાવતરાનો ભોગ બન્યો. ઈ.સ. ૧૫૫૪ના ૧૫મી ફેબ્રુઆરીના રોજ તેના જન્મદિવસના ઉત્સવ વખતે બુરહાનદીન નામના એક માણસે પીણામાં ઝેર આપી તેને મારી નાખ્યો.

સુલતાન અહમદશાહ ત્રીજો (ઈ.સ. ૧૫૫૪-૬૧)'

સુલતાન મહમૂદશાહ ત્રીજાના અવસાન પછી સુલતાન અહમદશાહનો પ્રપૌત્ર સુલતાન 'અહમદશાહ બીજો' નામ ધારણ કરી સત્તા પર આવ્યો. તેના સમયમાં પણ અમીરોની ખટપટો ચાલુ હતી. પરિણામે તે પણ આગળના સુલતાનની માફક અમીરોની ખટપટોનો ભોગ બન્યો. અમીર ઇતિમાદખાને છેવટે તેને મારી નાખ્યો (ઈ.સ. ૧૫૬૧).

સુલતાન મુઝફ્ફરશાહ ત્રીજો (ઈ.સ. ૧૫૬૧-૧૫૭૩)

સુલતાન અહમદશાહને મારી નાખ્યા બાદ અમીર ઇતિમાદખાને અહમદશાહ ત્રીજાને કોઈ વારસ ન હોવાથી એક સગીર બાળક નન્નુને સુલતાન મુઝફ્ફરશાહ ત્રીજાનો ઇલ્કાબ આપી સત્તાસ્થાને બેસાડ્યો. પણ રાજ્યનો સર્વ કારભાર પોતાની પાસે રાખ્યો. અમીરોની ખટપટો વધી પડતાં છેવટે ઇતિમાદખાને અમદાવાદ ઉપરથી પોતાની સત્તા ગુમાવવી પડી.

આ સમયે ખુરાશનના સુલતાન હુસેનના પુત્રો - મીરઝાઓ મુઘલ બાદશાહ અકબરની સાથે તકરાર કરી ગુજરાતમાં આવ્યા હતા. તેમણે અહીંની પરિસ્થિતિનો લાભ લઈ ભરૂચ અને ચાંપાનેર કબજે કર્યાં. ઇતિમાદખાને અમદાવાદ પાછું મેળવવા એક બાજુ મીરઝાભાઈઓની મદદ માગી, તો બીજી બાજુ તેણે મુઘલ બાદશાહ અકબરને મદદ કરવા વિનંતિ કરી. અકબર મીરઝાભાઈઓને સજા કરવા ઈચ્છતો હોવાથી આ તકનો લાભ લઈ ગુજરાત ઉપર ચઢી આવ્યો. અકબરના આગમનની ખબર પડતાં અમીર શેરખાન ફૌલાદી અમદાવાદ છોડી ભાગી ગયો. સુલતાન મુઝફ્ફરશાહ ત્રીજો તકનો લાભ લઈ નાસી છૂટ્યો, પણ છેવટે અકબરના હાથે કેદ પકડાયો. અકબરે તેને નજરકેદમાં રાખ્યો. કેટલાક સમય બાદ તે તક મળતાં ફરીથી નાસી ગયો. તેણે મદદ મેળવવા રાજપીપળા, સૌરાષ્ટ્ર, કચ્છ વગેરે સ્થળોએ પ્રયત્ન કર્યો, પણ સર્વમાં નિષ્ફળતા મળી. અંતે કચ્છના રાણાએ તેને મુઘલ સૈન્યને હવાલે

કરતાં, છેવટે બાદશાહ મુઝફ્ફરશાહ પોતાના હાથે આત્મહત્યા કરી મૃત્યુ પામ્યો! ધીરે ધીરે અકબરે ગુજરાત ઉપર સંપૂર્ણ રીતે કબજો મેળવ્યો.

ગુજરાતમાં ફિરંગી વસાહતો

સોલંકીકાળ દરમિયાન ગુજરાતના વહાણવટાનો ખૂબ વિકાસ થયો હતો. તેના પરિણામે પરદેશો સાથેનો વેપાર વધ્યો હતો. ચૌદમી-પંદરમી સદીમાં યુરોપની વિવિધ પ્રજાઓ ભારત સાથે વેપારી સંબંધો બાંધવા તલપી રહી હતી. સમય જતાં ભારત આવવાનો જળમાર્ગ શોધાતાં ફિરંગીઓએ ભારતમાં પશ્ચિમ કિનારે નાનાંમોટાં પોતાનાં વેપારીકેન્દ્રો સ્થાપ્યાં. ફિરંગીઓએ બાદશાહ બહાદુરશાહને હરાવીને ગુજરાતના સાગરકિનારે મજબૂત કિલ્લેબંધી કરી હતી. દીવ બંદર આંતરરાષ્ટ્રીય વેપારનું કેન્દ્ર બન્યું. ફિરંગીઓએ બાદશાહ બહાદુરશાહને હરાવીને ગુજરાતના સાગર કિનારે મજબૂત કિલ્લેબંધી હતી. દીવ બંદર આંતરરાષ્ટ્રીય વેપારનું કેન્દ્ર બન્યું હતું. ધીરે ધીરે ફિરંગીઓએ બહાદુરશાહના અવસાન પછી થાણા, માહિમ, મુંબઈ વગેરે ઉપર પોતાની સત્તા સ્થાપી.

બહાદુરશાહ પછી આવેલા સુલતાનોએ ગુજરાતમાંથી ફિરંગીઓને હાંકી કાઢવા પ્રયત્નો કર્યા, પણ અમીરોની ખટપટને લીધે તેમાં તેમને સફળતા ન મળી. ધીરે ધીરે ફિરંગીઓએ ગુજરાતના દમણમાં કિલ્લો બાંધ્યો. ભરૂચ અને સુરત મેળવવા તેમણે પ્રયત્નો કર્યા. તેઓ દરિયાકાંઠે ત્રાસ વર્તાવવા લાગ્યા. કરપીણ હત્યાઓ, આગ, લૂંટના બનાવો અવારનવાર બનવા લાગતાં ગુજરાતના સાગરકિનારાનાં ગામડાં ઉજ્જડ થવા લાગ્યાં.

આમ, ફિરંગીઓએ ગુજરાતની સ્વતંત્ર સલ્તનતના બાદશાહોની નબળી સ્થિતિનો લાભ લઈ ગુજરાતના સાગર કિનારે પોતાનાં મથકો સ્થાપ્યાં, પણ મુઘલ બાદશાહોની તાકાત જોઈ તેમણે પોતાની ત્રાસમય પ્રવૃત્તિઓ અટકાવી દીધી.

રાજ્યતંત્ર

રાજ્યવિસ્તાર

ગુજરાતની સ્વતંત્ર સલ્તનતના સુલતાનોમાં સુલતાન અહમદશાહ પહેલો, સુલતાન મહમૂદ બેગડો વગેરે નોંધપાત્ર સ્થાન ધરાવે છે. તેમણે ગુજરાતી સત્તા

મજબૂત કરી ધીરે ધીરે વિસ્તારી. સલ્તનતકાળ દરમિયાન સૌરાષ્ટ્ર, કચ્છ, ગુજરાતની ઉત્તરે સરહદ ઉપરનાં શિરોહી, ઝાલોર, ઈડર વગેરે પ્રદેશોનાં હિંદુ રાજ્યો પર સત્તા જમાવી. ગુજરાત બહાર ખાનદેશ, માળવા, મેવાડ, ડુંગરપુર, વાંસવાડા વગેરે પ્રદેશોમાં પણ ગુજરાતનાં સુલતાનોએ પોતાની સ્થાપી હતી. આથી તેમનું રાજ્ય ઘણું જ વિશાળ બન્યું હતું.

વહીવટ

રાજ્યના સમગ્ર વહીવટને બે વિભાગમાં વહેંચી નાખવામાં આવ્યો હતો :

(૧) કેન્દ્રનો વહીવટ અને (૨) પ્રાદેશિક વહીવટ. વહીવટને જુદી જુદી સરકારોના નામે ઓળખવામાં આવતો. કેન્દ્રનો વહીવટ રાજા પોતાને હસ્તક રાખતો.

રાજા રાજ્યનો વડો મનાતો. પ્રાદેશિક વહીવટ હાકેમો મારફતે ચાલતો. સ્થાનિક અને પ્રાંતિક અમલદારોની વારંવાર બદલી થતી હોવાથી રાજ્યતંત્ર અને પ્રજામાં રાજકીય ચેતનાનો અભાવ હતો. રાજા પોતે ઈસ્લામને કેન્દ્રમાં રાખી રાજ્યવહીવટ ચલાવતો. તેનાથી હિંદુઓ રાજા સાથે વિશ્વાસથી કાર્ય કરી શકતા ન હતા. સુલતાન ઈસ્લામના પ્રસાર અર્થે રાજ્યવિસ્તાર વધારતો હોવાથી રાજ્યમાં ઘણી જ અવ્યવસ્થા ફેલાયેલી હતી. જીતેલા રાજ્યોમાં લૂંટફાટ અને કત્લેઆમ ચાલતી. આથી પ્રજામાં ત્રાસનું વાતાવરણ છવાયેલું હતું.

રાજાને વહીવટમાં મદદ કરવા માટે વજીરોનું એક મંડળ રહેતું. વજીરમંડળનો મુખ્ય વડો નિઝામુલમુલ્ક તરીકે ઓળખાતો. સુલતાનની ગેરહાજરીમાં તે રાજ્યનો વહીવટ સંભાળતો. વજીરોને રાજ્યનાં મુખ્ય ખાતાં સોંપવામાં આવતાં. સુલતાન લશ્કરનો વડો મનાતો. લશ્કર ઉપર કાબૂ ધરાવતા હોઈ લશ્કર માટે અમલદારોને તેમ જ સૈનિકોને બહુ જ કુશળતાથી અંકુશ હેઠળ રાખવા પડતા. બહાદુર અમલદારોને જાગીરો આપી ખુશ રાખવામાં આવતા. સૈનિકોને વ્યવસ્થિત પગાર મળે તે માટે રાજ્ય તરફથી ખાસ તકેદારી રાખવામાં આવતી. કેટલાક સૈનિકોને જાગીર આપવામાં આવતી. આથી તેઓ નવરાશના સમયે ખેતી કરી ગુજરાન ચલાવતા. રાજ્યમાં કોઈ ઉપદ્રવ કરતા નહિ. પગાર મોટે ભાગે રોકડમાં અપાતો. ઘણા અમીરો પોતાનું લશ્કર રાખતા, આથી રાજાએ ઘણી વાર અમીરો સાથે સંઘર્ષમાં ઊતરવું પડતું, તો

ઘણી વાર અમીરોની સાથે સમાધાનથી કામ લેવું પડતું. નબળો રાજવી અમીરોની ખટપટોનો ભોગ બનતો. પરિણામે ઘણી વાર રાજાની હત્યા થતી અથવા તે પદભ્રષ્ટ થતો. રાજ્યમાં બળવાન અમીરોની લાગવગ વધતી. ઘણા અમીરો મલિકના નામે ઓળખાતા. અમીરો સુલતાનની શક્તિ પ્રમાણે તેને વફાદાર રહેતા. સુલતાને હંમેશાં અમીરોથી ચેતતા રહેવું પડતું! આથી તે પોતાની આસપાસ પોતાના ખાસ વફાદાર માણસો રાખતો.

પ્રાદેશિક વહીવટ

રાજ્યના જિતાયેલા પ્રદેશોને જુદા જુદા વિભાગોમાં વહેંચી નાખવામાં આવતા, જે સરકારના નામે ઓળખાતા. રાજ્યમાં નીચે પ્રમાણેની સરકારો હતી :

મધ્ય ભાગમાં	-	પાટણ, અહમદાવાદ, સુંથ, ગોધરા, ચાંપાનેર, વડોદરા, ભરૂચ, નાંદોદ, સુરત
ઉત્તર ભાગમાં	-	શિરોહી, ઝાલોર, જોધપુર, નાગોર
અગ્નિ ખૂણામાં	-	નંદરબાર, મુલ્હેર (બાગલાણ), રામનગર (ધરમપુર)
ઈશાન ખૂણામાં	-	ડુંગરપુર, વાંસવાડા
દક્ષિણમાં	-	જંજીરા, મુંબઈ, વસઈ, દમણ
પશ્ચિમમાં	-	સોરઠ, નવાનગર
વાયવ્યમાં	-	કચ્છ.

આ સર્વ સરકારો પાસે વ્યવસ્થિત લશ્કર રહેતું. સરકારનો વડો વફાદાર અમીર વર્ગમાંથી પસંદ કરવામાં આવતો. કેટલાક પગારદાર અમલદારોની નિમણૂક કરવામાં આવતી. તેમનું મુખ્ય કાર્ય રાજ્યનું મહેસૂલ ઉઘરાવવું, સ્થાનિક પ્રજામાં શાંતિ અને કાયદો જાળવવાં, જિતાયેલા પ્રદેશની ખંડણી ઉઘરાવવી વગેરે હતું.

'સરકાર'ને વહીવટની સરળતા ખાતર જુદા જુદા વિભાગોમાં વહેંચી નાખવામાં આવતી. વિભાગને પરગણાના નામે ઓળખવામાં આવતો. પરગણાનો ઉપરી આમિલ કે તહસીલદાર તરીકે ઓળખાતો. આ ઉપરાંત કોટવાલ વગેરેની નિમણૂકો પણ થતી.

લશ્કર

લશ્કર રાજ્યનું મહત્ત્વનું અંગ મનાતું. રાજ્યની તાકાત ઉપર રાજ્યની આબાદીનો આધાર રહેતો. લશ્કરને પાયદળ, હયદળ, ગજદળ, રથદળ-એમ ચાર વિભાગોમાં વહેંચી નાખવામાં આવતું. દરેક સૈનિકને યોગ્યતા પ્રમાણે હથિયારો આપવામાં આવતાં. દારૂગોળો અને તોપ એ લશ્કરનું મુખ્ય બળ હતું. સરેખેલ એ લશ્કરનો સૌથી નીચલી કક્ષાનો અમલદાર હતો. તે દસ ઘોડેસ્વારોનો ઉપરી મનાતો. તેનો ઉપરી સિપાહસાલાર અને તેનો ઉપરી મલેક તરીકે ઓળખાતો. દરેક લશ્કરમાં એક ખાસ ટુકડી રહેતી. તેમાં કેવળ મુસલમાનોને જ સ્થાન મળતું. અન્ય ટુકડીઓમાં ગમે તે વ્યક્તિ જોડાઈ શકતી. મોટા ભાગે તે ભાડૂતી સૈનિકો હતા. તેથી કેટલીક વાર તેમનામાં શિસ્તનો અભાવ રહેતો. જિતાયેલા પ્રદેશમાં તેઓ બેફામપણે લૂંટ ચલાવતા. તેમનો પગાર રાજ્યની તીજોરીમાંથી રોકડમાં ચુકવાતો. ઘણી વાર અડધી રકમ રોકડમાં અને અડધી રકમ પેટે જમીન આપવામાં આવતી. આથી સૈનિકોમાં બેદિલી ફેલાતી નહિ. લશ્કરમાં વ્યવસ્થા અને સંતોષ જાળવવા માટે બાદશાહ અહમદશાહે પણ નોંધપાત્ર સુધારા કર્યા હતા. અડધો પગાર રોકડમાં મળવો શરૂ થતાં સૈનિકોમાં વફાદારી વધી હતી. રાજ્યમાં વિશિષ્ટ તાકાતવાળું નૌકાસૈન્ય રાખવામાં આવતું, તેના દ્વારા રાજ્યનાં બંદરોનો વેપાર સુરક્ષિત રાખવામાં નૌકાસૈન્યે મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો. નૌકાસૈન્યનો વડો મિરેબકર કહેવાતો. નૌકાસૈન્યને લડાયક, વેપારી અને સફરી જેવાં જહાજોથી સજ્જ રાખવામાં આવતું.

બિરુદ

દરેક સુલતાન ગાદીએ આવતાં સ્વતંત્ર બિરુદ ધારણ કરીને ગાદીએ બેસતો. તેના નામનો ખુતબો વંચાવી સિક્કાઓમાં રાજાનું બિરુદ ઉમેરવામાં આવતું. રાજાનાં મુખ્ય બિરુદો શમસુદ્દ દુનિયાવદ્દીન, (આ દુનિયાનો અને બીજી દુનિયાનો સૂર્ય), નાસીરુદ્દ દુનિયાવદ્દીન (આ દુનિયાનો અને બીજી દુનિયાનો સહાયક), ગિયાસુદ્દ દુનિયાવદ્દીન (આ દુનિયામાં અને બીજી દુનિયામાં સહાયક), વગેરે હતાં. શાહજાદાઓ આઝમે હુમાયુ, અમીરો ખુદાવંદખાન ઈમાદુલમુલ્ક, વજીરો મુહાફિઝખાન, કેસરખાન, અલ્પખાન વગેરે ઈલ્કાબો ધારણ કરતા. જે અમીરોને શાહી દરબારમાં બેસવાનો હક હતો, તે સર્વ મજલિસ બિરુદ ધારણ કરતા.

ન્યાય

રાજ્યમાં ન્યાય માટે કાઝીઓ નીમવામાં આવતા. રાજા રાજ્યના ન્યાય ખાતાનો સર્વોચ્ચ મનાતો. ન્યાય ઈસ્લામના કાયદા પ્રમાણે આપવામાં આવતો. દરેક શહેરમાં ન્યાય માટે એક મુફતી અને એક કાઝી રાખવામાં આવતા. આગળ અપીલ કાઝીઉલકુઝાત નામના અધિકારીને કરવામાં આવતી. છેલ્લી અપીલ ન્યાય માટે બાદશાહને થતી. સુલતાન અહમદશાહ પહેલાના અને મહમૂદ બેગડાના સમયમાં ગુજરાતનું ન્યાયતંત્ર ઘણું જ કાબેલ હતું. તેના લીધે ગુનાનું પ્રમાણ ઘણું જ ઓછું રહેતું. સામાન્ય ગુના માટે ફટકાની સજા થતી, પણ મોટા અને ખૂન જેવા ગુના માટે હાથપગ કાપી લેવાની કે ફાંસીની સજા કરવામાં આવતી. દેશદ્રોહીઓ કે બંડખોરોને ઘણી ભયંકર સજા કરવામાં આવતી. સામાન્ય રીતે ન્યાયની બાબતમાં હિંદુઓ અને મુસ્લિમો તરફ ભેદભાવ રાખવામાં આવતો. ગુનાના પ્રકાર પ્રમાણે ફટકા, ફાંસી, અંગછેદન, તોપના મોં પર બાંધી ઉડાડી દેવા, ચામડી ઉતારવી, દીવાલમાં ચણી દેવા કે હાથીના પગ તળે કચડી નાખવા જેવી સજા થતી.

સરકારોનો વહીવટ

સરકારોનો વહીવટ કરવા માટે રાજ્ય તરફથી સૂબાઓની નિમણૂક કરવામાં આવતી. સરકારોનો વહીવટ ફોજોના નિભાવ માટે સુલતાન તરફથી થયેલ વ્યવસ્થા મુજબ ચાલતો. એના વહીવટ માટે પગારદાર અમલદારોની નિમણૂક કરવા આવતી. આ અમલદાર તહસીલદાર તરીકે ઓળખાતો. તેનું મુખ્ય કાર્ય પોતાના પ્રદેશમાં શાંતિ જાળવવાનું અને વ્યવસ્થિત રીતે મહેસૂલ એકઠું કરવાનું રહેતું. તેને વ્યવસ્થા જાળવવા માટે લશ્કરી ટુકડી આપવામાં આવતી. આ ટુકડીનો વડો સરકારોનો વહીવટ કરનાર અમીર રહેતો. પોતાના પ્રદેશમાં શાંતિ ટકાવી રાખવા તે જુદે જુદે ઠેકાણે થાણાં સ્થાપતો. આવા થાણાનો વહીવટદાર થાણેદાર કહેવાતો. કિલ્લાની દેખરેખ રાખનાર કોટવાલ કહેવાતો.

મહેસૂલ ઉઘરાવવા માટે દરેક સરકારને જુદા જુદા વિભાગોમાં વહેંચી નાખવામાં આવતી. આ વિભાગો પરગણા તરીકે ઓળખતા. 'પરગણા' નો નાનામાં નાનો એકમ ગામ હતું. મહેસૂલ સામાન્ય રીતે પાકને અનુલક્ષીને નક્કી કરવામાં

આવતું. તહસીલદાર મહેસૂલ વસૂલ કરવામાં ગામના મુખીની મદદ લેતો. ગામડાનાં મુખીઓ પટેલ કહેવાતા. દક્ષિણ ગુજરાતમાં ગામડાના મુખીઓ દેસાઈ કહેવાતા. આમિલ નામનો અમલદાર મહેસૂલ અંગેનો સર્વ હિસાબ તૈયાર કરી તહસીલદારને આપતો. તહસીલદાર તે સર્વ શાહી દરબારમાં મોકલતો. તહસીલદારને મદદ કરવા મુશરિફ, મુહસ્સિલ, ગુમાસ્તા, સરહંગ વગેરે રહેતા. મુશરિફનું કાર્ય પાકનું નિરીક્ષણ કરવાનું હતું. મુહસ્સિલ ખેડૂતો પાસેથી સીધું મહેસૂલ વસૂલ કરતો. સરહંગનું કાર્ય ચપરાશી માફક સંદેશા પહોંચાડવાનું હતું.

સામાન્ય રીતે તહસીલદાર જેવા ઉચ્ચ અધિકારીઓની નિમણૂક શાહી કુટુંબમાંથી થતી.

વાંટા પદ્ધતિ

સુલતાન અહમદશાહે મહેસૂલની આવક વ્યવસ્થિત બને અને જમીનદારોને સંતોષ થાય તે માટે વાંટા પદ્ધતિ દાખલ કરી હતી. આ પદ્ધતિ મુજબ જાગીરદારની જમીનના ચાર ભાગ પડાતા, જેમાંના ત્રણ ભાગ રાજ્યની માલિકીના ગણાતા અને ચોથો ભાગ જમીનદારનો ગણાતો. બદલામાં જમીનદારે સ્થળનું રક્ષણ કરવું, સુલતાનને જરૂર પડે ત્યારે લશ્કર, અનાજ વગેરે આપવાનું કાર્ય કરવું પડતું. જમીનદારના આ ભાગને 'વાંટો' કહેવાતો અને બાકીના ત્રણ ભાગ 'તળપદ' કહેવાતા, હાલના ખેડા જિલ્લાનાં કેટલાંક ગામોમાં 'તળપદ' અને 'વાંટો' એવા વિભાગ ચાલુ છે. આના પરિણામે રાજ્યમાં શાંતિ સ્થપાઈ. ખેતીની ચિંતા મટી ગઈ. જમીનદારો બંડની પ્રવૃત્તિ છોડીને સુલતાનને વફાદાર બન્યા.

રાજ્યની આવક

મહેસૂલની આવક એ રાજ્યની મુખ્ય આવક હતી. સામાન્ય રીતે મહેસૂલ જમીનની જાત પ્રમાણે પાકના ભાગ જેટલું નક્કી થતું. મહેસૂલ ઉપરાંત રાજ્યના વિવિધ કરવેરા તથા જકાત દ્વારા રાજ્યને સારી આવક થતી. ગુજરાતના બંદરો મારફતે પરદેશ સાથે ધમધોકાર વેપાર ચાલતો, તેથી બંદરો ઉપર માલની થતી આયાત-નિકાસ ઉપર સારા પ્રમાણમાં જકાત લેવામાં આવતી.

રાજ્યમાં વિવિધ પ્રકારના કરવેરા પ્રજા પાસેથી વસૂલ કરવામાં આવતા.

પંદરમીથી સત્તરમી સદીમાં લખાયેલાં કેટલાંક વર્ણકોમાંથી રાજ્યના વિવિધ કરવેરાઓની માહિતી મળે છે. વર્ણક સમુચ્ચયમાં અઢાર પ્રકારના કરવેરા ગણાવવામાં આવ્યા છે. તેમાં 'ગઢ' અને 'અલ' એ અનુક્રમે કિલ્લાઓ વ્યવસ્થિત રાખવા માટેના કર હોય તેમ જણાય છે. પ્રજાના રક્ષણ માટે તલાર રક્ષક કર લેવાતો. રાજ્યછત્ર સુરક્ષિત રાખવા માટે આ કર લેવાતો હોય તેમ લાગે છે. આ ઉપરાંત ઢોર ચરાવવા પર તેમ જ હળ ઉપર કર લેવાતો. પ્રત્યેક ઢોર દીઠ લેવાતો કર 'પૂંછી' તરીકે ઓળખાતો હોય તેમ લાગે છે. માલ લાવવા લઈ જવા માટે કર લેવાતો. આ કર 'દાણ' તરીકે ઓળખાતો. બ્રિટિશકાળ દરમિયાન દેશી રાજ્યોમાં આ કર લેવાતો. બ્રિટિશકાળ દરમિયાન દેશી રાજ્યોમાં આ કર ઉઘરાવનાર અધિકારીને 'દાણી' તરીકે ઓળખવામાં આવતો. (હાલમાં ગુજરાતમાં કેટલીક વણિક કોમોમાં 'દાણી' અટક પ્રચલિત છે.) ઘરવેરા માટે 'ભોમ' કર તથા ઘોડેસ્વારો માટે લેવાતો કર 'ઘોટક' કર તરીકે ઓળખાતો હોય તેમ જણાય છે. આ ઉપરાંત એક વર્ણકમાં ચંચા, આલહણ, મલવરક વગેરે કરનો ઉલ્લેખ છે. તે કેવા પ્રકારના કર હશે - તે જાણવા મળતું નથી.

ઉપર જણાવેલા કરવેરા ઉપરાંત સુલતાનના જન્મદિને લેવાતી તથા શાહજાદાના જન્મ વખતે તેમ જ અન્ય શુભ પ્રસંગોએ સુલતાનને અપાતી ભેટ દ્વારા રાજ્યને સારી આવક થતી. જમીનદારો પાસેથી ખંડણી વસૂલ કરવામાં આવતી. આ ખંડણીની આવક તથા બંદરની જકાત, વેપાર ઉપરના લાગા, દંડ, કૉફી પીણાંની આવક વગેરે મારફતે રાજ્યને સારી આવક થતી.

કાયદો અને વ્યવસ્થા

સામાન્ય રીતે સલ્તનતકાળ દરમિયાન રાજકીય અવ્યવસ્થા વિશેષ પ્રમાણમાં હતી. તેમ છતાં બાદશાહ અહમદશાહ અને મહમ્મૂદશાહ બેગડાના સમયમાં ઠીકઠીક પ્રમાણમાં શાંતિ રહી હતી. રસ્તાઓને ચોરડાકૂના ભયથી મુક્ત રાખવા ઠેરઠેર લશ્કરી ટુકડીઓ રાખવામાં આવતી. દરેક શહેરમાં એક કોટવાલ રહેતો. તે કિલ્લાનું રક્ષણ કરતો. બંદરોને ચાંચિયાઓના ભયમાંથી મુક્ત રાખવા નૌકાસૈન્યને ખડે પગ રાખવામાં આવતું. ગુજરાતમાં પ્રવર્તતી રાજકીય અવ્યવસ્થાનો મહદંશે મુઘલકાળ દરમિયાન અંત આવ્યો.

સંદેશાવ્યવહાર

રાજ્યમાં સંદેશા-વહેવાર માટે વિશિષ્ટ પ્રકારની વ્યવસ્થા કરવામાં આવી હતી. ઠેર ઠેર રાખવામાં આવેલ સિપાઈઓની ટુકડીઓનો રાજ્યના અગત્યના સંદેશા લાવવા લઈ જવાના કાર્યમાં ઉપયોગ કરવામાં આવતો. આ ઉપરાંત હલકારીનો ટપાલ એક ઠેકાણેથી બીજે ઠેકાણે લઈ જવાના કાર્યમાં ઉપયોગ કરવામાં આવતો. આ ઉપરાંત હલકારીઓ ટપાલ એક ઠેકાણેથી બીજે ઠેકાણે લઈ જતા. કેટલેક ઠેકાણે ઊંટસવારો મારફતે ટપાલ મોકલાતી. ખાસ અગત્યના ખાનગી સંદેશાઓ કબૂતરો મારફતે મોકલવામાં આવતા. સંદેશાવહેવાર માટેનું મુખ્ય મથક અમદાવાદ હતું. તેનો મુખ્ય અમલદાર મલેકુલબરીદ કે સાહેબુલબરીદ તરીકે ઓળખાતો.

ગુજરાતના સ્વતંત્ર સુલતાનોના સિક્કા અને ટંકશાળો

ગુજરાતના સ્વતંત્ર સુલતાનોના સિક્કા ગુજરાતના ઇતિહાસમાં મહત્ત્વનું સ્થાન ધરાવે છે. તે દિલ્હીના સુલતાનોના સિક્કાઓથી જરા પણ ઊતરતી કક્ષાના નથી. તે ગુપ્તકાલીન સિક્કાઓ જેવા વિશિષ્ટ કલામય અને વૈવિધ્યવાળા હતા. દરેક સુલતાને સત્તા પર આવતાં જ પોતાના નામના સોના, ચાંદી અને તાંબાના સિક્કા પડાવ્યા હતા. શરૂઆતમાં સુલતાનોએ સિક્કા પડાવવા માટે દિલ્હીના સુલતાનોનું અનુકરણ કર્યું હતું. પરંતુ ધીરે ધીરે તેમણે પોતાની સ્વતંત્ર પદ્ધતિ અપનાવી હતી. આકારમાં આ સિક્કાઓ વિવિધ ભૌમિતિક આકૃતિઓવાળા, વચમાં ટપકાવાળા, બે લીટીઓની બાજુવાળા, ચોરસ અને ઝાલરવાળી રેખાવાળા ગોળ હતા. તેના પર અરબી-ફારસીમાં ખલીફાનું નામ, કુરાનની કલમા, રાજાનું નામ, તેના પિતાનું નામ વગેરે આંકવામાં આવતું. તેના પરથી રાજાની વંશાવળી નક્કી થઈ શકતી. સિક્કાઓ ઉપર ટંકશાળાનું નામ અને સિક્કો પાડ્યાનું વર્ષ હિજરી સંવતમાં આંકવામાં આવતું. ગુજરાતના મુસ્લિમ રાજવીઓના સિક્કાઓ ઉપર ઈસ્લામના નિયમાનુસાર કોઈ જીવંત પ્રાણીની આકૃતિ જોવા મળતી નથી.

આ સમયના સિક્કાઓમાં ધાતુનું પ્રમાણ નક્કી કરેલા ધોરણ પ્રમાણે રહેતું. સામાન્ય રીતે સિક્કાઓમાં સોનું, ચાંદી અને તાંબાની ધાતુ વપરાતી. સિક્કાઓ દીનાર, ટંકા, મહમૂદી, મુઝફ્ફરશાહી નામે ઓળખાતા. તે ઘણા લોકપ્રિય હોઈ

લાંબા સમય સુધી ગુજરાતમાં ચલણમાં રહ્યા હતા. તેમાં ધાતુનું મિશ્રણ સવિશેષ રહેતું. મહમૂદ બેગડા પછી તેના પુત્ર મુઝફ્ફરશાહ બીજાના સિક્કા મુઝફ્ફરી તરીકે ઓળખાતા. સોનાના સિક્કાઓ પરથી રાજ્યની આવકનો ખ્યાલ આવે છે. તેનો અભ્યાસ કરવાથી સુલતાનનું નામ, બિરુદ, પિતાનું નામ, ટંકશાળ, વર્ષસંખ્યા, લકુબ, કુન્યા વગેરે સર્વની માહિતી મળે છે.શ્રીધરાચાર્યના 'ગણિતસાર' નામના પુસ્તકમાંથી સલ્તનતકાલીન નાણાનાં અને તોલમાપનાં કોષ્ટકો મળે છે.

ગુજરાતના અભિલેખોની માફક સમગ્ર ભારત મુસ્લિમ રાજવીઓના સિક્કાઓમાં સુલતાની વંશાવળી ટાંકતા લખાણવાળો એક પણ સિક્કો ગુજરાત સિવાય બીજે ક્યાંયથી મળ્યો નથી. અહમદશાહ પહેલો અને બીજો મહમૂદશાહ, પહેલો અને બહાદુરશાહ - એમ ચાર સુલતાનોના સિક્કાઓમાં સલ્તનતના આદ્યપુરુષ સુધી પહોંચતી વંશાવળી આપેલી છે.

વળી, આ લખાણની બીજી વિશિષ્ટતા એ છે - અહીં લખાણ પદ્યમાં થયેલું છે. ભારતમાં મુઘલકાળ પહેલાંના સિક્કાઓમાં પ્રથમવાર માત્ર ગુજરાતમાં જ સિક્કાઓ ઉપર ફારસી પદ્યમાં લખાણ જોવા મળે છે.

ટૂંકમાં, ગુજરાતના સલ્તનતકાલીન સિક્કાઓ સુલેખન તેમ જ કલાની દૃષ્ટિએ સમગ્ર ભારતમાં અગ્રગણ્ય સ્થાન ધરાવે છે.

હિંદુ સિક્કાઓ અને મુસ્લિમ સિક્કાઓ વચ્ચે તફાવત

પ્રાચીન હિંદુ રાજવીઓના સિક્કાઓમાં અને મુસ્લિમ બાદશાહોના સિક્કાઓમાં કેટલોક તફાવત સ્પષ્ટ રીતે જણાય છે. હિંદુ રાજ્યમાં એક રાજા પછી બીજો રાજા સત્તા પર આવે તો તે તરત જ પોતાના નામના સિક્કા પડાવવાને બદલે પોતાના પુરોગામીના સિક્કા ચાલુ રાખવાનું પસંદ કરતો અને અનુકૂળ સંજોગો જોઈ પોતાના નામના સિક્કા ચલણમાં દાખલ કરતો; જ્યારે મુસ્લિમ રાજવી ગાદીએ બેસે કે તરત જ પોતાના નામના સિક્કા પડાવવાનું અનિવાર્ય લેખતો.

હિંદુ રાજવીઓના સિક્કાઓમાં દેવદેવીઓની આકૃતિઓને વિશેષ મહત્ત્વ અપાતું; જ્યારે મુસ્લિમ રાજવીઓના સિક્કાઓમાં જીવંત આકૃતિઓને સ્થાન નહિ, પણ તેના બદલે વિવિધ ભૌમિતિક આકૃતિઓને સ્થાન મળતું.

હિંદુ રાજવીઓના સિક્કાઓમાં સંસ્કૃત ભાષા, નાગરી લિપિ તથા શક સંવત કે વિક્રમ સંવતનો ઉપયોગ થયો; જ્યારે મુસ્લિમ બાદશાહોના સિક્કા ઉપર ફારસી ભાષા, અરબી-ફારસી લિપિ અને હિજરી સંવતનો ઉપયોગ થતો.

મુસ્લિમ સિક્કાઓ ઉપર ટંકશાળનું નામ અને ચિહ્ન એક નોંધપાત્ર વસ્તુ હતી; જ્યારે હિંદુ રાજવીઓના સિક્કાઓ ઉપર તેનો સદંતર અભાવ દેખાતો. હિંદુ રાજવીઓ આ બાબત તદ્દન બેદરકાર હોય એમ સ્પષ્ટ જણાય છે.

આમ, સલ્તનતકાળ દરમિયાન ગુજરાતના સિક્કાઓમાં નોંધપાત્ર ફેરફારો થયા. સિક્કાઓ ઈસ્લામી કાનૂન મુજબ તૈયાર થવા લાગ્યા. તેમાં વિવિધતા અને સુંદરતા આવી.

ટંકશાળ

ગુજરાતના સ્વતંત્ર સલ્તનતના મોટા ભાગના રાજવીઓના સિક્કાઓ ઉપર ટંકશાળનું નામ જોવા મળે છે. સહુપ્રથમ સુલતાન અહમદશાહ પહેલાએ અમદાવાદમાં વ્યવસ્થિત રીતે ટંકશાળ શરૂ કરી. ધીરે ધીરે એ પછી અહમદનગર, મુસ્તફાબાદ (જૂનાગઢ), મુહમ્મદાબાદ (ચાંપાનેર), દેવ, દોલતાબાદ, બુરહાનપુર વગેરે સ્થળોએ ટંકશાળો સ્થાપવામાં આવી હતી. દરેક ટંકશાળમાંથી બહાર પડેલા સિક્કાઓ ઉપર ટંકશાળનું નામ અને ચિહ્ન છાપવામાં આવતું કે જેથી કોઈ નકલી સિક્કો બહાર પડ્યો હોય તો કઈ ટંકશાળમાંથી પડ્યો છે, તેનો ખ્યાલ આવે. ટંકશાળનાં ચિહ્નો કલાત્મક અને સુંદર હતાં. તેનાથી સિક્કો આકર્ષક બનતો.

સંદર્ભગ્રંથો

આચાર્ય નવીનચંદ્ર આ. ગુજરાતના સિક્કા, અમદાવાદ, ૧૯૮૦.

ઓઝા ગૌરીશંકર રાજપૂતાને કા ઇતિહાસ - જિલ્દ ૧, વિ.સં. ૧૯૮૩

જોટ રત્નમણિરાવ ભી. ૧. ગુજરાતનું પાટનગર અમદાવાદ, ૧૯૨૯.

૨. ગુજરાતનો સાંસ્કૃતિક ઇતિહાસ :

	ઈસ્લામ યુગ - ખંડ ૧-૪ અમદાવાદ. ૧૯૫૯; (પુનર્મુદ્રણ) ૧૯૫૪,૧૯૫૭.૧૯૫૯.
પરીખ ર. છો. તથા શાસ્ત્રી હ. ગં. (સં.)	ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ- ગ્રંથ ૫ : સલ્તનતકાળ ,અમદાવાદ. ૧૯૭૭.
ફાર્બસ એલેકઝાન્ડર કિન્લોક	રાસમાળા - ભા. ૧-૨ (ગુજ. અનુ. રણછોડલાલ ઉદયરામ) મુંબઈ. ૧૯૨૨.
સાંડેસરા ભોગીલાલ તથા મહેતા ર. ના.	વર્ણક સમુચ્ચય - ભા. ૨, વડોદરા. ૧૯૫૯.
Briggs	History of the Rise of Mahomedan power - Vol. IV Calcutta 1970.
Chbe	History of the Gujarat Kingdom 1458 to 1537, New Delhi 1975
Commissariat M.S.	History of Gujarat - Vol. I. London. 1938.
Lokhandwala M.F.	Mirate Ahamadi. Baroda, 1965.
Misra S.C.	Rise of Muslim power in Gujarat, Baroda 1963

●

પ્રકરણ ૪ : સલ્તનતકાલીન સંસ્કૃતિ

(સામાજિક, આર્થિક અને ધાર્મિક ઇતિહાસ)

સામાજિક સ્થિતિ

સલ્તનતકાલીન ગુજરાતની સામાજિક સ્થિતિ વિષે ઉપલબ્ધ હિંદુ સાહિત્ય, મુસ્લિમ તવારીખો, અભિલેખો વગેરેમાંથી મળતી માહિતી ઉપરથી કંઈક અનુમાન તારવી શકાય છે.

ભૌગોલિક સ્થિતિ

પ્રજાજીવનના ઘડતરમાં તે તે પ્રદેશની પ્રાકૃતિક સ્થિતિ મુખ્ય ભાગ ભજવે છે. આથી ગુજરાતની પ્રાકૃતિક સ્થિતિનું અવલોકન કરવું આવશ્યક મનાય. પોતાની ભૌગોલિક પરિસ્થિતિને લીધે ગુજરાતને સમગ્ર ભારત વર્ષમાં એક પ્રકારનું વિશિષ્ટ સ્થાન પ્રાપ્ત થયું છે. ભારતભરમાં તે ધનાઢ્ય પ્રદેશ તરીકે ઘણા પ્રાચીનકાળથી પંકાયેલ છે, તેના આ વિશિષ્ટ સ્થાનને લીધે તે મુસ્લિમ બાદશાહોના આક્રમણનો ભોગ બન્યું.

પ્રાકૃતિક રીતે ગુજરાતને ત્રણ વિભાગોમાં વહેંચી શકાય : (૧) કચ્છ, (૨) સૌરાષ્ટ્ર અને (૩) તળ ગુજરાત અથવા મધ્ય ગુજરાત. આ પ્રદેશના દક્ષિણ વિભાગને સોલંકીકાળમાં લાટ તરીકે ઓળખવામાં આવતો, પણ મુસ્લિમકાળ દરમિયાન તે નામ અદશ્ય થયું અને ધીરે ધીરે ગુજરાત નામ વ્યાપક અર્થમાં પ્રચલિત થયું. સૌરાષ્ટ્રને વિશાળ સાગરકિનારો પ્રાપ્ત થયો છે. આનાથી આ પ્રદેશનું વેપારી દૃષ્ટિએ ઘણું જ મહત્ત્વ હતું. અહીં સોમનાથ, દ્વારકા, જેવાં મહત્ત્વનાં બંદરો આવેલા હતાં. દક્ષિણ પ્રદેશમાં ભરૂચ, સુરત, દમણ જેવાં બંદરો હતાં. મહમૂદ બેગડાનાં સમયમાં સુરત બંદરનો વ્યવસ્થિત રીતે વિકાસ થયો હતો. આંતરરાષ્ટ્રીય વ્યાપારનું તે મહત્ત્વનું કેન્દ્ર મનાતું. આ બંદરેથી ગુજરાત બહારના પ્રદેશો રાજસ્થાન, માળવા, દિલ્હી વગેરે સાથે વેપારી સંબંધો વિકસ્યા હતા. ફિરંગીઓએ દીવ અને સુરત જેવાં બંદરોને ધ્યાનમાં રાખી અરબી સમુદ્રના કિનારે પોતાનાં વેપારી કેન્દ્રો વિકસાવવા ભયંકર

યુદ્ધો ખેલ્યાં હતાં. આ વિશિષ્ટ બંદરોને લીધે ગુજરાત માળવા, ખાનદેશ વગેરેના આક્રમણોનું અવારનવાર ભોગ બનતું.

તળપ્રદેશમાં આવેલાં અમદાવાદ, ધોળકા, પેટલાદ, વડોદરા, અહમદનગર વગેરે મહત્ત્વનાં રાજકીય કેન્દ્રો મનાતાં. બંદરો દ્વારા આ પ્રદેશના લોકો પોતાના માલની આયાત-નિકાસ કરતા. આથી મુસ્લિમ બાદશાહોને પોતાનું વ્યવસ્થિત નૌકાસૈન્ય રાખવાની ફરજ પડી હતી. તેમણે બંદરો માટે અલગ વહીવટી તંત્ર રચ્યું હતું.

આ સાથે ગુજરાતના વિકાસમાં પર્વતો પણ મહત્ત્વનું સ્થાન ધરાવે છે. ઘણા પ્રાચીનકાળથી કુદરતી આક્રમણો, બહારના પ્રદેશોનાં આક્રમણો વગેરે સામે પાવાગઢ, ગિરનાર, આબુ વગેરે પર્વતો ગુજરાતને રક્ષણ આપી રહ્યા છે. એને લીધે આ પર્વતો રાજકીય દૃષ્ટિએ મહત્ત્વના સ્થાન તરીકે ગુજરાતને રક્ષણ આપી રહ્યા છે. એને લીધે આ પર્વતો રાજકીય દૃષ્ટિએ મહત્ત્વનું સ્થાન ધરાવતા. મહમૂદ બેગડાએ આથી જ પાવાગઢ અને ચાંપાનેર જેવાં બે મહત્ત્વના ગઢો જીત્યા હતા : આ સ્થળો ગુજરાતમાં વિવિધ ધર્મસંપ્રદાયોનાં કેન્દ્ર બન્યાં છે.

ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાત અને તળ ગુજરાતમાં નર્મદા, તાપી, મહી, સાબરમતી જેવી નદીઓ ખેતી અને વેપારને વિકસાવવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. સાબરમતી, નર્મદા અને તાપી જેવી નદીઓના કિનારે શૈવ સંપ્રદાયનો સારો વિકાસ થયો છે.

ગુજરાતમાં વસતી ઘણી જ્ઞાતિઓનાં નામ ભૌગોલિક પ્રદેશો ઉપરથી પડેલાં છે. દા.ત., મોઢેરા ઉપરથી મોઢ, શ્રીમાલ ઉપરથી શ્રીમાળી, વડનગર ઉપરથી વડનગરા, વિસનગર ઉપરથી વિસનગરા, હરસોલ ઉપરથી હરસોલા, દાહોદ ઉપરથી દાઉદી વગેરે.

આમ, ગુજરાતના સ્વતંત્ર સલ્તનતના બાદશાહોની જાહોજલાલી ગુજરાતની ભૌગોલિક પરિસ્થિતિને આભારી હતી.

પાટનગર

સોલંકીકાળ દરમિયાન પાટણ એ ગુજરાતનું પાટનગર હતું, પણ અહમદશાહ

બાદશાહે રાજકીય દૃષ્ટિએ સાબરમતીના કિનારે મહત્ત્વનું સ્થાન પસંદ કરી, પ્રાચીન આશાવલ (હાલનું અસારવા) પાસે અહમદાવાદ નામનું નગર વસાવ્યું. તેનો સ્થાપના દિન મુસ્લિમ તવારીખો પ્રમાણે હિ.સં. ૮૧૩ના ઝિલકાદ મહિનાની ૨જી તારીખ ને ગુરુવાર (તા. ૨૬ ફેબ્રુઆરી, ઈ.સ. ૧૪૧૧) અને હિંદુ અનુશ્રુતિ પ્રમાણે વિ.સં. ૧૪૬૭ના વૈશાખ સુદ ૭ ને રવિવાર (તા. ૧૭ એપ્રિલ ઈ.સ. ૧૪૧૨) જાણવા મળે છે. આથી સંભવ છે કે રાજગઢનું ખાતમુહૂર્ત ઈ.સ ૧૪૧૧ માં થયું હશે અને ગઢનો વાસ્તુ-પ્રવેશ ઈ.સ. ૧૪૧૨માં થયો હશે.

અહમદશાહ બાદશાહે સૌપ્રથમ ભદ્રનો કિલ્લો બાંધ્યો. તેની આસપાસ ધીરે ધીરે શહેર વસાવ્યું. મહમૂદ બેગડાએ શહેર વસ્યા પછી વસ્તીને અનુકૂળ પડે તેવી રીતે શહેરનો ફરતો કોટ બંધાવ્યો અને પોતાના નામાંકિત સરદારોનાં નામ પરથી શહેરના જુદા જુદા વિસ્તારોનાં નામ પાડ્યાં. દા.ત., માલિક સારંગ ઉપરથી સારંગપુર, મલિકકાલુ ઉપરથી કાલુપુર, દરિયાખાન ઉપરથી દરિયાપુર વગેરે. નગરમાં માણેકચોકનો વિસ્તાર એ નોંધપાત્ર વેપારી કેન્દ્ર હતું. અહીંની મુહરત પોળ શહેરમાં સ્થપાયેલી પહેલી પોળ હોવાનું મનાય છે. આમ, અહમદશાહે વેપારીઓને સલામતીની દૃષ્ટિએ શહેરની મધ્યમાં વસાવ્યા હોય તેમ લાગે છે. ધીરે ધીરે અહીં નોંધપાત્ર મુસ્લિમ સ્થાપત્ય - જેવાં કે જામા મસ્જિદ, કાંકરિયું તળાવ વગેરે અસ્તિત્વમાં આવ્યાં. સમય જતાં અહમદાબાદ રાજકીય દૃષ્ટિએ એક મહત્ત્વનું નગર બન્યું.

વસ્તી

વસ્તીનું ચોક્કસ પ્રમાણ જાણવા મળતું નથી, પણ અભિલેખો અને સમકાલીન સાહિત્ય પરથી જણાય છે કે વસ્તીનું પ્રમાણ સારું હશે. નદીઓના તટપ્રદેશમાં ગીચ વસ્તી હશે તેમ લાગે છે. નાનાંમોટાં ગામો બબ્બે, ચાર-ચાર કે આઠ-દસ માઈલના અંતરે વસ્યાં હોય તેમ લાગે છે. આજે ગુજરાતનાં ઘણાં ગામો બહુ જ ઓછા અંતરે વસેલાં જણાય છે. અમદાવાદ, સુરત, ખંભાત જેવાં મોટાં નગરોમાં હિંદુ-મુસલમાન વસ્તીની સાથે કેટલીક પરદેશી પ્રજાઓ પણ વસતી હતી. મુસલમાનો રાજ્યકર્તા કોમ હોવાથી સરકારી ખાતાઓમાં તેમને મહત્ત્વનું સ્થાન મળતું. વેપાર-રોજગાર, ધર્મ વગેરે બાબતોમાં તેમને ખાસ સગવડો આપવામાં આવતી.

કાલગણના

ઉપલબ્ધ અભિલેખો અને સાહિત્ય પરથી જણાય છે કે આ સમયે હિંદુઓ વર્ષની ગણતરી વિક્રમ સંવત પ્રમાણે કરતા અને મુસ્લિમો હિજરી સંવત પ્રમાણે વર્ષ ગણતા. મિતિઓમાં વર્ષ, માસ, તિથિ, વાર વગેરે આપવામાં આવતાં. વિ.સં. ગુજરાતમાં ઘણા પ્રાચીનકાળથી પ્રચલિત છે. વિ.સં. ના આરંભનું વર્ષ ઈ.સ. ૫૬-૫૭નું છે. તેનું વર્ષ કાર્તિકાદિ અને માસ અમાસાન્ત ગણાય છે. અર્થાત્ વર્ષ કારતક માસથી શરૂ થાય છે અને માસ સુદ ૧ થી શરૂ થઈ અમાસે પૂરો થાય છે. હિજરી સંવતનો આરંભ મહંમદ પયગંબરે મક્કાથી મદીના તરફ પ્રયાણ કર્યું તે દિવસથી ગણવામાં આવે છે. અરબી ભાષામાં 'હિજર' ધાતુનો અર્થ વેગળા હોવું અથવા વેગળા થવું એવો થાય છે. મહંમદે મક્કા છોડ્યું એથી આ સંવત હિજરી સંવત તરીકે પ્રચલિત બન્યો. તા. ૧૫ જુલાઈ ઈ.સ. ૬૨૨ કે વિ.સં. ૬૭૮ ના શ્રાવણ સુદ ૨ના દિવસના સંધ્યાકાળથી હિજરી સંવતનો આરંભ થયો એમ ગણીને કાલગણના કરવામાં આવે છે. હિજરી સંવતનું વર્ષ ચાંદ્રવર્ષ હોવાથી તેના દરેક માસનો આરંભ ચંદ્રદર્શનથી થાય છે. સલ્તનતકાળ દરમિયાન મુસ્લિમ રાજવીઓએ હિજરી સંવતને રાજ્યમાન્ય સંવત ગણ્યો હતો.

સમાજ

સલ્તનતકાળ દરમિયાન ગુજરાતનો સમાજ બે વિભાગોમાં વહેંચાઈ ગયો હતો : (૧) હિંદુ સમાજ અને (૨) મુસ્લિમ સમાજ.

હિંદુ સમાજ

ગુજરાતમાં મુસ્લિમ આક્રમણો થયાં. હિંદુઓમાં સત્ય, ધર્મ, ન્યાય, નીતિ, સદાચાર વગેરેની ભાવના ઘણ તીવ્ર હતી. તેઓ ધર્મમાં ખૂબ શ્રદ્ધા ધરાવતા હતા, પરિણામે સમાજમાં ધર્મને નામે અનેક મતમતાંતરો પ્રચલિત હતા.

આ સમયે હિંદુ સમાજમાં પ્રાચીનકાળથી ચાલી આવતી વર્ણપ્રથા પ્રચલિત હતી. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર - આ ચારે વર્ણોમાં વિવિધ પ્રકારની સંકુચિત માન્યતાઓ અસ્તિત્વમાં હતી. ધર્માન્તરને લીધે જ્ઞાતિનાં બંધનો જટિલ બની ચૂક્યાં હતાં. દરેક વર્ણમાં જ્ઞાતિઓ અને ઉપજ્ઞાતિઓ પ્રચલિત થઈ ચૂકી હતી. જ્ઞાતિઓ

જ્ઞાતિઓ વચ્ચે પણ ઊંચનીચના ભેદ વર્તાતા હતા. દરેક જ્ઞાતિમાં નાનામોટા વાડા બંધાઈ ચૂકયા હતા. આ સર્વમાં માનવીનો વ્યવસાય મુખ્ય ભાગ ભજવતો હતો.

બ્રાહ્મણોમાં ઋગ્વેદી, યજુર્વેદી, સામવેદી, અથર્વવેદી - એવા ચાર ભેદ હતા અને ૮૪ જ્ઞાતિઓ હતી ! તેમાં પણ નાગર, ઔદિચ્ય, રાયકવાડ, ત્રિવેદી મેવાડા, મોઢ, શ્રી ગોડ, કાયસ્થ, ઉદુમ્બર વગેરે જ્ઞાતિઓ સમાજમાં મહત્ત્વનું સ્થાન ધરાવતી હતી. સમય જતાં ધીરે ધીરે બ્રાહ્મણોનું મહત્ત્વ ઘટવા લાગ્યું હતું. મોટા ભાગના કર્મકાંડ અને યજમાનવૃત્તિ ઉપર પોતાનું ગુજરાન ચલાવતા. મુસ્લિમ આક્રમણોને લીધે ઘણા બ્રાહ્મણોએ સ્થળાંતર કરવું પડ્યું હતું.

ક્ષત્રિયો મોટે ભાગે હિંદુ રાજવીઓના આશ્રયે ટકી રાજ્યની નાનીમોટી નોકરીમાં જોડાતા. કેટલાક લશ્કરમાં જોડાતા, તો કેટલાક ખેતી ઉપર ગુજરાન ચલાવતા. તેમનામાંથી ગૌબ્રાહ્મણપ્રતિપાળનો આદર્શ લગભગ અદૃશ્ય થવા આવ્યો હતો. એમનામાં પણ ઊંચનીચના ભેદ વર્તાતા અનેક જ્ઞાતિઓ અને ઉપજ્ઞાતિઓ - દા.ત., ચૌહાણ, રાઠોડ, પરમાર, ચુડાસમા વગેરે અસ્તિત્વમાં આવી હતી. તેઓ પણ ધીરે ધીરે મુસ્લિમોના સંપર્કમાં આવતાં મુસ્લિમ સંસ્કૃતિના રંગે રંગાવા લાગ્યા હતા. સામાન્ય રીતે સમાજમાંથી ક્ષત્રિય અને રાજપૂતના ભેદ ભુલાતા જતા હતા.

વૈશ્યો મોટે ભાગે ઉપલા વર્ગ અને નીચલા વર્ગને જોડનાર કડી સમાન હતા. તેમનામાં પણ બ્રાહ્મણોની માફક ૮૪ જ્ઞાતિઓ હતી. સમય જતાં તેમનામાં પણ અન્ય વર્ણોની માફક જ્ઞાતિઓ અને પેટાજ્ઞાતિઓ પડી ગઈ હતી. ઘણાખરા વૈશ્યો જૈન ધર્મના અનુયાયી હતા. કેટલાક વૈષ્ણવ સંપ્રદાયના અનુયાયી બન્યા હતા. તેઓ મોટે ભાગે વેપાર-ઉદ્યોગ દ્વારા આજીવિકા પ્રાપ્ત કરતા. તેમનામાં બ્રાહ્મણોની માફક સ્થાન ઉપરથી ઘણી જ્ઞાતિઓ અસ્તિત્વમાં આવી હતી - જેમ કે મોઢેરા ઉપરથી મોઢ, શ્રીમાલ ઉપરથી શ્રીમાળી વગેરે. આ જ્ઞાતિઓની વિશેષતા એ છે કે જે જે નામ વાણિયાઓની જ્ઞાતિઓનાં છે તે નામ થોડા અપવાદ સિવાય બ્રાહ્મણોની જ્ઞાતિઓનાં પણ મળે છે. દા.ત. નાગર વાણિયા, નાગર બ્રાહ્મણ વગેરે.

શૂદ્ર વર્ગ નાના મોટા ધંધામાં જોડાયેલો રહેતો. શૂદ્રોમાં ધંધા પ્રમાણે અનેક મિત્ર જ્ઞાતિઓ અસ્તિત્વમાં આવી હતી. દા.ત., કાયસ્થ, કંસારા, લુહાર, ગોપ, કંદોઈ, માળી, સલાટ, સોની, ઘાંચી, ભોઈ, જાટ વગેરે. તેમની નવનારૂ એટલે

કંદોઈ, કાછિયા, કુંભાર, માળી, મર્દનિયા, સૂત્રધાર, ભરવાડ, તંબોળી અને સોની તથા પાંચકારૂ એટલે ગાંયજા, છીપા, લુહાર, મોચી અને ચમાર આ કોમો ગુજરાતમાં વસવાયાં તરીકે ઓળખાતી. આ સમયે સમાજમાં ચાર વર્ણો, નવ નારૂ અને પાંચ કારૂ મળી-અઢાર વર્ણો પ્રચલિત હતા.

સામાન્ય રીતે ચંડાળ, ચમાર, ખાટકી, આહેડી, ઢેડ વગેરે મરેલાં ઢોરનાં ચામડાં ઉતારવાનું, મેલું ઉપાડવાનું, માંસ વેચવાનું વગેરે કાર્ય કરતા. સમાજનો ઉપલો વર્ગ તેમને અસ્પૃશ્ય માનતો. તેઓ વસ્તીથી દૂર રહેતા.

હિંદુઓમાં પ્રાચીનકાળથી ચાલ્યા આવતા સોળ સંસ્કારો પૈકીના નામકરણ, અન્નપ્રાશન, ચૌલકર્મ, ઉપનયન, સીમંતોન્નયન, વિવાહ અને અંત્યેષ્ટિ સંસ્કારોનું મહત્ત્વ કંઈક અંશે સચવાઈ રહ્યું હતું. ચૌલકર્મ ધીરે ધીરે દેવમંદિરોમાં થવા લાગ્યું. ઉપનયન સંસ્કારનું મૂળ સ્વરૂપ ધીરે ધીરે ભૂંસાતું ચાલ્યું. સીમંતોન્નયન સંસ્કાર કેટલીક જ્ઞાતિઓમાં રાંદેલદેની પૂજાના નામે થતો. આ સમયે હોમ, હવન, બ્રહ્મભોજન વગેરે થતું. વિવાહ અને અંત્યેષ્ટિ સંસ્કારોમાં ધાર્મિક વિધિ, સ્થાનિક રીતરિવાજો, જ્ઞાતિના નિયમો, બ્રહ્મભોજન, પંક્તિભોજન વગેરેને વિશેષ મહત્ત્વ અપાતું.

આ સમયે સમાજમાં જ્ઞાતિપ્રથા વ્યાપક પ્રમાણમાં વિસ્તરી હતી. ખાનપાન, લગ્ન, સ્પર્શાસ્પર્શને લગતાં નિયમનો વધારે કડક અને સંકુચિત બન્યાં હતાં. દરેકે પોતાની જ્ઞાતિને માન્ય હોય તે જે જ્ઞાતિ સાથે ભોજનવહેવાર અને લગ્નવહેવાર રાખવો પડતો. પ્રથાનો ભંગ કરનારે જ્ઞાતિ-બહિષ્કાર જેવી સખ્ત સજા સહન કરવી પડતી. ઘણી મુશ્કેલીને અંતે પંચોની અનુમતિથી પ્રાયશ્ચિત્ત કરી બહિષ્કાર પામેલ વ્યક્તિ જ્ઞાતિમાં દાખલ થઈ શકતી.

મુસ્લિમ આક્રમણોને લીધે ગામની સર્વ જ્ઞાતિઓએ સ્વૈચ્છિક અંગસંકોચ કર્યો હતો. ગામમાં જ્ઞાતિવાર લત્તા પડી ગયા હતા. વસ્તી ગીચોગીચ રહેતી. ગીચોગીચ વસવાટને લીધે મકાનો પણ હવાઉજાસની દૃષ્ટિએ ખામીવાળાં બનતાં.

હિંદુ સમાજમાં સ્ત્રીનું સ્થાન ઘણું જ નીચે હતું. સ્ત્રીઓ મોટે ભાગે ઘરની ચાર દીવાલમાં પુરાઈ રહેતી ! આથી મોટા ભાગની સ્ત્રીઓ અભણ રહેતી અને તેથી તેમનામાં ઈર્ષ્યા, વેરઝેર, ચાડીચુગલી, કુથલી કરવી વગેરેનું પ્રમાણ વિશેષ રહેતું.

સતીપ્રથા પ્રચલિત હતી. ઘણી વિધવાઓ સામાજિક ત્રાસને લીધે સતી થવા પ્રેરાતી. ઘણી સ્ત્રીઓને સતીના નામે બાળી મૂકવામાં આવતી. બહુપત્નીત્વ અને બાળલગ્નની પ્રથા ધીરે ધીરે વ્યાપક બની હતી. સમાજમાં ઉપલા વર્ગમાં પુનર્લગ્નની પ્રથા પ્રચલિત ન હતી, પણ નીચલા વર્ગમાં પુનર્લગ્ન અને છૂટાછેડાની પ્રથા વ્યાપક પ્રમાણમાં વિસ્તરેલી હતી.

આ સમયે અસ્પૃશ્યતા ઘણા ભયંકર સ્વરૂપે વિકસી હતી. શૂદ્રોએ સવર્ણો તરફથી અનેક પ્રકારનો ત્રાસ વેઠવો પડતો. અસ્પૃશ્યોએ વસ્તીથી દૂર રહેવું પડતું, મેલું ઉપાડવું પડતું. તેઓ જાહેર ઉત્સવોમાં ભાગ લઈ શકતા નહિ. અલંકારો ધારણ કરી શકતા નહિ, પાકાં મકાનો બાંધી શકતા નહિ, જાહેર જળાશયોનો ઉપયોગ કરી શકતા નહિ, જાહેરમાં મુક્ત રીતે હરીફરી શકતા નહિ.

મુસ્લિમ સમાજ

સલ્તનતકાળ દરમિયાન ગુજરાતમાં મુસ્લિમ સત્તા સ્થાપતાં બહારથી અનેક મુસ્લિમો આવી વસ્યા હતા. તેમાં આરબો, તુર્કો, અફઘાનો, ઈરાનીઓ, પઠાણો વગેરેનો સમાવેશ થતો હતો. કેટલાકને ધર્માન્તર દ્વારા મુસલમાન બનાવવામાં આવ્યા હતા. ધર્માન્તરથી મુસ્લિમ બનેલા મુસ્લિમો સમાજમાં હલકા અને ઊતરતી કક્ષાના મનાતા. મુસલમાનોમાં પણ હિંદુઓની માફક અફઘાન, સૈયદ, કુરેશી, પરદેશી મુસલમાનો જેવા વર્ગો પડી ગયા હતા.

શરૂઆતમાં તેઓ ઈસ્લામને અનુરૂપ જીવન, પણ સમય જતાં અમીરો અને રાજદ્વારી પુરુષો વિલાસી બની ગયા. તેમનામાં નીતિનાં ધોરણો નીચાં જવા લાગ્યાં. આંતરજાતીય લગ્નોને લીધે તેમનામાંથી શુદ્ધ મુસલમાનોનું પ્રમાણ ધીરે ધીરે ઓછું થવા લાગ્યું. પરિણામે અંદરોઅંદરના ઝઘડાઓનું પ્રમાણ વધ્યું.

આ સમયે કેટલાક મુસલમાનો રાજ્યવહીવટમાં મહત્ત્વનું સ્થાન ધરાવતા, કેટલાક લશ્કરમાં મહત્ત્વનું સ્થાન ધરાવતા. ઘણા ઈસ્લામને કેન્દ્રમાં રાખી શિક્ષણ અને ધર્મપ્રચારનું કાર્ય કરતા. આ વર્ગમાં સૌથી મહત્ત્વનું સ્થાન ઉલેમાઓનું હતું. મુસ્લિમ સમાજ ઉપર ઈસ્લામના નામે કાઝીઓ અને મૌલવીઓની પકડ વિશેષ હતી.

ધર્માન્તર પામેલા મુસલમાનોમાં નાના વેપારીઓ, કારીગરો, નર્તકીઓ, વણકરો, લશ્કરી સૈનિકો વગેરેનો સમાવેશ થતો હતો. ઘણાં લોકો રાજ્યાશ્રયે જીવતા. તેઓએ ઈસ્લામ ધર્મને અપનાવ્યો હોવા છતાં તેમના હિંદુ સંસ્કારો સદંતર નષ્ટ થયા ન હતા. ધર્મને નામે મુસ્લિમોમાં શિયા અને સુન્ની એવા પંથો પડી ગયા હતા.

મુસ્લિમ સમાજમાં સ્ત્રીઓની દશા હિંદુ સ્ત્રીઓના જેવી જ હતી. પડદા પદ્ધતિ પ્રચલિત હતી. શિક્ષણનો અભાવ હતો. તેઓએ મોટે ભાગે ઘરકામમાં જ રોકાયેલા રહેવું પડતું, તેથી તેમનામાં સ્વાર્થ. ઈર્ષ્યા. વેરઝેર વગેરેનું પ્રમાણ વિશેષ હતું. આ સમાજમાં ઈસ્લામના કાયદા અનુસાર ચાર પત્નીઓ કરવાનો રિવાજ પ્રચલિત હોવાથી છૂટાછેડા અને મિલકત વગેરેને લગતા અનેક પ્રશ્નો ઉપસ્થિત થતા હતા. કારીગર વર્ગની સ્ત્રીઓ મોટે ભાગે છૂટથી હરીફરી શકતી. આ સમાજમાં અમીર વર્ગ મોભાદાર વિલાસી જીવન જીવતો અને ગરીબ વર્ગ અત્યંત ગરીબ હતો.

ખોરાક

આ સમયે ગુજરાતમાં શાકાહારી અને માંસાહારી - એમ બે પ્રકારના લોકો વસતા હતા. હિંદુઓ મોટે ભાગે શાકાહારી હતા. સાગરકિનારે વસતી પ્રજાનો વિશાળ વર્ગ મત્સ્યાહારી હતો. મુસ્લિમો શાકાહારી અને માંસાહારી હતા. પ્રજાનો સામાન્ય વર્ગ ખર્ચાળ ભોજન લઈ શકતો નહિ. ઉપલા વર્ગના લોકો ખોરાકમાં અનાજ, લીલાં શાકભાજી, ફળફળાદિ, ઘી, દૂધ, દહીં, છાશ, માખણ વગેરેનો ઉપયોગ કરતા. મુસલમાનો માંસની વિવિધ વાનગીઓનો ઉપયોગ કરતા, ખીચડી સામાન્ય વર્ગનું પ્રિય ભોજન હતું. ભોજન વખતે શરાબ લેવાની પ્રથાનો અભાવ હતો.

પંદરમી સદીથી સત્તરમી સદી દરમિયાન લખાયેલાં જમણવાર પરિધાન વિધિ, ભોજન વિચ્છિતિ, વીરભોજન વર્ણક, અહોશ્યાલક બોલી વગેરે વર્ણકોમાં તત્કાલીન સમયે થતાં સમૂહભોજન અને તેમાં પીરસાતી વિવિધ વાનગીઓની વિગતો આપેલી છે. આ ગ્રંથો પરથી મળતી માહિતી મુજબ, સમૂહભોજનનું સ્થળ મંડપ બાંધીને શણગારવામાં આવતું. તેમાં ગાદી, ચાકળા, ચુડીયાં, ચોકીપટ વગેરે ગોઠવવામાં આવતાં. બેઠકો પર જમનારા બેસી જાય પછી ત્રાટ, વાટાં, કચોળાં વગેરે સાધનો મૂકવામાં આવતાં, ત્યાર બાદ વિવિધ વાનગીઓ પીરસાતી. સહુ પ્રથમ લીલો તેમ

જ સૂકો મેવો પીરસવામાં આવતો. ત્યાર બાદ મિષ્ટાન્ન, ભાત, દાળ, વડાં, વડી, શાક, પાપડ, સાલેવડાં, વાણા, કૂર, કરંબા અને ઘોલ પીરસાતાં. આ વાણા, કૂર, ઘોલ એ શું હશે તે સ્પષ્ટ જણાતું નથી. પણ સંભવ છે કે એ અથાણાં, કચુંબર, છાશ, ચટણી વગેરે વાનગીઓ હશે. મિષ્ટાન્ન પછી ફળો આપવામાં આવતાં. ત્યાર બાદ મુખવાસ આપવાની પદ્ધતિ સામાન્ય હતી. મુખવાસમાં તાંબુલ આપવામાં આવતું. કેશવદાસકૃત કૃષ્ણલીલા કાવ્ય, નરસિંહ મહેતાના પિતાનું શ્રાદ્ધ વગેરે કાવ્યોમાંથી મળતી વિગતો ઉપરથી જણાય છે કે સલ્તનતકાળ દરમિયાન ગુજરાતમાં ભોજન પીરસવામાં જુદી જુદી પદ્ધતિઓ પ્રચલિત હતી.

ખાવાનાં ફળો અને સૂકા મેવામાં અખોડ, ચારઉલી (ચારોળી), બદામ, પિસ્તા, અંજીર, ખારેક, દ્રાક્ષ વગેરે તથા ફળોમાં દ્રાક્ષ વગેરે તથા ફળોમાં દ્રાક્ષ, ખજૂર, ફણસ, દાડમ, નારંગી, રાયણ, કેળાં, ખડબૂજાં, સીંઘોડાં, લિંબુ, બીજોરુ, સીતાફળ વગેરેના ઉલ્લેખો મળે છે. કેળાં અને કેરી ઘણાં લોકપ્રિય ફળો હતાં.

મિષ્ટાન્નમાં ખાજાં, લાડુ, મરકી, સુંહાલી, દહીથરાં, ઘારી, સાકુલી, રોટી, બાટી, વેડમી, લપનશ્રી (લાપસી), ખાજલી, ઘેબર, ગુંજા, ઘૂઘરી, દૂધપાક, આદાપાક, કૌંચાપાક, નાળિયેર પાક, જલેબી, ખરમા, સાકરના હારડા, મગસ, શીરો, તલસાંકળી વગેરેનો ઉલ્લેખ મળે છે. મિષ્ટાન્નમાં લાડુ અતિ લોકપ્રિય હતા. જમણવાર પરિધાન વિધિ નામના વર્ણકમાં લાડુની ૩૬ જેટલી જાતો - જેવી કે અડદના, ઉસડના, કરકરી, કરહંડના, કેસરીઆ, ચુરમા, ગુંદના, ટોપરાના, ચોખાના, તલના, પિપિરીના, મુગીઆ વગેરેના ઉલ્લેખો મળે છે. (અહી થોડાંક જ નમૂનાનાં નામ આપેલ છે.)

ભાતમાં ચોખાની - જેવી કે શાલ, કમોદ, કરડીયા, કલમ, કરમ, કુંઆરી, ચંદ્રાણી, જીરાસાલ, ડાંગર, પંચશાલી વગેરે વિવિધ જાતોનો ઉપયોગ થતો. કરંબા એ ચોખાની બનાવટ હતી. તેમાં કપૂર, એલચી, દહીં વગેરેનો ઉપયોગ થતો. દાળમાં મગ, અડદ, ચણા, તુવેર, ઝાલર, વટાણા અને મસુરની દાળના ઉલ્લેખો મળે છે. વડાંમાં મોતીઆં વડાં, કાંજીવડાં, દાળિયાવડાં, ખાંડવડાં, રાઈવડાં, અડદનાં, મગની દાળનાં વડાં વગેરે વિવિધ જાતોનાં નામ મળે છે. શાકભાજીમાં ડોડી, ટીંડુરાં, વાલહુલી, ચોળાફળી, મોગરી, કઈરાં, કંકોડાં, કારેલાં, ખડબૂજાં, ચીભડાં, કાકડી,

મતીરાં. કાલીંગડાં, તાંદલજાની ભાજી, મેથીની ભાજી, મૂળાની ભાજી, અળવાની ભાજી વગેરે વિવિધ જાતો પીરસાતી. આ સિવાય અન્ય પીરસાતી વાનગીઓમાં ઢોકળાં, ઈંડરી, ખાંડવી, રાયતાં વગેરે નોંધપાત્ર છે.

ભોજન બાદ મુખવાસ માટે તાંબૂલ આપવાનો રિવાજ હતો. ગુજરાતમાં અડાગરાં, આંધીગામા, કપૂરવેલિયાં, ચેઉલી, તબકી, નાગરખંડ, નાગરવેલ, પાખરીયાં, રાજોગર માંગલુરા વગેરે વિવિધ પ્રકારની તાંબુલની જાતો પ્રચલિત હતી. પાનમાં સોપારી, લવિંગ, તજ, એલચી, તમાલપત્ર, જાયફળ, જાવંત્રી, કસ્તુરી વગેરેનો ઉપયોગ થતો.

મુસ્લિમો વારતહેવારે માંસાહાર કરતા પણ સામાન્ય રીતે તેઓ સમોસાં, ખીચડી, મિઠાઈઓ, ચોખાની વિવિધ વાનગીઓ વગેરેનો ખોરાકમાં ઉપયોગ કરતા.

પહેરવેશ

ઉપલબ્ધ વર્ણકો પરથી મધ્યકાલીન ગુજરાતમાં વપરાતાં વિવિધ વસ્ત્રોનાં નામ મળે છે. જેવાં કે અટાણ, અતલસ, અધોતરી, અમીરી, ચીનાંશુક, ઇલાઇચા, કતનીઝૂના, કથીપા, કોશેય, પોતીઆં, ધોતિયાં, ચારસા, નીલક, નીલનેત્ર, રક્તાંબર, પીતાંબર, અંગરખું, કમખો, કછોટી, કલ્હી (ટોપી), કાંચળી, ખેસ, જમાવાડી, થેપાડાં, ડગલો વગેરે. આમાં સ્ત્રીઓનાં અને પુરુષોનાં વસ્ત્રોનો સમાવેશ થતો. (વસ્ત્રો માટેની વિશેષ માહિતી માટે જુઓ - ડૉ. ભો. જે. સાંડેસરા તથા ર. ના. મહેતા-કૃત વર્ણક સમુચ્ચય-ભાગ ૨, પ્રકરણ ૨)

પુરુષો મોટે ભાગે ધોતિયું, અંગરખું, ઉપરણો, ખેસ, કુરતું, ટોપી વગેરે ધારણ કરતા. કેટલાક માથે ફેંટો પહેરતા. પાઘડીનો રંગ અને આકાર પ્રદેશને અનુલક્ષીને રહેતાં, તેથી પાઘડીના રંગ અને આકાર ઉપરથી માણસ કયા પ્રદેશનો છે તે જાણી શકાતું. પગમાં મોજડી, બૂટ વગેરે પહેરતા. ઘણા વારતહવારે રેશમી વસ્ત્રો ધારણ કરતા. ધનિકો રેશમી વસ્ત્રો ઉપર જરીનું સુંદર ભરતકામ કરાવતા.

હિંદુ સ્ત્રીઓ સાડી, કાંચડી, કબજો, ચણિયો વગેરે સંપૂર્ણપણે ઢંકાય તેવાં વસ્ત્રો ધારણ કરતી. વારતહેવારે ધનિક સ્ત્રીઓ રેશમી અને જરીભરતનાં વસ્ત્રો પહેરતી. મધ્યમ વર્ગની સ્ત્રીઓ સુતરાઉ વસ્ત્રો ધારણ કરતી. મખમલ અને પટોળાં એ અમીર

વર્ગની સ્ત્રીઓનાં માનીતાં વસ્ત્રો હતાં. પાટણનાં પટોળાં જગમશહૂર હતાં.

મુસ્લિમ સ્ત્રીઓ પાયજામો, અડધી બાંયનું કુરતું અને દુપટ્ટો ધારણ કરતી. અમીર વર્ગની સ્ત્રીઓ રેશમી અને જરીભરતનાં વસ્ત્રો પહેરતી. પડદા પદ્ધતિ પ્રચલિત હતી.

અલંકાર

આ સમયે ગુજરાતમાં સ્ત્રીઓ અને પુરુષો બંનેય અલંકારોનાં શોખીન હતાં. હિંદુઓમાં સોનું, રૂપું, હીરા, માણેક, મોતી વગેરેના વિવિધ દાગીનાઓ પહેરવાનો શોખ હતો. સામાન્ય વર્ગના લોકો ચાંદીના ઘરેણાં પહેરતાં.

હિંદુ પુરુષો સ્ત્રીઓ જેટલા અલંકારો ધારણ કરતા ન હતા. તેઓ ફક્ત કાને વાળી, હાથે વીંટી, કંઠમાં હાર ધારણ કરતા. ઘણા અમીરો કસબી ભરતની પાઘડી પહેરતા.

હિંદુ સ્ત્રીઓમાં રાયણમાળા, બોરમાળા, સાંકળી, ટૂંપીઓ, ચંદનહાર, કેડનો કંદોરો, પગનાં ઝાંઝર વગેરે ઘરેણાં પ્રચલિત હતાં. મુસ્લિમ સ્ત્રી-પુરુષોનો મોટો વર્ગ નંગના, ચાંદીનાં ઘરેણાંનો વધારે પ્રમાણમાં ઉપયોગ કરતો.

મુસ્લિમ આક્રમણોને લીધે હિંદુઓમાં મોટા ભાગના લોકો સામાન્ય કક્ષાના અલંકારો ધારણ કરતા કે જેથી તેમની ધનિકતા મુસ્લિમોને નજરે ન પડે !

રીતરિવાજ

સમાજમાં પુત્રજન્મનો ઉત્સવ મનાતો. કન્યાનો જન્મ અપ્રિય મનાતો ! બાળકને ઇષ્ટદેવને પગે લગાડવું, નામકરણ કરવું જન્મદિવસ, સીમંતસંસ્કાર વગેરે પ્રસંગો ઘણી ધામધૂમથી અને ધાર્મિક વિધિથી ઉજવાતા.

લગ્નો સામાન્ય રીતે ધાર્મિક વિધિસર થતાં. તેમાં મંત્રોચ્ચાર, પાણિગ્રહણ, મંગળફેરા, સપ્તપદી વગેરેનું મહત્ત્વ વિશેષ હતું. દહેજની આપલેની બાબતમાં જ્ઞાતિનાં પંચોની પકડ વિશેષ હતી. લગ્નો જ્ઞાતિજનોની હાજરીમાં થતાં. કન્યાવિક્રયનું દૂષણ દરેક જ્ઞાતિમાં હતું. સમાજમાં એકપત્નીત્વ, બહુપત્નીત્વની પ્રથા પ્રચલિત હતી.

મુસ્લિમ સમાજમાં લગ્નો કાઝીની હાજરીમાં થતાં. અહીં પણ કુરાનના આદેશ અનુસાર ધાર્મિક વિધિને મહત્ત્વ આપવામાં આવતું. આ સમાજમાં છૂટાછેડા, દહેજ, વગેરે સામાન્ય હતાં. અહીં લગ્નસંસ્કાર એક કરારનામું હતું. જ્યાં સુધી કરારનું પાલન થતું, ત્યાં સુધી લગ્નસંબંધ ટકતો. મુસ્લિમો એકીસાથે ચાર સ્ત્રી સાથે લગ્ન કરી શકતા, પણ મુસ્લિમ સ્ત્રી ફક્ત એક જ પુરુષ સાથે લગ્ન કરી શકતી. છૂટાછેડા લીધા-બીજા સાથે લગ્ન કરી શકતી.

સ્ત્રીઓની સ્થિતિ બંને સમાજોમાં દયાજનક હતી. તેમાં અજ્ઞાનતા અને અંધશ્રદ્ધા વિશેષ હતાં. બાળલગ્ન, સતીપ્રથા, જાહેર કન્યાવિક્રય, બાળકીને દૂધ પીતી કરવી વગેરે દૂષણો પ્રચલિત હતાં. આ પ્રથા કેટલેક અંશે મુસ્લિમ આક્રમણોને આભારી હતી.

અંત્યેષ્ટિક્રિયા

હિંદુ અને મુસ્લિમ સમાજોમાં ચાલી આવતી પ્રણાલિકા પ્રમાણે મરણોત્તર ક્રિયાઓ થતી. હિંદુઓ શબને બાળતા અને મુસ્લિમો શબને દાટતા. હિંદુઓમાં શબદહન કર્યા બાદ ધર્મશાસ્ત્રો અને જ્ઞાતિના રિવાજો પ્રમાણે ધાર્મિક વિધિ થતી. મુસ્લિમોમાં શબને દફનાવતી વખતે શબનું મુખ કાબા તરફ રાખવામાં આવતું.

ગુલામીની પ્રથા

સલ્તનતકાળ દરમિયાન ગુજરાતમાં ધનિકો, અમીરો, સુલતાનો વગેરે ગુલામો રાખતા. જેઓ ઘરકામ, ખેતી, કારખાનાં વગેરેમાં કામ કરતા. મુસ્લિમ રાજવીઓના જનાના ઉપર ગુલામોનું વર્ચસ્વ રહેતું. જો ગુલામ માલિકને ખુશ કરે તો તેને ગુલામીમાંથી મુક્તિ પણ મળતી. માલિક આયાઝ શરૂઆતમાં ગુલામ હતો, પણ તેણે બાદશાહ મહમૂદ બેગડાને યુદ્ધમાં પરાક્રમથી ખુશ કરી ગુલામીમાંથી મુક્તિ મેળવી હતી અને બાદશાહનો માનીતો સરદાર બન્યો હતો. પણ આવું દરેક ગુલામની બાબતમાં બનતું નહિ. યુદ્ધમાં પકડેલા કેદીઓને ગુલામ તરીકે વેચવામાં આવતા.

દેવદાસી

ગુજરાતમાં સોમનાથ મંદિરમાં તેમ જ બીજા કેટલાંક નાનાંમોટાં મંદિરોમાં દેવદાસીની પ્રથા અસ્તિત્વમાં હતી. આ દેવદાસી એ ધાર્મિક વેશ્યાનું સ્વરૂપ હતું.

તે સ્વેચ્છાએ સમાજના કોઈ યુવાન સાથે લગ્ન કરી શકતી નહિ. રાજાઓ, મહારાજાઓ, પુરોહિતો અને ધનિકો નૃત્ય અને સંગીતના બહાને તેમનો ઉપભોગ કરતા.

ગણિકાગૃહો

મુસ્લિમ આક્રમણોને પરિણામે અનેક બેઘર બની હતી, તેના પરિણામે ગુજરાતની રાજધાનીમાં તેમ જ અન્ય શહેરોમાં ગણિકાગૃહો અસ્તિત્વમાં આવ્યાં હતાં. આવાં ગૃહોને મોટા અધિકારીઓ, રાજવીઓ, ધનિકો વગેરે તરફથી પોષણ મળતું. આ સ્થળોએ નાનામોટા ગુનાઓનું પ્રમાણ વિશેષ રહેતું.

માન્યતા અને વહેમો

સમાજના બધા જ વર્ગોમાં વિવિધ પ્રકારના વહેમો અને માન્યતાઓ પ્રચલિત હતાં. લોકો પ્રારબ્ધવાદી હતા. શુભ કાર્યોની શરૂઆત શુભ મુહૂર્તથી થતી. કન્યાના માબાપ દીકરીના ઘરનું પાણી પણ પીતા નહિ !

લોકોમાં બાળકને નજર લાગવી, અંગ ફરકવું, ભૂતપ્રેત વળગવું વગેરે જેવા ઘણા વહેમો પ્રચલિત હતા. ઘણા મેલી વિદ્યાના ઉપાસકો હતા. હિંદુઓ અને મુસલમાનો બંને વિવિધ પ્રકારનાં કાર્યોની સિદ્ધિ માટે તાવીજોનો ઉપયોગ કરતા. દોરા-ધાગા, મંત્રતંત્ર વગેરેનું સમાજ ઉપર વિશેષ પ્રભુત્વ હતું. સમાજમાં સારા-નરસા શુકન જોવાની પ્રથા હતી. વિધવા સ્ત્રી અપશુકનિયાળ મનાતી. કૂતરાનું રુદન, બિલાડી આડી ઊતરવી વગેરેને અપશુકન માનવામાં આવતા. વશીકરણ કરવા માટે વિવિધ રીતે મંત્રતંત્રના પ્રયોગો થતા.

ટૂંકમાં, સમાજ વિવિધ પ્રકારની માન્યતાઓ, અજ્ઞાનતા, અંધશ્રદ્ધા વગેરે દૂષણોથી ઘેરાયેલો હતો.

આનંદપ્રમોદ અને ઉત્સવો

દરેક સમાજમાં મનોરંજનની આવશ્યકતા હોય છે. હિંદુ અને મુસ્લિમ સમાજોમાં મનોરંજન માટે વિવિધ પ્રકારના ઉત્સવો ઉજવાતા. અમીરો મદ્યપાન, જુગાર, શતરંજ, ચોગાનની રમતો, ઘોડેસ્વારી, કુસ્તી, પ્રાણીઓની સાઠમારી વગેરે

દ્વારા આનંદ મેળવતા. તહેવારના દિવસોએ તીર્થસ્થળોમાં મેળાઓ ભરાતા. અહીં વિશાળ માનવસમુદાય એકત્ર થતો.

ટૂંકમાં, સામાન્ય રીતે જોતાં જણાય છે કે ગુજરાતમાં સલ્તનતકાલીન સમાજ જ્ઞાતિપ્રથા, દહેજ, કન્યાવિક્રય, સતીપ્રથા, બાળલગ્ન, ખોટા વહેમ વગેરે દૂષણોથી ઘેરાયેલો હતો. હિંદુ સમાજ ઉપર મુસ્લિમ આક્રમણોની ઘણી જ ખરાબ અસર થઈ હતી.

આર્થિક સ્થિતિ

ભારત એ ખેતીપ્રધાન દેશ છે. તેમાં ગુજરાતનું સ્થાન વિશિષ્ટ પ્રકારનું છે. પ્રાચીનકાળથી ગુજરાતમાં ખેતી અને વેપારને મહત્ત્વ આપવામાં આવ્યું છે.

સલ્તનતકાળની શરૂઆતમાં લખાયેલા 'નાભિનંદનોદ્ધાર પ્રબંધ'માં ગુજરાતનું વર્ણન કરતાં કક્કસૂરિ જણાવે છે કે ગુજરાતનું વર્ણન તો હજારો જીભવાળો પણ ન કરી શકે, છતાં પણ જો એનું વર્ણન કરવું હોય તો કહેવાય કે આ દેશની ભૂમિ સર્વ પ્રકારનાં ધાન્ય - જેવાં કે મગ, તુવેર, અડદ, ઘઉં, ચોખા, જુવાર વગેરે ઉત્પન્ન કરવા સમર્થ છે. ત્યાંની કૂવાની જમીનમાં પુષ્કળ પાણી હોય છે. ત્યાં અનેક પ્રકારનાં ફળો તથા ફૂલો થાય છે. ગુજરાતના વેપારીઓ ઘણાં બંદરોમાં પોતાનો વેપાર ખેડે છે અને અઢળક ધન પોતાના દેશમાં લાવે છે. ગામેગામ અન્નક્ષેત્રો છે. આ દેશના લોકો કસુંબાના અને મજીઠના રંગથી રંગાયેલાં અને ઊંચી જાતના વણાટવાળાં ભાતભાતનાં કપડાં પહેરે છે. આ પ્રદેશમાં આવેલાં ગામડાં અતિશય વૈભવવાળાં છે.

આમ, સલ્તનતકાળ દરમિયાન ગુજરાત આર્થિક રીતે એક સમૃદ્ધ દેશ હતો. તેની આર્થિક સ્થિતિ વિશેની માહિતી 'મિરાતે અહમદી' જેવા સમકાલીન સાહિત્ય, અભિલેખો અને પ્રવાસીઓની નોંધપોથીઓ વગેરેમાંથી મળે છે. સલ્તનતકાળની ગુજરાતની આર્થિક સ્થિતિનું અવલોકન કરવા સમગ્ર વિભાગને (૧) ખેતી, (૨) ઉદ્યોગ અને (૩) વેપાર-એમ ત્રણ ભાગોમાં વહેંચવો જરૂરી છે.

ખેતી

ગુજરાતમાં મુસ્લિમ આક્રમણોને લીધે ચારે બાજુ શરૂઆતમાં બરબાદી સર્જાઈ હતી. અનેક ખેતરો રોળાઈ ગયાં હતાં, પણ ગુજરાતના સ્વતંત્ર સલ્તનતના

સુલતાનોએ રાજ્યમાં ધીરે ધીરે શાંતિ સ્થાપતાં ખેડૂતોએ રાહતનો દમ ખેંચ્યો. એ જમાનો સમૃદ્ધિ અને સોંઘવારીનો હતો. ઘઉં, ચોખા, જવ, જુવાર, ચણા, કપાસ, વિવિધ ફળો વગેરેનો પાક વિપુલ પ્રમાણમાં ઊતરતો. અનાજ ઘણું સસ્તું હતું. ઘઉં આઠ જિતલના એક મણ અને ચણા ચાર જિતલના એક મણ મળતાં. આમ ખેડૂતો ખેતી દ્વારા મબલક પાક લેતા, પણ અવાર-નવાર યુદ્ધો થતાં હોવાથી ખેતીને ઘણું જ નુકસાન થતું હતું.

ઉદ્યોગ

ગુજરાતમાં કપાસ સારા પ્રમાણમાં થતો હોઈ પ્રાચીનકાળથી ગુજરાતમાં કાપડનો ઉદ્યોગ વિકસ્યો હતો. ગુજરાતના કાપડ ઉદ્યોગની કીર્તિ ઈરાન, રોમ, સિરિયા વગેરે દેશોમાં ફેલાયેલી હતી. ગુજરાતની છીંટો, જરીનું કાપડ, રેશમી કાપડ વગેરે દૂર દેશાવરમાં પ્રખ્યાત હતાં. અમદાવાદ અને ખંભાત આ ઉદ્યોગનાં મોટાં કેન્દ્રો હતાં. ખંભાતની બદામી ગરભી, મંજુડી, ગુલમાર, ચાદર, લુંગી વગેરે જાતો આફ્રિકાના દેશોમાં ઘણી જ લોકપ્રિય હતી. આ ઉદ્યોગો મોટે ભાગે સાળવી, કણબી અને વણકર કુટુંબોના હાથમાં હતા. આ સર્વ ઉદ્યોગોને અમદાવાદ દ્વારા પોષણ મળતું.

સુતરાઉ કાપડ ઉદ્યોગ જેવો રેશમી કાપડ બનાવવાનો ઉદ્યોગ અમદાવાદમાં વિકસ્યો હતો. રેશમી કાપડ માટે ગુજરાતનું પાટનગર અમદાવાદ ભારતમાં સર્વોપરી મનાતું. અમદાવાદમાં એક વખતે ઘેર ઘેર રેશમના કાળકા હતા. અહીંના જેવો રંગ રેશમી કાપડ ઉપર બીજે ક્યાંય નહિ. પરદેશમાં અમદાવાદના કાપડ માટે પડાપડી થતી.

એ જ પ્રમાણે અમદાવાદમાં કિનખાબ, મખમલ, છીટ, બાંધણી, ગાલીચા, તારકસબ, રંગાટીકામ વગેરે ઉદ્યોગો વિકસ્યા હતા.

આ ઉપરાંત, ખંભાતમાં અકીક ઉદ્યોગ અને મીઠું પકવવાનો ઉદ્યોગ વિકસ્યા હતા. આ સમયે ગુજરાતનાં મહત્ત્વનાં બંદરોએ વહાણ બાંધવાનો ઉદ્યોગ મોટા પ્રમાણમાં ચાલતો. વસઈ અને કચ્છી બનાવટનાં વહાણો પરદેશમાં પડાવ, નાયડા, કોટિયા વગેરે નામે પ્રખ્યાત હતાં. વલસાડનાં જંગલોમાંથી વહાણ બાંધવાનું વલસાડી

સાગ નામનું ઉત્તમ લાકડું મળતું. આ ઉદ્યોગથી હજારો કુટુંબોને પોષણ મળતું. વહાણોમાં પડાવ, નાયડા, કોટિયા, બતેલા, બગલા,ગંજા વગેરે પ્રકારો હતા. આ સાથે મકાનો બાંધવાનો ઉદ્યોગ, લોખંડનાં ઓજારો બનાવવાનો ઉદ્યોગ તેમ જ બીજા નાનામોટા ઉદ્યોગો- જેવા કે સોનાચાંદીનાં ઘરેણાં બનાવવાનો, માછલાં પકડવાનો, તાળાં બનાવવાનો, હાથીદાંતની ચૂડીઓ, રમકડાં, જરીના તાર, વરખ, ઘોડાનો સામાન વગેરે બનાવવાના ઉદ્યોગો વિકસ્યા હતા. આ સર્વ ઉદ્યોગોએ અવારનવાર યુદ્ધ તેમ જ રાજકીય અશાંતિને લીધે ઘણું જ સહન કરવું પડતું, તેથી કારીગરો મુક્તપણે કામ કરી શકતા નહિ.

વેપાર

આ સમયે અમદાવાદ, ખંભાત, સુરત વગેરે વેપારનાં મોટાં કેન્દ્રો હતાં. અહીં માલ વેચવા માટે જુદાં જુદાં બજાર હતાં. રાજ્ય તરફથી તેમના ઉપર દેખરેખ રાખવામાં આવતી. સુરત અને ખંભાત બંદરેથી પુષ્કળ માલ પરદેશી આયાત થતો અને પરદેશમાં નિકાસ થતો. આ સમયે કાપડ, ઝવેરાત, સોનું, ચાંદી વગેરેનો મોટો વેપાર ચાલતો. ઘણા માલના ખાસ કરીને દારૂગોળો, સીસું, સુરોખાર વગેરેના રાજ્ય તરફથી ઈજારા લેવા પડતા.

રાજ્યમાં જુદાં જુદાં વેપારી મહાજનો હતાં. પરદેશો સાથે ગુજરાત મોટા પાયા પર વેપારી સંબંધો ધરાવતું હતું. ગુજરાતમાં અઢળક દોલત બહારથી આવતી હતી.

આ સમયે ગુજરાતના સાગર કિનારે વસઈ, મગદલ્લા, રાંદેર, સુરત, દમણ, દીવ, ભરૂચ, ખંભાત, કાવી, ગંધાર, ઘોઘા વગેરે નોંધપાત્ર બંદરો હતાં. ગુજરાત એ મક્કાનું દ્વાર ગણાતું. આથી ઘણા પરદેશીઓ ગુજરાતના સાગર કિનારે પોતાનાં વેપારી કેન્દ્રો સ્થાપવા તલસી રહ્યા હતા. આના જ પરિણામે ફિરંગીઓ અને ગુજરાતનાં સુલતાનો વચ્ચે ભયંકર યુદ્ધ ખેલાયાં હતાં. ગુજરાતે પોતાનો મજબૂત નૌકાકાફલો રાખવો પડતો. આ સર્વ બંદરોએથી ગુજરાતનો વેપાર ધમધોકાર ચાલતો. આ સમયે ગુજરાતનાં વેપારી વહાણોએ ચાંચિયાઓનો ભયંકર ત્રાસ સહન કરવો પડતો.

મહમૂદ બેગડાના સમયમાં ગુજરાતનું વહાણવટું, નૌકાસૈન્ય તેમ જ દરિયાઈ વેપાર ખૂબ વિકસ્યા હતા. મહમૂદ બેગડાના સુરતના હાકેમ માલિક ગોપી, મલિક અયાઝ અને બહાદુરશાહે અનેક ચાંચિયાઓની તાકાતને તોડી નાખીને વેપારને સુરક્ષિત બનાવ્યો હતો. સિકંદર લોદી જેવો દિલ્હીનો સુલતાન પણ કહેતો કે ગુજરાતના સુલતાનોની આબાદી તેમના તાબાનાં ૮૪ બંદરોને આભારી છે.

આયાત-નિકાસ

આ સમયે ગુજરાતમાં આયાત થતા માલમાં ઘોડા સોપારી, ગુલાબજળ, પિસ્તા, કિસમિસ, દ્રાક્ષ, સોનું, રૂપું, તાંબુ, સુરમો વગેરેનો સમાવેશ થતો. અરબી ઘોડાની માગ દેશભરમાં પુષ્કળ રહેતી. તે અરબસ્તાનના દેશોમાંથી આવતા. સોપારી મલબારથી આવતી.

ગુજરાતનાં વિવિધ બંદરોએથી કાપડ, સૂંઠ, કપાસ, ગૂગળ, ખાંડ, અકીકની બનાવટો, ગળી, બારીક રેશમી કાપડ, ચામડું વગેરેની નિકાસ થતી.

કરવેરા

આ સમયે રાજ્યની આવક જમીનમહેસૂલ મારફતે સારા પ્રમાણમાં થતી. ગુજરાતમાં બાદશાહ અહમદશાહે વાંટા પદ્ધતિ દાખલ કરીને મહેસૂલનું માળખું સરળ બનાવ્યું હતું. રાજ્યમાં બંદરો ઉપર જકાત લેવાતી તેમ જ અન્ય લાગા ઉઘરાવાતા. કેફી પીણાં, દારૂગોળો વગેરે વેચવાના રાજ્ય તરફથી ઇજારા લેવા પડતા.

આમ, ગુજરાતની સલ્તનતકાળની સ્થિતિનું અવલોકન કરતાં જણાય છે કે તે સમયે અનાજ ઘણું સસ્તું હતું. સમગ્ર કાળ સોંઘવારી અને સમૃદ્ધિનો હતો. ગુજરાતના સાગરકાંઠે પરદેશથી અઢળક દોલત ઠલવાતી. પરિણામે બાદશાહો પાસે અઢળક દ્રવ્ય એકઠું થયું હતું. તેમ છતાં અવારનવાર થતાં યુદ્ધોથી આર્થિક સ્થિતિ પર ઘણી વિપરીત અસર પડતી હતી. ઘણા વેપારીઓને નુકસાન સહન કરવું પડતું હતું.

ધાર્મિક સ્થિતિ

સોલંકીકાળ દરમિયાન ગુજરાતમાં બ્રાહ્મણ ધર્મના શૈવ, વૈષ્ણવ, શાકત, સૌર વગેરે સંપ્રદાયો વ્યાપક પ્રમાણમાં વિસ્તરેલા હતા. તેમણે અન્ય ધર્મો તરફ સદ્ભાવ અને સહિષ્ણુતા કેળવ્યાં હતાં. પરિણામે પ્રજામાં ધાર્મિક ઝઘડાઓનો અભાવ હતો. વાઘેલા-સોલંકીકાળના અંત સમયમાં ગુજરાતમાં મુસ્લિમ આક્રમણો વધ્યાં અને ગુજરાતમાં મુસ્લિમ સત્તાની સ્થાપના થતાં દરેક મુસ્લિમ રાજવી ઈસ્લામના પ્રસારને કેન્દ્રમાં રાખી પોતાની સત્તા વિસ્તારતો હતો. આના પરિણામે અનેક હિંદુ મંદિરોનો નાશ થયો. પ્રજા ઉપર ધાર્મિક અંકુશો વધવા લાગ્યા. ધર્માન્તર પ્રવૃત્તિ વધી. હિંદુઓ ઉપર ખાસ પ્રકારના કરવેરા લાદવામાં આવ્યા! ઈસ્લામના પ્રસાર માટે રાજ્યમાં અલાયદી વ્યવસ્થા કરવામાં આવી.

સોલંકીકાળમાં શૈવ સંપ્રદાય રાજ્યાશ્રય પામીને ગુજરાતમાં વ્યાપક પ્રમાણમાં વિસ્તર્યો હતો, તેમાં ઓટ આવવા લાગી. અનેક શૈવ મંદિરોનો નાશ થતાં તેમની સાથે સંકળાયેલા શૈવ મઠો પણ નાશ પામ્યા. પરિણામે શૈવ ધર્મનો પ્રભાવ ઓછો થવા લાગ્યો. તેનું મૂળ સ્વરૂપ ધીરે ધીરે બદલાવા લાગ્યું. પાશુપત સંપ્રદાયની જટિલ વિધિઓ અદૃશ્ય થવા લાગી.

શિવ તેજહીન દેવ મનાવા લાગ્યા, સાહિત્યમાં ઉપહાસને પાત્ર બન્યા. 'કાન્હડદે-પ્રબંધ'માં તેનો કવિ પદ્મનાભ અલ્લાઉદ્દીન ખીલજીએ સોમનાથનું મંદિર ભાંગ્યું તે સમયનું વર્ણન કરતાં લખે છે કે....

"આગળ રુદ્ર ઘણા કોપાનલ દૈત્ય સરવતે ભાળ્યા,
પૂણ્ય પૃથ્વીમાં તે વરતાવ્યું દેવ લોકભય ટાળ્યા.
બળિયો ત્રિપુરાસૂર તેં કણિયો વા વેગે જે મનુષ્ય,
પદ્મનાભ પૂછે સોમૈયા ! ક્યાં ગયું તારું ત્રિશૂળ ?"

લગભગ પંદરમા શતક પછી ગુજરાતમાંથી પાશુપત સંપ્રદાયનો સદંતર લોપ થયો. કેટલેક ઠેકાણે નાથ સંપ્રદાય દેખાવા લાગ્યો. સાદો શૈવ ધર્મ પૌરાણિક શિવભક્તિના સ્વરૂપમાં જીવંત રહ્યો હતો. શિવ હવે ભોળાનાથ, ભોળાશંભુ તરીકે

ઓળખાવા લાગ્યા. રાજપૂતો યુદ્ધમાં ભોળાનાથના નામે 'જયભોલા', 'હરહર મહાદેવ'ના નાદ ગજાવવા લાગ્યા.

આ સમયે 'સોમનાથ' ઉપર અનેકવાર આક્રમણ થયેલા તેમ છતાં નાગનાથ, ભૂતનાથ, સારણેશ્વર ભીડભંજન, નીલકંઠ, સિદ્ધનાથ, શંખેશ્વર વગેરે ૪૦ થી ૫૦ જેટલાં શિવાલયો બંધાયેલાં એમ ઉપલબ્ધ શિલાલેખો પરથી જાણવા મળે છે. સમય જતાં પંદરમી સદીમાં સોમનાથનો જીર્ણોદ્ધાર થયો. તીર્થધામ તરીકે સોમનાથનું મહત્ત્વ ટકી રહ્યું હતું. આ સમયનાં શિવાલયો સોલંકીકાળનાં શિવાલયોની સરખામણીએ સામાન્ય કક્ષાનાં હતાં. મુસ્લિમ આક્રમણોને લીધે ભવ્ય શૈવ મંદિરો અને પાશુપત મઠોનો લોપ થયો હતો.

આ સમયે ધીરે ધીરે શિવના નામે લિંગપૂજા એટલે કે શિવલિંગની પૂજાનો મહિમા વધવા લાગ્યો અને પૌરાણિક શિવભક્તિરૂપે શૈવ ધર્મ ટકી રહ્યો હતો. ગુજરાતનાં નાનાંમોટાં અનેક ગામોમાં આવેલાં શિવાલયોમાં ગર્ભગૃહની મધ્યમાં શિવલિંગ અને તેની દીવાલમાં પૂર્વાભિમુખ પાર્વતીની પ્રતિમા સ્થપાયેલી જોવા મળતી. તે સાથે નંદી, ગણેશ, હનુમાન વગેરે દેવોની પ્રતિમાઓ ગર્ભગૃહની બહાર સ્થાપવામાં આવતી. શિવલિંગની સાથે તે સર્વની પણ પૂજા થતી. દરેક શુભ કાર્યમાં આરંભે ગણેશનું પૂજન કરવામાં આવતું. શિવના પ્રિય વાહન નંદીનો ઉલ્લેખ સલ્તનતકાલીન અભિલેખોમાંથી મળે છે.

શૈવ ધર્મની ગુજરાતના સમાજજીવન પર અસર

ગુજરાતમાં હિંદુ સમાજની વિવિધ જ્ઞાતિઓનાં મનુષ્યનામો, સ્થળનામો, તહેવારો વગેરેમાં શૈવ ધર્મની અસર વર્તાય છે. ગુજરાતના બ્રાહ્મણોનો વિશાળ વર્ગ શૈવ સંપ્રદાયનો અનુયાયી છે. ઘણા આભિષેક દ્વારા આજીવિકા મેળવતા. સમાજમાં રુદ્રાભિષેક, મહામૃત્યુંજયના જાપ, લઘુરુદ્ર વગેરેનું મહત્ત્વ આજે પણ વર્તાય છે. બ્રાહ્મણો ઉપરાંત બીજી અન્ય જ્ઞાતિઓ - જેવી કે ક્ષત્રિયો, સલાટ, સોની, ચારણ, તરગાળા વગેરેના ઇષ્ટદેવ શિવ હોય છે.

સમાજમાં કેટલાંક પ્રચલિત મનુષ્યનામો ઉપર શૈવ ધર્મની અસર વર્તાય છે. દા.ત., કેદારનાથ, શંકરલાલ, શિવશંકર, રુદ્રસિંહ, ઉમાકાન્ત, ગણપતિશંકર વગેરે

વર્તમાન સમયમાં પણ કેટલાંક શૈવનામો અર્વાચીન સ્વરૂપે પ્રચલિત છે. દા.ત., આસુતોષ, હરકાન્ત, મહેશ, યોગેન્દ્ર, ઉમેશ, ઉમા, અન્નપૂર્ણા, ગૌરી વગેરે.

ગુજરાતનાં ઘણાં સ્થળનામો પર પણ શૈવ સંપ્રદાયની અસર વર્તાય છે. દા.ત., સોમનાથ, બીલેશ્વર, ઝાડેશ્વર, થાણેશ્વર, ભવનાથ વગેરે.

ઘણી બ્રાહ્મણજ્ઞાતિઓ ભોજન વખતે અને ક્ષત્રિયો યુદ્ધમાં 'હર હર મહાદેવ'ના નાદ ગજવતા હોય છે. ઘણા બ્રાહ્મણો પોતાનાં વસ્ત્રો પર 'ૐ નમઃ શિવાય' મંત્ર છપાવતા હોય છે. ઘણાં શિવાલયોમાં ગવાક્ષમાં શિવનાં વિવિધ સ્વરૂપોની પ્રતિમાઓ જોવા મળે છે. શ્રાવણ માસમાં અનેક ગામોમાં શિવપુરાણની કથાઓ વંચાય છે. કેટલેક ઠેકાણે માટીનાં તો કેટલેક ઠેકાણે ઘીનાં શિવલિંગ બનાવી પૂજા થાય છે.

હિંદુ સમાજમાં શિવરાત્રી, શ્રાવણ માસ, ગૌરીવ્રત વગેરે તહેવારો શૈવ સંપ્રદાયને અનુલક્ષીને ઉજવાય છે.

શાકત સંપ્રદાય

શિવ સંપ્રદાયની સાથે સાથે આ સમયે ગુજરાતમાં શક્તિપૂજાનો પ્રચાર વ્યાપક પ્રમાણમાં થયો હતો. ગુજરાતમાં સલ્તનતકાળ દરમિયાન જાણીતાં શક્તિપીઠો જેવાં કે અંબાજી, કાલિકા (પાવાગઢ), બાલા ત્રિપુરા (બહુચરાજી) વગેરે મહત્ત્વનું સ્થાન ધરાવતાં હતાં. અનેક લોકો શક્તિની ઉપાસના અર્થે આ સ્થળોએ જતા. ગુજરાતનાં એ જાણીતા તીર્થધામ બન્યાં હતાં. આ ઉપરાંત નાનામોટા દરેક ગામમાં એકાદ માતાજીનું મંદિર તો સ્થપાયેલું હતું જ. ઘણા અભિલેખોમાં શરૂઆતમાં માતાજીની સ્તુતિના શ્લોકો લખાયેલા જોવા મળે છે. ધીરે ધીરે ગુજરાતમાં દેવીપૂજાનું મહાત્મ્ય વધવા લાગ્યું હતું. લોકો ધાર્મિક માન્યતાઓથી પ્રેરાઈને શીતળાની પૂજા કરતા. વાર- તહેવારે નવચંડી જેવી ક્રિયાઓ કરતા. ચંડીપાઠ કરાવતા. નવરાત્રીનું પર્વ ધામધૂમથી ઊજવતા. ઘણી વાર મુસ્લિમોના ભયને લીધે લોકો નિર્ભયતાથી ધાર્મિક તહેવારો ઊજવી શકતા ન હતા.

ઘણે ઠેકાણે શ્રી (લક્ષ્મી) અને સરસ્વતીની પૂજા થતી, પણ જાહેરમાં તેનો બહુ પ્રચાર ન હતો.

વૈષ્ણવ સંપ્રદાય

આ સમયે શૈવ અને શાક્ત સંપ્રદાયની સાથે સાથે વૈષ્ણવ સંપ્રદાયનો પ્રચાર વધ્યો હતો. જાહેર મંદિરોની અવદશા જોઈ વૈષ્ણવોએ હવેલી મંદિરોની રચના કરવા માંડી હતી. ઉપલબ્ધ અભિલેખો પરથી જાણવા મળે છે કે ઘણાં સ્થળોએ વાવ, કુંડ જેવાં જળાશયોમાં વિષ્ણુ (નારાયણ)ની પ્રતિમાઓ સ્થાપવામાં આવી હતી મહુવાના લક્ષ્મીનારાયણ મંદિરના વિ.સં. ૧૫૦૦ (ઈ.સ. ૧૪૪૪)ના લેખમાં જણાવ્યું છે કે ત્યાંના એક ધનિકે લક્ષ્મી સહિત જલશાયી વિષ્ણુની પ્રતિમા પધરાવી હતી. વિ.સ. ૧૫૫૫ (ઈ.સ. ૧૪૯૯)ના અડાલજની વાવના લેખમાં દંડાહીના રાજાને ભાગવત-પ્રધાન તરીકે ઓળખાવ્યો છે. અન્ય અભિલેખોમાંથી આ સમયે માધવરુકિમણી, લક્ષ્મીનારાયણ, બલરામ-રેવતી, દ્વારકાધીશ, નરસિંહ વગેરેનાં મંદિરો બંધાયાના ઉલ્લેખો મળે છે. કેટલાક અભિલેખોમાં આરંભમાં વિષ્ણુની સ્તુતિ કરાયેલી છે.

ઉપલબ્ધ સર્વ આભિલેખિક આધારો પરથી જણાય છે કે સલ્તનતકાળ દરમિયાન ગુજરાતમાં શૈવ સંપ્રદાયની સાથે સાથે વૈષ્ણવ સંપ્રદાય પ્રચલિત થયો હતો. મોટા ભાગનાં મંદિરોમાં ત્રિવિક્રમ-વિષ્ણુની પ્રતિમા સ્થાપવામાં આવતી. દ્વારકા મહત્ત્વનું વૈષ્ણવ તીર્થ મનાતું. સલ્તનતકાળ દરમિયાન ધાર્મક સંઘર્ષ ચાલતો હોવા છતાં વૈષ્ણવ સંપ્રદાય જીવંત રહ્યો હતો.

વૈષ્ણવ સંપ્રદાયની સમાજજીવન પર અસર

વૈષ્ણવ સંપ્રદાયની અસર ગુજરાતની વાણિયા, પાટિદાર, ભાટિયા, લોહાણા વગેરે કોમો ઉપર વ્યાપક પ્રમાણમાં વર્તાય છે. સમાજમાં વારતહેવારે વિષ્ણુપૂજા સાથે વિષ્ણુના દસ અવતારોની પૂજા થાય છે. વિષ્ણુના ત્રિવિક્રમ સ્વરૂપની અનેક પ્રતિમાઓ ગુજરાતમાંથી મળે છે. વિષ્ણુની ભક્તિપરંપરામાં ગુજરાતમાં પુષ્ટિ સંપ્રદાયનો મહિમા વધ્યો છે. કૃષ્ણનાં જીવનવૃત્તાંતો - બાળલીલા, દાણલીલા, રાસલીલા વગેરે પ્રસંગો અનેક ઠેકાણે ભજવાય છે.

ઘણા વૈષ્ણવો પોતાનાં કુટુંબીજનોનાં નામ કૃષ્ણ ઉપરથી પાડે છે. દા.ત., કૃષ્ણદાસ, કૃષ્ણકાન્ત, કૃષ્ણશંકર, વલ્લભદાસ, મોહનદાસ, મોહનલાલ, હરિદાસ,

દ્વારકાદાસ વગેરે. દરેક વૈષ્ણવ પોતાનાં બાળકોને બ્રહ્મસંબંધ લેવડાવવાનો ખાસ આગ્રહ રાખે છે.

સમાજમાં જન્માષ્ટમીનો તહેવાર અને ભાગવત સપ્તાહ બહુ જ પ્રેમથી ઉજવાય છે. ઘણા લોકો પોતાના સ્નેહીઓના પુણ્યાર્થે ભાગવત પારાયણ બેસાડે છે. ઘણે ઠેકાણે સીમંત જેવા પ્રસંગોએ મામેરું ગવડાવવાનો રિવાજ છે.

સૂર્યપૂજા

સૂર્યપૂજાનો ધીરે ધીરે લોપ થતો હતો, તેમ છતાં આદિત્યનાં કેટલાંક મંદિરો બંધાયાના ઉલ્લેખો અભિલેખોમાંથી મળે છે. સૌરાષ્ટ્રના સાગરકિનારાના કેટલાક વિસ્તારોમાં કાઠી કોમમાં સૂર્યપૂજાનું મહત્ત્વ જળવાઈ રહ્યું હતું. સૂર્ય તેમના ઇષ્ટદેવ મનાતા. અન્યત્ર કેટલેક ઠેકાણે સૂર્યપૂજા વિષ્ણુપૂજા સાથે ભળી ગઈ હતી, સૂર્યનારાયણ તરીકે પૂજા થતી. આમ છતાં ઘણે ઠેકાણે સૂર્યપૂજા સ્વતંત્ર સ્વરૂપે પણ પ્રચલિત હતી.

સૂર્યપૂજા સાથે નવગ્રહપૂજા, વાયુપૂજા, નાગપૂજા વગેરે ગુજરાતમાં છૂટાંછવાયાં ગામોમાં પ્રચલિત હતી. આ સર્વ દેવોની પૂજા સોલંકી કાળની સરખામણીએ સામાન્ય કક્ષાની હતી. મુસ્મિમ આક્રમણોની તેના પર અસર પડી હતી.

ઘણે ઠેકાણે વીરગતિ પામેલા નરવીરોના તેમ જ સતી સ્ત્રીઓના પાળિયાઓની પૂજા થતી. વારતહેવારોએ તેમની માનતા મનાતી હતી.

જૈન ધર્મ

સલ્તનતકાળ દરમિયાન જૈન ધર્મ તેના અસલ સ્વરૂપમાં ટકી રહ્યો હતો. સોલંકીકાળની સરખામણીએ સલ્તનતકાળમાં જૈન દેવાલયો બાંધવાની પ્રવૃત્તિમાં ઓટ આવી હતી. મુસ્લિમોનાં આક્રમણોને લીધે અનેક જૈન દેવાલયો ખંડિત થઈ ગયાં હતાં. તેમનો જીર્ણોદ્ધાર કરવાની રાજ્ય તરફથી મનાઈ હતી ! તેમ છતાં સામાન્ય જનતામાં જૈન ધર્મ તેની મૂળ ભાવના સાથે પ્રચલિત હતો. અનેક જૈન સૂરિઓ ઉપાશ્રયોમાં રહીને જૈન સાહિત્યનું સર્જન કરતાં કરતાં ધર્મપ્રચારનું કાર્ય કરતા હતા. આ સમયે મેરુતુંગસૂરિ, સોમસુંદરસૂરિ, લાવણ્યસમયસૂરિ જેવા અનેક ધર્મગુરુઓએ પ્રબંધો, પ્રશસ્તિઓ રચ્યાં હતાં. મેરુતંગસૂરિએ 'પ્રબોધચિંતામણિ'

તથા લાવણ્યસમયે 'શત્રુંજયતીર્થોદ્ધારપ્રબંધ' રચી જૈન સમાજને ધર્માભિમુખ કર્યો હતો.

આ સમયે ચારે બાજુ રાજકીય અવ્યવસ્થા છવાયેલી હોવા છતાં ઘણા ધનિકોએ જૈન મંદિરો સમારવામાં અને જૈન સાહિત્ય સર્જવામાં નોંધપાત્ર ફાળો આપ્યો હતો. વિ.સં. ૧૩૬૯ (ઈ.સ. ૧૩૧૩) દરમિયાન મુસલમાનોએ શત્રુંજય, વગેરે સ્થળોનાં જૈન મંદિરોને નુકસાન કર્યું હતું. તેમનો સમરાશાહ નામના જૈન વણિકે જીર્ણોદ્ધાર કરાવ્યો. વિ.સં. ૧૪૪૯ (ઈ.સ. ૧૩૯૩) માં શ્રી માલી હરપતી શાહે ગિરનારનું નેમિનાથ મંદિર સમારાવ્યું. એ જે પ્રમાણે ઈડર અને તારંગાનાં મંદિરોનું સમારકામ થયું. એ પછી ખંભાત, પાલનપુર, આબુ, મંડલી વગેરે સ્થળોએ વિવિધ જૈન તીર્થંકરોની પ્રતિમાઓ સ્થાપવામાં આવી. કર્માશાહે બહાદુરશાહની મંજૂરીથી શત્રુંજય ઉપરનાં જૈન દેવળો સમારાવ્યાં. જૂનાગઢના રા' માંડલિકે અમારિ ઘોષણા કરાવી. આમ, આવા કપરા સમયે પણ જૈન ધર્મનાં મંદિરો બાંધવાની પ્રવૃત્તિ ચાલુ રહી હતી. ભાવિક શ્રાવકો ગ્રંથોના સર્જનમાં નોંધપાત્ર ફાળો આપતા હતા.

આ સમયે ગુજરાતમાં જૈન ધર્મના બે પંથો શ્વેતાંબર અને દિગંબર પ્રચલિત હતા. તેમાં ધીરે ધીરે અનેક વાડાઓ પડ્યા, જે જૈન ગચ્છના નામે ઓળખાવા લાગ્યા. દરેક ગચ્છ પોતાનું અલગ અસ્તિત્વ ટકાવી રાખવા કટિબદ્ધ હતો. સલ્તનતકાળમાં ખરતરગચ્છ, તપાગચ્છ, સ્થાનકવાસી, દેરાવાસી જેવી અનેક શાખાઓ જૈન ધર્મમાં પડી ગઈ.

વિ.સં. ૧૫૦૮ (ઈ.સ. ૧૪૫૨)માં અમદાવાદ લહિયા લોકાશાહને કોઈ સાધુ સાથે અણબનાવ થતાં તેણે લોકાગચ્છ નામે નવો ગચ્છ શરૂ કર્યો. તેમનો મુખ્ય વિરોધ મૂર્તિપૂજા સામે હતો. તેઓ માનતા કે આગમો મૂર્તિપૂજાનો આદેશ આપતા નથી. લોકાશાહના ગચ્છમાં જોડાનાર ઋષિ તરીકે ઓળખાતા. આ સમયે મુસ્લિમ બાદશાહોની મૂર્તિ પૂજા વિરુદ્ધની પ્રવૃત્તિને લીધે આ ગચ્છમાં અનેક લોકો ભળ્યા. થોડાક જ સમયમાં તેમાંથી પારખમતી, ગુજરાત ગચ્છ, ઉત્તરાધી અથવા સરોવામતી, નાગોરી વગેરે શાખાઓ ઉદ્ભવી. આ ગચ્છના અનુયાયીઓ એકાંતમાં રહેવાનું પસંદ કરતા હોવાથી તેઓ 'ઢૂંઢિયા' ના નામે ઓળખાવા લાગ્યા. ઈ.સ. ૧૬૪૪માં લવજી ઋષિ નામના એક અનુયાયીએ 'સ્થાનકવાસી' નામની શાખા

શરૂ કરી, તેનો પ્રચાર ટૂંક સમયમાં ઘણો જ સારો થયો. આજે તો શ્રાવકોનો વિશાળ સમુદાય સ્થાનકવાસી બની ગયો છે.

ટૂંકમાં, સલ્તનતકાળ દરમિયાન અનેક અવરોધો વચ્ચે પણ જૈન સમાજે પોતાના જૈન ધર્મને ટકાવી રાખ્યો હતો. આ સમયે ગુજરાતમાં જૈન તીર્થસ્થળોમાં આબુ. ગિરનાર, શત્રુંજય, મહુડી વગેરે નોંધપાત્ર સ્થાન ધરાવતાં હતાં.

ઈસ્લામ

ભારતમાં ઈસ્લામનું આગમન એ ઈતિહાસનું એક આગવું પ્રકરણ છે. દિલ્હીમાં મુસ્લિમ સત્તાની સ્થાપના થતાં બાદશાહોએ ભારતના વિવિધ પ્રદેશોમાં ઈસ્લામનો પ્રચાર શરૂ કર્યો. ઈ.સ. ૧૩૦૪માં મુસ્લિમ સત્તા સ્થપાતાં ગુજરાતમાં આક્રમક રીતે ઈસ્લામનો પ્રચાર થવા લાગ્યો. અલબત્ત, આ પહેલાં સોલંકીકાળમાં ગુજરાતમાં ઈસ્લામનાં મકબરા, મસ્જિદ વગેરે બાંધવાની હિંદુ રાજવીઓએ પરવાનગી આપીને ધાર્મિક સહિષ્ણુતા દાખવી હતી, પરંતુ મુસલમાનોએ એવું સૌજન્ય દાખવ્યું નહિ. તેમણે ગુજરાતમાં ઈસ્લામનો પ્રસાર હિંદુ મંદિરોનો નાશ કરીને, હિંદુઓને વટલાવીને શરૂ કર્યો. હિંદુઓ પર અનેક પ્રકારના અંકુશો મૂકવામાં આવ્યાં. સુલતાન અહમદશાહ, મહમૂદ બેગડો વગેરેએ ઈસ્લામનો પ્રચાર કરવા સખ્ત પ્રયત્નો કર્યા.

આ સમયે ગુજરાતમાં શિયા અને સુન્ની એવા બે પંથોના અનુયાયીઓ વસતા હતા. આ સમયે ઘણી નોંધપાત્ર મસ્જિદો અને દરગાહો ગુજરાતમાં બંધાઈ હતી. તે સર્વમાં અમદાવાદ, માંગરોળ, ભરૂચ, ખંભાત વગેરે સ્થળોની જુમ્મા મસ્જિદો, સરખેજનો રોજો, શાહઆલમનો રોજો, દરિયાખાનનો ઘુમ્મટ તેમ જ અમદાવાદની નાની મોટી મસ્જિદો જેવાં સ્થાપત્યો મહત્ત્વનું સ્થાન ધરાવતાં હતાં.

ગુજરાતમાં આ સમયે ધર્માન્તર પ્રવૃત્તિથી અસ્તિત્વમાં આવેલી વહોરા કોમના વડા ધર્મગુરુએ સિદ્ધપુરમાં ગાદી સ્થાપી હતી. તેમના પુત્રે તે ગાદી અમદાવાદમાં ફેરવી દીધી હતી. ઈ.સ. ૧૫૯૦માં દાઉદી અને સુલેમાની ફિરકા નામની બે શાખાઓ અસ્તિત્વમાં આવી. તેઓની વસ્તી સિદ્ધપુર, અમદાવાદ, દાહોદ વગેરે સ્થળોએ વિશેષ હતી.

સમય જતાં ગુજરાતમાં ઈસ્લામ ધર્મમાં સલ્તનતકાળ દરમિયાન પીરાણ પંથ,

મહાદેવી પંથ, દાદુ પંથ વગેરે વિવિધ પંથો અસ્તિત્વમાં આવ્યા.

આ સમયે ગુજરાતમાં ઈસ્લામ ધર્મના સંતોમાં શેખ અહમદખટ્ટુ ગંજબક્ષ, હજરતે-કુતુબ-આલમશાહ, સૈયદ ઉસ્માન શમે બુરહાની, શેખ અલ્લાઉદ્દીન, સૈયદ મહમૂદ એરજી, શાહઆલમ સાહેબ વગેરે નોંધપાત્ર સ્થાન ધરાવતા હતા.

ગુજરાત પર ઈસ્લામની અસર

સલ્તનતકાળ દરમિયાન ગુજરાતના કચ્છ, સૌરાષ્ટ્ર અને મધ્ય ગુજરાતનાં નર્મદા અને તાપીના તટપ્રદેશના સર્વ વિસ્તારોમાં ઈસ્લામનો પ્રચાર થયો. ઈસ્લામનો પ્રચાર કરવામાં સુલતાન અહમદશાહ પહેલો, મહમૂદ બેગડો, બહાદુરશાહ વગેરેએ ઘણો મહત્ત્વનો ફાળો આપ્યો હતો. તેમણે ધાર્મિક ઝનૂનથી અનેક મંદિરોનો નાશ કર્યો, અનેક ઠેકાણે મસ્જિદો બનાવી અનેક વ્યક્તિઓને ધર્માન્તર કરાવી મુસલમાન બનાવ્યા. આ સર્વના પરિણામે ગુજરાતની પ્રજા રાજકીય અને સામાજિક ક્ષેત્રે એકબીજાની વધારે નજીક આવી.

સુલતાન અહમદશાહે હિંદુઓને મહત્ત્વના રાજકીય હોદ્દાઓ આપવાની નીતિ અખત્યાર કરતાં મુસ્લિમ દરબારમાં મહત્ત્વનું સ્થાન ભોગવવા લાગ્યા. તેમની કુશાગ્ર બુદ્ધિના પરિણામે રાજ્યની આવક વધી. મલિક ગોપી જેવા સરદારોએ સુરત બંદર મારફતે ગુજરાતના વેપારને પરદેશમાં વિકસાવ્યો, રાજ્યના વારસાઈ ઝઘડાઓમાં પણ હિંદુઓ મહત્ત્વનો ભાગ ભજવતા.

ઈસ્લામના પ્રચારથી ગુજરાતી સમાજમાં હિંદુ અને મુસ્લિમ એવા બે સમાજ અસ્તિત્વમાં આવ્યા. મુસ્લિમોના પરિણામે ગુજરાતમાં માંસાહાર વધ્યો. મુસ્લિમ આક્રમણોને લીધે હિંદુ સમાજમાં જ્ઞાતિનાં ભોજન, સ્પર્શાસ્પર્શ, લગ્ન વગેરે માટેનાં બંધનો વધારે કડક બન્યાં. નારીસમુદાય અજ્ઞાનતા અને અંધશ્રદ્ધામાં સડવા લાગ્યો. શિક્ષણ અવ્યવસ્થિત બન્યું. મુસ્લિમ શિક્ષણનો પ્રભાવ વધ્યો. અરબી-ફારસીને રાજભાષાનું સ્થાન પ્રાપ્ત થતાં સંસ્કૃત ભાષા અદશ્ય થવા લાગી! ઘણી પ્રાદેશિક ભાષાઓ વિકસી. કુરાનના અભ્યાસને મુસ્લિમ શિક્ષણમાં કેન્દ્રસ્થાને મૂકવામાં આવ્યો.

મુસ્લિમોના પરિચયને લીધે તેમની કેટલીક મીઠાઈઓ - હલવો, જલેબી, મેંદાની વાનગીઓ, ગુલાબજાંબુ વગેરે હિંદુઓએ અપનાવી. મકાનની આગળની

છૂટી જગામાં બાગ બનાવવાનો શોખ વધ્યો. અનાર, અંજીર, તરબૂચ, આલુ, જરદાલુ, બદામ, સૂકો મેવો વગેરેનું ઉત્પાદન થવા લાગ્યું.

હિંદુઓના પોશાક ઉપર મુસ્લિમ પ્રજાના પોશાકનો કોઈ પ્રભાવ પડ્યો હતો કે કેમ તે કહી શકાય નહીં. પણ ગુજરાતમાં પડદા પદ્ધતિ મુસ્લિમોના કારણે પ્રચલિત બની હોવાનો સંભવ છે. હિંદુ કન્યાઓએ મુસ્લિમો સાથે લગ્ન કર્યાં હોવા છતાં સેંથીમાં સિંદૂર ચાલુ રાખતાં અન્ય મુસ્લિમ સ્ત્રીઓ પણ સેંથીમાં સિંદુર પૂરવા લાગી.

જે લોકો મુસલમાન બન્યા હતા, તેમની રહેણીકરણી હિંદુઓના જેવી હોવાના પરિણામે ખોજા, વહોરા વગેરે કોમોમાં ઘણા હિંદુ રિવાજો દાખલ થયા. મુસ્લિમ સમાજમાં વર્ગભેદ દેખાવા લાગ્યો. નજર લાગવી, ભૂતપ્રેત વગેરેની માન્યતાઓ મુસ્લિમોમાં પણ દેખાવા લાગી. ઘણા તાવીજોનો ઉપયોગ કરવા લાગ્યા. પીરને હિંદુઓ અને મુસ્લિમો બંને પૂજવા લાગ્યા.

જરથોસ્તી ધર્મ

લગભગ નવમી-દસમી સદીથી જરથોસ્તી ગુજરાતમાં વસતા હતા. તે શાંતિપિય પ્રજા હતી. શરૂઆતમાં તેઓ સંજાણ બંદરે વસ્યા. ત્યાર બાદ ધીરે ધીરે તેમણે દક્ષિણ ગુજરાતમાં પોતાનો વસવાટ વિકસાવ્યો. તેઓ અગ્નિપૂજકો છે. સ્વચ્છતા અને સાદાઈ માટે જરથોસ્તી ધર્મ જગતમાં પ્રખ્યાત છે. તેઓ શબને બાળતા નથી, દાટતા નથી, તેમ જ પાણીમાં પધરાવતા નથી. અહૂરમઝદ્ એ તેમનો મુખ્ય દેવ છે.

તેરમી સદીમાં અંકલેશ્વરમાં પારસીઓના ધર્મગ્રંથ વિસ્પરદની નકલ કરવામાં આવી હતી. આ ઉપરથી જણાય છે કે પારસીઓ તેરમી સદીમાં અંકલેશ્વર અને તેની આસપાસના પ્રદેશમાં વસતા હશે. ઉપલબ્ધ અભિલેખો પરથી જણાય છે. ઈ.સ. ૧૩૦૯માં શેઠ પેસ્તનજીએ ભરૂચમાં દોખમું (શબનો નિકાલ કરવાનું સ્થાન) બંધાવ્યું હતું.

ચૌદમા સૈકામાં આવેલ ઇટાલિયન મુસાફર ઑડરિક નોંધે છે કે થાણા અને ચેઉલ-ચોલના પ્રદેશમાં પારસીઓ શબને ખેતરમાં ખુલ્લાં મૂકીને પક્ષીઓને સોંપી દેતા હતા.

સમય જતાં ખ્રિસ્તીઓના ત્રાસથી તેઓ સંજાણથી દક્ષિણ ગુજરાતમાં આવી કાયમી વસવાટ કરવા લાગ્યા. તેમની સાથે તેમના સાથે તેમના ધર્મગુરુઓ પણ આવ્યા. આ વખતે ધર્મગુરુઓમાં ભેદ ન પડે તે માટે પારસીઓમાં સંજાણ, નવસારી, ગોદાવરી, ભરૂચ અને ખંભાત એમ પાંચ વિભાગ પાડવામાં આવ્યા હતા. મહમૂદ બેગડાના આક્રમણને લીધે પવિત્ર આતશને સંજાણથી નવસારી લાવવામાં આવ્યો. આ ઘટના ઈ.સ. ૧૫૧૬માં બની હોય તેમ લાગે છે. સંજાણમાંથી પારસીઓની વસ્તી ધીરે ધીરે છિન્નભિન્ન થઈ ગઈ.

નવસારીમાં આ સમયે જે મૂળ પારસીઓ વસતા હતા તે ભાગરિયા કે ભાગલિયા કહેવાતા, કેમ કે તેઓ પોતાની કમાણીનો ભાગ વહેંચી લેતા હતા. ધાર્મિક બાબતમાં નવસારી અને સંજાણના પારસીઓ વચ્ચે ઘણીવાર ઝઘડા થતા હતા.

નવસારીમાં પારસીઓ શાંત જીવન જીવવા લાગ્યા. સમય જતાં ધીરે ધીરે સલ્તનતકાળ દરમિયાન નવસારી પારસીઓનું મહત્ત્વનું ધર્મકેન્દ્ર બન્યું.

●

પ્રકરણ ૫ : સલ્તનતકાલીન સંસ્કૃતિ

(સાહિત્ય અને કલા)

સાહિત્ય

સોલંકીકાળના અંત પછી ગુજરાતમાં મુસ્લિમ સત્તા સ્થપાતાં ગુજરાતમાં સોલંકીકાળની સરખામણીએ ધર્મ, સાહિત્ય અને કલાના ક્ષેત્રે ઓટ આવી. અરબી-ફારસી રાજભાષા બનતાં સંસ્કૃત ભાષાનો વિકાસ અટકી ગયો. તેની વ્યાપક અસર સાહિત્ય પર પડી. રાજ્યાશ્રય બંધ થતાં અનેક કવિઓએ સ્થળાંતર કર્યું. મંદિરોનો નાશ થતાં અનેક જૈન સૂરિઓ અન્યત્ર ચાલ્યા ગયા. આથી સાહિત્ય વિકાસ અટકી ગયો.

આ સમયે બહુ જ અલ્પ સંખ્યામાં બ્રાહ્મણગ્રંથો રચાયા. પં. ગંગાધરે ચાંપાનેરમાં રહી 'માંડલિક મહાકાવ્ય' અને 'ગંગદાસ પ્રતાપવિલાસ નાટક' (ઈ.સ. ૧૩૪૯) રચ્યું. કવિ ઉદયરાજ અમદાવાદમાં રહીને 'રાજવિનોદ' મહાકાવ્ય રચ્યું. કવિ પદ્મનાભે ઝાલોરમાં રહી 'કાન્હડદે-પ્રબંધ' નામનો ગ્રંથ રચ્યો, જેમાં ગુજરાતના છેલ્લા સોલંકી રાજવી કર્ણદેવ વાઘેલાના પતનની અને અલાઉદ્દીન ખીલજીના સૈન્યના ત્રાસની વિગતો વર્ણવેલી છે.

જૈન સાહિત્ય

સલ્તનતકાળ દરમિયાન બ્રાહ્મણગ્રંથોની સરખામણીએ જૈન સાહિત્યનો વિકાસ સવિશેષ થયો હતો. આ સમયે પાટણ, પાલનપુર, ખંભાત, ભરૂચ, ધોળકા, વઢવાણ, જૂનાગઢ, પાલિતાણા વગેરે જૈન ધર્મનાં મહત્ત્વનાં કેન્દ્રો હતાં. અહીં અનેક જૈન સૂરિઓ ધર્મનું શિક્ષણ આપતા હતા, ગ્રંથલેખનનું કાર્ય કરતા હતા. આ સમયે લેખનકાર્યમાં કાગળના ઉપયોગ સવિશેષ થવા લાગતાં, ઘણા ધનિકોએ ધર્મભાવનાથી પ્રેરાઈ લહિયાઓ પાસે પ્રાચીન તાડપત્રીય ગ્રંથોની નકલો કરાવી જૈન ભંડારોને સમૃદ્ધ બનાવ્યા હતા.

આ સમયે જૈન સાહિત્યમાં પ્રબંધ, રાસ, ચરિત્ર, પ્રશસ્તિ વગેરે પ્રકારનું સાહિત્ય જનમનરંજન માટે જૈન ધર્મના સિદ્ધાંતોને કેન્દ્રમાં રાખીને રચાયું . આમાં તીર્થંકરો, મહાપુરુષો, ધર્મપ્રવર્તકો વગેરેનાં જીવનચરિત્રો આલેખીને નોંધપાત્ર રીતે ઐતિહાસિક બનાવોની ચર્ચા કરવામાં આવી છે. એ રીતે આ સાહિત્ય સાંસ્કૃતિક ઇતિહાસના આલેખનમાં ઘણું જ ઉપયોગી નીવડ્યું છે. આ સર્વ ગ્રંથો મહદંશે સંસ્કૃત તથા સંસ્કૃત-પ્રાકૃતમાં રચાયા છે.

આ સમયે રચાયેલા જૈન સાહિત્યમાં મેરુતુંગાચાર્યકૃત 'પ્રબોધચિંતામણિ' (ઈ.સ. ૧૩૦૪ લગભગ), રાજશેખરકૃત 'પ્રબંધકોશ' (ઈ.સ. ૧૩૪૯), કક્કસૂરિકૃત 'નાભિનંદનોદ્ધાર પ્રબંધ', જિનપ્રભનું 'વિવિધ તીર્થકલ્પ', જિનહર્ષગણિનું 'વસ્તુપાલ માહાત્મ્ય', પ્રતિષ્ઠાસોમનું 'સોમસૌભાગ્યકાવ્ય', સર્વાનંદસૂરિનું 'જગડૂચરિત' વગેરે ગ્રંથો સાંસ્કૃતિક ઇતિહાસની દૃષ્ટિએ ઘણા જ મહત્ત્વના છે.

આ ઉપરાંત અન્ય જૈન સૂરિઓએ - જેવા કે વિનયચંદ્રસૂરિએ 'આદિનાથ ચરિત્ર' (ઈ.સ. ૧૪૧૯) જિનમંડળગણિએ 'કુમારપાલપ્રબંધ' (ઈ.સ. ૧૪૩૬), રત્નમંદિર-ગણિએ 'ઉપદેશતરંગિણી' વગેરે ઘણા ગ્રંથો રચ્યા છે. આ સર્વ ગ્રંથો જૈન ધર્મમાં મહત્ત્વનું સ્થાન ધરાવે છે. (અહીં સ્થળસંકોચને કારણે સર્વ ગ્રંથોનું વિગતે વર્ણન આપ્યું નથી. વિશેષ માહિતી માટે જુઓ : મો. દ. દેસાઈકૃત જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ).

હિંદુ સાહિત્ય

આ સમયના હિંદુ સાહિત્યમાં મીરાંબાઈ, નરસિંહ મહેતા, ભાલણ વગેરેની કૃતિઓ ઘણી જ લોકપ્રિય છે. જૂનાગઢના કૃષ્ણભક્ત આદિકવિ નરસિંહ મહેતાએ કૃષ્ણભક્તિને લગતાં અનેક કાવ્યો રચ્યાં છે. તેમની હૂંડી, મામેરું, શામળશાનો વિવાહ વગેરે કૃતિઓ ગુજરાતમાં ઘણી જ લોકપ્રિય છે. તેમણે પોતાનાં કાવ્યોમાં કૃષ્ણભક્તિનો મહિમા ગાયો છે,એવી જ રીતે મૂળ મેવાડમાં પણ પાછળથી દ્વારકામાં વસેલાં મીરાંબાઈએ પણ કૃષ્ણભક્તિનો મહિમા પોતાનાં કાવ્યો દ્વારા ગુજરાતમાં ઘેર ઘેર ફેલાવ્યો છે. ભક્ત નરસિંહ અને મીરાંના કાવ્યો એ તો મધ્યકાલીન ગુજરાતનો

અમર વારસો છે. ભાલણનાં કડવાં તેમ જ પ્રેમાનંદના આખ્યાનો મધ્યકાલીન ગુજરાતી સાહિત્યની મૂલ્યવાન કૃતિઓ છે. આ ઉપરાંત આ સમયે બીજા પણ ઘણાબધા કવિઓ થયા હતા, પણ સ્થળસંકોચને લીધે અહીં સમાવવામાં આવ્યા નથી.

અરબી-ફારસી સાહિત્ય

સોલંકીકાળના અંત પછી ગુજરાતમાં મુસ્લિમ સત્તાની સ્થાપના થતાં મુસ્લિમ ઇતિહાસકારોએ ગુજરાતના સુલતાનોના ચરિત્ર આલેખતી કેટલીક તવારીખો રચી. આ સર્વ તવારીખો અરબી-ફારસીમાં રચાઈ છે. આ તવારીખોની વિશિષ્ટતા એ છે કે તેમાં બાદશાહ જીવનવૃત્તાંત સાથે સમકાલીન બનાવેલી વિગતો પણ આલેખવામાં આવી છે. આથી આ સર્વ તવારીખો સલ્તનતકાલીન સાંસ્કૃતિક ઇતિહાસનું નિરૂપણ કરવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. આ સમયે રચાયેલી તવારીખો 'મુઝફ્ફરશાહી', મુલ્લા અબ્દુલકરીમ હમદાનીની 'મહાસિરે મહમૂદશાહી', મૌલાના અબ્દુલકરીમ-કૃત 'તબકાતે મહમૂદશાહી', ફેઝુલ્લાહ બિલ્લાની 'તારીખે મહમૂદશાહી' શરફુદીન બુખારીની 'સલાતીને ગુજરાત', મીરસૈયદ અલીઈશાની 'તારીખે મુજફ્ફરશાહી' વગેરે નોંધપાત્ર કૃતિઓ છે. આ ઉપરાંત, આ સમયે અમદાવાદ અને સરખેજમાં કુરાનના કેટલાક તરજૂમા કરવામાં આવ્યા હતા.

આ સમયની અરબી-ફારસી સાહિત્ય ઉપર શાયરો અને સૂફી સંતોનો પ્રભાવ સવિશેષ જોવા મળે છે. આ સમયના ફારસી સાહિત્યમાં ઘણી ઉત્તમ શાયરીઓ રચાઈ હતી.

અરબી-ફારસીની ગુજરાતી સાહિત્ય પર અસર

ગુજરાતમાં મુસ્લિમ સત્તાની સ્થાપના થતા પહેલાં આરબ વેપારીઓ અને ધર્મપ્રચારકોએ ગુજરાતમાં વસવાટ શરૂ કર્યો હતો. તેથી સામાન્ય રીતે બે પ્રજાઓના સમાગમથી જે અન્યત્ર બને છે - તે અહીં પણ બન્યું. બંને પ્રજાઓની ભાષા અને રહેણીકરણીની અસર એકબીજા ઉપર પડવા લાગી. ગુજરાતમાં ચોદમી સદીમાં મુસ્લિમ સત્તાની સ્થાપના થતાં અરબી-ફારસી ભાષા રાજભાષા બની. સામાન્ય રીતે વ્યવહારમાં વિજયી પ્રજાની ભાષા પરાજિત પ્રજાની ભાષા ઉપર અસર કર્યા

વિના રહેતી નથી. આમ, ગુજરાતની પ્રજાની રહેણીકરણી, ગૃહવ્યવસ્થા, વાતચીત, ખોરાક, કપડાં, રમતગમત, સંગીત સર્વ ઉપર અરબી-ફારસીની અસર વર્તાવા લાગી.

મુસ્લમોની સત્તા સ્થપાતાં અરબી-ફારસી સરકારી ભાષા બની. પણ જનતાની ભાષા તો પ્રાદેશિક જ રહી. આથી પંદરમી સદી દરમિયાન ગુજરાતી ભાષાનું સ્વરૂપ ધીરે ધીરે બદલાવા લાગ્યું. મુસ્લિમોના પરિચયને લીધે વ્યવહારની ભાષામાં સેંકડો અરબી-ફારસી શબ્દો દાખલ થયા. સમય જતાં તે શબ્દો ભાષામાં રૂઢ થઈ ગયા. આવા વપરાયેલા અનેક શબ્દો મધ્યકાલીન અભિલેખો, ખતપત્ર, સાહિત્ય વગેરેમાંથી મળી આવે છે. (અહીં સ્થળસંકોચને કારણે અલ્પ પ્રમાણમાં દાખલા આપેલ છે. વધુ વિગત માટે જુઓ, ડૉ. છોટુભાઈ નાયક 'ગુજરાતી પર અરબી-ફારસીની અસર' - ભા. ૨)

સામાન્ય રીતે પ્રાચીનકાળમાં શિલાલેખો સંસ્કૃત-પ્રાકૃતમાં લખાતા, પરંતુ ગુજરાતમાં મુસ્લિમ સત્તાની સ્થાપના થતાં મધ્યકાલીન અનેક શિલાલેખોમાં અરબી-ફારસી શબ્દો વપરાયેલા જોવા મળે છે. જેમ કે અલાઉદ્દીન ખીલજીના નાઝિમ અલ્પખાનના સમયના વિ.સં. ૧૩૬૬ (ઈ.સ. ૧૩૧૦) ના લેખમાં અલાવદીન, સૂરત્રાણ વગેરે શબ્દો જોવા મળે છે. વિ.સં. ૧૪૫૨ (ઈસ. ૧૫૫૭ ના વઢવાણના લેખમાં કસ્બે, મજકૂર; તો ઈસ. ૧૬૯૧ ના ઘોઘા તાલુકાના બાડી ગામના લેખમાં તરક, સીદી, ફોજ વગેરે શબ્દો પ્રયોજાયેલા જોવા મળે છે.

માંગરોળ પાસેના નગીચાણા ગામના પાળિયા ઉપરના લખાણમાં 'પાતસાહા' મહિમૂદ, મુદાફર (મુઝફ્ફર) બાહાદરશાહા વગેરે શબ્દો પ્રયોજાયેલા જોવા મળે છે.

આ સમયે લખાયેલા દસ્તાવેજો (ભૂમિવિક્રયપત્રો, ગીરોખતો)માં અહિમદાવાદ, પાતસાહા, અફઝલખાન, કાદી, મલિક, દીવાની, દરોગા, મુફતી, અબદલ રહેમાન, મુસરફ, કાહાનુગા વગેરે શબ્દો પ્રયોજાયેલા જોવા મળે છે.

સંવત ૧૬૧૮ (ઈ.સ. ૧૫૬૨) ના એક વિજ્ઞપ્તિપત્રમાં મુદાફર, મલિક, ખરીદા, ખરીદ, ખરચ, ખરાજાત, મલકત વગેરે શબ્દો જોવા મળે છે.

વિ.સં. ૧૭૪૮ (ઈ.સ. ૧૬૯૨) ના એક ખતપત્રમાં પાતશાહ અલક્ષ, ગાઝી, ખુશીયાં, માલ વગેરે શબ્દો પ્રયોજાયેલ જ છે.

ખતપત્રોમાં સામાન્ય રીતે ફારસી શબ્દો મૂળ સ્વરૂપે નહિ, પણ તળપદી ભાષાને અનુકૂળ વપરાયેલા જોવા મળે છે.

સાહિત્યમાં લગભગ બારમા સૈકાથી અરબી-ફારસી શબ્દો વપરાતા જોવા મળે છે. દા.ત., ઈ.સ. ૧૩૧૫ ના અંબદેવસૂરિકૃત 'સમરારાસ'માં પાતસાહિ, સુરતાણું, ખાનુ, મલિકિ વગેરે શબ્દો જોવા મળે છે. ઈ.સ. ૧૩૯૮ના શ્રીધરકૃત 'રણમલ્લછંદ', માણિકયચંદ્રસૂરિન-કૃત 'પૃથ્વીચંદ્રચરિત', પદ્મનાભ-કૃત 'કાન્હડદે-પ્રબંધ' વગેરેમાં સુરતાણી, ચાકરી, નીઝમઉ, તુરકાણ, પાતશાહ વગેરે શબ્દો જોવા મળે છે.

નરસિંહ મહેતા, મીરાંબાઈ, દયારામ વગેરેના સમયમાં તો અરબી-ફારસી શબ્દો જનતાની બોલચાલની ભાષામાં સામાન્ય રીતે વપરાતા થઈ ગયા હતા. આ કવિઓનાં કાવ્યોમાં કેટલાક ફારસી શબ્દો જોવા મળે છે. ગઝલોમાં માશુક, પ્રિયતમા, ખુશબો, શરાબ વગેરે શબ્દો જોવા મળે છે.

ખરચતા ગરથ ભંડાર ખૂટે તો ખૂટજ્યો રે,
સોનુ પિહિરિતાં કાન તૂટે તો ત્રૂટજ્યો રે...
(નરસિંહ મહેતા)

* * *

વિષનો પ્યાલો રાણે મોકલ્યો રે
(મીરાંબાઈ)

* * *

હય હસ્તી રથ પાળા દીસે બખતરીયા બિહામણા...
('સુધન્વાખ્યાન' : પ્રેમાનંદ)

* * *

ગેબી નિપજ થઈ પિંડ તણી ત્યારે તું ત્યાં નોતો ધણી.

(અખાની વાણી)

* * *

તીરે ઊભા જુવે તમાશો તે કોડી નવ પામે જોને.

(કવિ પ્રીતમ : 'સારગીત')

* * *

આમ, મધ્યકાલીન સાહિત્યમાંથી અનેક નમૂના મળી આવે છે. આ સમયે અરબી-ફારસી અસરથી ગુજરાતી કવિતામાં ગઝલ, કવ્વાલી જેવાં કાવ્યસ્વરૂપો અસ્તિત્વમાં આવ્યાં. ફારસી કાવ્યોમાંના સૂફીવાદે ગુજરાતી કવિતા અને ધાર્મિક ક્ષેત્ર પર નોંધપાત્ર અસર ઉપજાવી છે.

કલા

સોલંકીકાળના અંતમાં ગુજરાતમાં મુસ્લિમ સત્તા સ્થપાઈ. અનેક હિંદુ મંદિરોનો નાશ થયો. ચારે બાજુ અશાંતિ ફેલાઈ. તેના પરિણામે સોલંકીકાળની સરખામણીએ આ સમયે કલાનું ધોરણ ઘણું જ હલકી કક્ષાનું બન્યું. સ્થાપત્યમાં હિંદુ સ્થાપત્ય અને મુસ્લિમ સ્થાપત્ય - એમ બે વિભાગો પડ્યા.

હિંદુ સ્થાપત્ય

આ સમયે મુસ્લિમ આક્રમણોને લીધે મંદિરો, જળાશયો વગેરે બાંધવાની પ્રવૃત્તિમાં ઓટ આવી હતી. આમ છતાં આ સમયે કેટલાંક મંદિરો બંધાયાં અને કેટલાંકનો જીર્ણોદ્ધાર થયો. આ સમયે કેટલાંક નવાં નગરો સ્થપાયાં.

નગરો

આ સમયે ગુજરાતમાં અહમદાવાદ (અમદાવાદ), અહમદનગર (હિંમતનગર), મુહમ્મદાબાદ (ચાંપાનેર), મુસ્તફાબાદ (જૂનાગઢ) અને

મહમ્મૂદાબાદ (મહેમદાવાદ) વગેરે નગરો સ્થપાયાં. અમદાવાદ સાબરમતી નદીના કિનારે આશાવલ (અસારવા) પાસે, અહમદનગર ઈડર પાસે હાથમતી નદીના કિનારે, મહમ્મૂદાબાદ (મહેમદાવાદ) વાત્રક નદીના કિનારે, મુહમ્મદાબાદ (ચાંપાનેર), પાવાગઢની તળેટીમાં અને મુસ્તફાબાદ (જૂનાગઢ) ગિરનારની તળેટીમાં વસાવવામાં આવ્યાં હતાં. આ સર્વ નગરો રાજકીય દૃષ્ટિએ વસાવવામાં આવ્યાં હતાં. અમદાવાદને ગુજરાતનું મુખ્ય પાટનગર બનાવવામાં આવ્યું હતું. આ સર્વ નગરોની આસપાસ રક્ષણ માટે કોટ બાંધવામાં આવ્યા હતાં. બાંધકામમાં પથ્થરનો ઉપયોગ સવિશેષ કરવામાં આવ્યો હતો. નવું પાટણ મુઘલકાળમાં વિકસ્યું હોવાનું મનાય છે. આ ઉપરાંત અમદાવાદ પાસેનું સરખેજ ગળી ઉદ્યોગના મહત્ત્વના સ્થાન તરીકે વિકસાવવામાં આવ્યું હતું. અહીં રોજાની આસપાસ મકાનોના અવશેષો મળી આવે છે.

જળાશયો

સલ્તનતકાલીન જળાશયોમાં વાવ, તળાવ, કૂવા વગેરેનો સમાવેશ થાય છે.

વાવ

આ સમયે ગુજરાતમાં કેટલીક વાવો બંધાઈ, તેમાં નીચેની વાવો નોંધપાત્ર છેઃ

(૧) **માતર ભવાનીની વાવ :** આ વાવ હાલમાં અમદાવાદ પાસે આવેલ અસારવામાં આવેલી છે. આના બાંધકામના સમય વિશે કોઈ ચોક્કસ માહિતી મળતી નથી, પણ ડૉ. બર્જેસ કેટલાક વિદ્વાનો આ વાવને સલ્તનતકાલીન માને છે. આ વાવ અમદાવાદ શહેર સ્થપાતા પહેલાં ૧૪મી સદીમાં બંધાઈ હોય તેમ જણાય છે. 'મિરાતે અહમદી'માં આ વાવનો ઉલ્લેખ છે. તેનું બાંધકામ સામાન્ય કક્ષાનું છે.

(૨) **બાઈ હરિરની વાવ :** માતર ભવાનીની વાવથી થોડે દૂર દાદા હરિની વાવના નામે ઓળખાતી આ વાવ અસારવામાં હાલમાં આવેલી છે. એમાંથી મળેલા શિલાલેખને આધારે જણાય છે કે આ વાવ મહમૂદ બેગડાના અંતઃપુરની એક હરિર નામની દાસીએ વિ.સ. ૧૫૫૬ (ઈ.સ. ૧૪૯૯)માં હરિરપુરમાં ૩,૨૯,૦૦ મહમૂદી સિક્કા ખર્ચીને બનાવી હતી. આ વાવના બાંધકામની દેખરેખ રાખનાર

મુસ્લિમ અધિકારીઓ હતા, જ્યારે તેનું બાંધકામ કરનાર હિંદુ કડિયાઓ હતા. વાવની લંબાઈ લગભગ ૭૪.૩ મીટર છે. વાવનો મંડપ લગભગ ૫.૫ મીટર અને કૂવો અષ્ટકોણ છે. વાવના દરેક ખંડમાં ગોખ છે. વાવનું બાંધકામ ખૂબ વ્યવસ્થિત છે. તે ભદ્રા પ્રકારની વાવ છે.

(૩) **અડાલજની વાવ :** અમદાવાદથી ઉત્તરે ગાંધીનગર જિલ્લામાં લગભગ ૧૮ કિ.મી દૂર આવેલા અડાલજ ગામના પાદરમાં આ વાવ આવેલી છે. એમાં ત્રણ બાજુથી પ્રવેશી શકાય એવી રચના છે. સલ્તનતકાલીન વાવોમાં આ એક ઉત્તમ વાવ છે. કદમાં આ વાવ બાઈ હરિરની વાવ કરતાં મોટી નથી, પણ શિલ્પ અને સ્થાપત્યની દૃષ્ટિએ તે ચઢિયાતી છે. આ વાવમાં પ્રવેશ કરતાં લગભગ ૭.૫ મીટરનો એક ચોરસ મંડપ નજરે પડે છે. મંડપના હાલના અવશેષો જોતાં જણાય છે કે ભૂતકાળમાં આ મંડપ ઉપર ઘુમ્મટ હશે. વાવમાં ઊતરતાં શરૂઆતમાં જે થાંભલાઓ દેખાય છે, તે ઘણી જ ઉત્તમ કળાકારીગરીવાળા છે. મંડપની ચારે બાજુએ પનિહારીઓ માટે નાની ઓરડીઓ આવેલી છે. એના ઝરૂખા મંડપની શોભામાં અભિવૃદ્ધિ કરે છે. ઝરૂખાની નીચે હાથીઓની આકૃતિઓ કંડારેલી છે. આ વાવને બે કૂવા છે. પાછળનો કૂવો મુખ્ય મનાય છે. તેમાં ઉપરથી પાણી ખેંચવાની વ્યવસ્થા છે, તેમ જ બાજુના માર્ગથી છેક પાણીની નજીક પહોંચી શકાય છે. મુખ્ય કૂવાના ગોખમાં કોઈ હિંદુ દેવની પ્રતિમા હશે એમ લાગે છે. એક બીજા ગોખમાં ગુજરાતી આકારની નવ ગાગર ત્રણ-ત્રણની ઊતરડમાં કોતરેલી છે. બીજા ગોખમાં મુસ્લિમ કલ્પવૃક્ષ અને ચિરાગની આકૃતિઓ કંડારેલી છે. વાવના બીજા મજલે અષ્ટકોણ કૂવાની ભીંતમાં નવગ્રહની પ્રતિમાઓ કંડારેલી છે. આ વાવની કુલ લંબાઈ લગભગ ૭૭ મીટર છે. દાદા હરિરની વાવની જેમ, તેમાં છેક નીચે સુધી જવા માટે બાજુએ ગોળ સીડી આવેલી છે.

આ વાવમાંથી વિ.સં. ૧૫૫૫ (ઈસ. ૧૪૯૯) ની સાલનો સંસ્કૃત ભાષામાં લખાયેલો એક લેખ મળી આવેલ છે. તેના પરથી જાણવા મળે છે કે દંડાહીના વાઘેલા રાજવી મોકલસિંહના પુત્ર, કર્ણના પુત્ર, મૂળરાજના પુત્ર, મહીપતના પુત્ર, વીરસિંહની પત્ની રૂડાદેવીએ પોતાના પતિના શ્રેયાર્થે આ વાવ માઘ સુદ ૫ ને દિવસે બંધાવી હતી. આને બંધાવતાં પાંચ લાખ એક સો અગિયાર મહમૂદી ટંકા

ખર્ચ થયો હતો.

આ વાવ વિશે એવી અનુશ્રુતિ પ્રચલિત છે કે વીરસિંહની પત્ની રૂડાદેવીના રૂપથી મોહાન્ધ થઈ બાદશાહે તેની સાથે લગ્ન કરવાની ઈચ્છા કરતાં રૂડાદેવીએ એક ઉત્તમ વાવ બંધાવવાની માગણી કરી. વાવ પૂર્ણ થતાં વાવ જોવાના બહાને રૂડાદેવીએ પોતાના કુટુંબની આબરૂ બચાવવા વાવમાં જઈ આત્મહત્યા કરી. આ દંતકથાને કોઈ ઐતિહાસિક પ્રમાણ મળતું નથી. આ વાવ ગુજરાતની સર્વ વાવોમાં ઉત્તમ છે. તે આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવે છે ! સ્થાપત્યની દૃષ્ટિએ આ વાવ જયા પ્રકારની છે.

સાંપાની વાવ

આ વાવ ગુજરાતના સાબરકાંઠા જિલ્લાના બાયડ પાસે આવેલ સાંપા નામના ગામના પાદરમાં આવેલી છે. તે સ્થાપત્યની દૃષ્ટિએ નંદા પ્રકારની છે. વાવના પાછળના ભાગમાં કૂવો છે. તેની ડાબી-જમણી બાજુમાં બે શિલાલેખો છે. વાવમાં નવગ્રહ, ગણેશ, સિદ્ધિ, બુદ્ધિ વગેરેની પ્રતિમાઓ તથા સુંદર ભૌમિતિક આકૃતિઓ કંડારેલી જોવા મળે છે.

વાવના લેખમાં સંપત્પુર (સાંપા) ગામ અને વાવ બંધાવનારની પ્રશસ્તિ કરેલી છે. લેખમાં જણાવેલ વિ.સં. ૧૫૧૮ (ઈ.સ.૧૪૬૨) અને વિ.સં. ૧૫૩૭ (ઈ.સ. ૧૪૮૦-૮૧) પરથી જણાય છે કે આ વાવ સુલતાન મહમૂદશાહ બેગડાના સમયમાં બંધાવવામાં આવી હતી.

આમ, સલ્તનતકાળ દરમિયાન ગુજરાતમાં ઘણી નોંધપાત્ર વાવો બંધાઈ. તેની શૈલી સોલંકી યુગની છે, તેમાં ભૌમિતિક આકુતિઓનું પ્રમાણ સવિશેષ જોવા મળે છે; જ્યારે દેવદેવઓનાં શિલ્પોનું પ્રમાણ અલ્પ છે. સંભવ છે કે આ ઈસ્લામ યુગની અસર હોય. આ સર્વ વાવોમાં પથ્થરને બદલે ઘણે ઠેકાણે ઈંટ-ચૂનાનો ઉપયોગ સવિશેષ જોવા મળે છે. ઘણી વાવોમાં કૂવાની બાજુમાં ફરતે પગથિયાં મૂકી છેક નીચે જવાય તેવી અદ્ભુત રચના કરેલ છે. વાવ સ્થાપત્યનો ગુજરાતનો અમૂલ્ય વારસો સલ્તનતકાળમાં પણ સચવાયો છે.

સરોવરો

સલ્તનતકાળ દરમિયાન નીચેનાં કેટલાંક સરોવરો બંધાયાં :

(૧) ધોળકાનું ખાન સરોવર : આ સરોવર સુલતાન મહમૂદ બેગડાના એક સેનાપતિએ ધોળકામાં બંધાવ્યું હતું. સરોવરમાં વચમાં કૂવો અને છત્રી છે. બાજુમાં ખાન મસ્જિદ આવેલી છે.

(૨) સરખેજના રોજા પાસેનું તળાવ : આ સરોવર સુલતાન મહમૂદ બેગડાના સમયમાં સરખેજના રોજા પાસે બંધાવવામાં આવ્યું હતું. તેમાં પ્રાણીઓ સરળતાથી પાણી પી શકે તેવી રીતે ઘાટ બાંધેલ છે, તેની નજીક સલ્તનતકાલીન દરગાહ અને મહેલોના અવશેષો આવેલા છે.

(૩) કાંકરિયું તળાવ : આ તળાવ સુલતાન કુતુબદ્દીન અહમદશાહે બંધાવ્યું હોવાથી તે 'હોજે કુતુબ' ના નામે ઓળખાતું. તેની ફરતે ગોળાકાર પગથિયાં આવેલાં છે. તેમાં પાણી આવવાના માર્ગ ઉપર સુંદર કલાત્મક જાળીઓની રચના કરી હોવાથી પાણી ગળાઈને ચોખ્ખું થઈને આવે છે. તેની બાંધણી કેટલેક અંશે પાટણના સહસ્ત્રલિંગ તળાવને મળતી છે. તળાવની મધ્યમાં નગીનાવાડી નામે ઓળખાતા સ્થળે મહેલ અને સુંદર બાગ આવેલ છે. આ સરોવરનો ઉપયોગ રાજ કુટુંબના જળવિહાર માટે થતો હશે તેમ લાગે છે.

કૂવા

ખેડા જિલ્લા વાત્રક નદીના કિનારે આવેલા મહેમદાવાદ શહેરમાં સલ્તનતકાળ દરમિયાન બંધાયેલો એક કૂવો આવેલો છે. હાલમાં તે ભમરિયા કૂવાના નામે ઓળખાય છે. આ કૂવામાં શૈલગૃહની પદ્ધતિએ પથ્થર અને ઈંટોનો બાંધકામમાં સુંદર રીતે ઉપયોગ થયો છે. કૂવો હમામખાના તથા આરામગાહનો ભાગ ભજવે છે. તેમાં નહાવાના ખંડો છે. પગથિયાં ઊતરીને છેક કૂવાના પાણી સુધી જઈ શકાય છે. આ કૂવો સ્થાપત્યકલાનો એક ઉત્તમ નમૂનો છે.

કિલ્લા

સલ્તનતકાળના કિલ્લાઓ સ્થાપત્યની દૃષ્ટિએ સોલંકીકાળના કિલ્લાઓ કરતાં ઘણા ઊતરતી કક્ષાના છે. તેમાં પથ્થર સાથે ઈંટ, માટી, ચૂનાનો ઉપયોગ વિશેષ કરેલો છે. કિલ્લા પર તોપો મૂકવા માટે બુરજો અને પ્રવેશદ્વાર આગળ કોઠાની રચના કરેલી હોય છે . બારણ ઉપર મોટા ખીલા અને પાછળ મોટી ભોગળો હોય છે. દુશ્મનો પર પ્રહાર કરવા દીવાલમાં બાકોરાં અને કાંગરા હોય છે. શિલ્પો ઓછાં જોવા મળે છે.

આ સમયના કિલ્લાઓ અમદાવાદ, ચાંપાનેર, અહમદાવાદ (હિંમતનગર) વગેરે સ્થળોએ જોવા મળે છે.

'મિરાતે અહમદી'માં જણાવ્યા પ્રમાણે અમદાવાદના કિલ્લાને ૧૩૯ બુરજો ૧૮ દરવાજા, ૬૭૦૯ કાંગરા હતા. કેટલેક ઠેકાણે નાની બારીઓ હતી.

મંદિરો

આ સમયે મુસ્લિમ આક્રમણોને લીધે મંદિરો બાંધવાની પ્રવૃત્તિ ઘણી ઓછી થઈ ગઈ હતી, તેમ છતાં આ સમયના મળેલા અભિલેખોમાંથી વિવિધ દેવદેવીઓનાં હિંદુ તથા જૈન મંદિરો બંધાયાના ઉલ્લેખો મળી આવે છે. આ સમયે બોરુ (જિ. મહેસાણા, ઈ.સ. ૧૩૧૧), ધામલેજ (જિ. જૂનાગઢ, ઈ.સ. ૧૩૮૦), સોમનાથ પાટણ (ઈ.સ. ૧૩૯૨), ચાંદોદ (જિ. વડોદરા, ઈ.સ. ૧૪૦૭), ગુણેઠા (જિ.ભરૂચ, ઈ.સ. ૧૪૧૮) વગેરે સ્થળોએ નાનાંમોટાં હિંદુ મંદિરો અને ખંભાત (ઈ.સ.૧૩૦૯-૧૦), શત્રુંજય (ઈ.સ. ૧૩૧૩), આબુ (ઈ.સ. ૧૩૧૩, ગિરનાર (ઈ.સ. ૧૫૦૯) વગેરે સ્થળોએ કેટલાંક જૈન મંદિરો બંધાયાં હતાં, તેમ જ ઘણાંનો જીર્ણોદ્ધાર થયો હતો. અમદાવાદના ઝવેરીવાડ લત્તામાં પાર્શ્વનાથના મંદિરનો જીર્ણોદ્ધાર વિ.સં. ૧૬૦૦ (ઈ.સ. ૧૫૪૪) માં થયો હતો. આ ઉપરાંત, ઉપલબ્ધ સમકાલીન અભિલેખોમાંથી પણ ગુજરાતનાં વિવિધ સ્થળોએ નાનાંમોટાં દેવાલયો બંધાયાના ઉલ્લેખો મળે છે. (જુઓ, ડૉ. હ. ગં. શાસ્ત્રી, 'ગુજરાતના ઐતિહાસિક લેખો'- ભા. ૪)

વિદ્યમાન મંદિરો

ઉપર જણાવેલાં મંદિરોમાંથી નીચેનાં કેટલાંક હાલમાં અસ્તિત્વમાં છે. એમાંનાં કેટલાંકનું સ્થાપત્યકીય સ્વરૂપ સચવાઈ રહ્યું છે.

પ્રભાસપાટણનાં સૂર્યમંદિરો : પ્રભાસપાટણમાં ત્રિવેણી પાસે એક સૂર્યમંદિર આવેલું છે. મંદિર પૂર્વાભિમુખ છે. તેમાં ગર્ભગૃહ, પ્રદક્ષિણાપથ, ગૂઢમંડપ, શ્રૃંગાર ચોકી વગેરે આવેલાં છે. મંદિરોના પીઠમાં અશ્વથરની હારમાળા જોવા મળે છે. આ મંદિર લગભગ ૧૪મી સદીમાં બંધાયું હોવાનું મનાય છે.

મંદિરની દ્વારશાખમાં ગણેશનું શિલ્પ છે. ઓતરંગ પર નવગ્રહનો પાટ છે. ગર્ભગૃહમાં નાની સૂર્યપ્રતિમા છે. જંઘાના ભદ્ર ગવાક્ષોની બંને બાજુએ ક્યાંક ક્યાંક નર્તકીઓના શિલ્પો સચવાઈ રહ્યાં છે. મુખ્ય શિખરનાં દર્શનીય ભાગમાં સૂર્યની પ્રતિમાઓ આવેલી છે.

પ્રભાસપાટણમાં હિરણ નદીના કાંઠે બીજું એક સૂર્યમંદિર આવેલું છે. આ મંદિર પશ્ચિમાભિમુખ છે. મંદિર ગર્ભગૃહ, ગૂઢમંડપ, મુખમંડપ, પ્રદક્ષિણાપથ વગેરેથી શોભે છે. ગર્ભગૃહના ગવાક્ષોમાં સૂર્યની ખંડિત પ્રતિમાઓ આવેલી છે. અહીંની સેવ્ય પ્રતિમા વેરાવળના હાટકેશ્વર મંદિરમાં લઈ જવાઈ હોવાનું મનાય છે. મંદિરમાં નવગ્રહ નર્તકીઓ વગેરેનાં શિલ્પો નજરે પડે છે. આ મંદિર લગભગ ૧૪મી સદી કરતાં પ્રાચીન હોય તેમ લાગતું નથી.

સરોત્રાનું બાવનધ્વજ મંદિર : સરોત્રા (જિ. બનાસકાંઠા)માં 'બાવનધ્વજ'ના નામે ઓળખાતું એક જૈન મંદિર આવેલું છે. આ મંદિર લગભગ ૧૪મી સદીનું મનાય છે. મંદિરની શિલ્પોથી શોભતી દીવાલ તૂટી ગઈ છે. મંદિરમાં ગર્ભગૃહ, ગૂઢમંડપ, ત્રિકમંડપ, રંગમંડપ, ભમતી, દેવકુલિકાઓ વગેરે દર્શનીય છે. ગર્ભગૃહ અને ગૂઢમંડપની બહારની ઉપર યક્ષ-યક્ષિણીઓ, નર્તકીઓ, વાદકો વગેરેનાં શિલ્પો આવેલાં છે.

આબુ-દેલવાડાનું પિત્તલહર મંદિર : આ મંદિર વિ.સં. ૧૩૭૩ (ઈ.સ. ૧૩૧૬) અને વિ.સં. ૧૪૮૯ (ઈ.૧૪૩૩) દરમિયાન બંધાયું હતું. મંદિર ભીમાશાહ

નામના જૈન વણિકે બંધાવ્યું હતું. તેમાં મુખ્ય પ્રતિમા આદીશ્વરની છે. મંદિરમાં ગર્ભગૃહ, ગૂઢમંડપ, સભામંડપ, નવચોકી વગેરે આવેલાં છે. હાલની ૧૦૮ મણ પિત્તળની વિશાળ પ્રતિમા મંત્રી સદર અને મંત્રી ગદાએ વિ.સં. ૧૫૨૫ (ઈ.સ. ૧૪૬૯)માં પધરાવી હતી. મંદિરમાં વિવિધ પ્રકારની જૈન પ્રતિમાઓ આવેલી છે.

આબુમાં બીજું એક ત્રણ મજલાનું ચોમુખ મંદિર છે. અહીંની ઘણી પ્રતિમાઓ વિ.સં. ૧૫૧૫ (ઈસ. ૧૪૫૮-૫૯)માં સંઘવી માંડલિક તથા તેનાં કુટુંબીજનોએ પધરાવી હતી. મંદિરની બહારની દીવાલો પર દિક્પાલો, વિદ્યાદેવીઓ, યક્ષ-યક્ષિણીઓ વગેરેનાં શિલ્પો આવેલાં છે. મંદિરની મુખ્ય પ્રતિમા પાર્શ્વનાથની છે.

ભેટાલી (જિ. સાબરકાંઠા)નું શિવમંદિર : અહીંનું શિવપંચાયતન મંદિર પંદરમી સદીનું હોવાનું મનાય છે. આ મંદિરસમૂહ ઊંચી જગતી પર બાંધેલા છે. મુખ્ય મંદિર શિવનું છે. મંદિર ગર્ભગૃહ, અંતરાલ, શૃંગારચોકી વગેરેથી શોભે છે. મંડોવરના થરોમાં વિવિધ દેવદેવીઓ, દિક્પાલો, અપ્સરાઓ વગેરેનાં શિલ્પો આવેલાં છે. ઈશાન, અગ્નિ, નૈઋર્ત્ય અને વાયવ્યનાં મંદિરો અનુક્રમે ગણેશ, સ્કંદ, સૂર્ય અને પાર્વતીનાં છે. પાર્વતીની પ્રતિમાની પાટલી પર વિ.સં. ૧૫૦૭ (ઈ.સ.૧૪૫૧)નો લેખ છે.

આ ઉપરાંત વસઈ (જિ. મહેસાણા)નું અખાડા અથવા પાલેશ્વરનું મંદિર, વાડિયાવીર (જિ. સાબરકાંઠા)નું શિવાલય વગેરે આ સમયનાં છે. મંદિરની દીવાલો દેવદેવીઓ અને નર્તકીઓનાં શિલ્પોથી શોભે છે.

પાવાગઢનાં જૈન મંદિરોનો સમૂહ : પાવાગઢ ઉપર આવેલ નવલખા મંદિરો, કાલિકા માતાની ટૂક પર આવેલ ચંદ્રપ્રભ અને સુપાર્શ્વનાથનાં મંદિરો અને પાર્શ્વનાથનું મંદિર તથા એની આજુબાજુ આવેલાં મંદિરો ચૌદમી સદીનાં હોય તેમ લાગે છે.

નવલખા મંદિરસમૂહમાં ત્રણ મંદિર આવેલાં છે. મંદિરને ફરતો કોટ છે. દીવાલો વિવિધ શિલ્પોથી શણગારેલી છે. શિખર અર્વાચીન હોય તેમ લાગે છે.

ચંદ્રપ્રભ અને સુપાર્શ્વનાથનાં મંદિરોને ફરતા કોટ છે. તેમનો અવારનવાર જીર્ણોદ્ધાર થયો હોય તેમ જણાય છે.

પાર્શ્વનાથના મંદિરસમૂહનો પણ અવારનવાર જીર્ણોદ્ધાર થતો રહ્યો છે.

વડનગરનું હાટકેશ્વરનું મંદિર : વડનગર (જિ. મહેસાણા) માં નાગર બ્રાહ્મણોના ઈષ્ટદેવ હાટકેશ્વર મહાદેવનું પ્રસિદ્ધ મંદિર આવેલું છે. આ મંદિર ૧૪મી-૧૫મી સદીનું મનાય છે. મંદિરમાં ગર્ભગૃહ, અંતરાલ, સભામંડપ, ત્રણ શૃંગારચોકીઓ વગેરે અસ્તિત્વમાં છે. મંદિરમાં સુંદર શિલ્પો આવેલાં છે. મંદિરનાં મંડોવર, પીઠ, મંડપ અને શૃંગારચોકીની વેદિકાઓ પર નવગ્રહો, દિક્પાલો અને વિવિધ દેવદેવીઓનાં શિલ્પો આવેલાં છે. અહીં કૃષ્ણ અને પાંડવોના કેટલાક જીવનપ્રસંગો કોતરેલા છે.

આભાપુરનું સારણેશ્વરનું મંદિર : આ મંદિર સાબરકાંઠા જિલ્લાના વિજયનગર મહાલના પ્રદેશમાં આવેલ આભાપુરમાં આવેલું છે. મંદિરમાં ગર્ભગૃહ, અંતરાલ, ગૂઢમંડપ, બે બાજુની બે શૃંગારચોકી, સભામંડપ વગેરે આવેલ છે. મંદિર ત્રણ મજલાનું છે. મંદિરના સ્તંભો સોલંકીકાલીન શૈલીથી જુદા પડે છે. મંદિરના પ્રાંગણમાં વિ.સં. ૧૫૫૪ (ઈ.સ. ૧૪૯૮)ની સાલનો મહારાજાધિરાજ શ્રી રાવ ભાણના રાજ્યકાળનો એક પાળિયો જોવા મળે છે.

આભાપુર પાસે સદેવંત-સાવળિંગાનાં દેરાં તરીકે ઓળખાતો એક મંદિરસમૂહ આવેલો છે. એમાં કેટલાંક મંદિરો શિવ, ચામુંડા અને ભૈરવનાં છે. અહીં એક જૈન દેવાલય પણ આવેલું છે.

આ ઉપરાંત સાબરકાંઠા જિલ્લાના પોળોના જંગલ વિસ્તારમાં ૧૪મી-૧૫મી સદીનાં મનાતાં કેટલાંક મંદિરો હાલમાં અસ્તિત્વમાં છે.

ઈસ્લામી સ્થાપત્ય

સલ્તનતકાળ દરમિયાન હિંદુ સ્થાપત્ય કરતાં મુસ્લિમ સ્થાપત્ય વિકાસ સવિશેષ થયો હતો. મુસ્લિમ સ્થાપત્યમાં મસ્જિદ શ્રેષ્ઠ સ્થાપત્ય છે. તેનાં મુખ્ય અંગોમાં બંદગી માટેનો મંડપ (લિવાન), મક્કાની દિશા સૂચવતો મહેરાબ (ગોખ), મહેરાબની બાજુએ આવેલ વ્યાસપીઠ (જેના પર બેસીને ઈમામ હોજ, નમાજના સમયની જાહેરાત કરવાનો મિનારો વગેરેનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત, ઈદને દિવસે નમાજ પઢવાના સ્થાનને ઈદગાહ અને મુસ્લિમ સંતોની કબરો પર ચણવામાં આવેલી ઇમારત મકબરા કે દરગાહ તરીકે ઓળખાવાય છે. મકબરો મોટે ભાગે ચોરસ તળદર્શનવાળી ઘુમ્મટવાળી ઇમારત તરીકે ઓળખાવાય છે. તેમાં કબરવાળા ખંડમાં ચારે તરફ સુંદર આકૃતિવાળી જાળીઓ હોય છે. મસ્જિદ અને મકબરાનો સમાવેશ થતો હોય તેવી ઇમારતને 'રોજો' કહેવાય છે.

ગુજરાતમાં સલ્તનતકાળમાં બંધાયેલ મસ્જિદો, રોજો, મકબરા વગેરે ઉત્તમ ઇમારતો જોવા મળે છે.

સલ્તનકાળ દરમિયાન બંધાયેલ મુસ્લિમ સ્થાપત્યમાં ભરૂચની જામી મસ્જિદ, ખંભાતની જામી મસ્જિદ, ધોળકાની હિલાલખાન કાઝીની મસ્જિદ, ધોળકાની ટાંકાની મસ્જિદ, અમદાવાદની અહમદશાહ પહેલાની મસ્જિદ, હેબતખાનની મસ્જિદ, સૈયદ આલમની મસ્જિદ, અહમદશાહનો રોજો, રાણી હજીરો, કુત્બુદ્દીનની મસ્જિદ, મલિક શાબાનનો રોજો, મલિક શાબાનની મસ્જિદ, સારંગપુરની મસ્જિદ, બીબીજીકી મસ્જિદ, સરખેજનો રોજો, સરખેજની મસ્જિદ, મહમૂદ બેગડાની ઇમારતો, મલિક આલમની મસ્જિદ, આઝમ મુઆઝમનો રોજો, રૂપમતીની મસ્જિદ, દરિયાખાનનો ઘુમ્મટ, અચૂતકૂકીની મસ્જિદ, મિયાંખાન ચિસ્તીની મસ્જિદ, સકરખાનની મસ્જિદ, બાઈ હરિરની મસ્જિદ અને રોજો, જૂના રેલવે સ્ટેશન પાસેના ઈંટેરી મિનારા, શાહઆલમનો રોજો, રાણી સિપ્રીની મસ્જિદ, ચાંપાનેરની જામી મસ્જિદ અને રોજો, સીદી શઈદની મસ્જિદ વગેરે સ્થાપત્યો ગુજરાતમાં હાલમાં જોવા મળે છે. અહીં સ્થળસંકોચને લીધે આમાંની કેટલીક જ મસ્જિદોનું વર્ણન આપેલ છે. (વિશેષ માહિતી માટે જુઓ, Burgess, 'Muslim Architecture of Ahmedabad' - Part 1)

અમદાવાદનું નોંધપાત્ર મુસ્લિમ સ્થાપત્ય

(૧) અહમદશાહની મસ્જિદ : ઈ.સ. ૧૪૧૧-૧૪ ના ગાળામાં બંધાયેલી આ મસ્જિદ હાલમાં અમદાવાદમાં લાલ દરવાજાના બસ સ્ટેન્ડ પાસેના કૉન્ગ્રેસ હાઉસ સામેના શહીદ સ્મારક પાસે આવેલી છે. આના બાંધકામ હિંદુ મંદિરોના અવશેષોનો સીધો ઉપયોગ કરેલો છે. તેમાંથી ગુજરાતના વાઘેલા રાજવી વીસલદેવનો

વિ.સં. ૧૩૦૮ની સાલનો લેખ મળે છે. આ લેખ ઉપરથી જણાય છે કે આ મસ્જિદ હિંદુ મંદિરનું રૂપાંતર છે. મસ્જિદમાં સ્ત્રીઓને નમાજ પઢવા માટેની અલગ વ્યવસ્થા છે. આ મસ્જિદ બાદશાહ અહમદશાહે બંધાવ્યાનો ઉલ્લેખ કરતો અરબીમાં લખાયેલો એક લેખ આ મસ્જિદમાંથી મળેલ છે.

(૨) **અમદાવાદની જામા મસ્જિદ :** અમદાવાદમાં હાલમાં ગાંધી રોડ નામે ઓળખાતા રસ્તા ઉપર ત્રણ દરવાજા પાસે પાનકોર નાકા આગળ આ મસ્જિદ આવેલી છે. આ મસ્જિદ બાદશાહ અહમદશાહે ઈ.સ. ૧૪૧૨માં બંધાવેલી મસ્જિદને ત્રણ બાજુ વિશાળ પ્રવેશદ્વાર આવેલાં છે. તેનું એક પ્રવેશદ્વાર માણેકચોક બાજુ અહમદશાહના રોજા આગળ પૂર્વ બાજુએ આવેલું છે. મસ્જિદની અંદર વિશાળ ચોક, હોજ, મહેરાબ, કલ્પવૃક્ષી આકૃતિઓ તેમ જ વિશાળ થાંભલાઓ છે. મસ્જિદની આગળ વિશાળ મિનારા આવેલા હતા, જે ઈ.સ. ૧૮૧૯ના ધરતીકંપમાં પડી ગયા હોવાનું માલૂમ પડે છે.

આ મસ્જિદમાં પણ હિંદુ મંદિરોના અવશેષોનો વ્યવસ્થિત રીતે ઉપયોગ થયેલો જણાય છે.

(૩) **અહમદશાહનો રોજો :** અમદાવાદમાં માણેકચોક વિસ્તારમાં આવેલ આ રોજાનું સ્થાન મુસ્લિમ સ્થાપત્યમાં નોંધપાત્ર છે. રોજામાં આવેલી સુંદર ભૌમિતિક આકૃતિઓવાળી જાળીઓ રોજાની સુંદરતામાં અનેકગણો વધારો કરે છે. અહીં બાદશાહ અહમદશાહ ઉપરાંત તેના પુત્ર મુહમ્મદશાહ અને પૌત્ર કુત્બુદ્દીનની કબરો આવેલી છે. તેમાં હાલમાં બાદશાહ અહમદશાહના નામે એક લંગરખાનું (સદાવ્રત) ચાલે છે.

(૪) **રાણીની હજીરો :** આ રોજો બાદશાહ અહમદશાહના રોજાની સામે માણેકચોક વિસ્તારમાં આવેલો છે. તેનો પ્રદક્ષિણામાર્ગ તેમ જ જાળીઓની કોતરણી ઘણાં જ સુંદર છે.

(૫) **બીબીજી કી મસ્જિદ :** આ મસ્જિદ અમદાવાદના સ્થાપત્યનો એક ઉત્તમ નમૂનો છે. તેના મિનારાને લીધે તે આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવે છે. હાલમાં અમદાવાદના ગોમતીપુર વિસ્તારમાં આવેલી આ મસ્જિદ હાલતા મિનારાની

મસ્જિદના નામે ઓળખાય છે. મસ્જિદ કદ, આયોજન અને મિનારાને લીધે ઘણી જ સુંદર દેખાય છે. હાલમાં તેનો દક્ષિણ બાજુનો મિનારો તૂટી ગયેલો છે. હાલમાં એક મિનારો છે, તે હલાવતાં હાલે છે. એમ કહેવાય છે કે પહેલાં તેનો એક મિનારો હલાવીએ તો બંને મિનારા હાલતા હતા. સુલતાન કુત્બુદ્દીનના સમયની અમદાવાદની આ એક અદ્ભુત કલાકૃતિ છે. તેના મિનારાનું રહસ્ય હજુ સુધી કોઈ સ્પષ્ટપણે સમજાવી શક્યું નથી. તે માટે જુદા જુદા વિદ્વાનોએ જુદા જુદા મત દર્શાવેલ છે.

(૬) **સરખેજનો રોજો :** આ રોજો સરખેજ ગામ પાસે સૈયદ અહમદખટ્ટુ ગંજ-બક્ષના મનમાં મહમૂદ બેગડાના સમયમાં બંધાવવામાં આવેલો. રોજામાં આવેલી જાળીઓ સુંદર કલાકૃતિઓના નમૂના છે. અહીં પાછળથી પિત્તળની જાળીઓ મૂકવામાં આવેલી છે. રોજાની સામે એક સુંદર સરોવર તેમ જ તેની આસપાસ પ્રાચીન મકાનોના અવશેષો જોવા મળે છે. તેની બાજુમાં એક મસ્જિદ આવેલી છે. એકંદરે જોતાં આ એક નામાંકિત રોજો છે.

(૭) **રાણી સિપ્રીની મસ્જિદ :** સલ્તનતકાળ દરમિયાન બંધાયેલી આ મસ્જિદ મુસ્લિમ સ્થાપત્યની એક સુંદર કલાકૃતિ છે. આ મસ્જિદ સુલતાન મહમૂદ બેગડાના પુત્ર અકબરખાની મા રાણી અસનીએ ઈ.સ. ૧૫૧૪માં બંધાવી હોવાનું મનાય છે. સિપ્રી એનું ઉપનામ હોય તેમ લાગે છે. મસ્જિદમાં કમાનો નથી. તેની છતની રચના અતિ સુંદર છે. તેમાં સુંદર નકશીકામ કરેલું છે. મસ્જિદ સ્થાપત્યકીય દૃષ્ટિએ નાનકડી પણ ઉત્તમ લાગે છે.

આ મસ્જિદ અમદાવાદમાં આસ્ટોડિયા વિસ્તારમાં આવેલી છે. તેની બાજુમાં એક રોજો આવેલો છે. તેનું નકશીકામ મસ્જિદના નકશીકામ કરતાં ઊતરતી કક્ષાનું છે.

(૮) **રાણી રૂપમતીની મસ્જિદ :** અમદાવાદમાં મિરજાપુર વિસ્તારમાં આવેલી આ મસ્જિદ ઘણી જ નાજુક અને સુંદર છે. તેના મિનારા તૂટેલા છે. તેનું માપ અને કદ સ્થાપત્યકીય દૃષ્ટિએ પ્રમાણસર છે. અહીં પ્રકાશને ઉપરથી લાવવાની વ્યવસ્થા છે. કમળની પાંદડીઓ સાથેની કમાનો મસ્જિદની શોભામાં વધારો કરે છે.

(૯) **અચુતકૂકીની મસ્જિદ :** આ મસ્જિદ અમદાવાદના દૂધેશ્વર વિસ્તારમાં આવેલી છે. આ મસ્જિદ ઈ.સ. ૧૪૭૨માં મહમૂદ બેગડાના સમયમાં મલિક બહાઉદ્દીન

સુલતાનીએ બંધાવી હતી. અહીં હિંદુ અને મુસ્લિમ પ્રતીકોનું મિશ્રણ જોવા મળે છે. આ મસ્જિદ કેટલેક અંશે રાણી રૂપમતીની મસ્જિદ સાથે સામ્ય ધરાવે છે. તેના મિનારા હાલતા હતા, એવું 'મિરાતે અહમદી'માં જણાવેલું છે. કહેવાય છે કે આ મસ્જિદને સાત મિનારા હતા, પણ હાલમાં તે જોવા મળતા નથી. મસ્જિદની સાથે રોજો આવેલો છે.

(૧૦) **દરિયાખાનનો રોજો :** શાહીબાગ વિસ્તારમાં દૂધેશ્વરમાં આવેલ કાલિકા માતાના મંદિર જવાના રસ્તે આવેલ આ રોજો મહમૂદ બેગડાના સરદાર દરિયાખાનની યાદમાં બંધાવેલો હતો. આ ઈંટેરી રોજા જેવો કોઈ અન્ય રોજો સમગ્ર ગુજરાતમાં જોવા મળતો નથી. તેનો ઘુમ્મટ વિશાળ છે. આ રોજાની દીવાલોની જાડાઈ ૨.૭૫ મીટર છે. ઘુમ્મટની પહોળાઈ ૩૦ મીટર છે. આ ઘુમ્મટ ઈંટેરી સ્થાપત્યનો ઉત્તમ નમૂનો મનાય છે. અહીંની દરગાહમાં અનેક લોકો આવે છે. તેમાં હિંદુઓનો પણ સમાવેશ થાય છે. ઘણા વિવિધ પ્રકારની માનતાઓ માને છે.

(૧૧) **શાહઆલમનો રોજો :** અમદાવાદમાં ચંડોળા તળાવ પાસે આવેલો આ રોજો મુસ્લિમ સ્થાપત્યમાં વિશિષ્ટ સ્થાન ધરાવે છે. રોજાની આસપાસનાં મકાનોના સમૂહની વચ્ચે શાહઆલમ સાહેબનો રોજો આવેલો છે. શાહઆલમ અમદાવાદના એક નામાંકિત સંત હતા. રોજાને ફરતો વિશાળ કોટ હતો. હાલમાં તે તૂટી ગયેલો છે. આ રોજો સંત શાહઆલમના મૃત્યુ બાદ ઈ.સ. ૧૪૭૫માં તાજખાં નરપાલીએ બંધાવ્યો હતો. રોજામાં વિશાળ સ્તંભો, ચોક, હોજ, ઘુમ્મટ વગેરે આવેલાં છે. રોજાની જાળીઓમાં સુંદર ભૌમિતિક આકૃતિક કંડારેલી છે. કહેવાય છે કે એક વખતે અમદાવાદ કાપડ ઉપર આ રોજાની જાળીઓની આકૃતિઓ છપાતી. આવા કાપડની યુરોપના બજારોમાં પુષ્કળ માંગ રહેતી. રોજામાં કબરની આસપાસ આરસનો કલામય કઠેડો, પિત્તળની જાળીવાળાં કમાડ તેમ જ તેની અંદર આવેલાં પયગંબર સાહેબનાં પવિત્ર પગલાં રોજાને આંતરરાષ્ટ્રીય ખ્યાતિ અપાવે છે. રોજાની આસપાસ આવેલ મસ્જિદોની જોવાલાયક છે. રોજાની પાસે આવેલ તળાવ તાજખાંની સ્ત્રીએ બંધાવેલું હતું - તે મુસ્તફાસરના નામે ઓળખાતું.

(૧૨) **સીદી શઈદની મસ્જિદ :** આ મસ્જિદ અમદાવાદના લાલ દરવાજાના

વિસ્તારમાં વીજળીઘરની સામે આવેલી છે. આ મસ્જિદ ઘણી નાની હોવા છતાં તેની દીવાલમાં આવેલી કલાત્મક જાળીઓને લીધે તે આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવે છે. મસ્જિદનું પ્રવેશદ્વાર પૂર્વાભિમુખ છે. આસપાસ નાનકડો બાગ આવેલો છે. મસ્જિદની કમાનો અને છત પાછળથી કરાયેલાં હોય તેમ લાગે છે. મસ્જિદના મિનારા અષ્ટકોણ છે. દીવાલમાં મૂકેલી જાળીઓ મસ્જિદમાં પ્રકાશ ફેલાવવા માટે મૂકેલી છે. તેની અંદર કોતરેલી વેલની આકૃતિઓ કલાકારની ઉત્તમ કલાસિદ્ધિ દર્શાવે છે. આ મસ્જિદ અમદાવાદનું એક અણમોલ રત્ન છે! તે આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવે છે. તેની જાળીઓ અનેક પરદેશીઓને આકર્ષે છે. તે ક્યારે બંધાવાની શરૂ થઈ એ ચોક્કસપણે જાણવા મળતું નથી, પણ તે સલ્તનતકાળમાં બંધાઈ હોય તેમ સ્પષ્ટ લાગે છે. અકબરના સમયમાં તે પૂર્ણ થઈ હતી એમ મનાય છે. આજે પણ ઘણા પરદેશી મહેમાનોને ભારતની યાદરૂપે આ મસ્જિદની જાળીઓની પ્રતીક કલાકૃતિઓ ભેટ આપવામાં આવે છે.

(૧૩) બાઈ હરિરની મસ્જિદ અને રોજો : અમદાવાદના અસારવા પરાના વિસ્તારમાં બાઈ હરિરની વાવની પાછળ ખૂબ જ સુંદર મિહરાબોવાળી એક નાની મસ્જિદ આવેલી છે. મસ્જિદ, વાવ અને બાગ-ત્રણે મળીને આ વિસ્તારને આકર્ષક બનાવે છે.

(૧૪) સીદી બશીરની મસ્જિદ અને એના હાલતા મિનારા : અમદાવાદમાં સારંગપુર દરવાજાની બહાર આવેલી આ મસ્જિદનો માત્ર કમાન અને મિનારાવાળો ભાગ હાલમાં નજરે પડે છે. આ મસ્જિદનો મિહરાબ અને લિવાન મરાઠાઓના સમયમાં ઈ.સ. ૧૭૫૩માં નાશ પામ્યાં હોય તેમ મનાય છે. આ મસ્જિદ સલ્તનતકાળ દરમિયાન બંધાઈ હતી. મસ્જિદના મિનારા હાલતા હોવાથી લોકોમાં તેનું આકર્ષણ સવિશેષ છે. તેનો એક મિનારો હલાવતાં બીજો મિનારો પણ હાલે છે.

ગુજરાતની અન્ય નોંધપાત્ર મસ્જિદો

(૧) ધોળકાની ખાન મસ્જિદ : આ મસ્જિદ મહમૂદ બેગડાના સમયમાં બંધાઈ હોવાનું મનાય છે. તેમાંના મિનારાઓને લિવાનના બે છેડે મૂકેલા છે. તેમાં બહારથી જવાનો રસ્તો છે. આ મિનારાઓ મસ્જિદને અડીને આવેલા છે. મૂળ લિવાનની

બહારની દીવાલના ચોથા ભાગ જેટલી મિનારાની ઊંચાઈ હોવાને લીધે અન્ય મસ્જિદોના મિનારા કરતાં અહીંના મિનારા પોતાનું આગવું સ્થાન ધરાવે છે. અહીંના મિનારા પશ્ચિમ એશિયાની મસ્જિદોના મિનારાઓને મળતા આવતા હોય તેમ લાગે છે.

આ મસ્જિદ ગુજરાતના સલ્તનતકાલીન ઈંટેરી સ્થાપત્યનો ઉત્તમ નમૂનો છે. મસ્જિદ ખૂબ મોટી છે. તેની લંબાઈ ૬૦ મીટર જેટલી છે. તેના ઉપરના ચૂનાના ભાગમાં સુંદર નકશીકામ કરેલું છે. અંદરનો વિસ્તાર ૪૫ × ૧૩ મીટર જેટલો છે. દીવાલો પ્રમાણમાં ખૂબ જાડી છે. તેનો મહેરાબ ઘણો જ આકર્ષક છે. તેની બંને બાજુએ કમાનોવાળી બારીઓ છે. અહીંના મિનારાનો આકાર શિવલિંગ જેવો છે. સમગ્ર ઈમારત ચૂનાના પ્લાસ્ટરથી તૈયાર કરેલી છે.

(૨) ધોળકાની જામી મસ્જિદ : આ મસ્જિદ ઈ.સ. ૧૪૮૫ પહેલાં બંધાઈ હોય તેમ લાગે છે. તે મહમૂદ બેગડાના સમયની મસ્જિદો સાથે ઘણું જ સામ્ય ધરાવે છે. મસ્જિદમાં ઉપરથી પ્રકાશ આવવાની વ્યવસ્થા છે. અહીં હિંદુ-ઈસ્લામી શૈલીનું કેટલેક અંશે મિશ્રણ થયેલું જોવા મળે છે. મિહરાબના વચ્ચેના ભાગમાં અમૃત-કુંભ, કમળ ઉપરાંત આડી શકરપારાની ભાતવાળી પટ્ટી જોવા મળે છે. મસ્જિદને અડીને આવેલા મિનારામાં જવા માટે દીવાલની વચ્ચેથી સીડી કાઢેલી છે. અહીં પાંચ મિહરાબ છે. મસ્જિદના ચોકમાં ખુલ્લો મંડપ છે, જેમાં કોઈ મંદિર મંદિરના થાંભલાઓનો ઉપયોગ કરેલો જોવા મળે છે. સલ્તનતકાલીન ઈસ્લામી સ્થાપત્યનો આ એક સુંદર નમૂનો છે.

(૩) ચાંપાનેરની જામી મસ્જિદ : ચાંપાનેરની જામી મસ્જિદ ગુજરાતના ઈસ્લામની સ્થાપત્યનો એક ઉત્તમ નમૂનો છે. આ મસ્જિદ મહમૂદ બેગડાએ બંધાવી હોવાનું કહેવાય છે. મહમૂદે અહીં સાત મિહરાબવાળી મસ્જિદ મક્કાના પ્રતીક તરીકે બનાવી હોય તેમ લાગે છે. તેના ૧૧ મોટા ઘુમ્મટ છે. મસ્જિદમાં સુંદર કલાત્મક ઝરૂખા આવેલા છે. મસ્જિદમાં જમીન ઉપર કુલ ૧૧૨ થાંભલા છે. મસ્જિદના મિનારામાં સુંદર નકશીકામ કરેલું છે. મિનારા ખાસ આકર્ષક નથી. ઘુમ્મટની છતમાં સુંદર કોતરણી કરેલી છે. તેમાં ભારતીય - ઈરાની શૈલીનું મિશ્રણ

જણાય છે. મસ્જિદનાં પ્રવેશદ્વાર સુંદર રીતે કોતરેલાં છે. તેમાં સુંદર જાળીઓ આવેલી છે.

(૪) **ચાંપાનેરનો રોજો :** ચાંપાનેરનો રોજો સલ્તનતકાલીન રોજાઓનો એક ઉત્તમ નમૂનો છે. તેનો ઘુમ્મટ ખંડિત થયેલો છે. તેની ચારે બાજુ કમનાવાળું એકેક પ્રવેશદ્વાર છે. કમાનની ઉપરનો ભાગ સુંદર કોતરણીથી શણગારેલો છે. અહીં એક સુંદર નકશીકામવાળો નાનો ગોખ આવેલો છે. જે રોજાની સુંદરતામાં ઘણો જ વધારો કરે છે. તેના સ્તંભો ઘણા જ આકર્ષક છે. તેની ઉપર ફૂલપત્તીનું કોતરકામ કરેલું છે. કલાની દૃષ્ટિએ આ એક સુંદર કલાકૃતિ છે.

(૫) **ચાંપાનેરની નગીના મસ્જિદ :** કોટથી થોડેક દૂર આ મસ્જિદ ચાંપાનેરમાં આવેલી છે. તે અહીંની જામી મસ્જિદ કરતાં નાની છે, પણ કલાની દૃષ્ટિએ તે ઉત્તમ છે. તેના વચ્ચેના ભાગમાં કરેલા મિનારા હજુ હયાત છે. તેના ગોખમાં સુંદર આકૃતિઓ કંડારેલી છે.

(૬) **મહેમદાવાદનો મુબારક સૈયદનો રોજો :** આ રોજો મહમૂદ બેગડાના વજીર મુબારક સૈયદે ઈ.સ. ૧૪૮૪માં બંધાવેલો. . તે મહેમદાવાદથી લગભગ ૨ કિ.મી. દૂર આવેલ છે. તેમાં ચાર-ચાર સમૂહમાં જાડા થાંભલા આવેલા છે. કુલ ૩૬ સ્તંભો છે. ઘુમ્મટ કમાનવાળો છે. તેની રચના કેટલેક અંશે સરખેજના રોજાને મળતી આવે છે. ઇમારત સાદી છતાં આકર્ષક અને ભવ્ય છે.

ટૂંકમાં, સલ્તનતકાળ દરમિયાન ગુજરાતમાં ઉત્તમ પ્રકારનું મુસ્લિમ સ્થાપત્ય રચાયું. આ સમયનાં સ્થાપત્યોની વિશેષતા જાળીઓ અને કોતરણી છે. ગોખની કોતરણી અદ્‌ભુત હોય છે. અમદાવાદની મસ્જિદની જાળીઓ જગતની સર્વોત્તમ કૃતિઓ મનાય છે. જાળીઓમાંથી મંદ મંદ હવા આવે છે, એ તેની વિશેષતા છે. મુસ્લિમ સ્થાપત્યોમાં ગોખ, ઝરૂખા, મિનારા વગેરેનું આગવું સ્થાન હોય છે. આ ઉપરાંત મસ્જિદો સાથે મકબરાઓ પણ ઘણા આકર્ષક હોય છે. મકબરાઓ મુસ્લિમ સંતોના માનમાં બાંધેલી મોટી ઇમારતો હોય છે. તેમાં જાળી, ઘુમ્મટ વગેરેની સુંદર વ્યવસ્થા હોય છે. મકબરા ઉપરાંત કેટલીક મસ્જિદો સાથે ઈદગાહ બાંધવામાં આવેલી હોય છે. અહીં ઇદના દિવસે નમાઝ પઢવા અનેક મુસલમાનો એકત્ર થાય છે.

ઈદગાહ પશ્ચિમાભિમુખ, મિહરાબયુક્ત ખુલ્લા મેદાનવાળી હોય છે.

આમ, સલ્તનતકાળમાં ઈસ્લામની અસર નીચે ઘણું નોંધપાત્ર ધાર્મિક સ્થાપત્ય વિકસ્યું.

શિલ્પ

ગુજરાતમાં મુસ્લિમ સલ્તનતની સ્થાપના થતાં મંદિર સ્થાપત્યનો વિકાસ અટકી ગયો. તેને પરિણામે ઘણા શિલ્પીઓ રાજસ્થાન, મેવાડ વગેરે સ્થળોએ ચાલ્યા ગયા. છતાં ગુજરાતનાં કેટલાંક હિંદુ રાજ્યોમાં મંદિરો બંધાતાં હોવાથી કેટલાક શિલ્પીઓ ગુજરાતમાં ટકી રહ્યા. આ શિલ્પીઓએ ગુજરાતના સુલતાનોના પ્રોત્સાહનથી હિંદુ-મુસ્લિમ શિલ્પશૈલી વિકસાવી. આના પરિણામે મસ્જિદોમાં ભૌમિતિક આકૃતિઓ, ફૂલવેલ વગેરેનું કંડારણ થવા લાગ્યું. તે સાથે ગુજરાતી વિશિષ્ટ કાષ્ઠકલાનો વિકાસ થયો. આજે પણ ગુજરાતમાં અનેક સ્થળોએથી લાકડા ઉપર સુંદર કોતરકામ કરેલા નમૂના જોવા મળે છે. લાકડા પરના કોતરકામનો એક ઉત્તમ નમૂનો - લાકડાનો કલામય હીંચકો હાલમાં અમદાવાદમાં કાંકરિયા આગળની બાલવાટિકામાં રાખેલો છે.

આ સમયે કોતરાયેલી અનેક હિંદુ-જૈન પ્રતિમાઓ ગુજરાતનાં જુદાં જુદાં સ્થળો જેવાં કે અમદાવાદ, ખંભાત, ગિરનાર, આબુ, પાટણ, શામળાજી, વડનગર, દ્વારકા વગેરે સ્થળોએથી મળી આવે છે.

દેવો અને મનુષ્યોની પ્રતિમાઓ

હિંદુ દેવોનો પ્રતિમાઓમાં મુખ્યત્વે વિષ્ણુ, સૂર્ય, શિવ, બ્રહ્મા, વિષ્ણુના દશાવતાર, અંબિકા, મહિષાસુરમર્દિની, દિક્પાલ, અગ્નિ, વરુણ વગેરે તથા જૈન પ્રતિમાઓમાં વિવિધ તીર્થંકરો,યક્ષ-યક્ષિણીઓ વગેરેની પ્રતિમાઓ આ સમયે બંધાયેલાં મંદિરોમાંથી મળે છે.

વિષ્ણુની પ્રતિમાઓ સાબરકાંઠા જિલ્લામાં આવેલ શામળાજી, ગઢા શામળાજી, રાધીવાડા, પાટણ વગેરે સ્થળોએથી મળે છે. આ સમયની મળતી વિષ્ણુની પ્રતિમાઓમાં વિષ્ણુના ત્રિવિક્રમ સ્વરૂપની પ્રતિમાઓ સવિશેષ મળે છે.

પ્રતિમાઓ કાળા પથ્થરમાંથી કંડારેલી છે. ચતુર્ભુજ છે. આયુધોમાં શંખ. ચક્ર. ગદા અને પદ્મ જોવા મળે છે. દશાવતાર વિષ્ણુની એક પ્રતિમા અમદાવાદ ગુજરાત વિદ્યાસભા અને ભો. જે. વિદ્યાભવનના પુરાવસ્તુ સંગ્રહાલયમાં સચવાયેલી છે. (જુઓ, ગુ. રા. સાંસ્કૃતિક ઇતિહાસ - ગ્રંથ ૫. પટ્ટ ૩૦. આ. ૪૯) ચતુર્ભુજ વિષ્ણુના જમણા હાથમાં ગદા અને ઉપલા ડાબા હાથમાં ચક્ર છે. નીચલો જમણો હાથ વરદ મુદ્રામાં છે. નીચલો ડાબો હાથ ખંડિત છે. વડનગર હાટકેશ્વર મહાદેવમાં વિષ્ણુના મત્સ્યાવતારની પ્રતિમા આવેલી છે.

ખંભાતમાંથી બ્રહ્મા-સાવિત્રીની પ્રતિમાઓ તથા ઉમા-મહેશ્વરની પ્રતિમાઓ મળેલી છે. સાબરકાંઠા જિલ્લાના આભાપુરના સારણેશ્વર મંદિરના એક ગોખમાંથી અંધકાસુરવધ કરતાં શિવની પ્રતિમાં મળેલી છે. પ્રતિમામાં શિવ ત્રિશૂળથી રાક્ષસને મારતા દેખાય છે. બીજી એક પ્રતિમા ત્રિનેત્રધારી શિવની આ સ્થળેથી મળી આવી છે. પ્રતિમા ચતુર્ભુજ છે. શિવના ડાબા હાથે સર્પ વીંટળાયેલ જોવા મળે છે.

આ ઉપરાંત ધોળકામાંથી ગરુડની પ્રતિમા, કિશનગઢ (જિ. સાબરકાંઠા) માંથી નાગદમનની પ્રતિમા, વંથળી (જિ. જૂનાગઢ) માંથી સૂર્યની પ્રતિમા, થાનના સૂર્ય- મંદિરમાંથી સૂર્ય, સંજ્ઞા અને છાયાની ત્રણ પ્રતિમાઓ, પોળો (જિ. સાબરકાંઠા) માંથી બ્રાહ્મી અને વૈષ્ણવીની પ્રતિમાઓ, ખંભાતના કુમારેશ્વર મંદિરમાંથી અષ્ટભુજ ગૌરીની પ્રતિમા, ધોળકામાંથી મળેલી વિ.સં. ૧૬૧૪ (ઈ.સ. ૧૫૫૭-૫૮)નો લેખ ધરાવતી મહિષાસુરમર્દિનીની પ્રતિમા, અડાલજની વાવનું નવગ્રહનું શિલ્પ, શામળાજીના મંદિરની બ્રહ્મા, અગ્નિ, વરુણ, વૈષ્ણવી, દિક્પાલો વગેરેની વિવિધ પ્રતિમાઓ સલ્તનતકાલીન હોવાનું જણાય છે.

આ સમયની તીર્થંકરોની પ્રતિમાઓમાં આબુમાં વિમલવસહીમાં આવેલ ઋષભદેવની એક પ્રતિમા જીર્ણોદ્ધાર વખતે ઈ.સ. ૧૩૨૧-૨૨ પેથડ નામના વણિકે પધરાવેલી. આ ઉપરાંત પ્રભાસપાટણમાં, તારંગાના અજિતનાથ મંદિરમાં, શત્રુંજય ઉપર દાદાજીની ટૂક પર આવેલ સીમંધરસ્વામીના મંદિરમાં, અકોટાના જૈન મંદિરમાં વગેરે સ્થળોએથી આ સમયની તીર્થંકરોની પ્રતિમાઓ મળી આવે છે.

આ સમયના કાષ્ઠ-શિલ્પોના કેટલાક નમૂના વડોદરા મ્યુઝિયમમાં સચવાયેલા

છે. તેમાં ૧૬મી સદીમાં તૈયાર થયેલ એક મંડપમાં કોતરેલા શ્રી-લક્ષ્મીની બે આકૃતિઓ ઘણી જ સુંદર છે. તોરણની બહાર ચામરધારિણી સ્ત્રી અને હાથી કંડારેલ છે.

માનવશિલ્પો

આ સમયમાં કંડારાયેલ કેટલાંક માનવશિલ્પોમાં આબુના વિમલસહીમાં શ્રાવક-શ્રાવિકાનાં પાંચ શિલ્પો (ઈ.સ. ૧૩૨૧-૨૨), દેરી નંબર ૨૦માં આવેલી શેખરસૂરિની (વિ.સં. ૧૩૯૬-ઈ.સ.૧૩૩૯-૪૦)ની પ્રતિમા, લૂણવસહીમાં આવેલ રાજીમતીની પ્રતિમા, આભાપુરમાં આવેલ શિવશક્તિ મંદિરના સ્તંભો પરની સ્ત્રીઓનાં શિલ્પો વગેરે નોંધપાત્ર છે.

આ ઉપરાંત, આ સમયના પાળિયાઓ ઉપર કેટલીક માનવ-આકૃતિઓ કોતરાયેલી નજરે પડે છે. અલબત્ત, આ આકૃતિઓ કલાની દૃષ્ટિએ તદ્દન નીચલી કક્ષાની હોય છે. આવાં શિલ્પોમાં ઘોડેસ્વાર, યુદ્ધ કરતો સૈનિક, સતી સ્ત્રી વગેરે હોય છે. આ સમયના પાળિયાઓ કચ્છ, સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત વગેરે સ્થળોએથી વિપુલ પ્રમાણમાં મળે છે.

રૂપાંકનો

અમદાવાદમાં આવેલ જામા મસ્જિદ, અહમદશાહનો રોજો, સરખેજનો રોજો, સીદી શઈદની મસ્જિદ, શાહઆલમનો રોજો, રૂપમતીની મસ્જિદ વગેરે સ્થળોનાં ભૌમિતિક સુશોભનો, ફૂલવેલની ડિઝાઇનો, જાળીઓ વગેરે ઘણાં જ કલામય છે. ઘણી મસ્જિદોના ઝરૂખા, કમાનો, કબરો વગેરે ઘણાં જ કલામય છે. ઘણી મસ્જિદોના ઝરૂખા, કમાનો, કબરો વગેરે ઉપર સુંદર રેખાંકનો જોવા મળે છે. દા.ત., રૂપમતી મસ્જિદના અને રાણી સિપ્રીની મસ્જિદના ઝરૂખા, અડાલજની વાવના ઝરૂખા. અમદાવાદમાં આવેલ શાહઆલમના રોજાની જાળીઓનું રૂપાંકન ઘણું જ વૈવિધ્યવાળું છે. સીદી શઈદની મસ્જિદની જાળીની ફૂલવેલની આકૃતિ આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવે છે. અમદાવાદની જામા મસ્જિદના ગોખમાં તેમ જ હસન ચિશ્તીની મસ્જિદના ગોખમાંની કલ્પવૃક્ષની આકૃતિઓ કલાની દૃષ્ટિએ ઘણી જ ઉત્તમ છે. ધોળકાની મસ્જિદના મિનારાઓ પર કેટલીક ભૌમિતિક આકૃતિઓ જોવા મળે છે.

ચિત્રકલા

સલ્તનતકાલીન ચિત્રકલાના નમૂના મુખ્યત્વે સચિત્ર હસ્તલિખિત ગ્રંથોની પ્રતોમાં મળે છે. આવી પ્રતો મહદંશે જૈન ગ્રંથોની હોય છે અને તે જૈન ગ્રંથભંડારોમાં સચવાયેલી હોય છે. ખંભાત, પાટણ વગેરે સ્થળોના જૈન ગ્રંથભંડારોમાંથી આવી પ્રતો મળી આવે છે. આ સમયની ચિત્રકલા પશ્ચિમ ભારતની લઘુચિત્ર શૈલીના નામે પ્રખ્યાત છે. કેટલાક તેને ગુજરાતી શૈલી તરીકે ઓળખે છે. ઘણા જૈનેતર ગ્રંથોમાંથી પણ લઘુચિત્ર શૈલીનાં ચિત્રો મળી આવે છે. ઘણી હસ્તપ્રતો તાડપત્ર ઉપર લખાયેલી છે, તો ઘણી હસ્તપ્રતો કાગળ ઉપર લખાયેલી છે.

લઘુચિત્ર શૈલીનો વિકાસ ઈ.સ. ૧૩૦૦ થી ૧૫૦૦ ના ગાળામાં સારા પ્રમાણમાં થયેલો જણાય છે. આ સમયના ચિત્રકારોએ ચિત્રશૈલીમાં કેટલીક વિશિષ્ટ પદ્ધતિઓ દાખલ કરી. લઘુચિત્ર શૈલીમાં નાનાં ચિત્રોમાં ધર્મગુરુઓ, રાજાઓ, અમાત્યો, શ્રેષ્ઠીઓ વગેરેનાં વિશિષ્ટ શૈલીનાં ચિત્રો દોરેલાં હોય છે. તેમાં આકૃતિઓમાં ચક્ષુ, પહેરવેશ, મુખ પરના ભાવ, ચિત્રનો વિષય, ચિત્રના રંગો વગેરે અદ્‌ભુત રીતે દર્શાવેલ હોય છે.

આ સમયનાં ચિત્રોવાળી કેટલીક હસ્તપ્રતો સારાભાઈ નવાબના સંગ્રહાલયમાં સચવાયેલી છે. તેમના 'જૈન ચિત્રકલ્પદ્રુમ' નામના ગ્રંથમાંથી લઘુચિત્ર-શૈલીના આ સમયના ઘણા નમૂના મળી આવે છે.

સંગીત

સોલંકીકાળ દરમિયાન સંગીતકલાનો સારી રીતે વિકાસ થયો હતો, પરંતુ એ પછી ગુજરાતમાં મુસ્લિમ આક્રમણો થતાં ગુજરાતનું સંગીત મોટે ભાગે મંદિરોમાં સચવાયું. ઘણા પ્રાચીનકાળથી મંદિરોમાં ભગવાનની પૂજા વખતે સંગીત દાખલ થયું હતું, એટલે આ વખતે શૈવ અને વૈષ્ણવ મંદિરોએ સંગીતનું શાસ્ત્રીય સ્વરૂપ સાચવી રાખ્યું. ધીરે ધીરે શૈવ-વૈષ્ણવ મંદિરો ઉપરાંત સ્વામીનારાયણ, શાક્ત સંપ્રદાય વગેરેનાં મંદિરોમાં પણ સંગીત દાખલ થયું.

પુષ્ટિમાર્ગ સંપ્રદાયના આદ્યસ્થાપક વલ્લભાચાર્યે ગુજરાતમાં કૃષ્ણભક્તિની સાથે સંગીત મહિમા વધાર્યો. વૈષ્ણવ મંદિરોનું સંગીત હવેલી સંગીતના વિશિષ્ટ નામે ઓળખાવા લાગ્યું. હવેલી સંગીતનાં ગીતોને કીર્તનો તરીકે ઓળખવામાં આવે છે.

પંદરમા સૈકામાં સંગીત ભક્તિપ્રધાન હતું. આ સમયે ભક્તકવિ અને સંગીતકાર નરસિંહ મહેતાએ આ ક્ષેત્રમાં નોંધપાત્ર ફાળો આપ્યો છે. કહેવાય છે કે તેમના સંગીતમાં વાતાવરણમાં અલૌકિક અસર ઉપજાવવાની તાકાત હતી. તેઓ 'મલ્હાર' રાગ ગાઈ વરસાદ લાવી શકતા! તેમનો કેદારો (કેદાર રાગ) ભગવાનને પ્રત્યક્ષ કરવાની શક્તિ ધરાવતો.

આ સમયે કવયિત્રી તરીકે પ્રખ્યાત થયેલાં ભક્ત મીરાંએ પણ આ ક્ષેત્રમાં નોંધપાત્ર ફાળો આપેલો છે. તેમનાં પદો શાસ્ત્રીય સંગીતમાં મહત્ત્વનું સ્થાન ધરાવે છે.

આ ઉપરાંત, આ સમયે ગુજરાતમાં ચાંપાનેરવાસી વૈજનાથદાસ (બૈજુ) મહાન સંગીતકાર તરીકે ખ્યાતિ ધરાવતો હતો. કહેવાય છે કે, તેણે બહાદુરશાહના સમયમાં પોતાના સંગીતથી બાદશાહ હુમાયુને શાંત કરી ચાંપાનેરની પ્રજાને ભયંકર કતલમાંથી બચાવી હતી. સમય જતાં તે મુઘલ દરબારનો મહાન સંગીતકાર બન્યો હતો. તેણે 'સંગીત એકાદશી' નામનું પુસ્તક રચ્યું હતું.

આમ, સલ્તનતકાળ દરમિયાન ગુજરાતમાં સંગીતે નવો સ્વાંગ ધારણ કર્યો, કરવટ બદલી. હવેલી સંગીત તરીકે સંગીતનો સારા પ્રમાણમાં વિકાસ થયો.

પ્ર. ૪ અને ૫ : સંદર્ભગ્રંથો

આચાર્ય નવીનચંદ્ર આ.	૧. ગુજરાતના સિક્કાઓ, અમદાવાદ, ૧૯૮૮.
	૨. ગુજરાતના ધર્મસંપ્રદાયો, અમદાવાદ, ૧૯૮૩
કક્કસૂરિ	નાભિનંદનજિનોદ્ધાર પ્રબંધ,
	(સં.) ભગવાનલાલ હ. પંડિત, અમદાવાદ, ૧૯૮૫.
જોટ ર. ભી.	૧. ગુજરાતનો સાંસ્કૃતિક ઇતિહાસ :
	ઈસ્લામ યુગ - ભાગ ૧,૨, અમદાવાદ, ૧૯૫૯.
	૨. ખંભાતનો ઇતિહાસ, અમદાવાદ, ૧૯૨૯.
	૩. ગુજરાતનું પાટનગર અમદાવાદ, અમદાવાદ, ૧૯૩૫
ત્રિવેદી ઇન્દ્રવદન વિ.	મુસ્લિમકાલીન ગુજરાતના ધર્મસંપ્રદાયો,
	બુદ્ધિપ્રકાશ, પુ. ૧૨૦, પૃ. ૨૪૭.
દેસાઈ મો. દ.	જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ, મુંબઈ, ૧૯૩૩.
નવાબ સારાભાઈ	જૈન ચિત્રકલ્પદ્રુમ, અમદાવાદ, ૧૯૩૬.
નાયક છોટુભાઈ ર.	ગુજરાતી સાહિત્ય પર અરબી-ફારસીની અસર, અમદાવાદ, ૧૯૫૪.
પરીખ ર. છો. અને	ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ -
શાસ્ત્રી હ. ગ. (સં.)	ગ્રંથ ૫, અમદાવાદ, ૧૯૭૭.
મહેતા ન. દે.	શાક્ત સંપ્રદાય, મુંબઈ, ૧૯૩૨.

મહેતા ર. ના.	ગુજરાતને મળેલ શિલ્પ-સ્થાપત્યનો વારસો, અમદાવાદ, ૧૯૬૮.
માસ્તર કરીમ મોહમ્મદ	મહાગુજરાતના મુસલમાનો - ભા. ૧,૨, વડોદરા, ૧૯૬૯.
લાવણ્યસમય	વિમલપ્રબંધ (સંપા. ધી. ધ. શાહ), અમદાવાદ, ૧૯૬૫,
શાસ્ત્રી દુ. કે.	શૈવ ધર્મનો સંક્ષિપ્ત ઇતિહાસ, મુંબઈ, ૧૯૬૬.
સાંડેસરા ભોગીલાલ અને	વૈષ્ણવધર્મનો સંક્ષિપ્ત ઇતિહાસ, મુંબઈ, ૧૯૩૯.
મહેતા ર. ના. (સં.)	વર્ણક સમુચ્ચય, વડોદરા ૧૯૫૯.
Burgess j.	The Muhammadan Architecture of Ahmedabad - Part I, II, London, 1950.
Commissariat, M.S.	A History of Gujarat - Vol. I, London 1938.
Majamudar M.R.	Cultural History of Gujarat Bombay, 1965.

●

પ્રકરણ ૬ : મુઘલ સલ્તનતના અમલ નીચેનું ગુજરાત

ખંડ ૨ : મુઘલકાળ

(ઈ.સ. ૧૫૭૩-૧૭૫૮)

રાજકીય ઈતિહાસ

મુઘલકાળ દરમિયાન લખાયેલી નોંધપાત્ર તવારીઓ - જેવી કે આઈને અકબરી, તબકાતે અકબરી, તારીખે ફિરસ્તા, તુઝુકે જહાંગીરી, બાદશાહનામહ, મિરાતે અહમદી, તારીખે સોરઠ-વ-હાલાર વગેરેમાંથી મુઘલકાલીન ગુજરાતના રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસને લગતી ઘણી જ આધારભૂત માહિતી મળે છે. આ ઉપરાંત, આ સમયના ઉપલદ્ધ અભિલેખો, સિક્કાઓ, ખતપત્રો, ફરમાનો વગેરેમાંથી તત્કાલીન ઈતિહાસને લગતી વિપુલ માહિતી મળે છે.

મુઘલ બાદશાહ બાબરે ઈ.સ. ૧૫૨૬માં દિલ્હીમાં પોતાની સત્તા સ્થાપી. આ સમયે ગુજરાતમાં મુઝફ્ફરશાહ બીજો સત્તા પર હતો. તેનું અચાનક અવસાન થતાં સુલતાન બહાદુરશાહ સત્તા પર આવ્યો. આ બાદશાહે ચિત્તોડ પર આક્રમણ કરતાં દિલ્હીમાં મુઘલ બાદશાહ બાબર પછી સત્તા પર આવેલા હુમાયુ સાથે સંઘર્ષ થયો. બાદશાહ હુમાયુએ બહાદુરશાહને સખ્ત હાર આપી ગુજરાત સર કર્યું. ગુજરાતનો વહીવટ પોતાના ભાઈ મીરઝા અશ્કરીને સોંપી હુમાયુ દિલ્હી પાછો ફર્યો. સમય જતાં તકનો લાભ લઈ બહાદુરશાહે મીરઝા અશ્કરીને હાંકી કાઢી ગુજરાત પાછું મેળવ્યું (ઈ.સ. ૧૫૩૫). સમય જતાં હુમાયુના અવસાન બાદ દિલ્હીની ગાદીએ બાદશાહ અકબર આવ્યો (ઈ.સ. ૧૫૫૬).

ગુજરાત પર જીત

મુઘલ બાદશાહ અકબર ગાદીએ આવ્યો તે પછી લગભગ ૧૫-૧૬ વર્ષે ગુજરાત જીતવાની ઈ.સ. ૧૫૭૨-૭૩માં જોઈતી તક તેને મળી ગઈ. આ સમયે સુલતાન મુઝફ્ફરશાહ ત્રીજો અને અમીરો વચ્ચે સત્તા માટે સખત સંઘર્ષ ચાલતો

હતો. આ વખતે સત્તા પ્રાપ્ત કરવા અમીર ઇતમદખાને બાદશાહ અકબરની મદદ માગી. તેને ગુજરાત ઉપર આક્રમણ કરવા વિનંતી જોઈતી તક મળી જતાં અકબર ફતેહપુર સિક્રીથી રાજસ્થાન થઈ પાટણ આવ્યો. પાટણ જીતીને તેણે અમદાવાદ જીતવા માટે પ્રયાણ કર્યું. રસ્તામાં ગુજરાતનો સુલતાન મુઝફ્ફરશાહ ત્રીજો અકબરના હાથે કેદ પકડાઈ ગયો અને એનું સઘળું રાજ્ય અકબરને સ્વાધીન થયું (ઈ.સ. ૧૫૭૨).

અમદાવાદ જીત્યા પછી અકબરે ખંભાત તરફ કૂચ કરી. તવારીખકારો લખે છે કે અહીં અકબરે પહેલવહેલું સમુદ્ર દર્શન કર્યું. ખંભાત કબજે કરી ધીરે ધીરે તેણે સર્વ અમીરોને શરણે આણ્યા. એવામાં સમાચાર મળ્યા કે ભરૂચનો ઇબ્રાહીમહુસેન મીરઝા ભરૂચના પક્ષના એક અમીરનું ખૂન કરી નાસી છૂટ્યો છે અને તે વડોદરા આગળથી પસાર થઈ રહ્યો છે. આથી અકબરે તાત્કાલિક તેનો પીછો પકડ્યો. સારનાલ આગળ બંને વચ્ચે ભયંકર યુદ્ધ થયું. આ વખતે અકબરનો જીવ જોખમમાં આવી પડતાં જયપુરના રાજા ભગવાનદાસ અને તેના ભત્રિજા માનસિંહે બહાદુરીથી અકબરને બચાવ્યો. મીરઝા હાર્યો અને માળવા તરફ નાસી ગયો.

આ વખતે સુરત મીરઝાઓનું મહત્ત્વનું મથક હતું. મીરઝા ભાઈઓ અને મુઘલ બાદશાહો વચ્ચે ઘણા સમયથી વેર બંધાયેલું હતું. આથી અકબરે સુરત જીતવાનો પ્રયત્ન કર્યો. રાજા ટોડરમલ મારફતે તેણે સર્વ માહિતી એકત્ર કરી સુરતને ઘેરો ઘાલ્યો. કિલ્લેદાર હમઝખાને અકબરને સામનો કરવા ફિરંગીઓની મદદ માગી. ફિરંગી સરદાર સૈન્ય લઈને આવ્યો તો ખરો પણ અકબરની સેના જોઈને તેનો મિત્ર બની ગયો. છેવટે ૨૬મી ફેબ્રુઆરી ૧૫૭૩ના રોજ હમઝખાન હાર્યો અને શરણે આવ્યો. અન્ય સર્વ સરદારોને અકબરે માફી આપી, મીરઝાના ઝનાનાને રક્ષણ આપ્યું. કિલ્લેદાર હમઝખાનની જબાન કાપી નાખી તેને છોડી મૂક્યો. સૂરતના કિલ્લાની સુલેમાની તોપો આગ્રા મોકલાવી અને તે અમદાવાદ પાછો ફર્યો.

આમ, ઈ.સ. ૧૫૭૨-૭૩માં સમગ્ર ગુજરાત સર કરી તે ફતેહપુર સિક્રિ પાછો ફર્યો. જેવો તે ગુજરાતમાંથી બહાર નીકળ્યો કે તરત જ ગુજરાતના અમીરોએ ફરીથી બળવો કર્યો. અકબરે આ લોકોને શિક્ષા કરવા લાગલગાટ એકધારી મુસાફરી કરી, વીજળીવેગે નવ દિવસમાં જ પાટણ આવી પહોંચ્યો (સપ્ટેમ્બર ૧૫૭૩).

બાદશાહ અને બળવાખોરો વચ્ચે ભયંકર યુદ્ધ થયું. છેવટે અમીરો હાર્યા. આ પછી ગુજરાતને બરાબર કરી અકબર આગ્રા પાછો ફર્યો (ઓક્ટોબર ૧૫૭૩). ત્યાં જઈ તેણે ગુજરાતના વહીવટને વ્યવસ્થિત કરવા ટોડરમલને મોકલ્યો અને સૂબાની નિમણૂક કરી.

અકબરના સમયના ગુજરાતના સૂબાઓ

અકબરે ગુજરાત સર કર્યા પછી અહીંનો વહીવટ કરવા સહુપ્રથમ પોતાના વિશ્વાસુ સરદાર અને દૂધભાઈ મીરઝા અઝીઝ કોકાને ગુજરાતના સૂબા તરીકે નીમ્યો.

મીરઝા અઝીઝ કોકા (ઈ.સ. ૧૫૭૩-૭૫)

આ સૂબાના વહીવટ દરમિયાન રાજા ટોડરમલે ગુજરાતની મહેસૂલ પદ્ધતિ વ્યવસ્થિત કરી મહેસૂલ આવક વધારી. અમીરોને જાગીર પેટે આપેલા મુલકો ખાલસા કર્યા. ધીરે ધીરે તેણે સૌરાષ્ટ્રના ઝાલાવાડથી કચ્છ સુધીના પ્રદેશો સર કરીને સુધારેલી મહેસૂલ પદ્ધતિ અહીં દાખલ કરી. આ સમયે ગુજરાતમાં ભયંકર દુકાળ પડ્યો. તેના પરિણામે અનેક લોકોએ ગુજરાતમાંથી હિજરત કરી. સૂબાએ પ્રજાને રાહત આપવા શક્ય એટલા પ્રયત્નો કર્યા. ધીરે ધીરે તેણે સમગ્ર ગુજરાતનો વહીવટ સ્થિર કર્યો.

આ વખતે મુઘલ રાજ્યમાં ઘોડાને દાગ દેવાનો કાયદો જાહેર થયો. મીરઝા અઝીઝ કોકાને રૂબરૂ બોલાવી ગુજરાતમાં આ ફરમાનનો અમલ કરવાની સૂચના કરી, પણ તેને તેની અવગણના કરતાં ઈ.સ. ૧૫૭૫માં તેને દિલ્હી પાછો બોલાવી લેવામાં આવ્યો.

પછીના સૂબાઓ

આ પછી અનુક્રમે મીરઝા અબ્દુર રહીમખાન (ઈ.સ.૧૫૭૫-૭૮), શિહાબુદ્દીન અહમદખાન (ઈ.સ. ૧૫૭૮-૮૩), ઇતમદખાન (ઇ.સ. ૧૫૮૩), મીરઝા અબ્દુર રહીમખાન (બહેરામખાનનો પુત્ર) (ઈ.સ. ૧૫૮૪-૮૯), મીરઝા અઝીઝ કોકા (બીજી વાર) (ઈ.સ. ૧૫૯૦-૯૩), શાહજાદા સુલતાન મુરાદ (ઈ.સ. ૧૫૯૪-૧૬૦૦) અને મીરઝા કોકા (ત્રીજી વાર) (ઈ.સ.૧૬૦૦-૧૬૦૫) ગુજરાતમાં સૂબા તરીકે સત્તા પર આવ્યા.

આ સમય દરમિયાન નવાનગરના જાડેજાઓ, હળવદના ઝાલા રાજવીઓ, કચ્છના ભારમલ વગેરેની હાર થઈ. સૌરાષ્ટ્ર અને કચ્છ ઉપર મુઘલોની સંપૂર્ણ સત્તા સ્થપાઈ. સમગ્ર ગુજરાતમાં અકબરે મહેસૂલ અને ખેતીને વ્યવસ્થિત કરી શાંતિ સ્થાપી ગુજરાતની પ્રજાને ફિરંગીઓના ત્રાસમાંથી મુકત કરી. પોતાના નામના સિક્કા ચલણમાં મૂકી ગુજરાતની વિનિમય પદ્ધતિ અને ટંકશાળોને વ્યવસ્થિત કર્યાં. ગુજરાતમાં રાજકીય અંધાધૂંધી દૂર થતાં સાંસ્કૃતિક ક્ષેત્રે વિકાસ થવા લાગ્યો. અકબરે આ સમય દિલ્હીમાં શરૂ કરેલ 'ઈલાહી સંવત' ગુજરાતમાં પણ શરૂ કરાવ્યો.

ઈ.સ. ૧૬૦૫માં મુઘલ બાદશાહ અકબરનું મૃત્યુ થતાં દિલ્હીની ગાદી પર તેનો શાહજાદો જહાંગીર સત્તારૂઢ થયો.

જહાંગીર (ઈ.સ. ૧૬૦૫-૧૬૨૭)

દિલ્હીમાં મુઘલ બાદશાહ જહાંગીરનું શાસન સ્થપાતાં, તેના સમયમાં ગુજરાતમાં સહુ પ્રથમ મીરઝા અઝીઝ કોકાને સ્થાને કુલીજખાન નામના સરદારને સૂબા તરીકે નીમવામાં આવ્યો (ઈ.સ. ૧૬૦૫-૧૬૦૬). આ સૂબાના સમયમાં જહાંગીરે પોતાની રાજઆજ્ઞા દર્શાવતું ખાસ ફરમાન બહાર પાડ્યું અને તેનો ગુજરાતમાં અમલ કરવાનો હુકમ કર્યો.

જહાંગીર રાજઆજ્ઞાઓ

'મિરાતે અહમદી'મા જણાવ્યા પ્રમાણે જહાંગીરે જાહેર કરેલ રાજઆજ્ઞાનો સાર નીચે પ્રમાણે છે :

(૧) જળમાર્ગ પર લેવાતું મહેસૂલ અને રાહદારી વેરો માફ કરવામાં આવશે.

(૨) રાજ્યમાં કસબા વસાવી ધર્મશાળાઓ અને તળાવો બાંધવામાં આવશે.

(૩) કોઈ પણ વેપારીનો માલ તેની ઇચ્છા વિરુદ્ધ તપાસવો નહિ. તેઓ પોતાનો માલ ગમે તેને વેચી શકશે.

(૪) જેની પાસે સરકારી લેણું ન હોય તેવી વ્યક્તિનું મૃત્યુ થતાં તેની સર્વ

મિલકત તેના વારસોને હરકત વગર સોંપવી. બિનવારસી મિલકતનો ઉપયોગ જાહેર બાંધકામો - જેવાં કે ધર્મશાળા, તળાવ વગેરેમાં કરવો, જેથી મૃત્યુ પામેલાના આત્માને શાંતિ થાય .

(૫) રાજ્યમાં દારૂ બનાવવો કે વેચવો નહિ. હું તેનાથી ખૂબ બરબાદ થયો છું.

(૬) કોઈ પણ માણસ પાસેથી ઘરવેરો લેવો નહિ કે તેની ઈચ્છા વિરુદ્ધ મકાનમાં પ્રવેશ કરવો નહિ.

(૭) કોઈ પણ ગુના માટે અંગછેદનની શિક્ષા નહિ.

(૮) પ્રજાની જમીન બળજબરીથી આંચકી લેવી નહિ કે તેમાં ખેતી કરાવવી નહિ. કોઈને પાસે વેઠ કરાવવી નહિ.

(૯) જો કોઈ આબરૂદાર માણસે અફીણ ખાઈ આપઘાત કર્યો હોય અને તેની પાસે બીજો કોઈ માણસ બેઠેલો હોય તો તેને ખૂની માનવો નહિ.

(૧૦) મોટાં શહેરોમાં રાજ્યના ખર્ચે સારા વૈદ્યો રાખી દવાખાનાં ખોલવાં. માંદા મુસાફરોની રાજ્યના ખર્ચે દવા કરાવવી.

(૧૧) મારા જન્મદિવસ કે મારા રાજ્યાભિષેકના દિવસે માંસાહાર કરવો નહિ!

(૧૨) મારા પિતાના સમયના સઘળા નોકરો કાયમ રહેશે અને તેમને લાયકાત પ્રમાણે તેમના પગારમાં વધારો કરવામાં આવશે.

આ સર્વ આજ્ઞાઓનું ગુજરાતમાં સખ્તપણે પાલન કરવાની બાદશાહ જહાંગીરે તાકીદ કરી હતી.

સૂબા કુલીજખાનને કેટલાંક કારણોસર ઈ.સ. ૧૬૦૬માં દિલ્હી પાછો બોલાવી લેવામાં આવ્યો. ત્યાર બાદ જહાંગીરના અમલ દરમિયાન ગુજરાતમાં અનુક્રમે રાજા વિક્રમાજિત (ઈ.સ.૧૬૦૬), સૈયદ મુરતજાખાન બુખારી (ઈ.સ. ૧૬૦૬-૧૬૦૯), મીરઝા અઝીઝ કોકા (ચોથી વાર) (ઈ.સ. ૧૬૦૯-૧૬૧૧), અબ્દુલ્લાખાન બહાદુર ફિરોઝજંગ (ઈ.સ. ૧૬૧૧-૧૬૧૬), મુકર્રબખાન

(ઈ.સ.૧૬૧૬-૧૬૧૮), શાહજાદો શાહજહાં (ઈ.સ. ૧૬૧૮-૧૬૨૩), શાહજાદો દાવરબક્ષ (ઈ.સ.૧૬૨૩-૧૬૨૪), ખાનજહાન લોદી (ઈ.સ. ૧૬૨૪-૨૭) વગેરે સૂબા તરીકે સત્તા પર આવ્યા. આ સર્વ સૂબાઓએ ગુજરાતનાં માથાભારે તત્ત્વોને દૂર કરી ગુજરાતમાં શાંતિ સ્થાપી, મહેસૂલની આવક વધારી.

ઈ.સ. ૧૬૧૮માં જહાંગીરનું ગુજરાતમાં આગમન થયું. આ સમયે ફિરંગીઓએ બાદશાહને ખુશ કરી કેટલાક હકો મેળવ્યા. અંગ્રેજોને કેટલાક પરવાના આપ્યા. કચ્છના રાજવીને પોતાના ચલણમાં કોરીના સિક્કા ચાલુ કરવાની પરવાનગી આપી. બાદશાહ જહાંગીરે આ સમયે પાવાગઢની મુલાકાત લઈ ચાંપાનેર આગળ હાથીઓનો શિકાર કર્યો હતો. કેટલોક સમય ગુજરાતમાં રહી અહીંની ગરમીથી ત્રાસીને તે દિલ્હી પાછો ફર્યો. જહાંગીરે પોતાની ગુજરાતની મુલાકાત દરમિયાન ખંભાત અને અમદાવાદની ટંકશાળોમાંથી વિશિષ્ટ પ્રકારના 'રાશિ' સિક્કાઓમાં આગવું સ્થાન ધરાવે છે. આ સમયે મુઘલ બાદશાહ અને અંગ્રેજો વચ્ચેના સંબંધો સુધરતાં અંગ્રેજોએ સુરત, અમદાવાદ, ખંભાત વગેરે ઠેકાણે વેપારી કોઠીઓ નાખી.

ઈ.સ. ૧૬૨૮માં જહાંગીરનું મૃત્યુ થતાં, દિલ્હીમાં તેનો શાહજાદો ખુર્રમ શાહજહાં નામ ધારણ કરી સત્તા પર આવ્યો.

શાહજહાં (ઈ.સ. ૧૬૨૮-૫૮)

બાદશાહ શાહજહાંના સમયમાં અનુક્રમે સૂબો નાહિરખાન ઉર્ફે શેરખાનનૂર (ઈ.સ. ૧૬૨૮-૩૧), ઈસ્લામખાન (ઈ.સ. ૧૬૩૧-૧૬૩૨), બાકરખાન (ઈ.સ. ૧૬૩૩-૩૪), સિપેહદાર (ઈ.સ. ૧૬૩૪-૩૫), સૈફખાન (ઈ.સ. ૧૬૩૫-૩૬), આઝમખાન (ઈ.સ. ૧૬૩૬-૪૨), મીરઝા ઈસારતખાન (ઈ.સ. ૧૬૪૨-૪૫), શાહજાદો ઔરંગઝેબ (ઈ.સ. ૧૬૪૫-૪૮), શાહજાદો મુહમ્મદદારા શુકોહ (ઈ.સ.૧૬૪૮-૫૨), શાઈસ્તખાન (બીજીવાર) (ઈ.સ. ૧૬૫૨-૫૪) અને શાહજાદો મુરાદબક્ષ (ઈ.સ. ૧૬૫૪-૫૮) એમ અગિયાર સૂબાઓ ગુજરાતમાં સત્તા પર આવ્યા. આ વખતે ઘણાનો વહીવટ સંતોષકારક ન લાગતાં તેમને થોડાક જ સમયમાં બદલી નાખવામાં આવ્યા હતા. આ સર્વમાં સૂબા નાહિરખાન, આઝમખાન અને શાહજાદા ઔરંગઝેબના સમયમાં કેટલાક નોંધપાત્ર બનાવો બન્યા હતા.

સૂબા નાહિરખાનના સમયમાં અકબરના શાસને ગુજરાતમાં શરૂ કરેલ 'ઇલાહી સંવત' બંધ કરાવવામાં આવ્યો. તેના સમયમાં ગુજરાતમાં 'સત્યાશિયો' નામે ઓળખાતો ભયંકર દુકાળ પડ્યો. આ દુકાળનું વર્ણન કરતાં 'મિરાતે અહમદી'માં જણાવ્યું છે કે 'જે હાથ સદાયે ઉદારતાથી લાંબો થતો હતો તે હાથ ભીખના ટુકડા સિવાય બીજે લાંબો થતો ન હતો: કૂતરાનું માંસ બકરાના માંસની જગાએ વેચાતું; લોટમાં હાડકાંનો ભૂકો ભેળવીને વેચવામાં આવતો; ઘણા પોતાનાં પ્યારાં બાળકોને ટુકડા રોટલાં માટે નજીવી કિંમતે વેચી દેતા; ગામડાં વેરાન બન્યાં; માર્ગમાં એટલા બધા લોકો ભૂખે મરવા પડેલા કે રાજમાર્ગ ઉપર ચાલવાની જગા રહી ન હતી; ઘણા લોકો અન્ય પ્રાંતોમાં ચાલ્યા ગયા હતા.' ('સુરત સોનાની મૂરત', પૃ.૨૫) આવી જ મતલબનાં લખાણો પરદેશી મુસાફરોએ પણ લખ્યાં છે. પીટરમુન્ડી નામનો એક અંગ્રેજી મુસાફર નોંધે છે કે 'આ સમયે લોકો પોતાનાં બાળકોને ૧૨ શિલિંગમાં વેચતા. ટૂંકમાં, આ દુકાળનું તાંડવ ગુજરાતમાં ચારે બાજુ જામ્યું હતું. લૂંટારાઓના ત્રાસને લીધે, ઉત્તરપ્રદેશમાં પુષ્કળ અનાજ હોવા છતાં પણ ગુજરાતમાં અનાજ લાવી શકાતું નહિ.'

સૂબા આઝમખાને વાત્રક કાંઠાના માથાભારે કોળીઓ અને જમીનદારોને સીધા કર્યા. પ્રજાના રક્ષણ માટે તેણે કપડવંજ, બહિયલ, અડાલજ, રાણપુર વગેરે સ્થળોએ કિલ્લાઓ બાંધ્યા. નવાનગરના જામ લાખાજીને હરાવી મુઘલ બાદશાહને ખંડણી ભરવાની ફરજ પાડી. તે સ્વભાવે ઘણો ઘાતકી હતો. તેણે કેટલીક નર્તકીઓએ નૃત્ય કરવાની ના પાડતાં તેમને ઘાતકી રીતે મારી નંખાવી હતી. આ સૂબા વિશે પરદેશી મુસાફર મેન્ડેલ્સ્લો લખે છે કે કેટલાક અંગ્રેજોએ સૂબાને ફરિયાદ કરી કે સરખેજની ગળીમાં ભેળસેળ કરવામાં આવે છે. આથી સૂબાએ તાત્કાલિક તપાસ આદરી. ફરિયાદમાં તથ્ય જણાતાં મિશ્રણ કરનાર વેપારીઓને સખ્ત સજા કરી. તેણે પરદેશમાં મુઘલ રાજ્યની કીર્તિ વધારી. આમ છતાં તેના ઘાતકી સ્વભાવને લીધે તેનો વહીવટ અપ્રિય થઈ પડ્યો હતો. આથી શાહજહાંએ તેને પાછો બોલાવી લીધો હતો.

આ પછી શાહજાદા ઔરંગઝેબની સૂબાગીરી દરમિયાન ગુજરાતમાં કેટલાક નોંધપાત્ર બનાવો બન્યા હતા. તેણે પ્રજાનાં નીતિનાં ધોરણો ટકાવી રાખવા માટે

કેફી પીણાંઓનું જાહેરમાં વેચાણ, વેશ્યાઓની જાહેરમાં પ્રવૃત્તિ વગેરે અટકાવવા સખ્ત પગલાં ભર્યાં હતાં. તેણે ધાર્મિક ઝનૂનથી પ્રેરાઈને, શેઠ શાંતિદાસ ઝવેરીએ સરસપુરમાં બંધાવેલા ચિંતામણિ પાર્શ્વનાથના મંદિરને ભ્રષ્ટ કરીને મસ્જિદમાં ફેરવી નાખ્યું હતું, પણ પાછળથી શાહજહાંના હુકમથી આ મંદિર શેઠ શાંતિદાસને યોગ્ય વળતર સાથે પાછું આપવાની તેને ફરજ પડી હતી. તેના સમયમાં મહેદવી પંથના સૈયદ રાજુની કતલ થતાં અમદાવાદમાં ભયંકર તોફાનો ફાટી નીકળ્યાં હતાં. પ્રજામાં ઔરંગઝેબના વહીવટથી ત્રાસ ફેલાતાં છેવટે શાહજહાંએ તેને પાછો બોલાવી લીધો હતો.

ઈ.સ. ૧૬૫૭માં બાદશાહ શાહજહાં બીમાર પડતાં દિલ્હીમાં તેના શાહજાદાઓ વચ્ચે સત્તા સંઘર્ષ શરૂ થયો. અંતે આ સર્વમાં વિજયી બનીને શાહજાદો ઔરંગઝેબ દિલ્હીની ગાદીએ આવ્યો.

ઔરંગઝેબ (ઈ.સ. ૧૬૫૮-૧૭૦૭)

ઔરંગઝેબના સમયમાં ગુજરાતમાં સૂબા તરીકે અનુક્રમે મહારાજા જશવંતસિંહ (ઈ.સ. ૧૬૫૯-૬૨), મહોબતખાન (ઈ.સ. ૧૬૬૩-૬૮), બહાદુરખાન (ઈ.સ. ૧૬૬૮-૭૦), મહારાજા જશવંતસિંહ (ફરીથી) (ઈ.સ. ૧૬૭૦-૭૨), ઉમ્દત્-ઉલ-મુહમ્મદખાન અમીનખાન (ઈ.સ.૧૬૭૨-૮૨), મુસ્તારખાન (ઈ.સ. ૧૬૮૨-૮૪), કારતલબખાન (ઈ.સ. ૧૬૮૫-૧૭૦૧), શાહવર્દીખાન (ઈ.સ. ૧૬૮૬), શાહજાદો મુહમ્મદ આઝમશાહ (ઈ.સ. ૧૭૦૧-૧૭૦૫), શાહજાદો મુહમ્મદ બીદારબખ્ત (ઈ.સ. ૧૭૦૬-૦૭), ઈબ્રાહિમખાન (ઈ.સ. ૧૭૦૭) વગેરે સત્તા પર આવ્યા.

આ સમય દરમિયાન દિલ્હીમાં મુઘલ સલ્તનત નબળી પડતાં મરાઠા સરદાર શિવાજીએ ગુજરાત ઉપર અવારનવાર આક્રમણ કરી લૂંટ ચલાવી. મુઘલોએ જામનગર કબજે કર્યું અને તેને ઈસ્લામાબાદ નામ આપવામાં આવ્યું. બાદશાહ ઔરંગઝેબે ખાસ ફરમાનો દ્વારા ગુજરાતની ખેતી સુધારવા, દાણચોરી અટકાવવા, મિલકતના વેચાણ ઉપર લેવાતા કરવેરા દૂર કરવા, શાકભાજી-ઘાસચારો વગેરેના વધારે ભાવ લેવાતાં અટકાવવા, હોળીના તહેવારોમાં દેખાતી અશ્લીલતા દૂર કરવા

તેમ જ પ્રજાનાં નીતિનાં ધોરણો સાચવવા સખ્ત પગલાં ભર્યાં. આ સમયે ગુજરાતમાં મૂર્તિપૂજા ઉપર અંકુશ મુકાયો. મંદિરોના જીર્ણોદ્ધારની પ્રવૃત્તિ અટકી ગઈ. અમદાવાદમાં કમનસીબે પ્રચલિત થયેલા લોખંડના સિક્કાઓ બંધ કરાવી નવા તાંબાના સિક્કાઓને ચલણમાં દાખલ કર્યા. ગુનેગારોને સખત સજા કરવામાં આવતી. ગુજરાતમાં આ સમયે હિંદુઓ ઉપર જજિયાવેરો નાખવામાં આવ્યો. ટૂંકમાં, 'મિરાતે અહમદી'માં જણાવ્યા પ્રમાણે, ઔરંગઝેબે ગુજરાતના વહીવટને વ્યવસ્થિત કરવા લગભગ બાર જેટલાં ફરમાનો બહાર પાડ્યાં હતાં. તેના મૃત્યુ બાદ ગુજરાતમાં મુઘલ શાસનની પડતી શરૂ થઈ.

ઔરંગઝેબ પછીના મુઘલ બાદશાહો

બાદશાહ ઔરંગઝેબના મૃત્યુ બાદ દિલ્હીની ગાદીએ અનુક્રમે બહાદુરશાહ, જહાંદરશાહ વગેરે સત્તા પર આવ્યા. આ બાદશાહોના સમયમાં ગુજરાતમાં જુદા જુદા સૂબાઓ નીમવામાં આવ્યા, આ જેઓ ગુજરાતના વહીવટને વ્યવસ્થિત કરી શકયા નહિ.

બાદશાહ જહાંદરશાહના સમયમાં અસફ્-ઉદ્-દૌલા (ઈ.સ. ૧૭૧૨), ફર્રુખશાયર (ઈ.સ. ૧૭૧૩-૧૮), શહામતખાન (ઈ.સ. ૧૭૧૩), દાઉદખાન પન્ની (૧૭૧૩-૧૫) વગેરે સૂબાઓ સત્તા પર આવ્યા. આ સર્વેએ જજિયાવેરો વસૂલ કરવા પ્રજા પર ઘણો ત્રાસ વર્તાવ્યો. વેપાર ઉપર કરવેરા વધતાં વેપાર નાશ પામ્યો. આના પરિણામે રાજ્યમાં તોફાનો શરૂ થયાં. દાઉદખાન પન્નીએ તોફાનો સખ્ત રીતે દાબી દીધાં, પણ ઊભી થયેલી અવ્યવસ્થા સુધારી શક્યો નહિ. વધી પડેલા આંટના વેપારને લીધે રાજ્યનો વેપારધંધો પડી ભાંગ્યો. શરાફો વચ્ચે ઝઘડાઓ શરૂ થયા. આ સમય દરમિયાન ગુજરાત ઉપર મરાઠાઓનાં આક્રમણો વધી પડ્યાં.

ઈ.સ. ૧૭૧૯ થી ૧૭૨૩ દરમિયાન મરાઠા સરદાર પિલાજીરાવ ગાયકવાડે ગુજરાત ઉપર અનેક વાર હુમલા કર્યા. તેના થકી ચોથ અને સરદેશમુખી ઉઘરાવવાના બહાને પ્રજા ઉપર અનહદ ત્રાસ વર્તાવા લાગ્યો. આથી છેવટે સૂબા સરબુલંદખાને મરાઠાઓ સાથે સંધિ કરવી પડી. ઈ.સ. ૧૭૩૩માં પિલાજીરાવે અમદાવાદ ઉપર આક્રમણ કર્યું. મરાઠાઓને ચોથ અને સરદેશમુખી પેટે અમુક ચોક્કસ રકમ આપી, અમદાવાદનો હવાલો રત્નસિંહ ભંડારીને સોંપી સૂબો અભયસિંહ દિલ્હી ગયો. આ

પછી મોમીનખાન અમદાવાદનો કબજો કરી બિનસત્તાવાર ગુજરાતનો સૂબો બની ગયો (ઈ.સ. ૧૭૭૨). રત્નસિંહે મોમીનખાનનો અમદાવાદનો કબજો મરાઠાઓની મદદ લઈ પોતાની પાસે રાખવા પ્રયત્ન કર્યો. અંતે નિષ્ફળ જતાં ખર્ચ પેટે સારી એવી રકમ લઈ અમદાવાદ અને ખંભાતનો કબજો મોમીનખાનને સોંપ્યો. શહેરનો કબજો મળતાં મોમીનખાને વચન પ્રમાણે અડધું અમદાવાદ મરાઠાઓને સોંપ્યું. આથી અમદાવાદના રાયખડ, આસ્ટોડિયા વગેરે વિસ્તારો મરાઠાઓના કબજે આવ્યા.

આમ, અમદાવાદ મરાઠાઓ અને મુઘલ બાદશાહ વચ્ચે વહેંચાઈ ગયું. મોમીનખાનનું ઈ.સ. ૧૭૪૩માં મૃત્યુ થતાં તેની જગાએ મુફતાખીરખાન ગુજરાતનો સૂબો બન્યો. ઈ.સ. ૧૭૫૩માં સૂબા જવાર્મદખાનના સમયમાં મરાઠાઓએ અમદાવાદનો કબજો લીધો (ઈ.સ. ૧૭૫૩). કેટલાક વખત પછી તકનો લાભ લઈ ખંભાતનો મોમીનખાન બીજો અમદાવાદ ઉપર ચઢી આવ્યો. તેણે શહેરને લૂંટીને કબજો મેળવ્યો. આ ખબર પૂના પહોંચતાં પેશ્વાએ પોતાના સરદારો સદાશિવ રામચંદ્ર વગેરેને લશ્કર લઈ અમદાવાદ મોકલ્યા. આ સંઘર્ષમાં ખંભાતનો મોમીનખાન બીજો હાર્યો અને મરાઠાઓએ સંપૂર્ણપણે ગુજરાત સર કર્યું. આમ, એકસો સિત્તેર વર્ષે ગુજરાતમાં મુઘલ સત્તાનો અસ્ત થયો.

મુઘલકાલીન ગુજરાતનું રાજ્યતંત્ર

રાજ્યતંત્રનું સ્વરૂપ

પ્રતિભાશાળી મુઘલ બાદશાહો અકબર, જહાંગીર, શાહજહાં, ઔરંગઝેબ વગેરેના સમયમાં ગુજરાતમાં મુઘલ રાજ્ય સારા પ્રમાણમાં વિસ્તર્યું. દક્ષિણમાં સુરત અને નવસારી, ઉત્તરમાં આબુ તેમ જ સૌરાષ્ટ્ર અને કચ્છના પ્રદેશમાં મુઘલ બાદશાહોની આણ વર્તાતી હતી. અહીંનો વહીવટ મુઘલ બાદશાહો પોતાના સૂબાઓ મારફતે કરતા. 'મિરાતે અહમદી'માં જણાવ્યા પ્રમાણે, મુઘલ સત્તા હેઠળના પ્રદેશને બે વિભાગોમાં વહેંચવામાં આવ્યો હતો :

(૧) બાદશાહે જીતેલો પ્રદેશ, જે સીધો દિલ્હીની સત્તા હેઠળ હતો.

(૨) ખંડિયા રાજવીઓના પ્રદેશો. આ પ્રદેશો પર સૂબાની હકૂમત ચાલતી.

મુઘલ રાજ્યતંત્ર લશ્કરી તંત્ર હોવાથી સર્વ સત્તા કેન્દ્રના હાથમાં રહેતી.

મુસ્લિમ પ્રજા માટે મુઘલ બાદશાહ ધર્મ અને રાજ્યનો વડો હતો. આથી રાજ્ય વહીવટમાં મુસ્લિમ પ્રજાને ઓછામાં ઓછી તકલીફ પડે તેની ખાસ કાળજી રાખવામાં આવતી. બિન-મુસ્લિમ પ્રજા માટે રાજા માત્ર રક્ષણની ફરજ બજાવતો. તેમની પાસેથી મહેસૂલ ઉઘરાવવામાં આવતું. પ્રજાનાં સામાજિક કાર્યોની જવાબદારી જે તે જ્ઞાતિ કે કોમનાં પંચોની રહેતી.

શિક્ષણ એ રાજ્યની ફરજ ન હતી, તેથી શિક્ષણ એ રાજ્યનું મરજિયાત કાર્ય મનાતું. આમ છતાં અકબર, જહાંગીર, શાહજહાં, ઔરંગઝેબ જેવા બાદશાહો મસ્જિદ સાથે જોડાયેલી મદરેસાઓને તથા હિંદુ શિક્ષણસંસ્થાઓને મદદ કરતા. કલા અને સાહિત્યનો વિકાસ એ રાજ્યકર્તાની અંગત બાબત મનાતી. ટૂંકમાં, રાજ્યસત્તાનો ઉદ્દેશ અત્યંત ભૌતિક અને લગભગ ચેતનહીન હતો.

મુઘલ રાજ્યવહીવટ પર કેટલીક પરદેશી અસર વર્તાય છે. મુઘલોની રાજ્યપદ્ધતિ કર્તાઓની જાતિ અને તેમના ધર્મના રંગે રંગાયેલી હતી. તેમના રાજ્યનીતિના સિદ્ધાંતો, ધર્મવ્યવહારની પદ્ધતિ, કરવેરાના નિયમો, ખાતાંઓની યોજના, અમલદારોના હોદ્દા વગેરે બહારથી આયાત કરેલાં હતાં, છતાં તેમણે ભારતમાં ચાલતી શાસનપદ્ધતિ સાથે સુમેળ સાધવાનો પ્રયત્ન કર્યો હતો. વહીવટમાં સ્થાનિક જરૂરિયાતને સ્થાન આપવામાં આવતું. હિંદુ રાજ્યવહીવટની આચારસંહિતા ઈસ્લામના સિદ્ધાંતોને ધ્યાનમાં રાખીને સ્વીકારવામાં આવી હતી. સામાન્ય રીતે ગામડાંઓનો વહીવટ સ્થાનિક હિંદુ રીતરિવાજો પ્રમાણે ચાલતો.

રાજ્યતંત્રમાં લશ્કર કેન્દ્રમાં હતું. દરેક અમલદાર લશ્કરી યાદીમાં સમાવવામાં આવતો. તેમને અમુક સંખ્યાના ઘોડેસ્વારોની મનસબ આપવામાં આવતી. મનસબદારી પ્રમાણે અધિકારીનો મોભો અને પગાર નક્કી થતો.

જમીનમહેસૂલની બાબતમાં રાજા ટોડરમલે જમીનની માપણી કરીને મહેસૂલ પદ્ધતિ નક્કી કરી હતી. રાજ્યની બીજી આવકની બાબતમાં કુરાનનો કાયદો પ્રમાણભૂત મનાતો. મુઘલ રાજ્યના વહીવટની નબળી કડી તેની કાયદો અને ન્યાય અંગેની નીતિ હતી. શહેરોમાં રાજ્ય તરફથી કાયદો અને વ્યવસ્થા જાળવવાનું કાર્ય થતું. જ્યારે ગામડાંઓની રક્ષાનું સર્વકાર્ય સ્થાનિક ગ્રામવાસીઓ ઉપર છોડી દેવામાં આવતું. ફોજદાર રાજ્યનો જવાબદાર અધિકારી ગણાતો, પણ તેનો કાર્યક્રમ પ્રદેશ

એટલો વિશાળ હતો કે તે વ્યવસ્થાનું કાર્ય બરાબર સંભાળી શકતો નહિ. મહદંશે તે મહેસૂલ ઉઘરાવવા તરફ વધારે ધ્યાન આપતો.

મુઘલ રાજવીઓ ખુલ્લી અદાલતમાં ન્યાય આપવાનું કાર્ય કરતા. ન્યાયના કાર્યમાં ઉલેમાઓ અને હિંદુ શાસ્ત્રીઓની સલાહ લેવામાં આવતી, પણ સામાન્ય રીતે રાજા ન્યાયતંત્રનો વડો મનાતો. રાજ્યના વિસ્તાર પ્રમાણે પર્યાપ્ત અદાલતો ન હતી.

મુઘલ રાજ્ય એ હિંદમાં સૌથી મોટું કારખાનાદાર રાજ્ય હતું. તે જુદી જુદી જાતની બનાવટો વિશાળ પ્રમાણમાં તૈયાર કરનાર રાજ્ય હોવાથી પ્રાંતોએ પોતાની જરૂરિયાતની ચીજો માટે કેન્દ્ર ઉપર વધારે આધાર રાખવો પડતો.

ટૂંકમાં, રાજા રાજ્યનો વડો હતો. રાજા પ્રાંતનો વહીવટ સૂબાઓ મારફતે ચલાવતો. સૂબાએ શાહી સરકારની સૂચના પ્રમાણે કાર્ય કરવું પડતું. કોઈ પણ સૂબાની પ્રાંતમાં સત્તા વધી ન જાય તે માટે તેની બેચાર વર્ષમાં બદલી કરવામાં આવતી. રાજાની ઈચ્છા થાય ત્યારે સૂબાની બદલી કરી નાખવામાં આવતી. આથી સૂબો મહેસૂલ વસૂલ કરીને સંતોષ માનતો. શક્ય એ રીતે કાયદો અને વ્યવસ્થા જાળવતો. રાજ્યમાં બળવો થાય તો લશ્કરની મદદ દ્વારા સખ્તાઈથી દાબી દેવામાં આવતો. રાજ્યના સાંસ્કૃતિક વિકાસ માટે કોઈ પ્રયત્ન થતો નહિ. ઈ.સ. ૧૫૭૩માં બાદશાહ અકબરે ગુજરાત જીત્યું, ત્યાર પછીથી ઈ.સ. ૧૭૫૮ સુધીના ગાળામાં અનેક સૂબાઓ સત્તા પર આવ્યા.

પ્રાંતિક વહીવટ

ગુજરાત પ્રાંતનો વહીવટ સૂબાઓ મારફત ચાલતો. આ સૂબાઓની નિમણૂક દિલ્હી દરબારમાંથી થતી. સૂબો બાદશાહી ફરમાનોનો અમલ કરતો. આંતરિક દેખરેખ, રક્ષણ, ન્યાય, કાયદો, ફોજદારી ગુના વગેરેને લગતી કામગીરી તે સંભાળતો. સૂબાની નિમણૂક થતી, ત્યારે બાદશાહનો મુખ્ય દીવાન તેના કાર્ય વિશે માહિતી આપતાં સૂચનો આપતો કે તમારે લોકોને રાજી રાખવા યોગ્ય માણસોની રાજ્યમાં નિમણૂક કરવી; બંડખોરો અને લૂંટારાઓને સજા કરવી; લાંચ લેવી નહિ; તમારે અમીર કુટુંબના અનુભવી દીવાનને નોકરીમાં રાખવો; ખેતીને ઉત્તેજન આપવું;

શેખ, કાઝીઓ, દરવેશ સાથે માનથી વર્તવું; રાજ્યનું મહેસૂલ વ્યવસ્થિત રીત ઉઘરાવીને શાહી દરબારમાં મજબૂત ચોકીપહેરા સાથે મોકલવું. ગુજરાતના સૂબાઓ મોટે ભાગે બાદશાહી ફરમાનને અધીન રહીને કાર્ય કરતા. બાદશાહ અકબર, જહાંગીર, શાહજહાં, ઔરંગઝેબ વગેરેના સમય દરમિયાન ગુજરાત માટેનાં લગભગ ૩૧ ફરમાનો બહાર પાડવામાં આવ્યાં હતાં. સૂબો નાઝિમ તરીકે ઓળખાતો.

કેટલીક વાર શાહજાદા કે રાજ્યના મહત્ત્વના માણસની સૂબા તરીકે નિમણૂક થતાં બાદશાહની પરવાનગીથી ગુજરાતનો વહીવટ અન્ય વ્યક્તિ મારફતે ચલાવવામાં આવતો. ગુજરાતમાં મિર્ઝા અઝીઝ કોકા, બાકરખાન વગેરે સૂબાઓએ પોતાના બદલે પોતાના પુત્રોને ગુજરાતનો હવાલો સોંપ્યો હતો.

અધિકારીઓ

સૂબાને મદદ કરવા માટે કેટલાક અધિકારીઓની શાહી દરબાર તરફથી નિમણૂક કરવામાં આવતી. જેમ કે -

(૧) **દીવાન :** દીવાન મહેસૂલી વ્યવસ્થા, ન્યાય અને પોતાના અધિકારના ક્ષેત્રમાં આવતી ફરજો બજાવતો. કેટલીક બાબતોમાં તે સૂબેદારનો હરીફ રહેતો. બંને જણને એકબીજા ઉપર દેખરેખ રાખવાની સૂચના આપવામાં આવતી.

(૨) **ફોજદાર :** સુલેહ જાળવવામાં તથા વહીવટી કાર્યમાં ફોજદાર સૂબેદારને મદદ કરતો. ફોજદારોની સંખ્યા પ્રાંતની જરૂરિયાત પ્રમાણે રહેતી. તેનું કાર્ય લશ્કરની વ્યવસ્થા જાળવવી, યોગ્ય સૈનિકો નીમવા, લશ્કરમાં અસંતોષ ન ફેલાય તેની તકેદારી રાખવી, સૈનિકોની સર્વ જરૂરિયાતોને પૂર્ણ કરવી વગેરે હતું. સર્વ જમીનદારોની પ્રવૃત્તિઓ ઉપર તે દેખરેખ રાખતો, માથાભારે જમીનદારને સજા કરતો, ખંડણી વસૂલ કરતો.

(૩) **કોટવાલ :** કોટવાલ શહેરના પોલીસદળનો વડો હોવાથી તે નગર અધિકારી તરીકે ઓળખાતો. તેને જરૂરિયાત પ્રમાણે લશ્કર સોંપવામાં આવતું. તેણે હથિયારોની યોગ્ય કાળજી લેવી પડતી. નગરમાં ગુનાઓનું પ્રમાણ વધી ન જાય અને અવ્યવસ્થા ન ફેલાય તે માટે તે સતત કાળજી રાખતો. ગુનેગાર માટે કાઝીના હુકમનો અમલ કરતો. કેટલીક વાર તે ન્યાયનું કાર્ય કરતો. મહોલ્લામાં બનતા

બનાવો માટે ચોકીદાર જવાબદાર મનાતો. તે જિલ્લાની સર્વ પ્રકારની માહિતી જાસૂસો મારફતે મેળવતો. દારૂ ગાળવાની અને વેશ્યાઓની પ્રવૃત્તિ ઉપર ચાંપતી નજર રાખતો.

(૪) **વસૂલાત અધિકારી :** આ અધિકારી મહેસૂલ ઉઘરાવવાનું કાર્ય કરતો. તેને ક્રોરી તરીકે ઓળખવામાં આવતો, તે ઉપજનો હિસાબ રાખતો. શાહી દરબારમાં મહેસૂલ અંગેની સર્વ વિગતો મોકલતો.

(૫) **બક્ષી :** અધિકારીઓ, કારકુનો, સૈનિકો વગેરેના પગારના ખર્ચ અંગેનું કાર્ય કરતો. બક્ષી બાદશાહને સૂબાની વર્તણૂક વિશે ખાનગીમાં હેવાલ મોકલતો !

(૬) **કાનુનગો :** કાનુનગો કાયદો અને રીતરિવાજને લગતું કાર્ય સંભાળતો. તે જમીનના પાછલા ઇતિહાસને લગતી સર્વ માહિતી ધરાવતો.

(૭) **અમીન :** અમીન મહેસૂલની આકારણી કરી દરેક ખેડૂતે ચૂકવવાની થતા મહેસૂલની નોંધ તૈયાર કરતો. હળની સંખ્યા ખેડૂતોના પ્રમાણમાં પૂરતી છે કે કેમ તેની કાળજી રાખતો. ખેડૂતોને બીજ, બળદ માટે આર્થિક મદદ કરતો. ઈ.સ. ૧૫૮૩માં સૂબા ઇતિમદખાનના સમયમાં મીર તુરાબવલીને 'અમીન' પદે નીમવામાં આવ્યો હતો.

(૮) **મીર બહૂ :** તે બંદરનો કર, જકાત, હોડી અને નાવડીઓ ઉપરનો કર વગેરે વસૂલ કરવાનું કાર્ય કરતો.

(૯) **વકાએનવીસ :** તે શાહી દરબારમાં પ્રાંતના સમાચાર મોકલવાનું કાર્ય કરતો. આ ઉપરાંત સવાનિક, નિગાર, હલકારા વગેરે હેવાલો મોકલવાનું કાર્ય પણ કરતા.

(૧૦) **મુહતાસિબ :** તે જાહેર સદાચારના નિરીક્ષક તરીકેની કામગીરી બજાવતો. તે રાજ્યમાં દારૂ, ભાંગ, જુગાર, વેશ્યાઓ વગેરે દૂષણો ઉપર નિયંત્રણ રાખતો.

(૧૧) **કાઝી :** કાઝી ન્યાય અને ધાર્મિક ખાતાનો વડો હતો.

આ ઉપરાંત, કેટલાક નાનામોટા સ્થાનિક અધિકારીઓ લશ્કર, કાયદો, વ્યવસ્થા, મહેસૂલ વગેરેની કામગીરી બજાવતા. કેટલાકની નિમણૂક સૂબો કરતો.

સામાન્ય રીતે મધ્યસ્થ સરકારનો પ્રાંતની સરકાર ઉપર અંકુશ રહેતો. બાદશાહ અવારનવાર પ્રાંતની આકસ્મિક મુલાકાત લેતો અને બેદરકાર અધિકારીઓને દૂર કરતો તેમ જ સજા કરતો.

પ્રાંતીય સૈન્ય

કેન્દ્રમાં સ્થાયી લશ્કર રહેતું, જ્યારે પ્રાંતમાં જરૂરિયાત પ્રમાણે સૈન્ય રાખવામાં આવતું. પ્રાંતના સૈન્યને ત્રણ વિભાગોમાં વહેંચવામાં આવતું : (૧) સૂબાનું સૈન્ય, (૨) મનસબદારોનું સૈન્ય અને (૩) જમીનદારોનું સૈન્ય. સૂબો પોતાની જરૂરિયાત પ્રમાણે સૈન્ય રાખતો. મનસબદાર પોતાને બાદશાહ તરફથી મળેલા હોદ્દા અનુસાર સૈન્ય રાખતો. જમીનદાર પોતાના ખર્ચે સૈન્ય રાખતો. ફોજદાર ચોક્કસ પ્રકારનું સ્થાયી સૈન્ય રાખતો. ગુજરાતમાં લગભગ ચાલીસ લાખથી પચાસ લાખનું સૈન્ય જુદી જુદી રીતે સરકાર અને મહાલમાં રાખવામાં આવતું.

વિવિધ ખાતાં

ગુજરાતનો સૂબો અમદાવાદમાં રહેતો. સૂબો ગેરહાજર હોય ત્યારે નાયબ સૂબો વહીવટ કરતો. તેના હાથ નીચે દીવાન અને અન્ય અધિકારીઓ રહેતા. શહેરમાં કોટવાલ મુખ્ય પોલીસ અધિકારી હતો. શહેર અને પરગણામાં ફોજદાર પોલીસ અધિકારીની ફરજ બજાવતો. ન્યાય ખાતાનો વડો શહેરનો કાઝી કહેવાતો. રાજ્યના મોટા અમલદારો મનસબદાર હતા. રાજ્યમાં ધાર્મિક અંકુશ રાખવા મુહતાસિબો નિમાતા. રાજ્યના અધિકારીઓ દિલ્હીના દીવાનની મહોરથી નિમાતા.

સમગ્ર રાજ્યવહીવટને વિવિધ ખાતાઓમાં વહેંચી દેવામાં આવતો હતો. પ્રાંતમાં નીચે પ્રમાણોનાં નોંધપાત્ર ખાતાં રહેતાં :

(૧) પોલીસ ખાતું, (૨) સૂબા દીવાનની કચેરી, (૩) સદારત કચેરી (ધર્મને લગતું કામકાજ થતું), (૪) ન્યાય ખાતું, (૫) બક્ષી ખાતું, (૬) સમાચાર ખાતું, (૭) ઘોડા હાજરી (દાઘ) ખાતું, (૮) નાણા ખાતું, (૯) કાપડ બજાર ખાતું, (૧૦) લૂગડાં-ગાંસડી મહાલો (સુરત બંદર પરથી માલની જકાત અહીં લેવામાં આવતી, (૧૧) લૂગડાં ગાંસડી નાકાં (ઈસનપુર, કનીજ, રખિયાલ, નરોડા, અડાલજ, સરખેજ વગેરે સ્થળે), (૧૨) લૂગડાં-ગાંસડી તાબાનાં પરગણાં (કપડવંજ, વાડાસીનોર,

મોડાસા, વિજાપુર, ખેરાળુ વગેરે), (૧૩) સાયર કોઠા ખાતું, (૧૪) ઝવેરી ખાતું, (૧૫) ટંકશાળ ખાતું, (૧૬) સરકારી ખરીદ ખાતું, (૧૭) બાગાત ખાતું, (બાગની દેખરેખ રાખનાર), (૧૮) બેતુલમાલ બિનવારસી ખાતું. (૧૯) હરડે-મુરબ્બા ખાતું, (૨૦) નોબત અને ઘડિયાળ ખાતું (આ ખાતાની કચેરી અમદાવાદ, વડોદરા, સુરત, ચાંપાનેરમાં રહેતી), (૨૧) ઈમારત ખાતું. (૨૨) તોપખાના ખાતું. (૨૩) લંગર ખાતું, (૨૪) વૈદક ખાતું, (૨૫) શિકાર ખાતું. (૨૬) ધર્માદા વહેંચણી ખાતું વગેરે.

વહીવટી વિભાગો

વહીવટની સરળતા ખાતર સમગ્ર ગુજરાત પ્રાંતને જુદી જુદી સરકારોમાં અને દરેક સરકારને નાનાનાના મહાલોમાં કે પરગણાંઓમાં વહેંચી નાખવામાં આવ્યાં હતાં. આ સર્વનો વહીવટ ફોજદાર અને અમલગુજાર- મહેસૂલ ઉઘરાવનાર અધિકારી મારફતે ચાલતો.

સરકાર

રાજ્યમાં નીચેની સરકારો અસ્તિત્વમાં હતી :

(૧) અમદાવાદ (તાબે ૩૩ પરગણાં), (૨) પાટણ (તાબે ૧૭ પરગણાં), (૩) વડોદરા (તાબે ૪ પરગણાં), (૪) ભરૂચ (તાબે ૧૨ મહાલો અને બંદરો), (૫) ચાંપાનેર (તાબે નાના મહાલો, પાવાગઢનો કિલ્લો), (૬) નાંદોદ, (૭) ગોધરા, (૮) સોરઠ, (૯) નવાનગર, (૧૦) સુરત (સામાન્ય રીતે આ સરકારમાં હાલના સુરત જિલ્લાના મોટા ભાગનો સમાવેશ થતો.)

પરગણાનો વહીવટ

દરેક પરગણામાં થાણાં રાખવામાં આવતાં. પરગણામાં ફોજદાર અને કોટવાલની ભેગી ફરજો બજાવનાર અધિકારી સિકદાર તરીકે ઓળખાતો. તે રક્ષણ અને ન્યાયનું કાર્ય કરતો. પરગણામાં સિકદાર ઉપરાંત અમીન, કાનુનગો, પટવારી વગેરે અધિકારીઓ રહેતા. પરગણાના નાના વિભાગને મહાલ કહેતા.

બંદરનો વહીવટ

ગુજરાત પ્રદેશ જીતતાં મુઘલોને હસ્તક ઘણાં બંદરો આવ્યાં હતાં. આથી

તેમને બંદરનો વહીવટ કરવા માટે નૌકાસૈન્ય રાખવાની ફરજ પડી હતી. તેમણે બંદરોને અલગ એકમ બનાવી તેના વહીવટ માટે અલગ અધિકારીની નિમણૂક કરી. ખંભાત અને સુરતના બંદરના વહીવટ માટે જુદા ફોજદારની નિમણૂક કરવામાં આવતાં તે બંદરો આપોઆપ સરકાર બની ગયાં. બંદરમાં બહારથી માલ આવતો હોવાથી જકાતભાડું લેવામાં આવતું.

ગામડાંનો વહીવટ

ગુજરાતનાં ગામડાંઓનો વહીવટ મુઘલકાળ દરમિયાન મધ્યસ્થ રાજ્યવહીવટની નાની આવૃત્તિ જેવો હતો. પ્રાંતિક સરકારના અધિકારીઓ ગામડાંઓ સાથેનો સંબંધ મહેસૂલ ઉઘરાવવા પૂરતો રાખતા. આથી ગામડાંઓના પ્રશ્નો સામાન્ય રીતે ગામનાં પંચો મારફતે હલ કરવામાં આવતા. મહેસૂલ ખાતાના અધિકારીઓ ખેડૂતો પાસેથી સીધું મહેસૂલ ઉઘરાવતા. સૂબેદારો મોટે ભાગે પરગણામાં ફરતા. આમ, સામાન્ય રીતે ગામડાં સ્વતંત્ર એકમ જેવાં હતાં. જો તેઓ વ્યવસ્થિત મહેસૂલ ભર્યા કરે, તો તેમના આંતરિક વહીવટમાં રાજ્યના અધિકારીઓ કોઈ ડખલ કરતા નહિ. જ્ઞાતિનાં પંચોનું પંચાયત ઉપર પ્રભુત્વ રહેતું. પંચાયત ગામની સફાઈ, વાવકૂવાની દેખરેખ, ન્યાય, અનાજનાં બજારોની વ્યવસ્થા, અંદરોઅંદરના ઝઘડા પતાવવા વગેરે કાર્ય કરતી. ગામના મુખીનું સ્થાન ઘણું મહત્ત્વનું મનાતું. પંચાયતનું વહીવટનું સ્થળ ગામનો ચોરો હતું. સામાન્ય રીતે ગામના પ્રશ્નોની પતાવટ લવાદીથી થતી.

જમીનમહેસૂલ વ્યવસ્થા

જમીનની માલિકી રાજ્યની ગણાતી. રાજ્ય તરફથી દાનમાં મળેલી જમીનનો ભોગવટો કરવાનો અધિકાર જમીનનો કબજો ધરાવનારનો હતો. સરદારોની સુંદર કામગીરીના બદલામાં રાજ્ય તરફથી જમીન આપવામાં આવતી. સામાન્ય રીતે રાજ્યની તમામ ભૂમિ કરપાત્ર ગણાતી.

સુલતાનોના સમયમાં જમીનની માપણી વ્યવસ્થિત થતી ન હતી. ગુજરાતમાં અકબરની સત્તા સ્થપાતાં રાજા ટોડરમલે જમીનની માપણી કરીને મહેસૂલની આવકને વ્યવસ્થિત કરી હતી. રાજા ટોડરમલે જમીનની જાત જોઈ જમીનના ભાગ પાડ્યા

હતા. મહેસૂલ જમીનની જાત અને તેના માપ પ્રમાણે નક્કી થતું. જે પરગણાની જમીનની માપણી થયેલ ન હોય ત્યાં ઉત્પન્ન થયેલા પાક ઉપરથી મહેસૂલ નક્કી થતું. મહેસૂલ ઉત્પન્ન થયેલા માલમાં કે રોકડ ઉપર મહેસૂલ અંગે કોઈ પણ ત્રાસ ગુજારવાની મનાઈ ફરમાવી હતી. રાજ્ય તરફથી વારંવાર ખેડૂતોની સ્થિતિ સુધારવાની સૂચના આપવા છતાં, ખેડૂતો દિવસે દિવસે બરબાદ થતા જતા હતા, કારણ કે સૂબાઓ બાદશાહ અને શાહજાદાઓને ખુશ કરવા નજરાણાં આપવા માટે વધારેમાં વધારે મહેસૂલ કેમ ઉઘરાવાય તેની સતત પેરવીમાં રહેતા હતા.

કરવેરા

રાજ્ય તરફથી જમીનમહેસૂલ ઉપરાંત જુદા જુદા નિમિત્તે કરવેરા ઉઘરાવવામાં આવતા. અન્ય કરવેરાઓમાં શહેરની જકાત, બંદરની જકાત, ટંકશાળ, જજિયાવેરો વગેરેનો સમાવેશ થતો હતો.

સામાન્ય રીતે રાજ્યને જમીનમહેસૂલ ઉપરાંત વનસ્પતિવેરો, સિક્કાવેરો, ફોજદારી અને કોટવાલના ખાતાની આવક, પાનવેરો, ઘોડાના વેચાણ ઉપરનો કર, લાખ, અફીણ, રેશમ વગેરેના વેચાણ ઉપરનો કર, મજૂરો ઉપરનો કર, દુકાનો ઉપરનો કર, ટોલનાકાનો કર વગેરે દ્વારા સારી આવક થતી. બાદશાહોએ કેટલાક અયોગ્ય કર કાઢી નાખ્યા હતા. અધિકારીઓ રદ કરેલા કરવેરા ન ઉઘરાવે તેની ખાસ કાળજી રાખવામાં આવતી ! બાદશાહ ઔરંગઝેબના અમલ દરમિયાન માછલાં, તેલ, ઘી, અફીણ, છાણાં, દૂધ, લાકડાં, શાકભાજી, ઘાસ, દુકાનનું ભાડું, તમાકુ, ગુલાબજળ, માટીનાં વાસણ વગેરે ઉપરનો કર રદ કરવામાં આવ્યો હતો. ઘર એ જમીનનું વેચાણ, ભાડાનાં વાહનો, પથ્થરનાં વજનો, પુત્રજન્મ, ગોળ અને શેરડીના રસના તાવડા વગેરે ઉપર કર લેવાની રાજ્ય તરફથી મનાઈ ફરમાવાઈ હતી. રાજ્યમાં ફરજિયાત ફાળા, નજરાણાં, વેઠ વગેરેની પ્રથા બંધ કરેલી હોવા છતાં એક યા બીજા બહાને આ વેરા લેવામાં આવતા હતા. મુસલમાનોને કરવેરામાં ખાસ રાહત આપવામાં આવતી!

ન્યાય

ન્યાયનો સર્વોચ્ચ વડો બાદશાહ હતો. ન્યાયની બાબતમાં તે ઉલેમાની સલાહ

લેતો. બાદશાહ બહુ ઓછા કેસોની પતાવટ કરતો. કાયદાની બહુ આંટીઘૂંટી ન હતી.

રાજ્યમાં ન્યાય માટે અલગ ખાતાની વ્યવસ્થા હતી. નગરમાં મુખ્ય કાઝી અને પરગણામાં મદદનીશ કાઝી ન્યાયનું કાર્ય કરતા. નાની અદાલતથી માંડીને વરિષ્ઠ અદાલત સુધીની કોઈ સળંગ વ્યવસ્થા ન હતી. ગામડાંઓના લોકો પોતાના ઝઘડા પંચાયતો કે ન્યાતનાં પંચો મારફતે પતાવતા.

ન્યાય કુરાનના આધારે કરવામાં આવતો, તેમ છતાં હિંદુશાસ્ત્રીઓની મદદ લેવામાં આવતી. કાઝી સામાન્ય રીતે મસ્જિદમાં બેસી કેસ ચલાવતો. બાદશાહ ઔરંગઝેબે કાઝીઓને સૂર્યોદય થયા પછી એક કલાકે શરૂ કરી બપોર સુધી, શુક્રવાર સિવાયના બધા દિવસોએ, ન્યાયનું કાર્ય કરવાની ફરજ પાડી હતી. રાજ્યમાં ન્યાયનાં ધોરણ ચોક્કસ ન હતાં, છતાં પ્રજાને ઉત્તમ ન્યાય મળે તે મંળે તે માટે બાદશાહ જહાંગીર અને ઔરંગઝેબે ખાસ ફરમાનો દ્વારા કેટલાંક ધોરણો નક્કી કર્યાં હતાં. તેમાં ખાસ જણાવ્યું હતું કે, જ્યાં સુધી ગુનો પુરવાર ન થાય ત્યાં સુધી ગુનેગારને સજા ન કરવી; પ્રથમ ગુના વખતે સખત સજા ન કરવી. દંડ કે ફટકાની સજા ન કરવી; અંગછેદન કરવાની સખ્ત મનાઈ હતી. દેહાંતદંડની સજા બાદશાહની મંજૂરી વગર કરવામાં આવતી નહિ. બરબાદ કરનાર તથા ખોટા સિક્કા પાડનારને સખ્ત સજા કરવામાં આવતી હતી.

આમ, મુઘલકાળ દરમિયાન ન્યાયનાં કેટલાંક વિશિષ્ટ ધોરણો અસ્તિત્વમાં હોવા છતાં પ્રજાને યોગ્ય ન્યાય મળતો ન હતો.

ફરમાનો

ફરમાનો એ બાદશાહી હુકમો હતા. ગુજરાતને લગતાં લગભગ બત્રીસ ફરમાનો ઉપલબ્ધ છે. તેનો વિગતે અભ્યાસ કરતાં જણાય છે કે આ ફરમાનો બાદશાહ અકબરનાં ચાર - પારસી ધર્મગુરુઓને તથા જૈન તીર્થોને લગતાં, જહાંગીરનાં ત્રણ જૈન સૂરિઓ તથા શેઠ શાંતિદાસને લગતાં, શાહજહાંનાં ચૌદ - શેઠ શાંતિદાસને લગતાં, શાહજાદા મુરાદ બક્ષનું એક - લીધેલી લોન પાછી આપવા બાબતનું તથા ઔરગંઝેબનાં ત્રણ - શત્રુંજય મંદિરો, શાંતિદાસ ઝવેરીને લગતાં છે. આ ફરમાનોમાં

વહીવટને લગતી બાદશાહની આજ્ઞાઓનો સમાવેશ થાય છે.

સિક્કા

મુઘલકાળ દરમિયાન ગુજરાતમાં અમદાવાદ, ખંભાત, જૂનાગઢ, ભૂજ વગેરે સ્થળોએ મુખ્ય ટંકશાળો હતી. આ ટંકશાળો સૂબાના તાબા હેઠળ હતી. દરેક ટંકશાળનું સ્વતંત્ર ચિહ્ન હતું. અહીં જુદા જુદા મુઘલ રાજવીઓના સિક્કા પાડવામાં આવતા હતા. સોનાના સિક્કા 'મહોર'ના નામે ઓળખાતા.

શરૂઆતના મુઘલકાલીન સિક્કાઓમાં ખલીફાઓનાં નામ દેખાતાં નથી. અકબરના સમયમાં સિક્કાઓમાં અકબરના નામ સાથે ઇલાહી સંવત પ્રયોજાતો. ગુજરાતમાં પોતાના સિક્કાઓ પડાવનાર પહેલો મુઘલ બાદશાહ અકબર હતો. અકબરના ઉત્તરાધિકારી જહાંગીરે સિક્કાઓના ક્ષેત્રમાં મોટી પ્રગતિ કરી હતી. ગુજરાતની જુદી જુદી ટંકશાળોમાં પડાવેલા એના સોનાના સિક્કાઓમાં ઘણી વિશિષ્ટતા જોવા મળે છે. તેણે 'રાશિ' સિક્કા બહાર પાડ્યા. સૂર્યસંક્રાતિમાં પ્રતિમાસ થતા ફેરફારોને આ સિક્કાઓ ઉપર છાપવામાં આવતા. બારે રાશિના જુદા જુદા સિક્કાઓ હતા. આ સિક્કાઓ ઘણા જ સુંદર હતા. તેણે પોતાની બેગમ નૂરજહાંના નામે સિક્કા બહાર પાડેલા! ગુજરાતની ટંકશાળોમાં પાડેલા શાહજહાંના સિક્કા વિપુલ પ્રમાણમાં મળે છે. તેણે કલમા અને ખલીફાનું નામ તથા હિજરી સંવત સિક્કા ઉપર છાપવાનું શરૂ કર્યું હતું. ઔરંગઝેબે સિક્કાઓ ઉપરથી કુરાનના કલમા અને ખલીફાઓનાં નામ કાઢી નંખાવ્યાં. ઔરંગઝેબના સમયમાં તાંબાના સિક્કાઓની તંગી ઊભી થતાં શરાફોએ લોઢાના સિક્કા ચલાવ્યા હતા.

સૌરાષ્ટ્રમાં કોરી અને મહમૂદી સિક્કાઓનું ચલણ મુઘલકાળ દરમિયાન પ્રચલિત હતું. અકબરી રૂપિયો સૌરાષ્ટ્રમાં ઘણા સમય સુધી ચલણમાં રહ્યો. આમ છતાં સૌરાષ્ટ્ર અને કચ્છમાં કોરીનું ચલણ ઘણું જ લોકપ્રિય હતું. ઈ.સ. ૧૬૭૩માં કચ્છમાં ભૂજની ટંકશાળમાં કોરીનો સિક્કો પાડવાનું શરૂ થયું હતું.

ટૂંકમાં, સમગ્ર રાજ્યવહીવટનો અભ્યાસ કરતાં જણાય છે કે મુઘલકાળ દરમિયાન ગુજરાતના સૂબાઓ સત્તાનાં સૂત્રો ધારણ કરતા હોવા છતાં મુઘલ બાદશાહને અધીન હતા. આથી તેમની દૃષ્ટિ પ્રજાના વિકાસ કરતાં બાદશાહનાં

નજરાણાં અને પોતાના અંગત ઉપયોગ માટે નાણાં એકત્ર કરવા તરફ સવિશેષ રહેતી, કેમ વધારે મહેસૂલ ઉઘરાવવું તેની જ તેઓ સતત ચિંતા કર્યા કરતા. આથી ગુજરાતના સાંસ્કૃતિક વિકાસમાં તેમને ઓછો રસ હોય એ સ્વાભાવિક હતું.

સામાજિક સ્થિતિ

ગુજરાતમાં આ સમયે નાનાંમોટાં અનેક ગામો અસ્તિત્વ ધરાવતાં હતાં. સામાન્ય રીતે વસ્તીનો વિશાળ સમુદાય અમદાવાદ, સુરત, વડોદરા, ખંભાત, ભરૂચ જેવાં રાજકીય અને વેપારી દૃષ્ટિએ મહત્ત્વનું સ્થાન ધરાવતાં નગરોમાં વસતો હતો. સલ્તનતકાળની માફક સમાજ બે વિભાગોમાં વહેંચાયેલો હતો : (૧) હિંદુ સમાજ અને (૨) મુસ્લિમ સમાજ. આ બંનેની સ્થિતિ સલ્તનતકાળ કરતાં ભિન્ન ન હતી.

હિંદુ સમાજ

અઢારમી સદી દરમિયાન ગુજરાતમાં હિંદુ સમાજ અનેક નાનીમોટી જ્ઞાતિઓમાં વહેંચાઈ ગયો હતો. સમાજમાં બ્રાહ્મણ અને વાણિયાઓમાં ૮૪ જ્ઞાતિઓ પ્રચલિત હતી. 'વિમલપ્રબંધ'માં વર્ણવેલ ચાર મુખ્ય વર્ણો બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર તથા નવનારૂ ને અને પાંચકારૂના નામે ઓળખાતી કંદોઈ, કુંભાર, માળી, મર્દનિયા, સૂત્રધાર, ભેંસાઈત, તંબોળી, સોની તેમ જ ગાંયજા, ઘાંચી, છીપા, લુહાર, મોચી, ચમાર વગેરે જ્ઞાતિઓ આ સમયે ગુજરાતમાં અસ્તિત્વમાં હતી. દરેક વર્ણમાં પેટા-જ્ઞાતિઓ ઉદ્ભવી હતી. સર્વત્ર ધંધા પ્રમાણે વિવિધ જ્ઞાતિઓ અસ્તિત્વમાં હતી. એકલા સુરતમાં બધી મળીને લગભગ ૨૦૭ જ્ઞાતિઓ હતી એમ જાણવા મળે છે. આ વખતે જૈન સમાજમાં પણ ૮૪ ગચ્છો અસ્તિત્વમાં આવ્યા હતા.

જુદી જુદી જ્ઞાતિઓના ઉદ્ભવ વિશે જુદી જુદી દંતકથાઓ પ્રચલિત હતી. દરેક જ્ઞાતિમાં વર્ગભેદ દેખાતા હતા. દરેક જ્ઞાતિમાં લગ્ન અને ભોજન માટેના જુદા જુદા નિયમો પ્રવર્તતા હતા. મુસ્લિમોને કારણે જ્ઞાતિબંધનો સખ્ત થઈ ગયાં હતાં. સમાજમાં સ્પર્શાસ્પર્શના નિયમો પણ ઘણા કડક હતા. અસ્પૃશ્યતા વ્યાપક પ્રમાણમાં વિસ્તરી હતી. કેટલીક જ્ઞાતિઓ તેમના ધંધાને લીધે હલકી તેમ જ અસ્પૃશ્ય મનાતી.

પ્રાચીનકાળથી ચાલ્યા આવતા સંસ્કારોનું મહત્ત્વ બ્રાહ્મણોમાં જ ટકી રહ્યું હતું. અન્ય જ્ઞાતિઓમાં ઘણા સંસ્કારો લગભગ અદશ્ય થયા હતા. ઉપનયન, સીમંતોન્નયન જેવા સંસ્કારો વિકૃત સ્વરૂપે ટકી રહ્યા હતા. લગ્નપ્રથા હાલના જેવી જ હતી. તેના નિયમો પ્રાચીનકાળથી ચાલ્યા આવતા હતા. આંતરજ્ઞાતીય લગ્નો ઘણા ઓછા પ્રમાણમાં થતાં. સામાન્ય રીતે તે સમાજના નીચલા વર્ગમાં પ્રચલિત હતાં. બાળલગ્નો અને વૃદ્ધલગ્નો પ્રચલિત હતાં. વલ્લભ ભટ્ટ (ઈ.સ. ૧૬૯૬-૧૭૯૬ નો સમયગાળો) ના એક ગરબામાં કન્યા પોતાને વૃદ્ધ પતિ ન મળે તે માટે માતાને સ્તુતિ કરતી વર્ણવી છે. કજોડાં પણ થતાં. એક પંક્તિમાં જણાવ્યું છે કે 'સાઠ વરસના ડોસા યેહ, તરુણી કન્યા પરણી તેહ'. અખો પોતાની કવિતામાં લખે છે. કે 'નાર નાનડી હવું પ્રસૂત, વળતી વાધે નહિ અદ્‌ભુત'. સમાજમાં બહુપત્નીત્વની પ્રથા પ્રચલિત હતી. ઘણા શ્રીમંત લોકો ત્રણ કે ચાર સ્ત્રીઓ સાથે લગ્ન કરતા. શેઠ શાંતિદાસ ઝવેરીને ચાર પત્નીઓ હતી. કવિ શામળ લખે છે કે 'જેના ઘરમાં શોક્ય, કામણ-ટૂમણ તે પાસે. દૂધેશ્વર પાસેથી મળેલા એક પાળિયા-લેખમાં રૂપચંદ નામના એક વણિકને ત્રણ પત્નીઓ હોવાનો ઉલ્લેખ છે. આ પાળિયા ઉપર સંવત ૧૬૭૨ (ઈ.સ. ૧૬૧૬) જણાવેલ છે. (ગુ. પા. અ. પૃ. ૬૬૮)

ઉપર જણાવેલ પાળિયા-લેખમાં રૂપચંદની ત્રણે સ્ત્રીઓનો સતી થયાનો ઉલ્લેખ છે. આથી સ્પષ્ટ જણાય છે કે સમાજમાં સતીપ્રથા પ્રચલિત હતી. ઈ.સ. ૧૬૨૮માં ખંભાત આવેલા મેન્ડેલ્સ્લો નામના જર્મન મુસાફરે નોંધ્યું છે કે પોતે સતી થનાર એક સ્ત્રીને જોવા ગયેલો; સતીએ અલંકાર કાઢીને વહેંચતી વખતે એક અલંકાર તેના ઉપર નાખેલો. પરદેશી મુસાફર ઓવિંગ્ટન પોતાની નોંધ (ઈ.સ. ૧૬૮૯) માં જણાવે છે કે ગુજરાતમાં સ્ત્રીઓ પતિ પાછળ સતી થવાનો વિચાર ધરાવે છે. કચ્છમાં આ સમયના સતીઓના અનેક પાળિયા મળી આવે છે.

ગુજરાતમાં ઉચ્ચ ગણાતા હિંદુઓમાં વિધવા થનાર સ્ત્રીએ ફરજિયાત વૈધવ્ય પાળવું પડતું. સમાજના નીચલા વર્ગોમાં વિધવા-પુનર્લગ્નની પ્રથા અને છૂટાછેડાની પ્રથા પ્રચલિત હતી. સ્ત્રીધન આપવાની પ્રથા અસ્તિત્વમાં હતી.

સમાજમાં ધીરે ધીરે પ્રાદેશિક ભાષાનું પ્રભુત્વ વધતું જતું હતું, તેમ છતાં રાજભાષા ફારસી હોવાની લીધે નાગરો અને કાયસ્થો અરબી-ફારસીનો અભ્યાસ

કરી રાજ્યની નોકરીમાં જોડાતા. આથી. ફારસી ભાષાના સાહિત્યનું ખેડાણ સારા પ્રમાણમાં થવા લાગ્યું હતું.

સમાજમાં નીતિનાં ધોરણો સાચવવા માટે રાજ્ય તરફથી પ્રયત્નો થતા. બાદશાહ ઔરંગઝેબે એક ફરમાન દ્વારા હિંદુઓને દુકાનો હંમેશાં ખુલ્લી રાખવાનો, દિવાળીની રાત્રે રોશની નહિ કરવાનો, જાહેરમાં હોળી નહિ પ્રગટાવવાનો તેમ જ તે તહેવારના દિવસે બીભત્સ ગાળો નહિ બોલવાનો, કેફી પીણાંનો વેપાર બંધ કરવાનો, વેશ્યાઓએ જાહેરમાં અશ્લીલ ચેષ્ટા નહિ કરવાનો વગેરે આદેશો આપ્યા હતા અને આદેશના ભંગ માટે સખ્ત શિક્ષા ફરમાવી હતી.

રાજકીય કિન્નાખોરીને લીધે હિંદુ મંદિરો પર અત્યાચારો વધતાં સમાજમાં ધનિકોએ મંદિરો બાંધવાની તેમ જ જાહેરમાં પૂજા કરવાની પ્રવૃત્તિ અટકાવી દીધી હતી. હિંદુઓની લાગણી દૂભવવા માટે જાહેરમાં વહોરાઓએ ગાયનો વધ કરતાં કે હોળીના તહેવારમાં મદન ગોપાળના મુનિમ હરિરામે એક મુસ્લિમ પર રંગ છાંટવાની બાબતમાં તકરાર થતાં હિંદુ - મુસ્લિમોનાં હુલ્લડ થયાં હતાં. તેમાં મુસલમાનો તરફથી અનેક હિંદુઓએ સહન કરવું પડ્યું હતું.

આમ છતાં, સમાજમાં એકેશ્વરવાદ અને પૂર્ત ધર્મની ભાવના ટકી રહી હતી. ઈ.સ. ૧૬૯૯માં પેટલાદના એક નાગરે સમાજના લાભાર્થે વાવ બંધાવી હતી. પાટણના સં. ૧૭૫૭ (ઈ.સ. ૧૭૦૧) ના લેખ પરથી જાણવા મળે છે કે સાળવીઓના કૂવાના જીર્ણોદ્ધારમાં સમસ્ત જ્ઞાતિએ ફાળો આપ્યો હતો.

મુસ્લિમ સમાજ

સલ્તનતકાળમાં મુસલમાનોએ ગુજરાતમાં પોતાનો સાંસ્કૃતિક વિકાસ સરસ રીતે સાધ્યો હતો. તેમાંથી તેમનો એક સ્થિર સમાજ અસ્તિત્વમાં આવ્યો. સામાન્ય રીતે ગુજરાતના મુસલમાનોના બે વર્ગ પાડી શકાય : (૧) પરદેશથી આવીને અહીં સ્થાયી થયેલા અને (૨) હિંદુઓની વિવિધ કોમોમાંથી ધર્મપરિવર્તન કરીને મુસલમાન બનેલા. સમય જતાં ગુજરાતના મુસલમાનોના કેટલાક વિભાગ પડી ગયા, જેવા કે સૈયદ, શેખ, મુઘલ, પઠાણ વગેરે. ગુજરાતમાં સૈયદોની દસ મુખ્ય શાખાઓ છે : બુખારી, કાદરી, રફાઈ, ચિશ્તી, મશહદી, શિરોઝી, ઉરેઝી, ઈદ્રસી, તીરમીઝી

અને ભૂખરી સૈયદો. 'મિરાતે અહમદી'માં શેખના પાંચ પ્રકાર ગણાવ્યા છે : સિદ્દીકી, ફારૂકી, અબ્બાસી, ચિશ્તી અને કુરેશી.

મુસલમાન લોકો રાજ્યની નોકરીમાં હોવાથી કેટલાક મુસ્લિમો જાગીરદાર બન્યા હતા. કસ્બાઓમાં કેટલેક ઠેકાણે મુસલમાન વહોરાઓ વસતા હતા. આ વહોરાઓમાં સમય જતાં દાઉદીઆ, સુલેમાનીઆ, અલીઆ, ઝેદીઆ, હજુમીયા, ઇસમાલીઆ, નઝારીઆ વગેરે વિભાગો પડી ગયા. આ લોકો શિયા પંથના અનુયાયી હોવાથી મુઘલ બાદશાહ ઔરંગઝેબના વખતમાં તેમના ઉપર ઘણી જ આફતો આવી હતી. ગુજરાતના મુસલમાનો મહદંશે સુન્ની પંથના અનુયાયીઓ હોવાનું જોવા મળે છે. આ લોકોમાં પણ હિંદુઓ જેવા કેટલાક રીતરિવાજો જોવા મળે છે.

સીમંત વિધિ

સ્ત્રી જ્યારે સગર્ભા થાય ત્યારે મૌલવીઓ કે તાવીજ આપનારા આમિલો પાસેથી એલચી, લવિંગ અથવા સાકર ઉપર અલ્લાહના ચમત્કારી નામના જાપ કરાવી, કૂંભ ભરાવી તેને ખવડાવવામાં આવે છે. સ્ત્રીને કોઈ ભૂતપ્રેતના વળગાડની અસર ન થાય તે માટે આમ કરવામાં આવતું હોય છે. ગર્ભાધાનના સાતમા અથવા નવમા માસે પ્રથમ પ્રસૂતિ સુખરૂપ પતે તે માટે હિંદુઓના જેવી સીમંતવિધિ કરવામાં આવે છે. આ વિધિને મુસ્લિમ સમાજમાં બિરધ ભરવી કહે છે. આ વખતે ચાર મોટાં અને બીજાં નાનાં મળીને કુલ ૧૨૫ વાસણોમાં, જેનું એક પણ સંતાન મરી ન ગયું હોય તેવી સૌભાગ્યવતી સ્ત્રી પાસે કૂવામાંથી પાણી કાઢીને ભરાવવામાં આવે છે. (હિંદુઓમાં પણ જેનું એક પણ સંતાન મરી ન ગયું હોય તેવી સ્ત્રી પાસે સગર્ભા સ્ત્રીનો ખોળો ભરાવવામાં આવે છે.) વાસણોને ઘેર ઓરડામાં ગોઠવવામાં આવે છે. આ પછી દહીંભાતનો કરંબો કરી, રોટલી અને હલવો રાંધી, સઘળાં વાસણો ઉપર પૂર્વજોના નામના, ખાસ કરીને જે સ્ત્રી પ્રસૂતિમાં મૃત્યુ પામી હોય તેના નામના 'ફાતિહા' પઢવામાં આવે છે. આ પછી બાળ બેહલીય પટ્ટી, જિન્નત દૂર કરવાની ક્રિયા, કુંદુરી, માટીની થાળીઓની વિધિ, નાવ-હોડી ભરવી વગેરે વિધિઓ કરવામાં આવે છે. સામાન્ય રીતે આ વિધિ હિંદુ સમાજમાં કરવામાં આવતી સીમંતોન્નયન વિધિને લગભગ મળતી આવે છે.

નામકરણ વિધિ

મુસ્લિમ સમાજમાં નામકરણ વિધિ મહદંશે કુરાને શરીફ પર આધાર રાખે છે. જન્મના છઠ્ઠા દિવસે નામ પાડવાની વિધિ કરવામાં આવે છે. કુટુંબના વડીલ મારફતે કુરાને શરીફનું કોઈ પાનું ઉઘાડી તેના પર ત્રીજી લીટીના પહેલા શબ્દના પહેલા અક્ષરથી શરૂ થતું કોઈ પણ નામ પાડવામાં આવે છે.

સૈયદોમાં છોકરાઓમાં નામને છેડે 'અલી' અથવા 'હુસેન' પ્રત્યય આવે એવાં નામ પાડવામાં આવે છે. કોઈ વખત 'શાહ' પ્રત્યય પણ લગાડવામાં આવે છે. દા.ત., અહમદઅલી, અકબરઅલી, અમીરહુસેન, ફઝલહુસેન, મહમદશાહ વગેરે. શેખમાં ઉમર-ઉસ્માન. મોહમ્મદ, હુસેન મહેમૂદ, ગુલામ હુસેન, ગુલામ એહમદ વગેરે નામ સવિશેષ જોવા મળે છે. શેખનાં નામોમાં પહેલાં 'શેખ' ઉમેરવામાં આવે છે. મુઘલોમાં પ્રત્યેક નામ પહેલાં મિર્ઝા અને પાછળ 'બેગ' શબ્દ ઉમેરાય છે. પઠાણોમાં મુઘલો જેવાં જ નામ કુરાનમાંથી લેવાનો ખાસ આગ્રહ રખાય છે. દા.ત., ફાતિમા, ખદીજા, આયશા વગેરે.

લગ્નવિધિમાં કુરાનને મહત્ત્વ આપવામાં આવતું. છૂટાછેડાની પ્રથા આ સમાજમાં ઘણી સરળ હતી. અહીં 'હજ'નું મહત્ત્વ વિશેષ છે. મુસલમાનોમાં શબને દફનાવવામાં આવે છે. મૃત્યુ બાદ હિંદુઓની માફક કેટલાક દિવસો સુધી શોક પાળવામાં આવે છે, રડવા-કુટવાનો રિવાજ પણ પ્રચલિત છે.

સ્ત્રીઓમાં મોજશોખ અને ભોગવિલાસનું પ્રમાણ વિશેષ હતું. પડદા પદ્ધતિ પ્રચલિત હોવાને લીધે શિક્ષણનો અભાવ હતો. આના પરિણામે આંતરિક વિખવાદ, ઈર્ષ્યા, વહેમ, અજ્ઞાન, અંધશ્રદ્ધા વગેરેનું પ્રમાણ સમાજમાં વિશેષ હતું.

ભોજન

ઉચ્ચ વર્ગના મુસ્લિમો સવારમાં નાસ્તો, બપોરે ભોજન અને સાંજે વાળુ - એમ દિવસમાં ત્રણ વાર ભોજન ઠાઠમાઠથી કરતા. ભોજન એ તેમના વૈભવના પ્રદર્શન માટેનું એક મહત્ત્વનું સાધન હતું. ઘણા મુસ્લિમો માંસાહાર કરતા. સુગંધીદાર બીરંજ, હલવો, પુલાવ, બિરયાની, સૂપ વગેરે તેમની પ્રિય વાનગીઓ હતી. તેતર, બતક, સસલાં વગેરેના માંસનો તેઓ અવારનવાર ભોજનમાં ઉપયોગ કરતા. શરાબ

મુસલમાનો માટે વર્જ્ય હોવા છતાં, ઘણા ભોજન સાથે શરાબ લેતા. ઘણા ગુજરાતી મુસ્લિમો શરાબ કરતાં અફીણ લેવાનું વધુ પસંદ કરતા. સુગંધીદાર પાન ખાવાના શોખીન હતા. સર ટૉમસરો લખે છે કે અમીરો પોતાના ભોજનમાં લગભગ ૨૦ વાનગીઓનો ઉપયોગ કરતા. ખાસ પ્રસંગોએ લગભગ ૫૦ વાનગીઓ અને ફળોનો આહાર કરતા.

મધ્યમ વર્ગના લોકો સામાન્ય પ્રકારનો સાદો આહાર લેતા. રોટલી, પરોઠાં શાક, દૂધ, દહીં, ઘી, પુલાવ વગેરે સામાન્ય પ્રકારની વાનગીઓ તેમના ભોજનમાં રહેતી. તહેવારોના દિવસોમાં શક્તિ પ્રમાણે મીઠાઈ લેતા. માંસાહાર કોઈ ખાસ પ્રસંગે જ કરતા. ખીચડી, દહીં, શાક વગેરે ગરીબોનું પ્રિય ખાણું હતું. શહેનશાહ જહાંગીરે પોતાના જીવનમાં પહેલી વાર ખંભાતમાં ખીચડીની મઝા માણી હતી!

પહેરવેશ

'વસંતવિલાસ'ના ચિત્રોમાં લગભગ પંદરમી સદીનો પહેરવેશ જોવા મળે છે. ગુજરાતમાં આવેલા બારખોસા નામના મુસાફરે હિંદુ-મુસલમાનોના પહેરવેશનું વર્ણન કરતાં જણાવ્યું છે - મુસલમાનો બહુ કીમતી પોશાક પહેરે છે; માથે ટોપી ધારણ કરે છે; શરીરે અત્તર, કેસર વગેરે સુગંધીદાર દ્રવ્યોનો ઉપયોગ કરે છે. ઘણા હિંદુઓ વાળ છૂટા રાખે છે. કેડની નીચે રેશમી વસ્ત્ર ધારણ કરે છે. ઉપરનો ભાગ ઉઘાડો હોય છે. કોઈ ટૂંકી બંડી પહેરે છે. કાનમાં સોનાનાં અને કેડે ચાંદીનાં ઘરેણાં ધારણ કરે છે. સ્ત્રીઓ વાળનો અંબોડો વાળે છે. સાંકડી બાંયના ખભે ખુલ્લા કબજા પહેરે છે. હાથે પરવાળાના મણકા અને સોનારૂપાની બંગડીઓ પહેરે છે. ગળામાં સોનાના ટૂંપિયા, બંધ, પટ્ટી, વગેરે દાગીના પહેરે છે. સામાન્ય રીતે આ કોઈ પૂજારી અને ધનિક સ્ત્રીઓનું વર્ણન જણાય છે.

સામાન્ય રીતે આ સમયે ધનિકો અને ગરીબોના પોશાકમાં તફાવત રહેતો. ગામડાના લોકો સાદો અને જાડો પોશાક પહેરતા, સુતરાઉ કાપડનો ઉપયોગ કરતા. રેશમી વસ્ત્રો લગ્ન જેવા શુભ પ્રસંગોએ પહેરતા. સામાન્ય વર્ગની સ્ત્રીઓ કસબી મોરિયાવાળા કબજા અને સાદા ચણિયા પહેરતી હોય તેમ જણાય છે.

સામાન્ય રીતે હિંદુ સ્ત્રીઓના પહેરવેશમાં કાંચળી, કમખો, સાડી વગેરે

પ્રચલિત હશે. પુરુષોના પહેરવેશમાં ધોતિયું, લાંબો જામો, અંગરખું, પાયજામો, મુઘલાઈ પાઘડી વગેરેનો સવિશેષ થતો હશે. વેપારીઓ કસબી તોલાની પાઘડી અને ખેડૂત વર્ગ સાફો, ટોપી વગેરે ધારણ કરતા. સામાન્ય રીતે લોકો બહાર જતી વખતે ખુલ્લું માથું રાખતા ન હતા; પાઘડી કે ટોપી અચૂક પહેરતા.

મુસ્લિમ સ્ત્રીઓ મોટે ભાગે સલવાર અને કમીઝ પહેરતી. આ સલવાર પુરુષોના ચોરણા જેવી જ હતી. આ સલવાર સ્ત્રીઓની આર્થિક સ્થિતિ પ્રમાણે સુતરાઉ કાપડ, રેશમી કાપડ કે કીનખાબમાંથી બનાવવામાં આવતી.

ઉચ્ચ અને મધ્યમ વર્ગની મુસ્લિમ સ્ત્રીઓમાં પડદા પદ્ધતિ પ્રચલિત હતી. સ્ત્રીનું મુખ લોહીની સગાઈ સિવાય અન્ય કોઈ જોઈ ન શકે તેવી પ્રથા મુસ્લિમ સમાજમાં પ્રચલિત હોવાથી ઉચ્ચ ગણાતા વર્ગની સ્ત્રીઓ ભાગ્યે જ બુરખા વિના બહાર નીકળતી. મુસ્લિમોની અસર નીચે રહેતા હિંદુ અમીરોમાં પણ આ પ્રથા આ ધીરે ધીરે વ્યાપક બનતી જતી હતી. નીચલા વર્ગની અને તેમાં પણ મજૂર વર્ગની સ્ત્રીઓમાં પડદા પદ્ધતિ પ્રચલિત ન હતી. તેઓ સવારથી જ મજૂરીના કામે જતી હોવાથી આ પ્રથા અપનાવવાનું તેમના માટે ઘણું મુશ્કેલ હતું.

ઘરેણાં

ગુજરાતમાં વિવિધ પ્રકારના અલંકારોને ધારણ કરવાનો શોખ ઘણા પ્રાચીન કાળથી ચાલ્યો આવે છે. ઘરેણાંમાં તેઓ સોનું, ચાંદી, ઝવેરાત વગેરેનો ઉપયોગ કરે છે.

મુઘલકાળ દરમિયાન લોકો સોનાના નક્કર તથા ગાભાવાળા અનેક પ્રકારના દાગીના બનાવતા. આ સમયે માથાના ઘરેણાંમાં દામણી, શિકા, જામસરૂ, કેવડો, ગોળફૂલ, સાતબોર વગેરે; નાકનાં ઘરેણાંમાં નથની, જડ, કાંટો, મસર; કાનનાં ઘરેણાંમાં, કાપ, કર્ણફૂલ, અકોટી, નખલો, લવિંગિયું, બુટી, કડી; હાથનાં ઘરેણાંમાં ઘૂઘરી દેશી તથા સુરતી, બરેખી, વાંક, કડું, બાજુબંધ, કાંકણી, ચૂડી, ચૂડો, બલોયાં આંબળિયાં વગેરે પ્રચલિત હતાં.ગળાનાં ઘરેણાંમાં સાંકળી, પૈયાર, ઝૂમણાં, રાયણમાળા, બોરમાળા, કાંકલી, ટૂંપિયો, હાંસડી, ચંદનહાર, અછોડો વગેરે તથા પગનાં સાંકળા, કેડનો કંદોરો વગેરે પ્રચલિત હતાં. સામાન્ય રીતે દરેક કોમના

માણસો પોતાની શક્તિ પ્રમાણે સોના-ચાંદીનાં ઘરેણાં તૈયાર કરાવતા. ગામડાનો ખેડૂત વર્ગ મોટે ભાગે ચાંદીનાં ઘરેણાં વધારે પ્રમાણમાં કરાવતો. આ સમયે સોના કરતાં ચાંદી ઘણી જ સસ્તી હતી.

વાહનવ્યવહાર

માનવજીવનમાં રસ્તાઓ અને વાહનો ઘણું જ મહત્ત્વનું સ્થાન ધરાવે છે. વાહન તરીકે માનવી ઊંટ, ઘોડા, બળદ વગેરે પ્રાણીઓનો ઉપયોગ પ્રાચીનકાળથી કરતો આવ્યો છે. મુઘલકાળમાં ગુજરાતના ઘણા લોકો ઊંટ કે ઘોડો પોતાની અનુકૂળતા પ્રમાણે રાખતા. ઘોડાનો ઉપયોગ મહદંશે લશ્કરમાં વિશેષ થતો. અન્ય લોકો ઘોડાનો ઉપયોગ સામાન્ય મુસાફરીમાં કરતા. ઊંટ મુસાફરી તેમ જ માલની હેરફેર માટે ઉપયોગમાં આવતું. બળદનો ઉપયોગ ખેતી તેમ જ માલની હેરફેર કરવામાં થતો. યુદ્ધમાં હાથીનો ઉપયોગ થતો. ગુજરાતમાં મુઘલકાળ દરમિયાન દાહોદ અને ચાંપાનેર પાસેનાં જંગલોમાં હાથીની વસ્તી હતી. બાદશાહ જહાંગીર ગુજરાત આવ્યો, ત્યારે તે ચાંપાનેર આગળ હાથીનો શિકાર કરવા ગયો હતો. બાદશાહ શાહજહાંના સમયમાં દાહોદ આગળથી નર અને માદાઓ મળી લગભગ પંચાશી હાથીઓ પકડવામાં આવ્યા હતા. હાથીનો ઉપયોગ રાજાની કે મહંતની સવારી નીકળતી ત્યારે કરવામાં આવતો.

વેપારીઓ પોતાનો માલ બળદગાડા મારફતે મોકલતા. અમદાવાદથી ગાડા મારફતે ઘણો માલ બંદરો તરફ જતો. આ વખતે રસ્તાઓ ઘણા જ ધૂળવાળા અને ખાડાટેકરાવાળા હતા.

ગુજરાતને વિશાળ સાગરકિનારો હોવાથી તેનાં બંદરોએથી નાનાંમોટાં વહાણો મારફતે માલની હેરફેર થતી. આ સમયે ઘણોખરો માલ ખંભાત અને સુરત બંદરેથી પરદેશ જતો.

વહેમ

પ્રાચીનકાળની માફક મુઘલકાળમાં પણ ગુજરાતમાં અનેક પ્રકારના વહેમો પ્રચલિત હતા. લોકો પક્ષીની બોલી ઉપરથી શુકન જોતા. ઘુવડ બોલે તો બીમારની જિંદગી જોખમમાં છે એમ મનાતું. મધ્યરાત્રિએ કૂતરું સંભળાય તો કોઈના મૃત્યુના

ભણકારા લોકોને વાગતા. ઘણા મુસ્લિમો શુકન જોવડાવતા.

શરીરના અંગોનું ફરકવું શુભ-અશુભ મનાતું. વિધવા સ્ત્રી અપશુકનિયાળ મનાતી. બાળકો જીવતાં ન હોય તો જુગુપ્સાપ્રેરક નામ પાડવાથી બાળકો જીવે તેમ મનાતું. દા. ત., પૂંજો વગેરે.

ઘણા લોકો સુખમય પ્રસૂતિ માટે, ભૂત-પ્રેતની અસરમાંથી મુક્ત થવા તાવીજ બાંધતા, તેમ જ વિવિધ પ્રકારની બાધાઓ રાખતા. પીરની દરગાહે કે માતાના દહેરે જઈ વિવિધ પ્રકારની માનતાઓ કરતા.

ટૂંકમાં, આ સમયે ગુજરાત અનેક પ્રકારના વહેમોથી ઘેરાયેલું હતું. અમીર કે ગરીબ કોઈ પણ માનવી તેનાથી મુક્ત ન હતો.

રમતગમતો

આ સમયે મેદાની રમતો ઘણી જ લોકપ્રિય હતી. ઘણી રમતો ચોકઠામાં, શેરીમાં કે ગામ બહાર રમાતી. શતરંજ, ચોપાટ અને પત્તાંની રમતો દરેક વર્ગના લોકોમાં પ્રચલિત હતી. મેદાની રમતોમાં કુસ્તી, સાઠમારી, શિકાર, ચોગાન, કબૂતરો ઉડાવવાં વગેરે ઘણી જ લોકપ્રિય હતી. પ્રાણીઓની સાઠમારી જોવાનો શોખ દરેક વર્ગને હતો. 'તુઝુકે જહાંગીરી'માં આખલા અને વાઘની સાઠમારીનો ઉલ્લેખ છે. ઘોડાદોડની હરીફાઈઓ યોજાતી. પતંગ ઉડાવવાની રમત દરેક વર્ગમાં પ્રચલિત હતી. જળક્રીડા એ અમીરોની શોખની રમત હતી. ઘણા લોકો કથાવાર્તા દ્વારા મનોરંજન મેળવતા.

કેળવણી

મુઘલકાળમાં ત્રણ પ્રકારની શૈક્ષણિક સંસ્થાઓ હતી : (૧) મકતાબ, (૨) મસ્જિદો અને (૩) મદ્રેસાઓ. પ્રથમ બે પ્રકારની શાળાઓ પ્રાથમિક કક્ષાની હતી. સામાન્ય વર્ગના લોકો પ્રાથમિક કક્ષાનું શિક્ષણ મેળવી સંતોષ માનતા. શિક્ષણ ધર્મકેન્દ્રી હોવાથી કુરાનને કેન્દ્રમાં રાખી શિક્ષણ આપવામાં આવતું. કુરાને શરીફને કંઠસ્થ કરવાનું શીખવવામાં આવતું.

આ ઉપરાતં ગણિત, ઇતિહાસ, ભાષા વગેરેનું શિક્ષણ અપાતું. મસ્જિદ સાથે જોડાયેલી શાળાઓમાં અધ્યાત્મવિદ્યાને લગતું જ્ઞાન આપવામાં આવતું. ઉચ્ચ

શિક્ષણનું કાર્ય મદ્રેસાઓ મારફતે ચાલતું.

મુસ્લિમોના શિક્ષણ માટે રાજ્ય તરફથી સારી સગવડો મળતી. રાજ્ય તરફથી સારા શિક્ષકો રાખવામાં આવતા. હિંદુ પાઠશાળાઓમાં ખગોળ, તત્ત્વજ્ઞાન, ન્યાય, ગણિત, આયુર્વેદ વગેરેનું શિક્ષણ અપાતું.

સ્ત્રીશિક્ષણ માટે અલગ વ્યવસ્થા ન હતી. નાની ઉંમરની છોકરીઓ છોકરાઓ સાથે મકતાબોમાં ભણતી. અમીરો પોતાની છોકરીઓને ખાનગી શિક્ષકો દ્વારા શિક્ષણ અપાવતા.

મુઘલ સમય દરમિયાન અમદાવાદ, કુતિયાણા (સૌરાષ્ટ્ર), સરખેજ વગેરે સ્થળોએ સારાં પુસ્તકાલયો હતાં. ગુજરાતમાં મુસ્લિમ વસ્તી ધરાવનાર દરેક શહેર કે ગામડામાં રાજ્ય તરફથી શિક્ષણની વ્યવસ્થા થયેલી હોવા છતાં મુઘલકાલીન સમાજમાં શિક્ષણનું પ્રમાણ અલ્પ હતું. એ એક નોંધપાત્ર કમનસીબ બીના છે.

ગણિકા

સમાજમાં ગણિકાગૃહો વિકસ્યાં હતાં. મુઘલકાળ દરમિયાન તેનું સ્વરૂપ ઘણું જ હલકી કક્ષાનું બની ગયું હતું. સમાજમાં તેને હલકો અને તિરસ્કૃત ધંધો માનવામાં આવતો. હલકા વર્ગની સ્ત્રીઓ આ ધંધા મારફતે અનેક લોકોને મનોરંજન પૂરું પાડી અર્થપ્રાપ્તિ કરતી. રાજદરબારમાં ગણિકાઓના નાચગાનના જલસાઓ યોજાતા. ધનવાનો લગ્ન જેવા પ્રસંગે ખાસ ગણિકાના જલસા ગોઠવતા. ઘણીવાર આમાંથી ઘણા અનિષ્ટ પ્રસંગો બનતા. ઈ.સ. ૧૬૩૬ માં સૂબા આઝમખાને તેના ભદ્રના મહેલમાં પોતાની આજ્ઞાને અવગણવા બદલ આઠ નૃત્યાંગનાઓનો વધ કરાવ્યો હતો.

બાદશાહ ઔરંગઝેબે ગણિકાઓ માટે એક ખાસ ફરમાન બહાર પાડ્યું હતું. તેણે જાહેર કર્યું હતું કે જો કોઈ કુટ્ટણી સ્ત્રી કોઈની છોકરી કે સ્ત્રીને ફોસલાવી કુમાર્ગે દોરે અથવા તો ખરાબ કામ કરવા માટે પોતાને ઘેર લઈ જાય તો તેને શિક્ષા કરી કેદ કરવી અને સુધર્યેથી તેવાં નીચ કૃત્યો ન કરવા સૂચના આપવી. તેણે પોતાના ફરમાનમાં પતિત સ્ત્રીઓ રસ્તા ઉપર ન બેસે તે માટે ખાસ સૂચનાઓ આપી હતી!

ટૂંકમાં, મુઘલકાળમાં ગણિક-સંસ્થા સમાજની એક બદી મનાતી. આવો ધંધો

કરનાર સ્ત્રીઓ ભદ્ર સમાજમાં રહી શકતી ન હતી. તેમનાં રહેઠાણો અમુક ચોક્કસ જગાએ રહેતાં. ત્યાં બેસવા માટે રાજ્યસત્તા તરફથી પરવાનગી લેવી પડતી.

ગુલામીની પ્રથા

પ્રાચીનકાળથી ચાલી આવતી આ પ્રથા મુઘલકાળ દરમિયાન ગુજરાતમાં પ્રચલિત હતી. સૂબા જશવંતસિંહના સમયમાં બાદશાહ ઔરંગઝેબે પોતાના ફરમાનમાં ગુલામો વિશે કહ્યું હતું કે જો કોઈનો ગુલામ કે લોંડી નાસી ગયેલ હોય અથવા કોઈ તેને ફોસલાવી લઈ ગયો હોય અને તે ગુલામ કે લોંડી સરકારી અમલદારો દ્વારા પકડવામાં આવે તો તેની તેના કાયદેસરના માલિકને સોંપણી કરવી. આ કાર્ય માટે કંઈ પણ રકમ ન લેવી. આ હુકમના ભંગ બદલ સજા કરવાનું ફરમાનમાં જણાવ્યું છે.

ઉપરના ફરમાન પરથી સ્પષ્ટ જણાય છે કે મુઘલકાળ દરમિયાન ગુજરાતમાં ગુલામીની પ્રથા પ્રચલિત હતી.

પારસી સમાજ

ગુજરાતમાં પારસીઓની વસ્તી ધીરે ધીરે વધતી જતી હતી. તેઓની વસ્તીનો મોટો ભાગ સુરત અને તેની આસપાસના સાગરકિનારાના પ્રદેશોમાં હતો. તેઓ અગ્નિ-પૂજક હતા. તેઓ આતશ બહેરામને ઈ.સ. ૧૫૧૬માં નવસારીમાં લાવેલા વિખવાદ થતાં ઈ.સ. ૧૭૪૧માં વલસાડમાં અને ત્યાર પછી ઈ.સ. ૧૭૪૨માં ઉદવાડા લઈ ગયા. આથી ઉદવાડા તેમનું મુખ્ય યાત્રાધામ બન્યું.

તેઓના સમાજમાં એકેશ્વરવાદ, સ્વચ્છતા, ધાર્મિકતા અને સાદાઈને વિશેષ મહત્ત્વ આપવામાં આવતું. પોતે શાંતિપ્રિય હોઈ, હિંદુ-મુસ્લિમના સંપર્કમાં આવ્યા છતાં, તેમણે સમાજને આગવી રીતે વિકસાવ્યો હતો. અકબરના દરબારમાં જઈ પારસી ધર્મગુરુઓએ અકબરને પ્રભાવિત કરી પોતાનાં ધર્મસ્થાનો માટે દાન મેળવ્યાં હતાં. દેશ તેવો વેશ રાખી તેઓ ગુજરાતી સમાજમાં દૂધ-સાકરની માફક ભળી ગયા હોવા છતાં, તેમણે પોતાની આગવી વિશિષ્ટતા જાળવી રાખી હતી. અકબરે ગુજરાતના પારસીઓ પાસેથી પોતાના ઇલાહી સંવત માટે સૌર માસ અપનાવ્યા હતા.

નીતિનાં ધોરણો

સમાજમાં નીતિનાં ધોરણો કેટલેક અંશે ઊતરતા હતાં. ઘણા લોકો હલકા પ્રકારના સાધનો દ્વારા પોતાનો શોખ પૂરા કરતા. સમાજમાંથી સંગીત, વાદ્ય, નૃત્ય વગેરે કલાનાં શુદ્ધ સ્વરૂપો અદૃશ્ય થવા લાગ્યાં હતાં.

બાદશાહ ઔરંગઝેબ નીતિનાં ધોરણો જાળવવામાં માટે આગ્રહી હતો. તેણે ખાસ ફરમાન દ્વારા પતિત સ્ત્રીઓ પર પ્રતિબંધ મૂક્યા હતા. જાહેરમાં શરાબ, ભાંગ, અફીણ વગેરે કેફી પદાર્થો વેચવા ઉપર ખાસ પ્રતિબંધ હતો. હોળી જેવા તહેવાર વખતે જાહેરમાં લોકો ગાળાગાળી કરતા, તે બંધ કરાવ્યું.

ધર્માદા સંસ્થાઓ ટકી રહે તે માટે દાન ઉપરના કરવેરા ઔરંગઝેબે ઘટાડી નાખ્યા. ગુલામો પર અત્યાચાર ગુજારનારને સખ્ત સજા કરવાનું ફરમાવ્યું હતું. બાદશાહ જહાંગીર પોતે દારૂ પીએ છે તે ભૂલ છે-તેવું જાહેરમાં કબૂલ કરીને જાહેરમાં શરાબ વેચવાની, બનાવવાની કે પીવાની મનાઈ ફરમાવી હતી.

બાદશાહ અકબરે સાધુસંતોને દાન આપવાનો આગ્રહ કર્યો. ગુનેગારને ગુના પ્રમાણે સજા કરવી, આબરૂદારને એકદમ કેદ કરવો નહિ, લોકોની સાથે અદેખાઈ ન રાખવી, ત્યાગીઓની સેવા કરી આશીર્વાદ લેવા, ઉપજ કરતાં ખર્ચ વધારે ન કરવો વગેરે પ્રકારનો આદેશ તેણે પોતાનાં ફરમાનોમાં પ્રજાને આપ્યો હતો.

બાદશાહ ઔરંગઝેબે સમાજમાં નીતિનાં ધોરણો જળવાય તે માટે ખાસ ધર્માધિકારીઓ નીમ્યા હતા. તેનાં ફરમાનોના અમલ માટે રાજ્યમાં એક અલગ ખાતું ચલાવવામાં આવતું હતું.

સમીક્ષા

સામાન્ય રીતે જોતાં જણાય છે કે મુઘલકાળ દરમિયાન હિંદુઓ અને મુસ્લિમો એકબીજાની વધારે નિકટ આવ્યા હતા. સ્ત્રી-પુરુષના પહેરવેશ, ઘરેણાં, ખોરાક, તહેવાર વગેરે ઉપર એકબીજાના સમાજની પરસ્પર અસર વર્તાતી. સમાજમાં ગણિકાગૃહો અને ગુલામીની પ્રથા વ્યાપક રીતે વિસ્તરી હતી. આને અંકુશમાં રાખવા માટે બાદશાહ ઔરંગઝેબે ખાસ ફરમાનો બહાર પાડ્યાં હતાં.

હિંદુઓ અને મુસલમાનોમાં ધાર્મિક મતભેદો તીવ્ર રહ્યા હતા. આની અસર સમાજ ઉપર થતી. મુસલમાનો હિંદુઓને 'કાફર' કહીને તિરસ્કારતા, તો હિંદુઓ મુસ્લિમોને 'મ્લેચ્છ' કહીને તિરસ્કારતા. આના પરિણામે આ સમયનું શિક્ષણ ઘણું જ કથળ્યું હતું. હિંદુ ધર્મશાસ્ત્રોનું શિક્ષણ નષ્ટપ્રાયઃ બન્યું હતું. ઔરંગઝેબના સમયમાં હિંદુ-મુસલમાનોના સંબંધો ઘણા જ વિકૃત બન્યા. આના પરિણામે હિંદુઓ અને મુસલમાનો વચ્ચે અમદાવાદમાં હુલ્લડો થયાં. હિંદુઓ અને મુસલમાનો વચ્ચે સુમેળ સાધવા ઘણા સુધારકો તથા ઉપદેશકોએ પ્રયત્નો કર્યા, પણ તેઓ નિષ્ફળ ગયા. તેમ છતાં મુસલમાનોનો હિંદુઓ સાથેનો સંબંધ રાજકીય અને વેપારી દૃષ્ટિએ વિકસ્યો હતો.

મુઘલકાળ દરમિયાન પડેલા ભયંકર દુષ્કાળને લીધે હિંદુ-મુસ્લિમ બંને સમાજો પર ઘણી જ ખરાબ અસર થઈ હતી. નીતિનાં ધોરણો ઘણાં જ વિકૃત બન્યાં હતાં. માબાપો ભૂખને લીધે બાળકોને વેચતાં પણ અચકાતાં નહિ. હલકા પ્રકારનો ખોરાક મેળવવા પણ પડાપડી થતી. અઢળક પશુધન નાશ પામતાં વાહનવહેવાર, ખેતી વગેરે બરબાદ થયાં હતાં. પુષ્કળ જાનહાનિ થઈ હતી. ચોરલૂંટારાઓનો ઉપદ્રવ વધતાં બહારથી અનાજ લાવી શકાતું નહિ. બાળલગ્ન, કજોડાં, વૃદ્ધલગ્ન જેવી બદીઓ સમાજમાં વિકસી હતી. દીકરીનો જન્મ અશુભ મનાતો : વાંઝિયાપણું શાપ મનાતું.

વ્યવહારમાં પ્રજાનો સામાન્ય વર્ગ લવાદીથી પોતાના પ્રશ્નોનું નિરાકરણ કરતો. નાછૂટકે અદાલતનો આશ્રય લેવામાં આવતો. જ્ઞાતિપંચોનું મહત્ત્વ સવિશેષ હતું. કાલગણનામાં વિક્રમ સંવત તથા હિજરી સંવતનું મહત્ત્વ વિશેષ હતું. અકબરે શરૂ કરેલ 'દીને ઈલાહી' સંવત લાંબો ન હતો.

ટૂંકમાં, લોકોની સહનશીલતા, ધાર્મિકતા અને વ્યવહારકુશળતાનું પ્રમાણ વિશેષ જોવા મળતું.

આર્થિક સ્થિતિ

મુઘલકાલીન ગુજરાતની આર્થિક સ્થિતિનું અવલોકન કરવા માટે સમગ્ર અર્થતંત્રને (૧) ખેતી, (૨) ઉદ્યોગ અને (૩) વેપાર-એમ ત્રણ ભાગમાં વહેંચવું જરૂરી છે.

ખેતી

ગુજરાતની પ્રજામાં ખેતી અંગ્રેનું જ્ઞાન ઘણું સારું હતું. ખેડૂતો ખેતી સાથે પશુપાલનનો ધંધો કરતા. મુઘલ બાદશાહો વધુ મહેસૂલ મેળવી શકાય તે માટે ખેતીની સ્થિતિ સુધારવા તત્પર રહેતા. સામાન્ય રીતે ગુજરાતના ખેડૂતોએ વરસાદ ઉપર આધાર રાખવો પડતો હોઈ દુકાળના સમયમાં ખેતી બરબાદ થઈ જતી. અકબરના સમયમાં રાજા ટોડરમલે કરેલી જમીન-માપણીથી ખેતીલાયક જમીનનો સ્પષ્ટ ખ્યાલ આવ્યો હતો.

ગુજરાતની ખેતી વિશે લખતાં 'મિરાતે અહમદી'માં જણાવ્યું છે કે અહીંની જમીન ઘણીખરી રેતાળ છે; દરેક જાતનું અનાજ પાકે છે; બાજરી એ સામાન્ય લોકોનો પ્રિય ખોરાક છે ; કેટલેક ઠેકાણે ખરીફ અને રવિ એમ બંને પાક થાય છે; પાટણથી વડોદરા સુધીના પ્રદેશમાં આંબાનાં અને રાયણનાં ઝાડ પુષ્કળ છે; નદીકિનારે ઉનાળુ અને શિયાળુ પાક સારા થાય છે; વિવિધ પ્રકારનાં ફૂલો તથા શાકભાજી પણ થાય છે.

આમ, સલ્તનતકાળ કરતાં મુઘલકાળમાં ગુજરાતની ખેતીનો સારી રીતે વિકાસ થયો હતો. બાજરો, જુવાર, ગવાર, મગ, મઠ એ કચ્છની ધરતીના મુખ્ય પાક હતા. પશુપાલનમાં ગાયો, ભેંસો, ઘેટાં, બળદ વગેરેનો સમાવેશ થતો. ઘોડા અને બળદની ઉમદા જાતો સમગ્ર ગુજરાતને કચ્છ પૂરી પાડતું હતું. બાદશાહ ઔરંગઝેબના મૃત્યુ બાદ નબળા મુઘલ બાદશાહો દિલ્હીની ગાદીએ આવતાં રાજ્યમાં ચારે બાજુ અવ્યવસ્થા ઊભી થઈ. આથી, ખેતીને ઘણું નુકસાન થયું હતું.

ઉદ્યોગો

મુઘલકાલ દરમિયાન ગુજરાત ઉદ્યોગોના ક્ષેત્રે મહત્ત્વનું સ્થાન ધરાવતો પ્રદેશ હતો. એહીંનો માલ દરિયાપારના દેશોમાં વેચાતો. આથી ગુજરાતના આડતિયાઓની પેઢીઓ દૂર દૂર દેશાવરમાં સ્થપાયેલી હતી. પરિણામે પરદેશીઓને જુદા જુદા દેશોની હૂંડી લેવામાં કોઈ મુશ્કેલી પડતી નહિ.

સુતરાઉ કાપડનો ઉદ્યોગ

ગુજરાતમાં કપાસની ખેતી વ્યાપક થતી રૂની પેદાશ સારી હતી. ખંભાત

અને અમદાવાદનું સુતરાઉ કાપડ દૂર દૂરના પ્રદેશોમાં વખણાતું. ખંભાતના કાપડની ત્રણ જાતો હતી : બદામી, ગરમી અને મંજુડી. ખંભાતનાં ચાદર અને લુંગી ઘણી વખણાતી. અમદાવાદ એ કાપડના બજારનું મહત્ત્વનું મથક હતું.

રેશમી કાપડ અને કિનખાબનો ઉદ્યોગ

અમદાવાદમાં મુઘલકાળ દરમિયાન સુતરાઉ કાપડના જેવો જ રેશમી કાપડ બનાવવાનો ઉદ્યોગ વિકસ્યો હતો. રેશમી કાપડમાં જુદી જુદી ભાતોનું કામ, જરી-કસબનું કામ એવું તો સુંદર થતું કે પરદેશીઓ તેનાં મુક્ત કંઠે વખાણ કરતા હતા.અબુલફઝલે લખ્યું છે કે 'અમદાવાદનો' રેશમી માલ અસાધારણ કારીગરીવાળો બનતો. પરદેશી જર્મન મુસાફર મેન્ડેલ્સ્લો નોંધે છે કે અમદાવાદ એ રેશમી કાપડનું મોટું કારખાનું હતું. અહીં વેપારમાં મુખ્ય વેપાર રેશમનો હતો. રેશમના આવા વિકસેલ ઉદ્યોગને મરાઠાઓએ નષ્ટ કર્યો !

અમદાવાદમાં એક વખત ઘેર ઘેર રેશમના ફાળકા ચાલતા હતા. અમદાવાદનાં મશરૂ, પાંચપટ્ટા, ગજિયાણી, શેલાં, અતલસ વગેરે ઘણાં વખણાતાં. રેશમમાં ચળકાટ લાવવા માટે કાંકરિયા તળાવ પાસે તેમ જ દરિયાપુરમાં ચંદન તલાવડી પાસે રેશમ ધોવાના ખાસ કૂવાઓ હતા. આ કૂવાનું પાણી રેશમ ધોવા સિવાય બીજા કશાના ઉપયોગમાં લેવાતું નહિ. આથી તે મશરૂકૂવા તરીકે ઓળખાતા.

રેશમ મંગાવીને વેચનારાઓને તાગીઆ કહેતા. રેશમનું કાપડ બનતા તે અગિયાર કારીગરો પાસેથી પસાર થતું. આ કારીગરો હતા : (૧) ખોલનાર, (૨) છણનાર, (૩) કાંતનાર, (૪) તાણનાર, (૫) ઉપાડનાર, (૬) રંગાટી, (૭) પાનાર, (૮) રાગ ભરનાર, (૯) સાંધનાર, (૧૦) ભાંજણી ભરનાર અને (૧૧) વણનાર.

મુઘલ બાદશાહના દરબારમાં અમદાવાદના રેશમી કાપડની માંગ વધારે રહેતી. અમદાવાદનો કિનખાબનો ઉદ્યોગ ભારતભરમાં પ્રખ્યાત હતો. સુરત અને બનારસ કરતાં અમદાવાદનો કિનખાબ ઉચ્ચ કોટિનો ઉદ્યોગ હતો.

આ ઉપરાંત મખમલ, છીંટ, બાંધણી, ગાલીચા વગેરે અમદાવાદમાં તૈયાર થયેલા માલની ભારતભરમાં ઘણી જ માંગ રહેતી. બાંધણીનું કામ અમદાવાદ ઉપરાંત સૌરાષ્ટ્રમાં જામનગરમાં થતું.

કાપડના ઉદ્યોગ ઉપરાંત આ સમયે બાહાલ્લુ તથા તારકસબ, સોનારૂપા ઉપર નકશીકામ, અકીક, મીઠું, કાગળ, વહાણ, ગળી વગેરેના ઉદ્યોગો સારી રીતે વિકસ્યા હતા. અહીં સોના અને ચાંદીમાંથી કાપડમાં વણવા માટેના બારીક તાર કાઢવામાં આવતા. ખંભાતના અકીકના પથ્થરોનાં ઘરેણાં પરદેશમાં ખૂબ વેચાતાં. સરખેજની ગળી ભારતમાં તેમ જ પરદેશમાં વખણાતી. સુરતમાં વહાણ બાંધનારા હોશિયાર સુથારો રહેતા. કચ્છમાં મુંદ્રા, લખપત તથા માંડવીમાં વહાણ બાંધવાનો ઉદ્યોગ વિકસ્યો હતો. વહાણ બાંધવામાં ઉચ્ચ કક્ષાનું લાકડું વપરાતું.

આ ઉપરાંત અત્તર, ખંભાતી તાળા, લાખ હાથીદાંતની ચૂડીઓ, રમકડાં જરીના, તાર વરખ, પથ્થરની કુંડીઓ, ઘોડાનો સામાન વગેરેને લગતા નાનામોટા ઉદ્યોગો અસ્તિત્વમાં હતા. ખંભાતમાં અન્ય ચાવીથી ન ખૂલે તેવાં મજબૂત તાળાં બનતાં! એવાં તાળાં ઉપરથી, જે ઘર સમૂળગું બંધ થાય તેને માટે 'ખંભાતી તાળું વસાયું' એવો રૂઢિપ્રયોગ વપરાતો. ઈ.સ. ૧૭૦૭માં ઔરંગઝેબના સમયમાં કચ્છના અખાતમાંથી મોતી કાઢવાનો ઉદ્યોગ વિકસ્યો હતો.

વેપાર

ગુજરાતમાં નાનામોટા ધંધા કરનારાઓનાં પંચ અથવા મહાજન હતાં. તેમના દ્વારા વેપારનો સારો વિકાસ થતો. વેપારીને આર્થિક મુશ્કેલીમાં નાણાંની મદદ મળતી. પંચો અંદરોઅંદરની લેવડદેવડના હિસાબ પતાવતાં, માલના ભાવતાલ નક્કી કરતાં. 'મિરાતે અહમદી'માંથી ગુજરાતનાં પંચોની કામગીરીનો ખ્યાલ આવે છે. અમદાવાદમાં આંટના ઝઘડા વખતે નાણાવટીઓએ વચ્ચે પડી સૂબા અને વેપારીઓ વચ્ચે સમાધાન કરાવેલું. કોઈ પણ માણસને નવો ધંધો શરૂ કરતા પહેલાં તે ધંધાના પંચના મતદાર થવું પડતું. પોળમાં પંચોની રજા વગર મકાન વેચી શકાતું નહિ!

જુદા જુદા ધંધાને લગતી ચોક્કસ પ્રકારની ભાષા વપરાતી. વેપારીઓ ઘણી વાર સાંકેતિક ભાષામાં સોદા પતાવતા. 'મિરાતે અહમદી' માં ઝવેરી લોકોની ધંધાની બોલીના કેટલાક ભાષામાં સોદા પતાવતા. 'મિરાતે અહમદી'માં ઝવેરી લોકોની ધંધાની બોલીના કેટલાક શબ્દો મળે છે. દા.ત., પાન (=૧), સાંગ (=૧), જોડ (=૨), ભૂક (=૪), સલા (= ૧૦), રામ-કાવલી (= દલાલી), ઊઠાં (=૩ાા) વગેરે.

આ સમયે અમદાવાદ, સુરત, ખંભાત વગેરે વેપારનાં મોટાં કેન્દ્રો હતાં. અહીં માલ વેચવા માટે જુદી જુદી મંડીઓ હતી. મંડીઓ ઉપર રાજ્યનો અંકુશ રહેતો. અમદાવાદમાં કાપડ, ઝવેરાત, સોનાચાંદી, ગળી વગેરેનો મોટો વેપાર ચાલતો. સુરત અને ખંભાતમાં પરદેશી માલની પુષ્કળ આયાત થતી. ભરૂચની જાહોજલાલી કંઈક અંશે ઓછી થઈ હતી. આમ છતાં પણ 'ભાંગ્યું તોય ભરૂચ' એવી કહેવત સાર્થક કરે તેટલો તો વેપાર જળવાયો હતો. અમદાવાદના વેપારીઓનો સંબંધ દિલ્હી દરબાર સાથે રહેતો. દારૂગોળો, સીસું તથા સૂરખારના વેપારીઓનો સંબંધ દિલ્હી દરબાર સાથે રહેતો. દારૂગોળો, સીસું તથા સૂરખારના વેપાર માટે ઈજારા લેવા પડતા.

ગુજરાત આ સમયે યુરોપ, ચીન, ઈરાન, બટેવિયા, આરબ દેશો વગેરે સાથે વેપારી સંબંધો ધરાવતું હતું. અંગ્રેજો, વલંદાઓ, ફિરંગીઓ વગેરે પરદેશી પ્રજાઓએ ગુજરાતમાં સુરત, અમદાવાદ, દીવ, દમણ વગેરે ઠેકાણે પોતાનાં વેપારી થાણાં સ્થાપ્યાં હતાં. ટૂંકમાં, આ સમયે ગુજરાત પરદેશો સાથે ઘણા ઘનિષ્ઠ વ્યાપારી સંબંધો ધરાવતું હતું.

વહાણવટું

ગુજરાતનું વહાણવટું ઘણા પ્રાચીનકાળથી વિકસેલું હતું. સલ્તનતકાળમાં ફિરંગીઓના ત્રાસને લીધે ગુજરાતના સૂબાઓએ વ્યવસ્થિત નૌકાસૈન્ય રાખ્યું હતું. આ સમયે સુરત, ખંભાત, કચ્છ તેમ જ સૌરાષ્ટ્રનાં બંદરોથી ગુજરાતનો માલ પરદેશ જતો હતો. માંડવી મહત્ત્વનું બંદર ગણાતું. માંડવી, સુરત, મુંદ્રાનું તુણા, લખપત વગેરે બંદરોએ વહાણ બાંધવાનો ઉદ્યોગ વિકસ્યો હતો. ગુજરાતનાં વહાણો દૂર દૂર યુરોપના દેશોમાં સહીસલામત રીતે સફર કરી પાછાં વળતાં હતાં. બારબોસા લખે છે કે 'ખંભાતના વેપારીઓ મોમ્બાસામાં ઘર કરીને રહેતા અને ખંભાતનાં વહાણોમાં પોતાનો માલ ભરીને લાવતા. માંડવી અને સુરત બંદરે ૮૪ બંદરોના વાવટાઓ ફરકતા.'

આયાત-નિકાસ

ગુજરાતનાં સુરત, ખંભાત વગેરે બંદરોએથી સુતરાઉ કાપડ, રેશમી કાપડ,

મસાલા, ગળી, અકીકની બનાવટો, અનાજ, અફીણ, કચ્છી ઘોડા, કામળા, લાખ વગેરે માલની ઈરાન, આફ્રિકા, અરબસ્તાન અને યુરોપના દેશોમાં નિકાસ થતી અને ઝીણું કાપડ, હીરા, ઝવેરાત, અરબી ઘોડા, સોનું, રૂપું, કલાઈ, મીઠું, ગંધક, ચોખા, એલચી, નારિયેળ, અફીણ, માયાફળ, તેજાના, સુગંધી પદાર્થો વગેરેની આયાત થતી.

ગુજરાતનો વેપારી વર્ગ પરદેશી અને ગુજરાતનો-એમ બંને પ્રકારનો હતો. ઘણા પરદેશી વેપારીઓ અહીં પોતાની પેઢી નાખી આયાતનિકાસનો ધંધો કરતા હતા.

રાજ્ય દ્વારા, આયાત તેમ જ નિકાસ થતા માલ ઉપર ચોક્કસ ધોરણોએ જકાત લેવામાં આવતી.

તોલમાપ

'મિરાતે અહમદી'માં મુઘલકાળ દરમિયાન નીચે પ્રમાણેનાં તોલમાપ પ્રચલિત હતાં, એમ જણાવ્યું છેઃ

(૧) ગુજરાતી શેર - કાચા ૪૦ શેરનો એક ગુજરાતી મણ થાય અને પાકા ૪૦ શેરનો પાકો એટલે કે શાહજહાંનો એક મણ થાય.

(૨) પાલી - લાકડાનું એક માપ. આ માપનું વજન જુદું જુદું રહેતું. કોઈ ઠેકાણે પાલી બે શેરની, તો કોઈ ઠેકાણે અઢી શેરની થતી.

(૩) સહી - ૨૦ પાલી એટલે એક સહીનું માપ.

(૪) કળશી - સામાન્ય રીતે એક કળશી બરાબર ૧૬ મણનું માપ ગણાતું. કેટલેક ઠેકાણે ૧૪ મણ અને ૧૬ શેર બરાબર એક કળશીનું માપ ગણાતું.

(૫) મૂડો - સામાન્ય રીતે ૧૪૪ મણનો મૂડો થતો. પણ અમદાવાદમાં ચૂનાનો મૂડો કાચા ૫૦ મણનો થતો.

(૬) માટ - સૌરાષ્ટ્રમાં નવાનગરમાં આ માપ ચાલતું. છ પાલી બરાબર એક માટ ગણાતો.

(૭) ખાંડી - બંદરોમાં વહાણમાં માલ ચડાવવા માટે આ માપનો ઉપયોગ થતો. એક ખાંડી બરાબર કાચા ૨૦ મણ ગણાતા.

(૮) ફૂલી - આ માપનો પ્રચાર ખંભાતમાં હતો. ૩૨ શેર બરાબર એક ફૂલીનું માપ ગણાતું.

(૯) ફૂલા - કાચા ૧ મણ અને ૧૦ શેરને આ નામ અપાતું.

(૧૦) કાંટરા - ડાંગર તોલવામાં આ માપનો ઉપયોગ થતો. કાચા ૧૦ શેરનું આ માપ ગણાતું.

(૧૧) ભાર - ૧૬ મણનો એક ભાર થતો.

(૧૨) લોઢાની દાંતીવાળું ત્રાજવું. આને એક જ પલ્લું રહેતું. દાંડી ઉપર તોલવા માટે એક પથ્થર રાખવામાં આવતો. તેમાં ૧ મણથી ૨૮ મણ સુધીનું વજન તોળાતું.

જુદાં જુદાં ગામોમાં આ તોલમાપનાં ધોરણો જુદાં જુદાં રહેતાં. કરિયાણા, શાકભાજી વગેરેનો તોલ જુદા જુદા રહેતો. કેટલેક ઠેકાણે સાટા પદ્ધતિથી પણ માલની આપ-લે થતી. ચોમાસામાં મણનું માપ ૩૨ શેરનું અને અન્ય સમયે ૪૨ શેરનું ગણાતું. કાપડ વાર કે ગજના માપથી માપાતું. અનાજ તેમ જ અન્ય ચીજો તોલવા માટે શેર અને મણનું માપ રહેતું. જમીન વીઘાં, ગજ, ઈંચ વગેરે માપથી અંકાતી.

કાલગણના

ઉપલબ્ધ અભિલેખો, સમકાલીન ફરમાનો, સિક્કાઓ તથા 'મિરાતે અહમદી' ઉપરથી મુઘલકાળમાં કાલગણનાની પદ્ધતિનો ખ્યાલ આવે છે. હિંદુઓમાં વિક્રમ સંવત અને મુસ્લિમોમાં હિજરી સંવત પ્રચલિત હતો. બાદશાહ અકબરે ઇલાહી સંવત શરૂ કર્યો હતો. મિતિઓમાં સામાન્ય રીતે વર્ષ, માસ, તિથિ અને વાર આપવામાં આવે છે.

હિજરી સંવત મુસ્લિમોની સત્તા ગુજરાતમાં સ્થપાતાં વધારે પ્રચલિત થયો. હિજરી સંવત મૂળ ઈ.સ. ૬૨૨માં અરબસ્તાનમાં શરૂ થયો હતો અને ત્યાંથી અન્ય મુસ્લિમ દેશોમાં ફેલાયો હતો. મહંમદ પયગંબરે મક્કા છોડ્યું તેની યાદમાં આ સંવત

શરૂ થયો હતો. હિજરીનું વર્ષ ચાંદ્ર વર્ષ છે. તેના દરેક માસનો આરંભ ચંદ્રદર્શનના પ્રથમ દિવસે એટલે કે ઘણે ભાગે સુદથી થાય છે. એક ચાંદ્ર માસમાં ૨૯ દિવસ હોય છે. સૌર વર્ષ કરતાં હિજરી વર્ષ અગિયારેક દિવસ ટૂંકું હોય છે. હિજરી સંવતમાં અધિક માસ ઉમેરવાની પ્રથા ન હોવાથી પ્રતિમાસ હિજરી સન અને સૌર વર્ષ વચ્ચે અંતર વધતું જાય છે. પરિણામે હિજરી સન અને ઈ.સ. વચ્ચેનું અંતર સમય જતાં ૬૨૨થી વધુ ને વધુ રહે છે.

દીને ઈલાહી સંવત

ઈલાહી સંવત બાદશાહ અકબરે પોતાના અમલ દરમિયાન કાલગણનાની જુદી જુદી પદ્ધતિઓ પરથી ઉપજાવ્યો હતો. તેનાં વર્ષ અકબરના તખ્તનશીનના વર્ષથી (ઈ.સ. ૧૫૫૬ થી) ગણાતાં. આ સંવતમાં વર્ષો સૂર્યની ગતિ પ્રમાણે ગણાતાં. મહિનાઓનાં નામ જરથોસ્તી મહિનાઓ પ્રમાણે રખાતાં. જરથોસ્તી વર્ષનો દરેક મહિનો ૩૦ દિવસનો ગણાય છે ને વર્ષને અંતે પાંચ દિવસ ઉમેરવામાં આવે છે; જ્યારે ઈલાહી સંવતમાં કોઈ માસ ૨૯ દિવસના, તો કોઈ માસ ૩૦ દિવસના, તો કોઈ માસ ૩૧ દિવસના અને એક માસ ૩૨ દિવસનો ગણાતો ! એ રીતે વર્ષ કુલ ૩૬૫ દિવસનું થતું. વળી, દર ચોથે વર્ષે ૧ દિવસ ઉમેરવામાં આવતો. ૩૨ દિવસના માસનું નામ- 'શબ' અને ૩૧ દિવસના માસનું નામ 'રોજ' રાખેલ છે. આ સંવતના વર્ષમાં ૧૫૫૫ કે ૧૫૫૬ ઉમેરવાથી ઈ.સ. ની વર્ષ સંખ્યા આવે છે.

ઈલાહી સંવત અકબર તથા જહાંગીરના રાજ્યકાળ દરમિયાન પ્રચલિત રહ્યો, પણ શાહજહાંએ ઇલાહી સંવતને બદલે હિજરી સંવત શરૂ કરતાં ધીરે ધીરે તેનો અસ્ત થયો.

સિક્કા

મુઘલકાળ દરમિયાન ગુજરાતની ટંકશાળોમાં સિક્કા પાડવામાં આવતા. આ સમયે અમદાવાદ, ખંભાત, સુરત, જૂનાગઢ વગેરે સ્થળોએ રાજ્યની મહત્ત્વની ટંકશાળો આવેલી હતી. અમદાવાદની ટંકશાળ મુઘલ બાદશાહ અકબરના સમયમાં વ્યવસ્થિત કરવામાં આવી હતી. આ ટંકશાળ અમદાવાદના કાલુપુર વિસ્તારમાં

આવેલી હતી. આજે પણ કાલુપુરમાં હાજા પટેલની પોળ પાસેનો મહોલ્લો ટંકશાળના નામે ઓળખાય છે. અમદાવાદની ટંકશાળનું નામ 'દાર-અલ-દબ' રાખવામાં આવ્યું હતું.

ગુજરાતમાં પોતાના સિક્કા પડાવનાર પહેલો મુઘલ બાદશાહ અકબર હતો. અકબરે શેરશાહના વહીવટમાંથી પ્રેરણા લઈ ૧૭૮ ગ્રેઇનનો ચાંદીનો રૂપિયો શરૂ કર્યો હતો. તેણે સિક્કા ઉપરથી ખલીફાઓનાં નામ અને હિજરી સંવત દૂર કરી, એક બાજુએ 'અલ્લાહો અકબર જલ્લજલાલહૂ' નું વાક્ય (જેનો અર્થ 'પ્રભુ મહાન છે અને એનું તેજ પ્રકાશે છે' થાય છે) અને બીજી બાજુ હિજરી સંવત, ફારસી માસ અને ટંકશાળનું નામ આંકવાનું શરૂ કર્યું.

અકબરના ઉત્તરાધિકારી જહાંગીરે સિક્કાના ક્ષેત્રમાં ક્રાંતિકારી ફેરફારો કર્યા. તેણે સિક્કાઓમાં નવી નવી કાવ્યપંક્તિઓ દાખલ કરી. તેણે વિવિધ પ્રકારના સોનાના સિક્કા પડાવેલા. એક સિક્કા ઉપર એક હાથમાં શરાબની પ્યાલી ધારણ કરેલ જહાંગીરની આકૃતિ જોવા મળે છે. જહાંગીરે સિક્કાઓ ઉપર સાલ ઉપરાંત મહિના આપવાની તથા સૌર માસના નામને બદલે સૂર્યની તે તે રાશિની આકૃતિ આપવાની પ્રથા અપનાવી. આ સિક્કા 'રાશિ' સિક્કા તરીકે ઓળખાય છે. ખંભાતની ટંકશાળમાંથી મેષ, વૃષભ, મિથુન, કર્ક અને સિંહ રાશિના સિક્કા રાશિની આકૃતિ સાથે પાડવામાં આવ્યા હતા. જહાંગીરના સિક્કાઓમાં એક બાજુએ સૂર્ય સાથે રાશિની આકૃતિ તથા ટંકશાળમાંથી બહાર પડેલ આવા કેટલાક સિક્કા મળ્યા છે. જહાંગીર અને તેની બેગમ નૂરજહાંના સંયુક્ત સિક્કા પણ આ સમયે બહાર પડ્યા હતા.

શાહજહાંએ સત્તા પર આવતાં ગુજરાતની ટંકશાળોમાં કેટલાક સિક્કા પડાવેલા. એ સિક્કાઓ ઉપર શાહજહાંએ ઈલાહી સંવતને બદલી હિજરી સંવત, કલમા અને ખલીફાઓનાં નામ છાપવાનું શરૂ કર્યું હતું. ઔરંગઝેબ ઘણો જ ધર્મચુસ્ત હતો. તેણે પોતાના અમલ દરમિયાન બહાર પાડેલા સિક્કાઓ ઉપરથી ખલીફાઓનાં નામ અને કુરાનનાં પવિત્ર વાક્યોને દૂર કરાવ્યાં.

ઔરંગઝેબ પછીના મુઘલ બાદશાહો ફર્રુખશાયર, જહાંદરશાહ,

અહમદશાહ, મુહમ્મદશાહ વગેરેના સમયમાં થોડાઘણા ફેરફાર સાથે પહેલાંના મુઘલ સિક્કાઓ ચાલુ રહ્યા હતા.

'દામ' નામના તાંબાના સિક્કા મુઘલકાળમાં પ્રચલિત હતા. વિ.સં. ૧૬૭૦ (ઈ.સ. ૧૬૧૫)માં ઋષભદાસે રચેલા 'કુમારપાળરાસ'માં સોનૈયા, હુણ, અભિરામી, લાહીરી વગેરે સિક્કાઓનાં નામ મળે છે. 'આઈને અકબરી'માં મુઘલકાળમાં વપરાતી સોનામહોરોનાં નામ જોવા મળે છે - જેવાં કે શહેનશાહરસ, આતર, બીનસત, ગીદ, આફતાબી, ઈલાહી, પાંડવ લાલજલાલી, ચારગોપી, મેહેરાબી વગેરે. 'મિરાતે અહમદી'માં જણાવ્યા પ્રમાણે, ઔરંગઝેબે ૧૪ માસા વજનનાં દામ ગણવા ફરમાન બહાર પાડેલું. એ વખતે તાંબાના સિક્કાની તાણ પડવાથી અમદાવાદના શરાફોએ લોખંડના સિક્કા પાડવાનું શરૂ કર્યું હતું ! પાછળથી સૂબાને એ સિક્કા પાછા ખેંચી લેવાની ફરજ પડી હતી.

સૌરાષ્ટ્રમાં અને કચ્છમાં મહમૂદી અને કોરીનું ચલણ પ્રચલિત હતું. ભૂજની ટંકશાળમાંથી કોરીના સિક્કા બહાર પાડવા જહાંગીરે સંમતિ આપી હતી.

સૂબા મોમીનખાનના સમયમાં ગુજરાતમાં આંટનો વ્યવહાર વધી પડતાં રૈયતનો કારોબાર અટકી પડ્યો હતો. રોકડાનો વહેવાર બંધ થઈ જતાં પ્રજાએ ઘણી જ મુશ્કેલી વેઠવી પડી હતી.

ધાર્મિક સ્થિતિ : ધર્મ-સંપ્રદાયો

ગુજરાતના મધ્યકાલીન ઇતિહાસમાં ધાર્મિક દૃષ્ટિએ સલ્તનતકાળ કરતાં મુઘલકાળનું મહત્ત્વ વિશેષ છે. આ સમયે મુસ્લિમ આક્રમણોને ભય થતાં ધીરે ધીરે રાજકીય અને સામાજિક શાંતિ સ્થાપવા લાગી. આના પરિણામે પ્રજાનું ધાર્મિક જીવન વ્યવસ્થિત બન્યું. અકબરની બિનસાંપ્રદાયિક કહી શકાય એવી ધાર્મિક નીતિના પરિણામે ગુજરાતના ધર્મસંપ્રદાયોમાં ચેતન આવ્યું અને પ્રજાની ધર્મભાવના વિકસી. અલબત્ત, ઔરંગઝેબના સમયમાં ધાર્મિક અત્યાચારો વધતાં ગુજરાતની ધાર્મિક પરિસ્થિતિ બદલાવા લાગી હતી. ઈસ્લામનું જોર વધવા લાગ્યું હતું. આમ છતાં, મુઘલકાળ દરમિયાન પ્રજામાં ધાર્મિક અસંતોષ ઓછો હતો.

મુઘલકાળ દરમિયાન ગુજરાતમાં સૂબાઓની સત્તા પ્રવર્તતી હોવાથી મહદંશે ભૂમિદાનનો પ્રવાહ અટકી ગયો હતો. આમ છતાં કેટલાંક છૂટાંછવાયાં ભૂમિદાન અપાયાના દાખલા મળે છે. બાદશાહ અકબરે ગુજરાતના પારસી ધર્મગુરુઓને ૩૦૦ વીઘાં જમીન દાનમાં આપી હતી. મુઘલ બાદશાહો મસ્જિદોને જમીન દાનમાં આપતા.ઔરંગઝેબે મસ્જિદોને-મળેલ દાનની વ્યવસ્થા માટે અલગ ખાતું ખોલ્યું હતું. મસ્જિદોને દાન કુરાનને આધારે અપાતું. આના માટે રાજ્ય તરફથી ખાસ ફરમાનો બહાર પાડવામાં આવતાં.

આ સમયે પ્રજામાં પૂર્ત ધર્મની ભાવના ટકી રહી હતી. વાવ, કૂવા, તળાવ, મંદિરો વગેરે બંધાવવા લોકો પ્રયત્નશીલ રહેતા. ઊંડે ઊંડે પણ પ્રજામાં દાનની ભાવના ટકી રહી હતી. શેઠ શાંતિદાસ ઝવેરીએ કેટલાંક ઉત્તમ ધાર્મિક કાર્યો કર્યાં હતાં. તેમણે અમદાવાદમાં સરસપુર વિસ્તારમાં ચિંતામણિ પાર્શ્વનાથનું મંદિર બંધાવ્યું હતું. મોડાસાના વતની સુલેમાન નામના વહોરાએ ઈ.સ. ૧૬૨૨ના નવેમ્બરની ૨૮મી તારીખે એક કૂવો બંધાવવાનો શરૂ કર્યો હતો, જે ઈ.સ. ૧૬૨૬માં પૂર્ણ થયો હતો. (કોમિસેરિયેટ, હિસ્ટ્રી ઑફ ગુજરાત, વૉ. ૨, પૃ. ૯૬) શામળ ભટ્ટને સિંહુજમાં વસાવનાર રખીદાસે રખી કૂવો અને હવાડો સિંહુજના ગામ લોકો માટે બંધાવ્યાં હતાં. (ડૉ. મંજુલાલ (સં.), સાહિત્ય ગ્રંથમાળા : કવિ શામળ, પૃ. ૧૩૫. જુઓ રખીકૂવાનો લેખ.)

ઉપલબ્ધ અભિલેખો અને સાહિત્યના આધારે જણાય છે કે લોકોમાં ધર્મભાવના વિકસી હતી. રાજાઓ ધર્મશાસ્ત્રનો અને કુરાનને કેન્દ્રમાં રાખી રાજ્ય કરતા. સૂબાઓને ધર્મ-આજ્ઞા પ્રમાણે વહીવટ કરવાનો આદેશ આપતા. બાદશાહ શાહજહાંએ કુરાનના આદેશને માન આપી સૂબા ઔરંગઝેબને ચિંતામણિ પાર્શ્વનાથનું મંદિર સર્વ નુકસાની સાથે પાછું સોંપવાનો આદેશ આપ્યો હતો. વિદ્યાના વિકાસ માટે રાજ્ય તેમ જ ધનિકો તરફથી પ્રબંધ થતો. જૈન સૂરિઓ અને શ્રીમંતો સાહિત્યની પ્રવૃત્તિ અને તીર્થોદ્ધારની પ્રવૃત્તિ દ્વારા પ્રજાની ધર્મભાવના વિકસાવતા. ટૂંકમાં, આ સમયે લોકોમાં ધર્મમાં શ્રદ્ધા ટકી રહી હતી. જીવદયાની ભાવના વિકસી હતી.

સામાન્ય રીતે મુઘલકાળ દરમિયાન ગુજરાતમાં હિંદુ અને જૈન મંદિરોમાં ષોડશોપચારી પૂજા પ્રચલિત હોવાનો સંભવ છે. ગુજરાતમાં મુઘલકાળ દરમિયાન

આવેલા જર્મન મુસાફર મેન્ડેલ્સ્લોએ શેઠ શાંતિદાસ ઝવેરીએ બંધાવેલા ચિંતામણિ પાર્શ્વનાથના મંદિરની મુલાકાત વિશેની પોતાની નોંધમાં મંદિરમાં થતી પૂજનવિધિ વિષે જણાવ્યું છે કે "દેવને સ્નાન કરાવ્યા બાદ પ્રતિમાને ચંદનલેપ કરી પુષ્પ ચડાવવામાં આવ્યાં એ પછી દેવ સમક્ષ સુંગધી દ્રવ્યોનો ધૂપ કરવામાં આવ્યો. ત્યાર બાદ મંત્રપુષ્પાંજલિ, નમસ્કાર, પ્રદક્ષિણા વગેરે વિધિ કરવામાં આવી." (Commissariat M.S., Studies in History of Gujarat, p. 63) પૂજન-અર્ચન માટેનો સર્વ ખર્ચ મંદિરની આવકમાંથી થતો.

આ સમયે ગુજરાતમાં વિવિધ પ્રજાઓ વસતી હતી. હિંદુઓ હિંદુ ધર્મ, મુસ્લિમો ઈસ્લામ ધર્મ અને પારસીઓ જરથોસ્તી ધર્મ પાળતા. આ સર્વમાં પણ જુદી જુદી શાખાઓ પડી ગઈ હતી.

હિંદુ ધર્મ પ્રાચીનકાળથી ચાલી આવતી પ્રણાલિકા પ્રમાણે સમાજમાં અસ્તિત્વમાં હતો. હિંદુ ધર્મના બે મુખ્ય સંપ્રદાયો શૈવ-શાક્ત અને વૈષ્ણવ વ્યવસ્થિત રૂપે વિકસ્યા હતા.

શૈવ-શાક્ત સંપ્રદાય

શૈવ ધર્મ પૌરાણિક શિવભક્તિના રૂપમાં ટકી રહ્યો હતો. ગુજરાતમાં ભાગ્યે જ એવું કોઈ ગામ હશે કે જ્યાં શિવમંદિર જોવા ન મળે. આ સમયે શૈવ સંપ્રદાયની એક શાખા નાથ સંપ્રદાય, જેને કેટલાક વિદ્વાનો યોગ સંપ્રદાય તરીકે ઓળખે છે, તે ગુજરાતમાં પ્રચલિત હતો. આ સંપ્રદાયના અનુયાયીઓ આ સંપ્રદાયના સ્થાપક ગોરખનાથને શિવરૂપે પૂજે છે. આ પંથના સાધુઓ 'કાનફટા' તરીકે ઓળખાય છે. કચ્છમાં ધીણોધરનું સ્થાનક નાથ સંપ્રદાયના કેન્દ્ર તરીકે જાણીતું છે . આ ઉપરાંત કચ્છમાં નારાયણ સરોવર, કોટેશ્વર વગેરે સ્થળોએ નાથ સંપ્રદાયની જાગીરો હતી. આ જાગીરોના વહીવટદારો જાગીરના નામે ધીરધારનો ધંધો કરતા. આ જાગીરના સંવત ૧૬૦૧ થી ૧૭૦૨ સુધીના ચોપડા મળેલા છે.

સામાન્ય લોકો ઘરમાં કે શિવાલયમાં શિવલિંગની પૂજા કરતા. લોકો જ્યોતિર્લિંગમાં માનતા હોવાથી બનારસ, સોમનાથ, બદ્રીકેદાર, રામેશ્વર, મહાબળેશ્વર વગેરે સ્થળોની યાત્રા કરતા. શિવ પાણીના લોટાથી અને બિલીપત્રથી

પ્રસન્ન થાય છે, એવી માન્યતા સામાન્ય જનોમાં પ્રચલિત હતી. આમ, શિવ એ સામાન્ય જનતાના લોકપ્રિય દેવ હતા.

શિવભક્તિની અસર સાહિત્ય ઉપર પણ પડેલી જણાય છે. આ સમયે કવિ મુરારિએ શિવપુરાણ ઉપરથી 'ઈશ્વરવિવાહ' રચ્યો; રત્નેશ્વરે મહિમ્નસ્તોત્રનું ભાષાંતર કર્યું; કવિ શામળે શિવપુરાણમહાત્મ્ય ગુજરાતીમાં રચ્યું; શિવાનંદે શિવની સ્તુતિનાં અનેક પદો અને આરતીઓ રચ્યાં. આજે પણ આ આરતીઓ શિવાલયોમાં ગવાય છે.

શાક્ત સંપ્રદાય ઘણા પ્રાચીનકાળથી શૈવસંપ્રદાય સાથે સંકળાયેલ છે. ગુજરાતમાં શાક્ત સંપ્રદાયની મુખ્ય ત્રણ પીઠો હતી : (૧) અંબિકા પીઠ - આરાસુરમાં, (૨) કાલિકા પીઠ - પાવાગઢમાં અને (૩) બાલાત્રિપુરા પીઠ - ચુંવાળમાં, બહુચરાજીમાં આ ઉપરાંત, સૌરાષ્ટ્રમાં હરસિદ્ધ માતાજી અને કચ્છમાં આશાપુરી માતાનું મહત્ત્વ વિશેષ હતું. ગુજરાતમાં દેવી કાલિકા ભદ્રકાળીના નામે ઓળખાતી.

આ ઉપરાંત પાર્વતી, લક્ષ્મી, સરસ્વતી, શીતળા વગેરે દેવીઓની પૂજા પ્રચલિત હતી. સામાન્ય રીતે દરેક ગામમાં નાનાંમોટાં માતાજીનાં મંદિરો હતાં. સમાજમાં દુર્ગાપૂજાનું મહત્ત્વ વિશેષ હતું. આસો માસના શરૂઆતના નવ દિવસો નવરાત્રીના ઉત્સવ તરીકે ઉજવાતા. આ સમયે લોકો માતાજીની આગળ હોમ, હવન, ઉપવાસ વગેરે કરતા. વારતહેવારે માનતા રાખતા. કેટલેક ઠેકાણે દેવીના પ્રતીક તરીકે ખાનગી પૂજા થતી. સ્ત્રીઓ નવરાત્રી દરમિયાન રાત્રે માતાજીના ગરબા ગાતી. ગુજરાતમાં આ સમયે ભક્ત વલ્લભ ધોળાએ રચેલો શક્તિના સ્વરૂપનું રહસ્ય સમજાવતો 'આનંદનો ગરબો' તેમ જ તેના અન્ય ગરબા ઘણા જ લોકપ્રિય હતા. મીઠુ મહારાજ શાક્ત કવિ હતા.

આ સમય દરમિયાન શીતળા દેવીનું મહત્ત્વ સવિશેષ હતું. જ્યાં બળિ-શીતળાનો ઉપદ્રવ દેખાતો, ત્યાં તેની પૂજા શરૂ થતી. બાળકને શીતળાના સ્થાનકે લાવી પગે લગાડવામાં આવતું. માટીનો ઘોડો, ઘઉંનાં ફદિયાં વગેરેનો પ્રસાદ ચઢાવવામાં આવતો. ઘણા લોકો શીતળાના કોપમાંથી બચવા શ્રાવણ સુદ સાતમે અથવા વદ સાતમે ઠંડું ભોજન લેતા. ગુજરાતની જુદી જુદી જ્ઞાતિઓમાં જુદા જુદા નામે દેવીપૂજા પ્રચલિત હતી. દા.ત., મોઢ જ્ઞાતિમાં માતંગી, વાયડા જ્ઞાતિમાં

વાયડ માતા, ઝારોળા બ્રાહ્મણોમાં હીમજ માતા વગેરે.

વૈષ્ણવ સંપ્રદાય

સલ્તનતકાળમાં મુસ્લિમ આક્રમણોને લીધે ઘણાં મંદિરો નાશ પામ્યાં. આના પરિણામે વૈષ્ણવ સંપ્રદાયમાં હવેલી મંદિરોનો ઉદ્ભવ થયો. મુસ્લિમોના અમાનુષી અત્યાચાર છતાં વૈષ્ણવ સંપ્રદાય ટકી રહ્યો હતો. મુઘલકાળ દરમિયાન વૈષ્ણવ સંપ્રદાયનો વિકાસ વધ્યો. પ્રેમલક્ષણા ભક્તિનો મહિમા ઘેર ઘેર ગવાવા લાગ્યો.

પંદરમા સૈકાના અંત ભાગમાં વૈષ્ણવ ધર્મના જુદા જુદા સંપ્રદાયો અસ્તિત્વમાં આવ્યા - જેવા કે રામાનુજ સંપ્રદાય, નિમ્બાર્ક સંપ્રદાય, મધ્વ સંપ્રદાય, વિષ્ણુસ્વામી સંપ્રદાય, પુષ્ટિ સંપ્રદાય વગેરે. આ સર્વમાં પંદરમી સદી પછી પુષ્ટિ સંપ્રદાયનો સારો વિકાસ થયો. આજે ગુજરાતનાં અનેક ગામોમાં વલ્લભલાલજી અને વિઠ્ઠલનાથજીનાં મંદિરો જોવા મળે છે.

પુષ્ટિ માર્ગના પ્રવર્તક વલ્લભાચાર્યે ગુજરાતમાં અનેક ઠેકાણે ભાગવત પારાયણ કર્યાં હતાં. આ સર્વ જગાઓ મહાપ્રભુજીની બેઠક તરીકે ઓળખાય છે. દા.ત., અસારવાની બેઠક, નરોડાની બેઠક, તગડીની (ધંધુકા પાસે) બેઠક વગેરે. વલ્લભાચાર્યે પુષ્ટિ માર્ગ સંપ્રદાય દ્વારા કૃષ્ણભક્તિનો મહિમા ગાયો. તેમના પુત્ર વિઠ્ઠલનાથજીએ ગુજરાતની છ વાર યાત્રા કરી હતી. વિઠ્ઠલનાથજીએ અકબર ઉપર સારો પ્રભાવ પાડ્યો હતો. તેમને ગોકુળમાં નિરાંતે રહેવા દેવાની, તેમ જ ગોકુળની પ્રજાને કરવેરામાંથી મુક્તિ આપવાની બાદશાહે જાહેરાત કરી હતી. આમ, વિઠ્ઠલનાથજીએ ગુજરાતમાં વૈષ્ણવ સંપ્રદાયના પુષ્ટિમાર્ગને જીવંત રાખ્યો. ગુજરાતની વેપારી પ્રજા અને તેમની જ્ઞાતિઓમાં આ પુષ્ટિમાર્ગ લોકપ્રિય બન્યો. આ સંપ્રદાયની અસર સમકાલીન કવિઓ ઉપર સારા પ્રમાણ થઈ હતી.

આ સમયના લોકપ્રિય કવિ અને કથાકાર પ્રેમાનંદે ઓખાહરણ, સુદામાચરિત્ર, દશમસ્કંધ, દાણલીલા, હૂંડી, શ્રાદ્ધ, મામેરું વગેરે આખ્યાનો રચીને તે દ્વારા કૃષ્ણભક્તિનો મહિમા ગાયો. આ ઉપરાંત, ગોપાલદાસ વ્યારાવાળા, કૃષ્ણદાસ, દયારામ વગેરેએ કૃષ્ણભક્તિનાં કાવ્યો રચીને ગુજરાતને પ્રેમલક્ષણા ભક્તિમાં તરબોળ કર્યું.

આ સમયે શૈવ-શાક્ત અને વૈષ્ણવ સંપ્રદાયની સાથે સાથે વિષ્ણુના દશ અવતારો પૈકી નૃસિંહ તથા રામ તેમ જ સૂર્ય, નાગ, ગણેશ, હનુમાન વગેરે વિવિધ દેવોની જુદા જુદા સમયે પૂજા થતી. લગ્ન, સીમંત જેવા શુભ પ્રસંગોએ સૂર્યપૂજા-સૂર્યપત્ની રાંદલદેવીની પૂજા તેમ જ ગણેશપૂજાને વિશેષ મહત્ત્વ અપાતું.

હિંદુ ધર્મનાં તીર્થસ્થળો

મુઘલકાળ દરમિયાન ગુજરાતમાં શૈવ-શાક્ત અને વૈષ્ણવ સંપ્રદાયનાં કેટલાંક મહત્ત્વનાં તીર્થસ્થળો અસ્તિત્વમાં હતાં. 'મિરાતે અહમદી'માં આવાં કેટલાંક તીર્થસ્થાનોનો ઉલ્લેખ છે. જેમ કે પ્રભાસનું સોમનાથનું મંદિર, દ્વારકા, શંખોદ્ધાર દ્વીપ, મૂળ મહાદેવ, ગિરનાર પર અંબિકા, ભૈરવજપ, ગોપનાથ, દામોદર (ઉના પાસે), સિહોજ ગામનું સરકેશ્વર, બહુચરાજી, ચંદ્રેશ્વર મહાદેવ, અચળેશ્વર, ઉત્કંઠેશ્વર, ડાકોર, શૂલપાણેશ્વર, કાલિકા (પાવાગઢ), અંબાજી (દાંતા પાસે), સિદ્ધપુર, નારાયણ સરોવર, રેવા તીર્થ વગેરે. આમાં ઘણાં સ્થળોનાં મંદિરો ખંડેર અવસ્થામાં હતાં. ઘણાં મુઘલકાળ પહેલાં બંધાયાં હશે, પણ સામાન્ય જનતામાં તીર્થધામ તરીકે તેમનું મહત્ત્વ હતું.

'મિરાતે અહમદી'માં અમદાવાદનાં કેટલાંક મુઘલકાલીન મંદિરોની યાદી આપી છે. જેવાં કે માંડવીની પોળનું રણછોડજીનું મંદિર, સારંગપુરનું રણછોડજીનું મંદિર, હાજા પટેલની પોળનું રઘુનાથજીનું મંદિર, રાયપુર દરવાજા બહાર જાડેશ્વર મહાદેવ, સાંકડીશેરીનું આશાપુરી માતાનું મંદિર, અસારવાનું નીલકંઠ મહાદેવનું મંદિર વગેરે.

જૈન ધર્મ

ગુજરાતમાં સલ્તનતકાળ દરમિયાન મુસ્લિમ આક્રમણોને લીધે ધાર્મિક ક્ષેત્રે ઘણું પરિવર્તન આવ્યું હતું. અનેક હિંદુ તેમ જ જૈન મંદિરો નાશ પામ્યાં હતાં. મુઘલકાળ દરમિયાન જૈન મંદિરો બંધાવવાની પ્રવૃત્તિમાં કંઈક સુધારો થયો હતો.

વિ.સં. ૧૬૪૪ (ઈ.સ. ૧૫૮૮)માં શાહ વિજયા અને રાજિયાએ ખંભાતમાં, વિ.સં. ૧૬૫૦-૫૧ (ઈ.સ.૧૫૯૪-૯૫)માં અમરદત્તે પાટણમાં,

વિ.સં. ૧૬૫૨ (ઈ.સં. ૧૫૯૬)માં પંડિત મેઘજીએ ઉનામાં, વિ.સં. ૧૬૭૮ (ઈ.સ. ૧૬૨૨)માં શેઠ શાંતિદાસ ઝવેરીએ અમદાવાદમાં જૈન મંદિર બંધાવ્યાના ઉલ્લેખો મળે છે. આ સમયના ઘણા પ્રતિમાલેખો મળે છે. જૈન તીર્થંકરોની પ્રતિમાઓની સ્થાપના કરવાની પ્રવૃત્તિ આ સમયે ચાલુ હતી.

મુઘલકાળ દરમિયાન જૈન ધર્મમાં કેટલીક શાખાઓ પડી ગઈ હતી. 'મિરાતે અહમદી'માં જણાવ્યા પ્રમાણે, આ સમયે ચોરાશી ગચ્છ અસ્તિત્વમાં હતા. જેવા કે અસવા, જરાવલ, કંકેરા, છેરંટીઆ, ભરૂચા, આનપૂજા, અઢાવૈયા, કોડવીઆ, વેકોદીઆ, રહમસાલીચા, મોડાસીઆ, વાસીઆ, કચ્છપાલીઆ,ઘોઘાવાલ, વડોદરિયા, ખંભાતીઆ, બ્રહ્મના, ઝાલોરા, ભૂખડીઆ, ચિતોડા, બાપરવાલ, મોઢાહદીઆ, સાખોદા, કુજડીઆ, કનીસા, સોધાનીઆ, સાકસનીઆ, આંચલીઆ, નગરકોટીઆ, બાલધાસા, ભાલડાજીઆ, લુનારસીઆ, નાકેદક, ખનોજશા, ધર્મખોખા, સિદ્ધપુર, બોરસદીઆ વગેરે. (મિ.અ. - ભા. ૨, પૃ. ૧૪૨)

બાદશાહ અકબરના દરબારમાં જૈન ધર્મના પ્રખર વિદ્વાન હીરવિજયસૂરિ મહત્ત્વનું સ્થાન ધરાવતા હતા. તેમની પ્રતિભાથી અંજાઈને બાદશાહે તેમને દિલ્હી પધારવા આમંત્રણ આપ્યું હતું. તેઓ ગંધારથી પગે ચાલતા દિલ્હી પહોંચ્યા! બાદશાહના માનીતા સરદાર અબુલફજલે તેમની પ્રથમ પરીક્ષા કરી, એ પછી દરબારમાં બોલાવ્યા. આ વખતે તેમણે પાથરેલા ગાલીચા ઉપર, રખેને તેની નીચે રહેલ જીવ દબાઈ જાય તેથી ચાલવાની ના પાડી. બાદશાહે ગાલીચો ઉઠાવી લેવડાવ્યો. ગાલીચો ઉઠાવતાં ત્યાં સાચે જ કીડીઓની હાર દેખાઈ.

આ પછી કેટલીક ધર્મચર્ચા થઈ. તેના પરિણામે બાદશાહે સૂરિથી પ્રભાવિત થઈ ગુજરાતમાંથી જજિયાવેરો કાઢી નાખવાની તથા પર્યૂષણાદિ બાર દિવસોએ 'અમારિ' ની જાહેરાત કરી. આ ઉપરાંત સોફિયાન દિવસો, ઈદના તહેવાર, સંક્રાતિની સર્વતિથિઓ, બાદશાહનો જન્મદિવસ, નવરોજ, મહોરમ વગેરે મળીને વર્ષમાં છ માસ અને છ દિવસ જીવહિંસા કરવાની મનાઈ ફરમાવી.

આ ઉપરાંત ભાનુચંદ્રસુરિ, વિજયસેનસૂરિ વગેરેએ અકબર બાદશાહને પોતાના ઉપદેશથી પ્રભાવિત કરી ગુજરાતમાં થતી જીવહિંસા અટકાવી હતી.

ત્રાસજનક જજિયાવેરામાંથી પ્રજાને મુક્તિ અપાવી હતી. આના પરિણામે ગુજરાતમાં જીવદયાની ભાવના વિકસી હતી.

ગુજરાતમાં અહિંસા અને જીવદયાની ભાવના વિકસાવવામાં જૈન ધર્મનો ફાળો વિશેષ છે. ઓવિંગ્ટન નામનો મુસાફર ગુજરાતની પ્રજાની જીવદયાની ભાવના વિશે લખતાં જણાવે છે કે 'ગુજરાતમાં અનેક ગામોમાં સુંદર પરબડીઓ આવેલી છે; ઘણે ઠેકાણે પાંજરાપોળો, કબૂતરખાનાં આવેલાં છે. ખંભાતમાં પશુ-ચિકિત્સાલયો હતાં. માલિક વગરનાં બીમાર પશુઓની સારવાર થતી. શિકાર, માછલાં મારવાં, ગાય- વાછરડાંનો વધ કરવો વગેરેને પૈસા આપીને અટકાવવામાં આવતું.

આ સમયે ગિરનાર, શત્રુંજય, આબુ, ભદ્રેશ્વર, શંખેશ્વર, તારંગા વગેરે જૈન ધર્મનાં મહત્ત્વનાં તીર્થધામ હતાં. શત્રુંજય તીર્થનું રક્ષણ કરવા મુઘલ બાદશાહ શાહજહાં તરફથી શેઠ શાંતિદાસ અને તેના કુટુંબીઓને ઈજારો અપાયો હતો.

ઈડર અને સોજીત્રામાં દિગંબર સંપ્રદાયના ભટ્ટારિકોની ગાદી હતી. સ્થાનકવાસી સંપ્રદાયે સહભોજન અને સગપણ અંગે શાહજહાં પાસે ફરમાન બહાર પડાવ્યું હતું. શ્વેતાંબર મૂર્તિપૂજક જૈનોના તપાગચ્છ અને ખરતરગચ્છ વચ્ચે ઉગ્ર મતભેદો હતા.

ઈસ્લામ

સલ્તનતકાળની તુલનામાં મુઘલકાળમાં ઈસ્લામ ધર્મ ગુજરાતમાં વધુ વ્યવસ્થિત થયેલો જોવા મળે છે. અકબર અને ઔરંગઝેબની ધાર્મિક નીતિએ ઈસ્લામના સ્વરૂપમાં ઘણા ફેરફારો કર્યા. અકબરની ધાર્મિક નીતિથી ગુજરાતમાં હિંદુ-મુસ્લિમો એકબીજાની વધારે નજીક આવ્યા. ઘણા સંતોએ ઈસ્લામને લોકપ્રિય બનાવવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો. અકબરની સર્વધર્મ-સમભાવની નીતિથી ઘણા લોકો ઈસ્લામ તરફ માનથી જોવા લાગ્યા.

આ સમયે ઈસ્લામમાં શિયા અને સુન્નીના સંઘર્ષ ઉપરાંત એના ફિરકાઓ અને પેટાફિરકાઓ મોટી સંખ્યામાં અસ્તિત્વમાં આવ્યા હતા. આના પરિણામે ધાર્મિક માન્યતાઓમાં ઘણો સંઘર્ષ ઊભો થયો હતો. અકબરે તે નિવારવા ઘણા પ્રયત્નો

કર્યા. કુરાનેશરીફનાં અર્થઘટનો કરાવી પ્રજાને દોરવણી આપવા પ્રયત્ન કર્યો, પણ તેમાં તે જોઈએ તેટલો સફળ ન થયો. મુસ્લિમોના આંતરિક મતભેદોને દૂર કરવા તેણે ઈ.સ. ૧૫૮૧માં દીન-એ-ઇલાહીની સ્થાપના કરી. આ કોઈ નવો સંપ્રદાય ન હતો પણ સંયમ, સદાચાર અને સહિષ્ણુતાના આદર્શો રજૂ કરતી એક નવી આચારસંહિતા હતી, પણ મુસ્લિમોને તે સ્વીકાર્ય ન બન્યો. ગુજરાતમાં તે ટકી શક્યો નહિ.

આ સમયની વિશિષ્ટતા એ છે કે સલ્તનતકાળ જેવો ધાર્મિક વિનાશ સર્જાયો નથી. સલ્તનતકાળમાં ધાર્મિક ક્ષેત્રે જે વિકાસ અટકી ગયો હતો, તે ફરી પાછો મુઘલકાળમાં શરૂ થયો. અકબરે પોતાની ધાર્મિક નીતિથી બધાને એક કરવા પ્રયત્નો કર્યા.

જહાંગીર પોતે સુન્ની હોવા છતાં શિયા પંથ તરફ માન ધરાવતો હતો. શાહજહાં ઈસ્લામનું ચુસ્તપણે પાલન કરવામાં માનતો, પણ તેણે કોઈ ધાર્મિક અત્યાચારો કર્યા નથી. ઔરંગઝેબ કટ્ટર સુન્ની મુસલમાન હતો. મૂર્તિપૂજાનો વિરોધી હોઈ તેના સમયમાં ઘણા ધાર્મિક અત્યાચારો થયા. તે ગુજરાતનો સૂબો હતો તે દરમિયાન તેણે શેઠ શાંતિદાસ ઝવેરીએ બંધાવેલા ચિંતામણિ પાર્શ્વનાથના મંદિરને મસ્જિદમાં ફેરવી નાખ્યું હતું. બળપૂર્વક ધર્માન્તર કરાવવાના પ્રયત્નો થયા હતા. મહેદવી પંથના અનુયાયીઓની કતલ ચલાવી હતી. આ પ્રસંગે મહેદવી પંથના સૈયદ રાજુ પોતાના બાવીસ સાથીદારો સાથે શહીદ થયા હતા! શબોને શાહીબાગ વિસ્તારમાં દાટવામાં આવ્યાં હતાં. આ પ્રસંગનું વર્ણન 'મિરાતે અહમદી'માં આપેલું છે. આ જ પ્રમાણે ઇમામશાહી ફિરકાના અન્યાયી મોમનાઓ અને મતીઆઓ સાથે પણ ઔરંગઝેબે ધાર્મક મતભેદોને લીધે સંઘર્ષમાં ઊતરવું પડ્યું હતું. પરિણામે ઘણા મોમનાઓ અને મતીઆઓની કતલ કરવામાં આવી હતી. સુન્ની ઔરંગઝેબ શિયા મુસલમાનો પ્રત્યે પણ ભારે નફરત ધરાવતો હતો. આથી ગુજરાતની વહોરા કોમે પણ ઘણું સહન કરવું પડ્યું હતું. તે સુન્ની ઉલેમાઓ અને અનુયાયીઓ તરફ ઘણા માનથી વર્તતો. આમ, સામાન્ય રીતે ઔરંગઝેબની ધાર્મિક નીતિમાં ધાર્મિક ઝનૂન દેખાય છે.

સમય જતાં મુઘલકાળ દરમિયાન ગુજરાતમાં ઈસ્લામ ધર્મના કેટલાક પંથો અસ્તિત્વમાં આવ્યા :

પીરાણા પંથ

ઈમામશાહે ઈરાનથી આવીને અમદાવાદની ઉત્તરે ગામમાં વસવાટ કર્યો. તેમણે ઘણાને ચમત્કાર કરી બતાવીને આકર્ષ્યા હતા. તેમને માનનારો મોટો વર્ગ હિંદુઓનો હતો. ધર્માન્તર પછી તેઓ મોમના અને મતીઆ તરીકે ઓળખાયા. તેઓ શબને હિંદુઓની માફક બાળે છે, પણ તેના કેટલાક અવશેષો દાટે છે. તેમના અનુયાયીઓ ગુજરાતમાં પીરાણાવાળા તરીકે ઓળખાય છે. તેમનો પંથ પીરાણા પંથ તરીકે ઓળખાય છે. પીરાણા ગામમાં પાંચ રોજા છે. - ઇમામશાહનો, નુરશાહનો, સુરાભાઈનો, બાબામુહમ્મદનો અને બાકરઅલીનો. આ પાંચે રોજાના પીરને માનનારા જુદા જુદા છે, પણ તેઓ સર્વ પીરાણાના મુખ્ય પીરને માને છે.

ઈમામશાહીઓ એક અલ્લાહને સર્વોત્કૃષ્ટ કિરતાર તરીકે માને છે. મોહમ્મદ મુસ્તફાને તેઓ રસુલ અને પયગંબર તરીકે સ્વીકારે છે; પણ નમાઝને ખાસ મહત્ત્વ આપતા નથી. આજે પણ આ પંથ ગુજરાતમાં અસ્તિત્વ ધરાવે છે.

મહેદવી પંથ

આ પંથના અનુયાયીઓ મહેદવી તરીકે ઓળખાય છે. તેઓ સર્વ મહેદી જોનપુરીના અનુયાયીઓ છે. આ મહેદી જોનપુરી વિશે કેટલીક દંતકથાઓ પ્રચલિત છે. ઔરંગઝેબની ધાર્મિક નીતિના પરિણામે આ પંથે પણ ઘણું સહન કરવું પડ્યું હતું. તેમના અનુયાયીઓની કબરો શાહીબાગમાં છે. તેમની દેખરેખ પાલનપુરના નવાબ તરફથી રાખવામાં આવે છે.

ઉત્તર ગુજરાતમાં આ પંથના ઘણા અનુયાયીઓ છે. પાલનપુરના મહેદવીઓ પોતાને સૈયદો અને પીરઝાદા તરીકે ઓળખાવે છે.

દાદુ પંથ

દાદુ પંથના સ્થાપક દાદુ કમાલના શિષ્ય ગણાય છે. કેટલાક તેમને નાગર

બ્રાહ્મણના વંશજ માને છે. તેઓ જાતે મુસલમાન પીંજારા હતા. તેમનો પંથ પરબ્રહ્મ સંપ્રદાય અગર સહજ સંપ્રદાય તરીકે ઓળખાય છે. તેમાં હિંદુ-મુસલમાન કોઈ પણ જોડાઈ શકે છે. કહેવાય છે કે ઈ.સ. ૧૫૮૬માં દાદુનો બાદશાહ અકબર સાથે મેળાપ થયો હતો. અકબરે મળવા માટે કહેવડાવ્યું ત્યારે દાદુએ કહ્યું કે 'મોટા સમ્રાટને અમારા જેવા ગરીબોને મળીને શું કામ છે, જો ભક્ત અકબરને મળવાની ઇચ્છા હોય તો ભલે આવે.' અકબર તેનાથી ઘણો જ પ્રભાવિત થયો હતો. ગુજરાતમાં આજે પણ આ ધર્મ અસ્તિત્વમાં છે.

મુઘલકાળ દરમિયાન પયગંબરના પગલાં કે જે અબુતુરાબ મક્કાથી લાવેલા તેના ઉપર દરગાહ અને મસ્જિદ બનાવવામાં આવી હતી. આ ઉપરાંત શેખ વજીઉદ્દીનનો રોજો, અબુતુરાબનો રોજો, નવાબ સુજાતખાંની મસ્જિદ, સૈયદ રાજુની કબર, ખંભાતમાં કાકાકોલાની કબર તેમ જ વીરપુર, માંગરોળ, નવસારી, હરસોલ વગેરે સ્થળોની દરગાહો અસ્તિત્વમાં આવી હતી.

ગુજરાતના વહોરા

ઈ.સ. ૧૫૩૯માં ઈસ્લામના ૨૪મા દાઈ તુર્કોના કારણે ભારત આવ્યા. તેમણે સિદ્ધપુરમાં ગાદી સ્થાપી. તેમના પુત્ર પચીસમા દાઈ સૈયદ જલાલ સમસુદ્દીને અમદાવાદમાં ગાદી ફેરવી. ઈ.સ. ૧૫૯૦માં દાઉદી અને સુલેમાની ફિરકા અસ્તિત્વમાં આવ્યા. તેઓની વસ્તી ગુજરાતમાં સિદ્ધપુર, અમદાવાદ, દાહોદ, નડિયાદ વગેરે સ્થળોએ વિશેષ પ્રમાણમાં છે. નડિયાદના વહોરાઓ મઝહબી સકીદા તરીકે ઓળખાય છે. આ કોમ ધર્મભીરુ હોય છે. તેઓ નાનાંનાનાં ગામડાંઓમાં વેપાર કરતા હોય છે. આ સર્વ વહોરાઓ મુલ્લા-યા-મહમૂદઅલીના બોધથી મુસલમાન થયા. તેઓની જમાત સમય જતાં સાત વિભાગોમાં વહેંચાઈ ગઈ : (૧) દાઉદીયા, (૨) સુલેમાનીઆ, (૩) અલીઆ, (૪) ઝેદીઆ, (૫) હુજુમીયા, (૬) ઈસ્લામીયા અને (૭) નઝીરીયા. ગુજરાતના ખૂણે ખૂણેથી શિયા પંથના વહોરાઓ ખંભાતમાં ઝિયારત માટે આવે છે. ગુજરાતના ઘણા વહોરાઓ રાજસ્થાનમાં ડુંગરપુર જિલ્લામાં મહી નદીના કિનારે આવેલા ગલીયાકોટમાં યાત્રાર્થે આવે છે. વહોરા કોમમાં આ તીર્થનો વિશેષ મહિમા છે. અહીં મોટી દરગાહ આવેલી છે. તેની નજીક

શીતળા માતાનું મંદિર આવેલું છે. આ સ્થળે વહોરાઓ માટે જમવાની અને રહેવાની ખાસ સગવડ કરવામાં આવેલી છે.

ખોજા

ગુજરાતમાં આવેલા નિઝારીઓએ પાટણમાં આવી ધર્મપ્રચારનું કાર્ય આરંભ્યું. અનુશ્રુતિ પ્રમાણે જાણવા મળે છે કે તેમણે પાટણની એક પ્રતિમાને બોલતી કરી એની પાસે પોતાના સંપ્રદાયની પ્રતિષ્ઠા પ્રતિપાદિત કરાવી. આ ઉપરથી ઘણા હિંદુઓ મુસલમાન થયા! હિંદુઓને આકર્ષવા માટે તેમણે હિંદુશાહી નામ ધારણ કરવા માંડ્યું. સમાધિ જેવી હિંદુ વિધિ અપનાવી.

તેમના અનુયાયીઓ ખોજા તરીકે ઓળખાય છે. તેઓ દિવસમાં ત્રણ નમાઝ પઢે છે. સૂફીવાદ ઉપર હિંદુ ધર્મની વ્યાપક અસર જોવા મળે છે. ખોજા જમાત વિષ્ણુના દસ અવતારોને માને છે અને પયગંબરને વિષ્ણુના એક અવતાર તરીકે ઓળખાવે છે.

ખોજાઓએ શિયા વહોરાઓની જેમ નામદાર આગાખાનને ઘણા કરવેરા આપવા પડે છે. આ ગુજરાતની એક અગત્યની વેપારી કોમ છે.

જરથોસ્તી ધર્મ

પારસીઓએ ઈરાન ગુજરાતમાં સ્થિર થયા પછી સારી પ્રગતિ કરી હતી. તેમની વસ્તીમાં પણ ઠીકઠીક વધારો થયો હતો. ૧૫૧૬માં નવસારીમાં પવિત્ર આતશને સ્થાપવામાં આવ્યો હતો. ધીરે ધીરે નવસારીના ભાગરીઆ અને સંજાણા મોબેદો વચ્ચે મતભેદો ઊભા થતાં સંઘર્ષ શરૂ થયો હતો. આ સંઘર્ષે સમય જતાં વિકરાળ રૂપ ધારણ કર્યું. આખરે આતશ બહેરામને નવસારીથી ઈ.સ. ૧૭૪૧માં વલસાડ લઈ ગયા ત્યારે આ વિવાદનો અંત આવ્યો. બીજો વર્ષે ત્યાંથી ઉદવાડા લઈ જવામાં આવ્યો. હાલ ત્યાં સાચવી રાખવામાં આવેલો છે.

ઈ.સ. ૧૫૭૩માં પારસી ધર્મના વડાની બાદશાહ અકબર સાથે મુલાકાત થઈ. આ મુલાકાતથી અકબર ઘણો પ્રભાવિત થયો હતો. અકબરે તેમની પાસેથી જરથોસ્તી ધર્મના સિદ્ધાંતોની સમજ કેળવી હતી. અકબરે નવો ઇલાહી સંવત શરૂ કરતાં તેમાં મહિના અને દિવસોની ગણતરી ઈરાની પંચાગ પ્રમાણે કરવાનું જાહેર કર્યું હતું. આ ઉપરાંત, અકબરે પોતાના રાજ્યમાં જરથોસ્તી ધર્મના ઉત્સવો અને તહેવારો ઊજવવાની જાહેરાત કરી હતી. અકબરે નવસારીના પારચોલ પરગણામાં પારસી ધર્મગુરુ દસ્તુર મહેરજીને કુટુંબના નિભાવ અર્થે સો વીઘાં જમીન આપી હતી.

ઔરંગઝેબના સમયમાં હિંદુઓના જેવો જજિયાવેરો પારસીઓ ઉપર નાખવામાં આવ્યો. સુરતમાં મુઘલ અમલદારો પારસીઓને બહુ કનડગત કરતા હતા. તે અંગે દાનવીર રુસ્તમ માણેકશા નામના પારસી ગૃહસ્થે દિલ્હી જઈ ઔરંગઝેબને રૂબરૂમાં ફરિયાદ કરતાં પારસીઓ ઉપરનો જજિયાવેરો રદ કરવામાં આવ્યો હતો.

ખ્રિસ્તી ધર્મ

મુઘલકાળ દરમિયાન ખ્રિસ્તી ધર્મના ઘણા અનુયાયીઓ વેપાર અર્થે ગુજરાતમાં સ્થિર થયા હતા. ફિરંગીઓનું એક મંડળ દિલ્હી અકબરના દરબારમાં ગયું હતું. બાદશાહ તેમનાથી ઘણો પ્રભાવિત થયો હતો. તેણે ફિરંગીઓને પોતાના રાજ્યમાં વસવાટ કરવાની છૂટ આપી, તેમને લગતાં ત્રણ ફરમાનો બહાર પાડ્યાં હતાં. ઈ.સ. ૧૫૯૭-૯૮ ના પ્રથમ ફરમાનમાં બાદશાહ અકબરે ખંભાત ફિરંગી પાદરીઓને પોતાના ધર્મનું દેવળ બાંધવાની છૂટ આપી હતી. બીજા ફરમાનમાં અમદાવાદમાં દેવળ બાંધવાની છૂટ આપી હતી. (ઈ.સ. ૧૬૧૨) અને ત્રીજા ફરમાનમાં બાદશાહ જહાંગીરે અમદાવાદમાં ઝવેરીવાડમાંનું મકાન અંગ્રેજોનાં ખાલી કરવાથી તે ફિરંગી પાદરીઓને આપવાનું જણાવ્યું હતું.

આમ, મુઘલકાળ દરમિયાન ખ્રિસ્તી ધર્મના પાદરીઓએ ગુજરાતમાં વસવાટ માટેના તેમ જ ધાર્મિક પ્રવૃત્તિઓ આચરવા માટેના કેટલાક ધાર્મિક અને રાજકીય હક્કો મેળવ્યા હતા.

ટૂંકમાં, મુઘલકાળ દરમિયાન ગુજરાતે અકબરની ધાર્મિક સહિષ્ણુતા જોઈ અને ઔરંગઝેબનું ધાર્મિક ઝનૂન પણ જોયું, તેમ છતાં ગુજરાતમાં સલ્તનતકાળ દરમિયાન ધાર્મિક ક્ષેત્રે જે વિનાશ સર્જાયો તેવો વિનાશ મુઘલકાળ દરમિયાન સર્જાયેલો જોવા મળતો નથી. મુઘલકાળ દરમિયાન હિંદુ પ્રજાએ તેમ જ પરદેશી પ્રજાઓએ ધાર્મિક ક્ષેત્રે શાંતિ અને સ્થિરતા અનુભવી. મુસલમાન સૂબાઓએ ગુજરાતમાં કેટલીક નામાંકિત મસ્જિદો બંધાવી. ફિરંગીઓએ પોતાના ધર્મનાં દેવળો સ્થાપ્યાં. પારસીઓએ દક્ષિણ ગુજરાતમાં જરથોસ્તી ધર્મને વિકસાવ્યો.

આ સમયની વિશિષ્ટતા એ છે કે બાદશાહ અકબરના સમયમાં ગુજરાતમાં વસતી જુદા જુદા ધર્મની તમામ પ્રજા એમ માનતી કે બાદશાહ અકબર અમારા ધર્મને અનુસરે છે. બાદશાહ અકબરે જૈનોનું અમારિ વ્રત અપનાવીને જૈન સૂરિઓને ખુશ કર્યા; વલ્લભાચાર્ય અને વિઠ્ઠલનાથજીને દાન આપીને વૈષ્ણવોને સંતોષ્યા; અગ્નિપૂજા અને નવરોજનું મહત્ત્વ સ્વીકારીને પારસીઓને ખુશ કર્યા; ફિરંગી ધર્મગુરુઓને સાંભળીને તેમની દેવળ બાંધવાની માગણી સંતોષી. ખ્રિસ્તીઓને પણ વશ કર્યા. આમ, સર્વ પ્રજાજનોને બાદશાહ અકબરે પોતાના પ્રેમના તંતુએ બાંધ્યા!

ઔરંગઝેબના સમયમાં કેટલાક ધાર્મિક અત્યાચારો થયા, તેમ છતાં ઔરંગઝેબે ગુજરાતની ધર્મભાવના સંતોષી છે, એ ગુજરાતની વિશિષ્ટતા છે.

આ સમયની બીજી વિશિષ્ટતા એ છે કે હિંદુ અને મુસ્લિમ - બંને પ્રજાઓએ અપનાવેલા હોય તેવા ધર્મસંપ્રદાયો અસ્તિત્વમાં આવ્યા.

ટૂંકમાં, મુઘલકાળ દરમિયાન ગુજરાતે ધાર્મિક ક્ષેત્રે નોંધપાત્ર પ્રગતિ સાધી હતી અને તેથી ગુજરાતનું ધાર્મિક જીવન વિકસ્યું હતું.

સંદર્ભગ્રંથો

આચાર્ય નવીનચંદ્ર આ. ૧. મુઘલકાલીન ગુજરાત. અમદાવાદ. ૧૯૭૪.

૨. ગુજરાતના સિક્કાઓ. અમદાવાદ. ૧૯૮૦.

૩. ગુજરાતના ધર્મસંપ્રદાયો. અમદાવાદ. ૧૯૮૩.

જોટ ર. ભી. ૧. ગુજરાતનું પાટનગર : અમદાવાદ, ૧૯૨૯.

૨. ખંભાતનો ઇતિહાસ, અમદાવાદ, ૧૯૩૫.

૩. ગુજરાતનો સાંસ્કૃતિક ઇતિહાસ : ઈસ્લામયુગ - ખંડ ૧-૨, અમદાવાદ, ૧૯૫૯.

ઝવેરી કૃષ્ણલાલ મો. ગુજરાતીઓએ લખેલા ફારસી ગ્રંથો, અમદાવાદ, ૧૯૪૫.

દેસાઈ શંભુપ્રસાદ સૌરાષ્ટ્રનો ઇતિહાસ, જૂનાગઢ, ૧૯૬૬.

નાયક છોટુભાઈ ર. ગુજરાતના નાગરોનું ફારસી ભાષા અને સાહિત્યનું ખેડાણ, અમદાવાદ, ૧૯૫૦.

પઠાણ નિઝામુદીન નૂ. (અનુ) મિરાતે અહમદી - ભાગ ૧-૨, માંગરોળ, ૧૯૧૩.

પરીખ ર. છો. અને શાસ્ત્રી હ.ગં. (સં.) ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ - ગ્રં. ૬ : મુઘલકાળ, અમદાવાદ, ૧૯૬૯.

માસ્તર કરીમ મોહમ્મદ મહાગુજરાતના મુસલમાનો, વડોદરા, ૧૯૬૯.

સરકાર જદુનાથ	મુઘલ રાજ્યવહીવટ (અનુ. રા. ચૂ. મોદી), અમદાવાદ, ૧૯૪૨.
Chopra P.N.	Some Aspects of Society and Culture during the Mughal Age : 1526-1707, Agra, 1955.
Commissariat M.S.	History of Gujarat - Vol. II Bombay, 1957.
Majumdar R.C.(G.Ed.)	The Mughal Empire, Bombay, 1974.

પ્રકરણ ૭ : મુઘલકાલીન સંસ્કૃતિ

(શિક્ષણ, સાહિત્ય અને કલા)

મુઘલકાલીન ગુજરાતમાં શિક્ષણ અને સાહિત્યનું કેન્દ્ર અમદાવાદ બન્યું હતું. પાટણની ચૌલુક્યકાલીન જાહોજલાલીનો અસ્ત થયો હતો. અકબરે ગુજરાત જીતતાં રાજકીય શાંતિ સ્થપાઈ. પરિણામે દરેક ભાષાનું ઉત્તમ સાહિત્ય રચાયું. પ્રાદેશિક ભાષાનો વિકાસ થયો. કવિઓએ સામાજિક અને ધાર્મિક પ્રસંગો લઈ સાહિત્યનાં વિવિધ ક્ષેત્રો વિકસાવવા માંડ્યાં.

શિક્ષણ

મુઘલકાળ દરમિયાન શિક્ષણ તરફ રાજ્ય ઉદાસીન રહેતું. શિક્ષણ એ રાજ્યનું મરજિયાત કાર્ય ગણાતું. આમ છતાં અકબર, જહાંગીર, શાહજહાં, ઔરંગઝેબ વગેરે બાદશાહોએ શિક્ષણસંસ્થાઓને મદદ કરી રાજ્યમાં વ્યવસ્થિત શિક્ષણ અપાય તેની તકેદારી રાખી હતી. તેઓ શિક્ષણ તરફ સદંતર બેદરકાર ન હતા. જાહેર કેળવણીનો પ્રશ્ન રાજ્યને બદલે મહાજનો, ધનિકો અગર ખાનગી પંડિતો મારફતે હલ થતો. રાજ્ય સારા પંડિતોને રાજ્યાશ્રય આપે, પણ શાળાઓ રાજ્યના ખર્ચે ચાલતી હશે કે કેમ તે બાબતમાં શંકા રહે છે.

રાજ્યમાં ધૂળિયા નિશાળો ચાલતી. અહીં પ્રાથમિક કેળવણી અપાતી. સંસ્કૃતાદિ શીખવા માટે ખાનગી પંડિતોનો આશ્રય લેવો પડતો. સામાન્ય શાળાઓ મંદિર કે ધર્મશાળામાં બેસતી. સંસ્કૃત પાઠશાળાઓ મંદિર કે મઠમાં બેસતી. મદ્રેસાઓ મસ્જિદમાં બેસતી. કેટલાક મુસલમાન સૂબાઓએ અને અમીરોએ મદ્રેસાઓ માટે અલગ મકાનો બંધાવ્યા હતાં. આવી કેટલીક મદ્રેસાઓ અમદાવાદ પાટણ, ભરૂચ વગેરે સ્થળોએ આવેલી હતી. બાદશાહ ઔરંગઝેબે જે વિદ્યાર્થીઓ કુરાન લખીવાંચી શકતા હોય તેમને રાજ્ય તરફથી મદદ કરવાની સૂચના આપી હતી. ભૂગોળના શિક્ષણ તરફ બેદરકાર રહેનાર શિક્ષકને તેણે સખ્ત ઠપકો આપ્યો હતો.

સામાન્ય રીતે શિક્ષણ નાગરી લિપિમાં અપાતું. આ નગરી લિપિમાંથી સહજપણે વર્તમાન ગુજરાતી લિપિનું વિશિષ્ટ રૂપ ઘડાયું. આજે જેને ગુજરાતી

લિપિ કહેવામાં આવે છે તેને અગાઉ ગુર્જર લિપિ. વાણિયાશાઈ લિપિ. મહાજન લિપિ વગેરે નામે ઓળખવામાં આવતી. પંદરમી સદીથી ગુજરાતમાં નાગરી લિપિમાં પ્રાદેશિક રૂપાંતર થવાનો આરંભ થયો. ધીરે ધીરે અક્ષરો ઉપરનો શિરોરેખાનો લોપ થવા લાગ્યો. એની જગાએએ આખી લીટીની સળંગ શિરોરેખા દાખલ થઈ. અક્ષરોનો મરોડ સુધર્યો. અક્ષરોને ઝડપથી લખવા માટે ગોળ મરોડ અપાયો અને એમાંથી એનું વર્તમાન સ્વરૂપ સર્જાયું.

આ કાળના અરબી-ફારસી અભિલેખોનો મોટો ભાગ નસ્તાલિક શૈલીમાં છે. કેટલાક લેખો નસ્ખ શૈલીમાં લખાયા છે. અભિલેખોમાં કુફી શૈલી જવલ્લે જ જોવા મળે છે. ફારસી થુલ્થ શૈલીના નમૂના અમદાવાદ, પાટણ, ખંભાત વગેરે સ્થળોના અરબી લેખોમાંથી મળે છે.

મુઘલકાળ દરમિયાન રાજભાષા ફારસીમાં ચાલતો. સરકારી પત્રવહેવાર ફારસીમાં ચાલતો હોવાથી સરકારી નોકરે ફારસી ભાષા જાણવી આવશ્યક હતી. આના કારણે સરકારી નોકરી મેળવવાની ઇચ્છા રાખનારા લોકો ફારસી ભાષા શીખવા પ્રેરાતા. ગુજરાતમાં નાગરો અને કાયસ્થો જેવી મુત્સદ્દી કોમોના ઘણા લોકોએ ફારસીનો અભ્યાસ કરી રાજ્યની મહત્ત્વની નોકરીઓ મેળવી હતી. ગુજરાતના નાગરોએ તો ફારસી ભાષામાં સુંદર ગ્રંથો પણ લખ્યા છે.

હિંદુ પાઠશાળાઓમાં સંસ્કૃતનો અભ્યાસ થતો. ધીરે ધીરે સંસ્કૃત ભાષાને બદલે બોલચાલમાં પ્રાદેશિક ભાષા - ગુજરાતીનો ઉપયોગ થવા લાગ્યો હતો. આમ છતાં ઘણા વિદ્વાનોએ સંસ્કૃત-પ્રાકૃતમાં ગ્રંથો રચ્યા છે.

આ સમયે સામાન્ય રીતે સંસ્કૃત પાઠશાળાઓમાં હિંદુ ધર્મગ્રંથો અને મદ્રેસાઓમાં કુરાનને કેન્દ્રમાં રાખી શિક્ષણ અપાતું. શિક્ષકો મોટે ભાગે સમાજ દ્વારા પોતાની આજીવિકા પ્રાપ્ત કરતા. તેઓ શિક્ષણકાર્ય કરતા શિક્ષકનું કાર્યક્ષેત્ર મર્યાદિત હતું. મુસ્લિમ શિક્ષકોને કેટલીક વાર રાજ્ય દ્વારા અર્થપ્રાપ્તિ થતી. તેઓ મસ્જિદ સાથે સંકળાયેલા હોવાથી તેમને ધાર્મિક વિધિઓ દ્વારા પણ કેટલીક અર્થપ્રાપ્તિ થતી. વિદ્યાર્થીઓ ઉપર તેમનો વિશેષ પ્રભાવ હોવાથી તેઓ સરળતાથી શિસ્તના પ્રશ્નો હલ કરી શકતા. શિક્ષકનો પ્રભાવ સમાજ ઉપર વિશેષ રહેતો.

પ્રાથમિક શાળાઓમાં શરૂઆત અંકલેખન અને અક્ષરજ્ઞાનથી થતી. ધીરે ધીરે વિદ્યાર્થીને ગણિતના અઘરા વિભાગો જેવા કે ત્રિરાશિ, સાદું અને ચક્રવૃદ્ધિ વ્યાજ વગેરેનું શિક્ષણ અપાતું. અંકગણિત ઉપરાંત પ્રાદેશિક ભાષા, વ્યાકરણ, ધર્મકથાઓ, ઐતિહાસિક પ્રસંગો, રામાયણ અને મહાભારત જેવાં કાવ્યો વગેરેનું શિક્ષણ અપાતું. મક્તાબામાં અરબી-ફારસીના જ્ઞાન સાથે કુરાનનો વિગતે અભ્યાસ કરાવવામાં આવતો.

ઉચ્ચ શિક્ષણના અભ્યાસક્રમમાં સંસ્કૃત પાઠશાળાઓમાં કાવ્યશાસ્ત્ર, પુરાણો, ન્યાયદર્શન, તર્કશાસ્ત્ર, ગણિત, જ્યોતિષ, પશુચિકિત્સા, ભૌતિકશાસ્ત્ર, આયુર્વેદ, રસાયણશાસ્ત્ર, ભૂગોળ, જીવવિજ્ઞાન; પ્રાણીવિજ્ઞાન, યુનાની ચિકિત્સા વગેરેનો અભ્યાસ થતો. હિંદુઓ તર્કશાસ્ત્રનો અભ્યાસ સવિશેષ કરતા. ખગોળશાસ્ત્ર ફરજિયાત અને જ્યોતિષ મરજિયાત વિષય હતો. મુઘલ સમ્રાટ અકબરે ખાસ ફરમાન દ્વારા રાજ્યની શિક્ષણ-સંસ્થાઓમાં ગણિત, આયુર્વેદ, યુનાની, જ્યોતિષ, ખગોળ વગેરે વિષયોનું સઘન શિક્ષણ મળે તેવો પ્રબંધ કર્યો હતો.

મુસ્લિમ શિક્ષણકેન્દ્રોમાં અરબી-ફારસી ભાષા તથા તેનું વ્યાકરણ, કુરાન તથા ઇસ્લામી કાયદાનું જ્ઞાન, સાહિત્ય, દર્શનશાસ્ત્ર, ન્યાય, તર્કશાસ્ત્ર, ખગોળ, ઇતિહાસ, ભૂગોળ, યુનાની, પશુચિકિત્સા, ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, જીવવિજ્ઞાન, સંગીત વગેરેનો સઘન અભ્યાસ થતો. મુસ્લિમ શિક્ષણકેન્દ્રોમાં ઉત્તમ શિક્ષકોના અભાવે ગણિત, ખગોળ જેવા વિષયો શીખવવા માટે હિંદુ શિક્ષકો નીમવામાં આવતા. બાદશાહ ઔરંગઝેબે બહારના ઉત્તમ શિક્ષકોને બોલાવવા પ્રયત્ન કર્યો હતો. આ સમયે અમદાવાદ, પાટણ, ધોળકા વગેરે ગુજરાતનાં નોંધપાત્ર શિક્ષણકેન્દ્રો હતાં.

સાહિત્ય અને સાહિત્યકારો

મુઘલકાળ દરમિયાન સંસ્કૃત-પ્રાકૃત સાહિત્યને વિકસાવવામાં જૈન સૂરિઓએ નોંધપાત્ર ફાળો આપ્યો હતો. અહીં સ્થળસંકોચને કારણે માત્ર વિશેષ નોંધપાત્ર જૈન તેમ જ જૈનેતર સાહિત્યકારોની કૃતિઓની જ સમીક્ષા કરી છેઃ

વિજયસેન સૂરિ : આ સૂરિએ સંવત ૧૬૩૩ (ઈ.સ.૧૫૭૭)માં સુરતમાં

ચિંતામણિ મિશ્ર વગેરેની સમક્ષ શાસ્ત્રાર્થ કર્યો હતો. અમદાવાદના સૂબાને પોતાનાં જ્ઞાનથી પ્રભાવિત કર્યા હતા. તેમણે યોગશાસ્ત્રના પ્રથમ શ્લોકના લગભગ ૭૦૦ અર્થ કર્યા હતા. તેમણે જૈન ધર્મને લગતા આચાર, દર્શન વગેરે ઉપર ગ્રંથો રચ્યા છે.

સમયસુંદર : આ કવિએ મોટે ભાગે ગુજરાતમાં રહી ગુર્જર જૈન સાહિત્યની ઉત્તમ સેવા કરી છે. સં.૧૬૪૬ (ઈ.સ. ૧૫૯૦)માં તેમણે રચેલ 'અષ્ટલક્ષી ગ્રંથ' સાંભળીને બાદશાહ અકબરે પ્રમાણિત કર્યો હતો. તેમણે આ ઉપરાંત 'રૂપકમાલા વૃત્તિ', 'કાલિકાચાર્ય કથા', 'સામાચારી શતક', 'દશવૈકાલિક સૂત્રવૃત્તિ' (ઈ.સ. ૧૬૪૫) વગેરે ગ્રંથો રચ્યા છે.

ભાનુચંદ્ર : તેમણે 'વિવેકવિલાસ' પરની વૃત્તિ, 'કાદંબરી' (પૂર્વાધ) પરની વૃત્તિ, 'કાવ્યપ્રકાશ' પરની વૃત્તિ વગેરે વૃત્તિઓ રચી છે.

ઋષભદાસ : આ કવિ ખંભાતના વતની હતા. તેમણે પોતાના ગ્રંથો દ્વારા ખંભાત અને ખંભાતના જૈન સમાજનું યથાયોગ્ય ચિત્ર આપવાનો પ્રયત્ન કર્યો છે. તેમણે એ સમયની ગુજરાતીમાં લગભગ ૩૨ રાસ રચ્યા છે. એ સર્વમાં 'હીરવિજયરાસ', 'ભરતબાહુબલિરાસ', 'હિતશિક્ષારાસ', 'કુમારપાળરાસ' વગેરે નોંધપાત્ર કૃતિઓ છે.

વિદ્યાસૌભાગ્ય : આ કવિએ વિ.સં. ૧૬૯૭ (ઈ.સ. ૧૬૪૧) માં 'ચિંતામણિપ્રશસ્તિ' નામે એક સુંદર કાવ્ય રચ્યું. આ પ્રશસ્તિમાં શેઠ શાંતિદાસ ઝવેરી અને તેમના પૂર્વજોનાં સુકૃત્યોનું તથા શેઠ પ્રશસ્તિમાં શેઠ શાંતિદાસ ઝવેરી અને તેમના પૂર્વજોનાં સુકુત્યોનું તથા શેઠ શાંતિદાસ ઝવેરીએ અમદાવાદમાં સરસપુરમાં બંધાવેલા ચિંતામણિ પાર્શ્વનાથના મંદિરનું વિગતે વર્ણન આપેલું છે. આ પ્રશસ્તિ મુઘલકાળમાં રચાયેલી હોઈ તે સમયના ઇતિહાસ પર ઘણો પ્રકાશ ફેંકે છે.

અખો : અમદાવાદમાં ખાડિયા વિસ્તારમાં વસનાર અખો વેદાંતી કવિ તરીકે ઓળખાય છે. ખાડિયામાં દેસાઈની પોળમાં, કૂવાવાળા ખાંચામાં આવેલા એક મકાનના ખંડને આજે પણ 'અખાનો ઓરડો' તરીકે ઓળખવામાં આવે છે. અખાએ 'પંચીકરણ' (ઈ.સ. ૧૬૪૫) અને 'અખેગીતા' (ઈ.સ. ૧૬૪૯) જેવા ગ્રંથો રચ્યા

છે. તેના એક છપ્પાની પંક્તિ 'ગુરુ કીધા મેં ગોકુળનાથ' આજે પણ ગુજરાતમાં પ્રખ્યાત છે.

અખો મૂળ અમદાવાદ નજીકના જેતલપુર ગામનો સોની હતો અને ધંધાર્થે અમદાવાદમાં આવી વસ્યો હતો. એક વખત એવું બન્યું કે જેને પોતાની ધર્મની બહેન માનીને એક અછોડો કરી આપ્યો હતો, તેણે તેનામાં અવિશ્વાસ લાવી અછોડાની બીજે તપાસ કરાવી. કસ કાઢનાર સોની અસલ પ્રમાણે કંઠી જોડી ન શકતાં છેવટે તે અખા પાસે આવી. મૂળ વાત છુપાવવા તેણે ઉંદરે કંઠી કાપી નાખી તેવું બહાનું કાઢ્યું, પણ છેવટે સર્વ વાત અખાએ જાણતાં તેને મનમાં ઘણો વિષાદ થયો, સંસાર પરથી તેનું મન ઊઠી ગયું. આવો જ એક બીજો પ્રસંગ તેના જીવનમાં બન્યો તે સરકારી ટંકશાળનો ઉપરી અધિકારી હતો. અખો સોનાના સિક્કામાં ભેળસેળ કરે છે, તેવી જ્ઞાતિના ઈર્ષ્યાળુ લોકોએ ફરિયાદ કરતાં તપાસ શરૂ થઈ. તપાસને અંતે અખો નિર્દોષ ઠર્યો.

આ સર્વ પ્રસંગો બનતાં સંસારથી વિમુખ થઈ તે સાચા ગુરુની શોધમાં નીકળ્યો. પણ તેને કોઈ સાચો ગુરુ મળ્યો નહિ, સર્વત્ર ધર્મના નામે પાખંડ આચરાતાં દેખાયાં. તેણે પોતાનાં કાવ્યો દ્વારા આ સર્વ ધર્મગુરુઓને ખુલ્લા પાડ્યા. તેણે 'અખેગીતા', 'અનુભવબિંદુ', 'પંચીકરણ', 'કૈવલ્યગીતા', 'સંતપ્રિયા ' વગેરે ગ્રંથો રચ્યા છે.

મધ્યકાલીન સાહિત્યમાં અખાના છપ્પા નવી જ ભાત પાડે છે. ગુજરાતી ભાષાની કટાક્ષશક્તિ, માર્મિકતા અને તળપદી ચોટ એમાં પ્રગટ થયેલ છે. તેની કેટલીક ઉત્તમ જાણીતી કાવ્યપંક્તિઓ નીચે પ્રમાણે છે :

ગુરુ કીધા મેં ગોકુળનાથ નગુરા મનને ઘાલી નાથ.

★ ★ ★

તિલક કરતાં ત્રેપન વહ્યાં જપમાળાનાં નાકાં ગયાં,
તીરથ કરી કરી થાક્યા ચરણ, તોય ન પહોંચ્યા હરિને શરણ.

★ ★ ★

સંસ્કૃત બોલે તે શું થયું, કાંઈ પ્રાકૃતમાંથી નાસી ગયું ?

★ ★ ★

ઊંડો કૂવો ને ફાટી બોખ શીખ્યું સાંભળ્યું સઘળું ફોક.

★ ★ ★

ઓછું પાત્ર ને અદકું ભણ્યો, વઢકણી વહુએ દીકરો જણ્યો.

★ ★ ★

આંધળો સસરો ને સરગટ વહુ, કથા સાંભળવા ચાલ્યાં સહુ;
કહ્યું કાંઈ ને સમજ્યા કશું, આંખનું કાજળ ગાલે ઘસ્યું.

પ્રેમાનંદ : વડોદરાનિવાસી કથાકાર પ્રેમાનંદ ગુજરાતના એક અજોડ આખ્યાનકાર મનાય છે. તેઓ ધારે ત્યારે જનમેદનીને હસાવી શકતા અને ધારે ત્યારે રડાવી શકતા. તેઓ માણભટ્ટ તરીકે ઓળખાતા. તેમણે પોતાના જીવનકાળ દરમિયાન વડોદરામાં એક ઉત્તમ આખ્યાનકાર તરીકેની કીર્તિ સંપાદન કરી હતી. ઈ.સ. ૧૬૭૩માં ગુજરાતમાં ભયંકર દુકાળ પડતાં તેઓ વડોદરા છોડીને નંદરબાર જઈ વસ્યા. તેમનાં કાવ્યોને નીચેના વિભાગોમાં વહેંચી શકાય :

૧. મહાભારત પરથી રચેલાં : ચંદ્રહાસ આખ્યાન (૧૬૭૧), દ્રૌપદી સ્વયંવર (૧૬૮૦), માંધાતા આખ્યાન (૧૬૮૧), ભગવદ્‌ગીતા (૧૬૮૨), નળાખ્યાન (૧૬૮૫), દ્રૌપદીહરણ (૧૬૮૯), સુભદ્રાહરણ (૧૭૦૨), અષ્ટાવક્રખ્યાન (૧૭૧૦).

૨. પુરાણો પરથી રચેલાં : લક્ષ્મણહરણ (૧૬૬૪), ઓખાહરણ (૧૬૬૭), સુદામાચારિત્ર (૧૬૮૨), વામનચરિત્ર (સં. ૧૭૨૯), દાણલીલા, સપ્તમસ્કંધ, રુકિમણીહરણ, ધ્રુવાખ્યાન.

૩. માર્કન્ડેય પુરાણ પરથી રચેલાં : મદાલસા આખ્યાન (૧૬૭૨), હરિશ્ચંદ્રાખ્યાન (૧૬૯૨), દેવીચરિત્ર (૧૬૯૫).

૪. નરસિંહ મહેતાના જીવન પર આધારિત : હૂંડી (૧૬૭૭), હારમાળા (૧૬૭૮), શ્રદ્ધા (૧૬૮૧), કુંબરબાઈનું મામેરું (૧૬૮૩).

૫. મહાભારત, ભગવદ્‌ગીતા, માર્કન્ડેયપુરાણ પૂર્ણસ્વરૂપે.

૬. પરચૂરણ વિષયો - સ્વર્ગની નીસરણી, વિવેક વણઝારો.

શામળ : સત્તરમી સદીના છેલ્લા દાયકામાં જન્મેલો શામળ શ્રીગોડ બ્રાહ્મણ હતો. તેના પિતાનું નામ વીરેશ્વર અને ગુરુનું નામ નાના ભટ્ટ હતું.. સંસ્કૃત, વ્રજ અને ફારસીનો તેને પરિચય હતો. તે પ્રેમાનંદ જેટલો જ લોકપ્રિય હતો.

શિવપુરાણ (૧૭૪૮), રેવાખંડ, અંગદવિષ્ટિ, રાવણમંદોદરી સંવાદ, કાલીમહાત્મ્ય, શુકદેવાખ્યાન, બત્રીસ પૂતળીઓની વાર્તા, સુડાબહોતેરી, પદ્માવતી, નંદબત્રીસી, વનેચરની વાર્તા, બરાસકસ્તુરી, મદનમોહના, ચંદ્રચંદ્રાવતી, ભદ્રાભામિની, અભરામકુલી, રુસ્તમ અને રણછોડરાયના શલોકા, સિંહાસનબત્રીસી, કામાવતીની વાર્તા, ગુલબંકાવલીની વાર્તા વગેરે તેની મુખ્ય કૃતિઓ છે. શામળનું સાહિત્ય ગુજરાતી સાહિત્યનો અમૂલ્ય ખજાનો છે.

વલ્લભ મેવાડો : ઈ.સ. ૧૬૮૦ થી ૧૭૮૦ના સમયગાળામાં પોતાના ગરબાઓ દ્વારા જનમરંજન કરતા કવિ ભટ્ટ વલ્લભે પોતાના ગરબાઓમાં તત્કાલીન સમાજનું પ્રતિબિંબ પાડ્યું છે. તેણે બાળલગ્ન, વૃદ્ધલગ્ન, કજોડાં વગેરે વિષયો લઈને સમકાલીન સમાજમાં પ્રચલિત બદીઓ વિષે સચોટ ખ્યાલ આપ્યો છે. તેણે પોતાનાં કાવ્યોમાં દેવીમહિમા ગાયો છે. મહાકાળીનો, આનંદનો, ધનુષધારીનો, આંખમિંચામણીનો અને સત્યભામાના રૂસણાનો ગરબો આજે પણ ગુજરાતમાં ઘેર ઘેર ગવાય છે. ગરબાના પ્રયોજક તરીકે ગુજરાતી સાહિત્યમાં તેનું સ્થાન અજોડ છે. તેણે આખ્યાન રૂપમાં ભાગવતના ૧ થી ૯ અને ૧૧, ૧૨ સ્કંધોના અનુવાદ રચ્યા છે. આ ઉપરાંત 'રેવામહાત્મ્ય', જ્ઞાનગીતા, ભગવદ્ગીતા, પ્રેમપ્રકાશ, એકાદસ્કંધ, જ્ઞાનકક્કો, ભક્તનામાવલી, રણછોડરાયના ગરબા, સોરઠના મહિના, આરતી, ધોળ વગેરે વિવિધ પ્રકારનું સાહિત્ય રચ્યું છે. તેના એક કાવ્યની ઉત્તમ પંક્તિ આજે પણ ગુજરાતમાં પ્રચલિત છેઃ

'હરિનો મારગ છે શૂરાનો, નહિ કાયરનું કામ જોને.'

આ વખતે કેટલુંક સુંદર લોકસાહિત્ય રચાયું. શામળ ભટ્ટ પહેલાનું વાર્તાસાહિત્ય મહદંશે જૈન સંપ્રદાયને લગતું હતું. આ વખતની વાર્તાઓના નાયક વિક્રમ જેવા ઉદાત્ત અને વીર પુરુષ છે. આ સાહિત્ય સામાન્ય રીતે સમકાલીન સમાજની સ્થિતિને વૈતાલપચ્ચીસી, વિક્રમલીલાવતી, માધવાનલ-કામકંદલા, ચંદન-મલયાગિરિ, સદયવત્સ, વિદ્યાવિલાસિની, શુકબહોતેરી, અકરામ શોભા વગેરે

નોંધપાત્ર કૃતિઓ છે. આમાંની ઘણીખરી કૃતિઓ ગુજરાતના સાંસ્કૃતિક ઇતિહાસની મહત્ત્વની કડીઓ પૂરી પાડે છે.

આ સમયે આયુર્વેદને લગતા કેટલાક નોંધપાત્ર ગ્રંથો રચાયા. જેવા કે શાર્ઙ્ગધરકૃત 'ત્રિશતી' (૧૪મો સૈકો), વૈદ્ય કલ્યાણકૃત 'બાલચિકિત્સા' (ઈ.સ. ૧૫૮૮), દેવેશ્વર કૃત 'સ્ત્રીવિલાસ' (૧૬મો સૈકો), લક્ષ્મણકૃત 'યોગચંદ્રિકા' (ઈ.સ. ૧૬૩૩), રણકેશરીકૃત 'યોગદીપિકા', ગંગાધર યતીન્દ્રકૃત 'યોગરત્નમાલા' (ઈ.સ. ૧૫૭૪), નયશેખરકૃત 'યોગરત્નાકર' (ઈ.સ. ૧૬૮૦) વગેરે. મુઘલકાળ દરમિયાન આયુર્વેદના ક્ષેત્રે ઠીક ઠીકઠીક પ્રગતિ સાધવામાં આવી હતી. આ સર્વ ગ્રંથો તેની સાક્ષી પૂરે છે.

મુસ્લિમ સાહિત્ય અને સાહિત્યકારો

આ સમયે ગુજરાતના ઘણા મુસ્લિમો ફારસી ઉપરાંત અરબીના સારા અભ્યાસી હતા. વહોરા કોમના મુલ્લાંજી અરબીના નિષ્ણાત હતા. આ સમયના મુસ્લિમ લેખકો - જેવા કે મિરઝા મુહમ્મદહસન, સૈયદ સિકંદર, સૈયદ મહમદ મુકબૂલઆલમ, સૈયદ જાફર બદ્રેઆલમ, મૌલાના શેખ મુહમ્મદ નૂરુદ્દીન, કાઝી મુહમ્મદ નિઝામુદ્દીન ખાન, હાઝી નિઝામુદ્દીન ફાયડ, મેહરી નાસિરુદ્દીન મુહમ્મદ, શેખ હસનજી સુરતી વલી વગેરે સાહિત્યકારોએ નોંધપાત્ર મુસ્લિમ સાહિત્ય સર્જ્યું હતું. આ ઉપરાંત હિંદુ લેખકો ઈશ્વરદાસ, ખાજા રાજકરણ, ભવાનીદાસ, જગજીવન દાસ, જીવણલાલ, નન્હામલ, બરહમન, મહેતા સુખરામ, મહેતા સુંદરલાલ, મુનશી દુરિજનમલ, મહેતા શોભારામ, માધવદાસ, કિસનજી વૈદ્ય, શિવલાલ, રેવા-શંકર પરવારી વગેરેએ ફારસીમાં નોંધપાત્ર કૃતિઓ રચી છે.

પારસી લેખો

આ સમયે પારસી લેખકોએ પણ કેટલાક ગ્રંથો રચ્યા છે. ઈ.સ. ૧૫૭૫માં દોરાબ હોરમઝદિયાર બીન કામદીન કૈકોબાદે 'અસફન્દિયારનામા' નામે કાવ્ય લખ્યું. તેમનો 'કિસ્સા-એ-સંજાણ' પ્રખ્યાત ગ્રંથ છે. એમાં પારસીઓ ઈરાન છોડી સંજાણ આવી વસ્યા તે સમયનું વર્ણન છે. આ પદ્ય ગ્રંથમાં ૮૬૪ પંક્તિઓ છે. આચાર્ય શાપુરજી હોરમજી હોડીવાળાએ 'Studeis in Parsi History' માં આ કાવ્યગ્રંથનું વિવેચન કરેલું છે.

આ ઉપરાંત પારસી કોમમાં બીજા પણ કેટલાક લેખકો - જેવા કે દસ્તુર મહેરજી રાણા, દસ્તુર રામરાય, આશદીનકાકા, દસ્તુર દારબપાલન, જામસ્ય આશાના દારબજી કુમાના, એરવદ રૂસ્તમ પેશોતન. કાઉશ મુન અજબ વગેરે ઘણા નોંધપાત્ર છે. આ લેખકોએ જરથોસ્તી ધર્મને લગતા મૌલિક તેમ જ અનુવાદિત ગ્રંથો રચ્યા છે. આ સમયની પારસી કવિતાનો નમૂનો નીચે આપેલ છે :

"ખાજાં લાડુ જલેબી ગેવરજ છે સાર;
મેવા મીઠાઈ ખુઆન ભરી મેલેઆં તેઆર."

સ્થાપત્ય અને કલા

સ્થાપત્ય અને કલા એ પ્રજાના સાસ્કૃતિક જીવનમાં મહત્ત્વનાં અંગ છે. ચૌલુક્ય-કાળમાં તેનો ગુજરાતમાં સારી રીતે વિકાસ થયો, પણ મુસ્લિમ સત્તા સ્થપાતાં તેમાં ઓટ આવી. સલ્તનતકાળમાં મુસ્લિમ આક્રમણોને લીધે હિંદુ દેવાલયો બાંધવાની પ્રવૃત્તિ અટકી ગઈ, પણ અમદાવાદમાં અને ગુજરાતનાં અન્ય સ્થળોએ વિવિધ પ્રકારનાં ઈસ્લામ ધર્મનાં બાંધકામ શરૂ થયાં. અમદાવાદમાં ઉત્તમ પ્રકારનું મુસ્લિમ સ્થાપત્ય સર્જાયું. મુઘલકાળમાં ગુજરાતમાં રાજકીય શાંતિ સ્થપાતાં ધીરે ધીરે હિંદુ દેવળો બાંધવાની પ્રવૃત્તિ શરૂ થઈ. ગુજરાતના મુઘલકાલીન બાંધકામ વિશે ફર્ગ્યુસન નોંધે છે કે 'ગુજરાતમાં સ્વતંત્ર બાદશાહીનો નાશ થયા પછી દરેક જાતનાં મકાનો નૈસર્ગિક હોવાથી જયારે જયારે તક મળતી, ત્યારે ત્યારે તે ખીલી ઊઠતી.' (Fergussuion Architecture of Ahmedabad, p. 60) આ સમયનાં બાંધકામોમાં મહદંશે ધ્રાંગધ્રા, ઈડર વગેરે બાજુના પથ્થરોનો સારી રીતે ઉપયોગ થયો છે. આ સમયનાં દેવાલયો, મસ્જિદો, રોજા, જળાશયો, દુર્ગો વગેરેના ઉલ્લેખ ઉપલબ્ધ અભિલેખો અને સમકાલીન સાહિત્યમાંથી મળે છે.

ઉલ્લેખિત મંદિરો

વિ.સં. ૧૬૨૭ (ઈ.સ. ૧૫૭૧) ના, ધોળકાના સિદ્ધનાથ મહાદેવમાં આવેલા એક લેખ પરથી જણાય છે કે રાણક નામના બ્રાહ્મણે ધોળકામાં રાણકેશ્વર નામનું શિવાલય બંધાવ્યું.

વિ.સં. ૧૬૩૧ (ઈ.સ. ૧૫૭૪) માં કચ્છના રા'વ ખેંગારજીએ વૈષ્ણવ

સંપ્રદાયનું 'સુંદરવર' નામનું એક મંદિર માંડવી (કચ્છ)માં બંધાવ્યું. હાલ આ મંદિરના કેટલાક અવશેષો જોવા મળે છે. મંદિર પૂર્વાભિમુખ છે. સભામંડપ છે. સ્તંભો કેટલાક ગોળ અને કેટલાક અષ્ટકોણ છે. મંદિરના ગર્ભગૃહમાં સુંદરવરજીની પ્રતિમા પધરાવેલી છે. આ સાથે અહીં બ્રહ્મા, વિષ્ણુ, શિવ, ભૈરવ, લક્ષ્મી વગેરે દેવદેવીઓનાં સુંદર શિલ્પો આવેલાં છે.

વિ.સં. ૧૬૩૬ (ઈ.સ. ૧૫૭૯)માં ગેડી (કચ્છ)માં સાચોરા બ્રાહ્મણ ગોપાલ-દેવે અચલેશ્વરનું મંદિર બંધાવ્યું. તેમાં મહાદેવનું લિંગ ચતુર્મુખ છે.

વિ.સં. ૧૬૪૧ (ઈ.સ. ૧૫૮૫)માં અકબર બાદશાહના સમયમાં અમદાવાદમાં સરસપુર-રખિયાલમાં માલીએ જીર્ણોદ્ધાર કરાવ્યો.

વિ.સં. ૧૬૪૩ (ઈ.સ. ૧૫૮૭)માં ગંધાર (જિ. ભરૂચ)માં પાર્શ્વનાથના મંદિરનું ગર્ભગૃહ બંધાવ્યું.

આ ઉપરાંત, ખંભાતમાં વિજ્યા અને રાજિયાએ બંધાવેલ ચિંતામણિ પાર્શ્વનાથનું મંદિર (ઈ.સ. ૧૫૮૮), પાટણમાં અમરદત્તે બંધાવેલ વાડી પાર્શ્વનાથનું મંદિર (ઈ.સ. ૧૫૯૬), અમદાવાદમાં શામળાની પોળમાં સંઘવી સોમજીએ બંધાવેલ પાર્શ્વનાથનું મંદિર (ઈ.સ. ૧૫૯૭) તથા શેઠ શાંતિદાસ ઝવેરીએ બંધાવેલ ચિંતામણિ પાર્શ્વનાથનું મંદિર (ઈ.સ. ૧૬૨૨), હાપરમાં ઉમાબાઈએ બંધાવેલ શિવનું મંદિર (ઈ.સ. ૧૬૦૦), કાવીમાં સાસુવહુનાં મંદિરો નામે ઓળખાતાં આદીશ્વર ભગવાન અને ધર્મનાથનાં મંદિરો, ગિરનાર ઉપર સીધરામ સોનીએ બંધાવેલ પાર્શ્વનાથનું મંદિર (૧૬મી સદી), શંખેશ્વરનું જૈન મંદિર, વીઝણનું રખેશ્વર મહાદેવ, પાવાગઢમાં કંથાજી કદમે બંધાવેલું મંદિર (ઈ.સ. ૧૭૨૭), નારાયણ સરોવરનું મંદિર, અમદાવાદમાં ભદ્રના કિલ્લા આગળ આવેલું ભદ્રકાળીનું મંદિર (ઈ.સ. ૧૭૫૮), સતારાના ગોપાલ જગન્નાથ તાંબેકરે બંધાવેલ ડાકોરનું પ્રસિદ્ધ મંદિર (ઈ.સ. ૧૭૭૨) વગેરે મુઘલકાળ દરમિયાન અસ્તિત્વમાં આવ્યાં.

'મિરાતે અહમદી'માં ઉલ્લેખિત અન્ય મંદિરો

'મિરાતે અહમદી'ની પુરવણીમાં સોમનાથ મંદિર (ખંડેર), દ્વારકાનું મંદિર (ખંડેર), માધવપુરનું મૂળ મહાદેવનું મંદિર, ગિરનાર પરનાં અંબાજી તથા કાલિકાનાં

મંદિરો, તળેટીનું વાઘેશ્વરીનું મંદિર, મહુવા પરગણાનું ગોપનાથ મહાદેવનું મંદિર, ઊનાનું દામોદર મંદિર, સિહોરનું સરકેશ્વર મંદિર, શંખલપુર, કોડીનાર, પોરબંદર ધોળકાનાં મંદિરો, વાત્રક નદીના કિનારે પુનાદરા પાસે આવેલું ઉત્કંઠેશ્વરનું મંદિર, પાવાગઢ પર આવેલું કાલિકાનું મંદિર વગેરેનો ઉલ્લેખ છે.

આ ઉપરાત, આ ગ્રંથમાં અમદાવાદની અંદર આવેલાં કેટલાંક મંદિરોનો ઉલ્લેખ છે. જેમ કે માંડવીની પોળનું રણછોડજીનું મંદિર, હાજા પટેલની પોળનું રઘુનાથજીનું મંદિર, દેવની શેરીનું રામનાથનું મંદિર, સાંકડીશેરીનું ભવનાથનું મંદિર, ચંગ પોળ અને આકાશેઠ કૂવાની પોળનાં અંબાજી અને બહુચરાજીનાં મંદિરો, સાંકડીશેરીનું આશાપુરી માતાનું મંદિર, અસારવાનું નીલકંઠ મહાદેવનું મંદિર, નવરંગપુરાનું હિંગળાજ ભવાનીનું મંદિર વગેરે.

કેટલાંક નોંધપાત્ર મંદિરો

માંડવીનું સુંદરવરનું મંદિર : આ મંદિર કચ્છના રા'વ ખેંગારજીએ માંડવી (કચ્છ)માં વિ.સં. ૧૬૩૧ (ઈ.સ. ૧૫૭૫)માં બંધાવેલું મંદિર પશ્ચિમાભિમુખ છે. ગર્ભગૃહમાં સુંદરવરજીની શ્યામ પાપાણની પ્રતિમા નજરે પડે છે. સભામંડપમાં દાખલ થવા માટે ત્રણે બાજુ મુખમંડપ કાઢેલા છે. મંડપનું વિતાન વેદિકાઓ છે.

ખંભાતનું ચિંતામણિ પાર્શ્વનાથનું મંદિર : ગંધાર શ્રીમાળી કુળના પરીખ વજિયા અને રાજિયા નામના બે ભાઈઓએ વિ.સં. ૧૬૪૪ (ઈ.સ. ૧૫૮૮)માં ખંભાતમાં ચિંતામણિ પાર્શ્વનાથનું મંદિર બંધાવીને પાર્શ્વનાથની પ્રતિમા પધરાવી. આ મંદિરને ૧૨ સ્તંભો, ૬ દ્વાર અને ૭ દેવકુલિકાઓ હતી. મંદિરમાં ભોંયરાની સન્મુખ ગણેશની પ્રતિમા સ્થાપી હતી. દેવકુલિકાઓમાં ઋષભદેવ, મહાવીરસ્વામી, શાંતિનાથ વગેરે તીર્થંકરોની પ્રતિમાઓ પધરાવી હતી. આ ઉપરાંત સ્થળોએ દ્વારપાલો, યક્ષયક્ષિણીઓ, હાથી, સિંહ વગેરેનાં શિલ્પો ગોઠવેલાં હતાં. સ્થાપત્યની દૃષ્ટિએ મંદિર ઉત્તમ પ્રકારનું હતું.

કાવીનો ઋષભદેવ પ્રાસાદ : ખંભાતમાં વસતા વડનગરના વતની વણિક બડુઆએ ખંભાતમાં શ્રી હીરવિજયસૂરિની પ્રેરણાથી કાવીમાં સર્વજિત નામનો ઋષભદેવ-પ્રસાદ સં. ૧૪૬૯ (ઈ.સ. ૧૫૯૨)માં બંધાવ્યો. આ પ્રાસાદને સ્થાનિક

લોકો સાસુના દેરાસર નામે ઓળખતા. મંદિરનું સ્થાપત્ય શત્રુંજય પરના આદીશ્વરના મંદિરને લગભગ મળતું છે. મંદિરને ગર્ભગૃહ, સભામંડપ, વિશાળ શિખર વગેરેથી અલંકૃત કરેલું છે. ગર્ભગૃહમાં ઋષભદેવની વિશાળ પ્રતિમા આવેલી છે. મંદિરની ભમતીમાં નાનીમોટી બાવન દેવકુલિકાઓ આવેલી છે. મંદિરની બહાર રાયણવૃક્ષની ઘટામાં આદીશ્વર પગલાંની સ્થાપના કરી છે.

શત્રુંજયનું આદીશ્વરનું મંદિર : શત્રુંજય જૈનોનું મુખ્ય તીર્થધામ છે. અહીં જિનાલયોનો વિશાળ સમુદાય આવેલ છે. અહીંનું સૌથી વિશાળ અને મુખ્ય મંદિર આદીશ્વરનું મંદિર મનાય છે. મંદિરના પૂર્વદ્વારના રંગમંડપમાં એક ૮૭ પંક્તિઓનો લેખ છે. ઈ.સ. ૧૫૮૭માં કર્માશાહ નામના એક જૈન વણિકે આ મંદિરનો જીર્ણોદ્ધાર કરાવેલો. ત્યાર બાદ મંદિર ફરીથી જર્જરિત થતાં બાદશાહ અકબર સમયમાં ઓસવંશના સોની વછિયાના પુત્ર તેજપાલે હીરવિજયસૂરિની પ્રેરણાથી તેનું સમારકામ કરાવ્યું (સં. ૧૬૫૦ - ઈ.સ. ૧૫૯૪).

આ મંદિરનો મંડપ બે માળનો છે. અહીંની મુખ્ય પ્રતિમા વિશાળ કદની છે. રંગમંડપમાં બીજી અનેક જૈન દેવદેવઓની પ્રતિમાઓ આવેલી છે. ગર્ભગૃહના દ્વારા પાસે ગજારૂઢ નાભિરાજ અને મરુદેવીની પ્રતિમાઓ આવેલી છે. ભમતીમાં દેવકુલિકાઓ આવેલી છે. મંદિરનાં ગવાક્ષો, તોરણો તથા અન્ય શિલ્પો કલાત્મક રીતે શણગારેલાં છે. ૭૨ સ્તંભોવાળું આ મંદિર સ્થાપત્યનો એક સુંદર નમૂનો છે.

પાટણનું વાડી પાર્શ્વનાથનું મંદિર : પાટણ (જિ. મહેસાણા) ના ઝવેરીવાડમાં આવેલું આ મંદિર વિ.સં. ૧૬૫૧-૫૨ (ઈ.સ. ૧૫૯૪-૯૬) દરમિયાન ઓસવાળ જ્ઞાતિના ભીમજી કુંવરજી અને તેમના કુટુંબીજનોએ આત્મશ્રેયાર્થે બંધાવેલું. આ મંદિરને લગતો એક લેખ મંદિરના મુખ્ય મંદિરની દીવાલમાં આવેલો છે. હાલમાં મૂળ મંદિરનો નાશ થતાં તેની જગાએ નવું મંદિર બંધાવવામાં આવ્યું છે. મંડપના ઘુમ્મટમાં નર્તકીઓની સુંદર પ્રતિમાઓ આવેલી છે. અહીં દિક્પાલોની પ્રતિમાઓ તેમનાં વાહનો સાથે ગોઠવેલી છે.

કાવીનો ધર્મનાથ-પ્રાસાદ : ખંભાતમાં વસતા વડનગરના વતની બગુઆ નામના જૈન વણિકે હીરવિજયસૂરિની પ્રેરણાથી કાવીમાં 'રત્નતિલક' નામનું એક

વિશાળ જૈન મંદિર બંધાવ્યું હતું. મંદિર ગર્ભગૃહ. સભામંડપ, ભમતી વગેરેથી શોભતું હતું. વિસ્તારમાં તે પૂર્વ-પશ્ચિમ ૪૮.૨ મીટર લાંબું અને ઉત્તર-દક્ષિણ ૧૯.૧ મીટર પહોળું હતું. મુખ્ય ગર્ભગૃહમાં ધર્મનાથ તીર્થંકરની પ્રતિમા સ્થાપેલી છે. ગર્ભગૃહમાં મૂળનાયક ઉપરાંત અન્ય ચાર તીર્થંકરોની પ્રતિમાઓ આવેલી છે. ભમતીમાં કેટલીક નવી પ્રતિમાઓ સ્થાપેલી જણાય છે. સ્થાનિક લોકો આને 'વહુનું દેરાસર' તરીકે ઓળખે છે. અનુશ્રુતિ પ્રમાણે જાણવા મળે છે કે અહીંના સર્વજિત-પ્રાસાદમાં જતાં તેનું પ્રવેશદ્વાર સાંકડું હોવાની કુંવરજીની પત્ની વીરાબાઈએ ટીકા કરતાં પોતાના પિયરથી દ્રવ્ય મંગાવી સાસુએ ઊંચા દ્વારવાળું આ મંદિર બંધાવ્યું. અહીંથી ઉપલબ્ધ શિલાલેખમાં આ અંગે કોઈ વિગત આપેલી નથી. તેમાં આ મંદિર કુંવરજીએ બંધાવ્યું હોવાનું સ્પષ્ટ જણાવેલું છે.

શંખેશ્વરનું જૂનું પાર્શ્વનાથ મંદિર : શંખેશ્વર એ જૈન ધર્મનું પ્રાચીન તીર્થધામ છે. અહીં ગંધારનિવાસી માનાજી નામના એક જૈન બાવન જિનાલયોવાળું એક શિખરબંધ મંદિર બંધાવ્યું. વિ.સં. ૧૬૫૨-૧૬૯૮ દરમિયાન આ મંદિરની પ્રતિષ્ઠા થઈ હોય એમ લાગે છે; કેમ કે તેની ભમતીમાંથી મળેલા ૩૪ લેખોમાં સૌથી વહેલો લેખ વિ.સં. ૧૬૫૨નો અને મોડામાં માંડો લેખ વિ.સં. ૧૬૯૮ નો છે.

આ પશ્ચિમાભિમુખ મંદિર ત્રણ શિખરબંધ ગર્ભગૃહો, ગૂઢમંડપ, સભામંડપ અને બાવન દેવકુલિકાઓવાળું હતું. ભમતીની દરેક દેરી શિખરબંધ ગર્ભગૃહો, ગૂઢમંડપ, સભામંડપ અને બાવન દેવકુલિકાઓવાળું હતું. ભમતીની દરેક દેરી શિખરયુક્ત હતી. મુઘલ બાદશાહ ઔરંગઝેબના સમયમાં મુસ્લિમ આક્રમણને લીધે આ મંદિર ખંડિત થયું. હાલમાં આ મંદિરના કેટલાક અવશેષો જોવા મળે છે. આ મંદિરના મૂળ નાયકની પ્રતિમા સં. ૧૭૬૦ (ઈ.સ.૧૭૦૪)ના અરસામાં બનેલા નવા મંદિરમાં પધરાવવામાં આવેલી છે.

રાયણનું ધોરમનાથ મહાદેવનું મંદિર : રાયણ એ પ્રાચીન બંદર હતું. અનુશ્રુતિ પ્રમાણે જાણવા મળે છે. કે અહીં ધોરમનાથે તપશ્ચર્યા આદરી હતી. ત્યાંથી તેઓ ધીણોદર આવ્યા હતા. સમય જતાં આ બંદર તૂટી ગયું. અહીં કચ્છના રાવ ભારમલજીએ સં. ૧૬૬૫ (ઈ.સ. ૧૬૦૮)માં ધોરમનાથનું મંદિર બંધાવેલું. આ

મંદિરની દ્વારશાખ ઉપર એને લગતો એક લેખ મળી આવેલો છે. મંદિર ગર્ભગૃહ અને મંડપથી શોભે છે. અહીંની એક આરસની તકતી પર ધોરમનાથ અને ગરીબનાથનાં પગલાં છે. આ ઉપરાંત અહીં આશાપુરા, ગણેશ, ભૈરવ અને મત્સ્યની નાની પ્રતિમાઓ આવેલી છે. અહીં મત્સ્ય મત્સ્યેન્દ્રનાથનાં પ્રતીક રૂપે દર્શાવેલ છે.

કુંભારિયાનું નેમિનાથ મંદિર : ગુજરાતની ઉત્તરે આવેલા અંબાજી નજીક કુંભારિયાનાં જૈન મંદિરોનો સમૂહ આવેલો છે. અહીંનું સૌથી મોટું મંદિર નેમિનાથનું મંદિર છે. આ મંદિર મૂળ બારમા સૈકામાં બંધાયું હતું, પણ હાલનું મંદિરનું સ્વરૂપ જોતાં તે સત્તરમા સૈકાનું હોવાનું મનાય છે. અહીંની મૂળ નાયકની પ્રતિમા ઉપરથી મળેલા સં. ૧૬૭૫ (ઈ.સ. ૧૬૧૯) ના લેખમાં જણાવ્યા મુજબ, એ પ્રતિમા ઓસવાલ જ્ઞાતિના બહુરા રાજપાલે કરાવી હતી. મંદિર ત્રણ ગર્ભગૃહ, ગૂઢમંડપ, રંગમંડપ, તથા ચોવીસ દેવકુલિકાઓવાળું છે. તેનું શિખર તારંગાના જૈન દેવાલયના શિખર જેવું છે. તેના કેટલાક સ્તંભો આબુના વિમલવસહીના સ્તંભોને મળતા આવે છે. મંદિરને નાનીમોટી કમાનો તથા તોરણોથી અલંકૃત કરેલું છે. રંગમંડપની છતમાં સુદંર કોતરણી જોવા મળે છે. ભમતીની દેવકુલિકાઓની કેટલીક મૂર્તિઓ ખંડિત થયેલી છે. પૂર્વ તરફની વચલી મોટી દેરીની આદિનાથની પ્રતિમા ઉપર વિ.સં. ૧૬૭૫વાળો લેખ જોવા મળે છે.

મંદિરમાં બધા મળીને કુલ ૯૪ સ્તંભો છે. તે પૈકી ૨૨ સ્તંભો ઉપર વિવિધ દેવદેવીઓ અને વિદ્યાદેવીઓની સુંદર પ્રતિમાઓ કંડારેલી છે. મંદિરની પીઠિકામાં ગજથર અને નરથરનાં શિલ્પો તથા મંડોવરની જંઘામાં દિક્‌પાલો, યક્ષ-યક્ષિણીઓ વગેરેનાં શિલ્પો નજરે પડે છે. મંદિરમાં કોઈક સ્થળોએ ભોગાસનનાં શિલ્પો જોવા મળે છે.

શત્રુંજયનો ચતુર્મુખ પ્રાસાદ : આ પ્રાસાદ મુઘલ બાદશાહ જહાંગીરના સમયમાં સં. ૧૬૭૫ (ઈ.સ. ૧૬૧૯) માં અમદાવાદ પોરવાડ જ્ઞાતિના સંઘવી સોમજીના પુત્ર રૂપજીએ બંધાવેલો એમ મંદિરના મૂળ નાયકની પ્રતિમા ઉપરથી મળેલા લેખમાંથી જાણવા મળે છે. આ મંદિરને ફરતો વિશાળ ચોક છે. ગર્ભગૃહમાં આવેલા આરસના સિંહાસન પર ચારે દિશામાં બેસાડેલી આદીશ્વરની ચાર પ્રતિમાઓ છે. આથી આ પ્રાસાદ ચતુમુર્ખવિહાર અથવા 'ચોમુખજીનું મંદિર' તરીકે ઓળખાય છે. મંદિરમાં

વિવિધ પ્રકારના સ્તંભો આવેલા છે. સ્તંભો પર ઘુમ્મટની રચના કરેલી છે. મંડપના ગોખમાં નાનીમોટી પ્રતિમાઓ આવેલી છે. એક ગોખમાં મંદિર બંધાવનાર શેઠ-શેઠાણીની પ્રતિમાઓ આવેલી છે. મંદિરના સ્તંભો પર વિવિધ દેવીઓની પ્રતિમાઓ કંડારેલી છે.

નારાયણ સરોવરનાં મંદિર : કચ્છમાં નારાયણ સરોવર નામે હિંદુઓનું પ્રાચીન તીર્થધામ આવેલું છે. અહીં વિ.સં. ૧૭૯૦ (ઈ.સ. ૧૭૩૪)માં કચ્છનાં મહારાણી મહાકુંવરબાએ ત્રિકમરાયજી તથા લક્ષ્મીનારાયણનાં મંદિર બંધાવ્યાં અને એને લગતો ફરતો કોટ કરાવ્યો.

પશ્ચિમાભિમુખ આવેલ ત્રિકમરાયજીના મંદિરમાં ગર્ભગૃહ, ગૂઢમંડપ અને ત્રિકમંડપ આવેલાં છે. મંદિરના ઘુમ્મટમાં કૃષ્ણ અને ગોપીઓનાં વિવિધ શિલ્પો આવેલાં છે. મંદિરમાં ત્રિવિક્રમની શ્યામ પાષાણની ભવ્ય પ્રતિમા આવેલી છે. ઘુમ્મટમાં રાસમંડળીનું સુંદર દૃશ્ય કંડારેલું છે.

લક્ષ્મીનારાયણના મંદિરમાં લક્ષ્મીનારાયણની શ્યામ પાષાણની પ્રતિમા આવેલી છે. સભામંડપ ઘુમ્મટથી શોભે છે. બાજુમાં ગોવર્ધનનાથજી, દ્વારકાધીશ, લક્ષ્મીજી, કલ્યાણરાય, લક્ષ્મીનારાયણ વગેરે મંદિરો આવેલાં છે.

પ્રભાસનું સોમનાથનું મંદિર : ગુજરાતના પશ્ચિમ તરફના સમુદ્રના કિનારે આવેલું સોમનાથ ગુજરાતનું એક મહત્ત્વનું તીર્થધામ છે. અહીં એક પ્રાચીન ભવ્ય મંદિર બંધાયેલું હતું. મુસ્લિમોના આક્રમણથી તેનો નાશ થયો. સમય જતાં અકબરના સમયમાં તેનો જીર્ણોદ્ધાર થયેલો. આ મંદિરમાં પૂજા મોટા પાયા પર થતી, પણ ઔરંગઝેબના સમયમાં ફરી પાછો આ મંદિરોનો નાશ થયો. મુઘલકાળના અંતમાં આ મંદિર ખંડેર રૂપે જ અસ્તિત્વ ધરાવતું હતું.

દ્વારકાધીશનું મંદિર - દ્વારકા : આ મંદિર સૌરાષ્ટ્રમાં આવેલા દ્વારકા ગામમાં ગોમતી નદીના કિનારે ગોમતી-સમુદ્રના સંગમસ્થાને આવેલું છે. મંદિરનું સ્વરૂપ ઈ.સ. પંદરમી-સોળમી સદીની આસપાસનું છે. આ પહેલાંનું મંદિર મહમૂદ બેગડાના હાથે ખંડિત થયું હતું. હાલનું મંદિર ઘણું કરીને અકબરના સમયમાં બંધાયેલું હોવાનું મનાય છે.

આ મંદિર ગર્ભગૃહ (નિજમંદિર), અંતરાલ, પ્રદક્ષિણાપથ, સભામંડપ અને અન્ય મંડપોથી અલંકૃત છે. શિખર સાથે મંદિરના ગર્ભગૃહની ઊંચાઈ લગભગ ૨૫૭ ફૂટ (૭૮.૮ મીટર) છે.

મંદિરનું શિખર લગભગ ૭૦ મીટર ઊંચાઈનું છે. તેનું સમચોરસ તલમાન લગભગ ૧૨ × ૧૨ મીટરનું છે. મંડપની ત્રણે દિશાએ પ્રશ્ચિમ, ઉત્તર અને દક્ષિણ બાજુએ સ્તંભો પર ટેકવેલી ચોકીઓ આવેલી છે. મંદિરમાં બધા મળીને ૭૨ સ્તંભો છે. મંદિરના ભોંયતળિયાનો ભાગ ઠીકઠીક ઊંચો છે. પ્રદક્ષિણાપથમાં ત્રિવિક્રમ અને લક્ષ્મીનારાયણની યુગલમૂર્તિઓ છે. બહારની દીવાલો પર ઝરૂખા છે. ગવાક્ષો પર ગ્રાસપટ્ટીનું અલંકરણ છે. દીવાલોના ગવાક્ષોમાં અષ્ટ દિક્પાલોનાં અગ્નિકોણથી શરૂ કરતાં અગ્નિ, ઇંદ્ર, ઇશાન, કુબેર, વાયુ, વરુણ, નિઋતિ અને યમનાં શિલ્પો આવેલાં છે.

મુખ્ય શિખરની ચોતરફ ત્રણ ઉરુશૃંગો દરેક બાજુએ છે. શિખર તથા ઉરુશૃંગો અને શૃંગિકાઓ આમલક અને કળશથી વિભૂષિત છે. મંદિરના ઉત્તુંગ શિખરમાં મજલા પાડેલા છે. દરેક મજલે ઘુમ્મટ કાઢેલ છે. ત્રીજા મજલાના શિખરમાં શક્તિમાતાનું સ્થાનક હોવાનું મનાય છે.

આ મંદિરની મુખ્ય પ્રતિમા ૧૨મી સદીમાં ડાકોરમાં અને ૧૫મી સદીમાં માંગરોળમાં ખસેડાઈ હોવાની અનુશ્રુતિ છે. શ્રીમદ્ વલ્લભાચાર્યે બાજુના લાડવા ગામેથી મેળવેલી દ્વારકાધીશની મૂર્તિ ઈ.સ. ૧૫૦૪માં અહીં પધરાવવામાં આવી હતી. પણ આ મંદિરની બીજી ભવ્ય મૂર્તિ બનતાં તે પ્રતિમાને હાલના શંખોદ્વાર બેટમાં પધરાવવામાં આવી હતી. અહીંની મૂર્તિ વિષ્ણુના ત્રિવિક્રમ સ્વરૂપની છે. એમાં નીચલા ડાબા હાથમાં શંખ, ઉપલા ડાબા હાથમાં ચક્ર, ઉપલા જમણા હાથમાં ગદા અને નીચલા જમણા હાથમાં પદ્મ છે.

મુખ્ય મંદિરની નજીક દેવકીજીનું પૂર્વાભિમુખ મંદિર છે. મંદિરની પાછળ શંકરાચાર્યનો શારદામઠ આવેલો છે. મંદિરની દક્ષિણે વેણીમાધવનું અને ઉત્તરે પદ્યુમ્નજીનું મંદિર આવેલાં છે. પ્રદ્યુમ્નજીના મંદિરની બાજુમાં ગાયત્રી મંદિર અને પૂર્વાભિમુખ પુરુષોત્તમજીનું મંદિર છે. આ બંને મંદિરો પાછળના સમયના જણાય છે.

શંખલપુરનું બહુચરાજીનું મંદિર : મહેસાણા જિલ્લાં આવેલું બહુચરાજી સમગ્ર ગુજરાતમાં શાક્ત સંપ્રદાયના મહત્ત્વના તીર્થ તરીકે પ્રખ્યાત છે. અહીં આવેલ બહુચરાજીનું મંદિર સાદા પથ્થરનું બાંધેલું છે. તે લગભગ ૩૦.૫ મીટર (૧૦૦ ફૂટ) લાંબું, ૧૫.૨ મીટર (૫૦ ફૂટ) પહોળું અને ૧૬.૧ મીટર (૫૬ ફુટ) ઊંચું છે. તેનું શિખર ઘણું જ વિશાળ છે. મંદિર પૂર્વાભિમુખ છે. મંદિરમાં પ્રવેશમાર્ગમાં સભામંડપ આવેલો છે. સભામંડપના સ્તંભો સુંદર પૂતળીઓથી કંડારેલા છે. આ મંડપના ત્રણ બાજુના દરવાજાનાં કમાડ ચાંદીના છે. બાજુમાં એક નાનો મંડપ આવેલ છે. મંદિર ગર્ભગૃહમાં માતાજીનો લગભગ ૧.૫ મીટરનો ચાંદીથી મઢેલો ગોખ આવેલો છે. ગોખની અંદર સ્ફટિકનું બાલાયંત્ર છે. બાલત્રિપુરાનું આ સ્થાન કહેવાય છે ગોખની આગળના ભાગમાં માતાજીની પ્રતિમા પધરાવેલી છે. ઉત્તરની દીવાલમાં ગર્ભગૃહમાંથી આવતું પાણી ઝીલતા છોકરાનું એક નાનું બાવલું આવેલું છે.

આ મંદિરની પાછળ માતાજીના મૂળ સ્થાનક તરીકે ઓળખાતું એક પશ્ચિમાભિમુખ નાનું મંદિર આવેલું છે.

સ્થાપત્યની દૃષ્ટિએ આ મંદિર સામાન્ય કક્ષાનું છે, પણ લોકસમૂહની દૃષ્ટિએ માતાજીનું આ એક અનોખું સ્થાન મનાય છે.

ડાકોરનું રણછોડરાયનું મંદિર : 'મિરાતે અહમદી'માં સં. ૧૮૧૮ (ઈ.સ.૧૭૬૨) માં ડાકોરમાં રણછોડજીનું પ્રાચીન મંદિર હોવાનો ઉલ્લેખ છે, પણ તેને કોઈ ઐતિહાસિક પ્રમાણ મળતું નથી. હાલનું મંદિર મરાઠાકાળનું છે.

પાવાગઢનું કાલિકા માતાનું મંદિર : પાવાગઢની ટોચે આવેલું આ મંદિર નાનું અને સાદું છે. ગર્ભગૃહમાં કાલિકાની પ્રતિમા પધરાવેલ છે. જમણી બાજુએ બહુચરામાતાનું યંત્ર છે. શાક્ત સંપ્રદાયનું આ મહત્ત્વનું તીર્થધામ મનાય છે.

આરાસુરનું અંબાજીનું મંદિર : આ મંદિર પ્રમાણમાં નાનું અને સાદા આરસનું બનાવેલું છે. મંદિરનું ગર્ભગૃહ ૬.૧ × ૬.૧ મીટરનું છે. મંદિરમાં ખુલ્લો ચોક, આગળ મંડપ વગેરે છે. ગર્ભગૃહમાં માતાજીનો ગોખ વીસો યંત્ર આવેલ છે. અહીં માતાજીને એવી રીતે શણગાર કરવામાં આવે છે, જાણે તે આબેહૂબ પ્રતિમા હોય

તેમ લાગે. યંત્રની પાછળ કાળા પથ્થરની એક નાની પ્રતિમા આવેલી છે. મંદિરના સ્તંભો પર ૧૫મી -૧૬મી સદીના લેખ કોતરેલા છે હાલમાં આ મંદિરનો જીર્ણોદ્ધાર થઈ રહ્યો છે.

શામળાજીનું મંદિર : સાબરકાંઠા જિલ્લામાં મેશ્વો નદીના કાંઠે આવેલું શામળાજીનું મંદિર સોળમા સૈકાનું મનાય છે. હાલમાં મંદિરનો જીર્ણોદ્ધાર થતાં મૂળ મંદિરનાં ખંડિત શિલ્પોની જગાએ કેટલાંક નવાં શિલ્પો બેસાડેલાં છે. અહીં મુખ્ય પ્રતિમા વિષ્ણુના ત્રિવિક્રમ સ્વરૂપની છે.

ઊર્ધ્વદર્શનની દૃષ્ટિએ મંદિર ગર્ભગૃહ, મંડોવર અને શિખરનું બનેલું છે. શૃંગાર-ચોકીની રચના મંડપને અનુરૂપ છે. તેને સંલગ્ન વેદિકાની રચના જોવામાં આવે છે. પ્રદક્ષિણાપથની ત્રણે બાજુએ ઝરૂખા આવેલા છે. મંદિરની બહાર કુંભાની દરેક મુખ્ય બાજુએ બ્રહ્મા, ઈન્દ્ર, તાપસ ઋષિ વગેરે તેમ જ અન્ય દેવદેવીઓ જેવાં કે ઈન્દ્ર, અગ્નિ, વરુણ, ઈન્દ્રાણી, બ્રહ્માણી, સરસ્વતી, નૈઋતિ વગેરેનાં શિલ્પો આવેલાં છે.

દીવાલમાં ગજથર અને નરથર આવેલા છે. નરથરમાં રોજિંદા જીવનના પ્રસંગો ઉપરાંત રામાયણ અને મહાભારત કેટલાક પ્રસંગો આલેખવામાં આવેલા છે. મંડોવરમાં સૌથી નીચે મંચિકા છાદ્ય, જંઘા, ઉદ્‌ગમ તથા ભરણીની રચના કરેલી છે. સૌથી ઉપરની જંઘાની ઉપરની ભરણીના મથાળે કૂટ છાદ્યની રચના કરેલી છે અને તેની ઉપર આવેલા પ્રાકારના થર ઉપરથી મંદિરનું ભવ્ય શિખર શરૂ થાય છે. જંઘાના થરમાં ચોતરફના ગવાક્ષોમાં ઊભેલ અવસ્થાનાં દિક્‌પાલો અને દિક્‌પાલિકાઓનાં શિલ્પો છે. આ ઉપરાંત ત્યાં અનેકવિધ દેવદેવીઓની મૂર્તિઓ આવેલી છે, જે સર્વ શિલ્પો બેઠેલી અવસ્થામાં છે.

ઝરૂખામાં તથા શૃંગારચોકીઓની વેદિકાઓની મધ્યના આવરણમાં દેવતાઓનાં શિલ્પો કોતરેલાં છે. દરેક ઝરૂખાની મધ્યમાં મોટા કદનું ગજયુગલ વિવિધ ક્રીડામાં દર્શાવેલું છે અને તેની ઉપર પાણીના નિકાલ માટે મકર-મુખોની રચના કરેલી છે. નરથરમાં કેટલીક જગાએ ભોગાસનોને લગતાં શિલ્પો અંકિત કરેલાં છે.

મંદિરનું વિશાળ શિખર ચોતરફ ઉરુશૃંગો અને શૃંગિકાઓ વડે આચ્છાદિત કરેલું છે અને તે દરેકની ઉપર આમલક તથા કળશની રચના છે. અંતરાલના મથાળે શુકનાસ અને તેની બંને બાજુએ એક-એક પ્રાસાદપુરુષ રચના છે. એ તમામ આમલક અને કળશ વડે વિભૂષિત છે.

અમદાવાદનું ચિંતામણિ પાર્શ્વનાથ મંદિર : 'મિરાતે અહમદી'માં જણાવ્યું છે કે વિ.સં. ૧૬૭૭ (ઈ.સ. ૧૬૨૧)માં અમદાવાદના ઝવેરી શેઠ શાંતિદાસે સરસપુરમાં ચિંતામણિ પાર્શ્વનાથનું જૈન મંદિર બંધાવ્યું, આ મંદિર સફેદ અને કાળા આરસનું સુંદર કલાકૃતિવાળું હતું. સભામંડપમાં નર્તકીઓની સુંદર પ્રતિમાઓ કંડારેલી હતી. મંદિરના પ્રવેશદ્વાર આગળ કાળા આરસના બે હાથી મૂકેલા હતા. તેના ઉપર મંદિર બંધાવનારની પ્રતિમા હતી. કેટલીક દેવકુલિકાઓમાં મુખ્ય પ્રતિમાની બે બાજુએ એકેક નાની પ્રતિમા હતી. મંદિરની દીવાલો ઉપર નરથર અને ગજથર કંડારેલા હતા. આ મંદિરને લગતી ૮૬ શ્લોકોમાં રચેલી એક પ્રશસ્તિ શિલાલેખરૂપે જડેલી હતી. મંદિરની ભમતીમાં બાવન જિનાલય હતાં. મંદિરને છ મંડપો હતા. મંદિર બંધાવવાની શરૂઆત વિ.સં. ૧૬૭૮ (ઈ.સ. ૧૬૨૨)માં થયેલી.

આ મંદિરને સૂબા ઔરંગઝેબે ઈ.સ. ૧૬૪૪ દરમિયાન મસ્જિદમાં ફેરવી નાખ્યું હતું. મસ્જિદનું નામ કુવ્વત-ઉલ-ઈસ્લામ આપવામાં આવ્યું હતું. મંદિરની મુખ્ય પ્રતિમાઓને છાની રીતે ભૂગર્ભ માર્ગે અન્યત્ર ખસેડી લેવામાં આવી હતી. ઈ.સ. ૧૬૬૬માં અમદાવાદમાં આવેલો ફ્રેંચ પ્રવાસી થેવેનો નોંધે છે કે સૂબા ઔરંગઝેબના ફરમાનથી શાંતિદાસના મંદિરને ગોવધ કરીને ભ્રષ્ટ કરવામાં આવ્યું અને પછી મસ્જિદમાં ફેરવી નાખવામાં આવ્યું. તેની દીવાલો માણસ અને પશુઓનાં શિલ્પોથી શોભતી હતી. આ પછી શેઠ શાંતિદાસે બાદશાહ શાહજહાંને ફરિયાદ કરતાં, આ ઇમારત બીજા માણસની માલિકીની હોઈ તેને કુરાનના નિયમ પ્રમાણે મસ્જિદ તરીકે વાપરી શકાય નહિ એવી મુલ્લા અબ્દુલ હકીમે રજૂઆત કરતાં, બાદશાહ શાહજહાંએ શેઠને મંદિર નુકસાની સાથે પાછું સોંપી દેવાનું ફરમાન કર્યું હતું, પરંતુ આ ઈમારત પછી ન તો મંદિર તરીકે વપરાઈ કે ન તો મસ્જિદ તરીકે ઉપયોગમાં આવી. સમય જતાં તે એક ખંડેર બની ગયું. હાલમાં તેના કોઈ અવશેષો જોવા મળતા નથી.

અમદાવાદમાં ઔરંગઝેબની સૂબાગીરી દરમિયાન આ મંદિર ઉપર મુસ્લિમ આક્રમણ થયું હતું. આ એક અપવાદ સિવાય મુઘલકાળ દરમિયાન કોઈ હિંદુ કે જૈન મંદિરો ઉપર મુસ્લિમ આક્રમણ થયાનું જાણવા મળ્યું નથી.

ઈસ્લામી સ્થાપત્ય

મુઘલકાળમાં અમદાવાદ, સુરત, પાટણ, ભરુચ, પેટલાદ, કડી, વડોદરા, ઘોઘા, વિસાવડ, વિજાપુર, નવસારી, મહેસાણા, જામનગર, વીરમગામ, દાહોદ, જૂનાગઢ, અમરેલી, ભૂજ, વેરાવળ, કુતિયાણા વગેરે સ્થળોએ મસ્જિદો, મકબરા અને રોજા બંધાયાનું વિભિન્ન અભિલેખોમાંથી જાણવા મળે છે. આ સમયે બંધાયેલાં મુસ્લિમ સ્થાપત્યો હિંદુ મંદિરોને તોડીને બંધાયાં હોવાના દાખલાઓ અલ્પ પ્રમાણમાં મળે છે. સિદ્ધપુરમાં પ્રાચીન રુદ્રમાળનાં ખંડેરોમાં મસ્જિદ બંધાયેલી તથા શેઠ શાંતિદાસ ઝવેરીના ચિંતામણિ પાર્શ્વનાથ મંદિરને મસ્જિદમાં ફેરવી નાખવામાં આવેલી - એના નમૂના મળે છે.

મુઘલકાળમાં નીચેની કેટલીક નોંધપાત્ર મસ્જિદો બંધાઈ :

સૂબા આઝમખાંએ બંધાવેલી મસ્જિદ : રાણપુરના શાહપુર નામના કિલ્લામાં હિ.સં. ૧૦૫૦ (ઈ.સ.૧૬૪૭) માં સૂબા આઝમખાંએ મસ્જિદ બંધાવેલી, એ મતલબનો લેખ કિલ્લામાંથી મળ્યો છે.

નવાબ સરદારખાંની મસ્જિદ : આ નવાબ જ્યારે ઔરંગઝેબના સમયમાં અમદાવાદનો સૂબો ત્યારે તેણે અમદાવાદમાં પોતાના માટે મસ્જિદ અને દરગાહ બંધાવી હતી. આ મસ્જિદ અમદાવાદમાં જમાલપુરમાં આવેલી છે.

નવાબ સુજાતખાંની મસ્જિદ : અમદાવાદમાં મિરજાપુરમાં આવેલી આ મસ્જિદ અમદાવાદના સૂબા સુજાતખાંએ ઔરંગઝેબના સમયમાં બંધાવી હતી. તેની બાંધણી, કમાનો, ઘુમ્મટ વગેરે મુઘલપદ્ધતિનાં છે. દીવાલમાં આરસ જડેલા છે. મસ્જિદનો વિસ્તાર ૭૩' × ૪૧' છે. આગળનો ચોક ૮૦' × ૭૦' નો છે. આગળ એક મોટો હોજ છે અને મસ્જિદથી લગભગ સો ફૂટ દૂર સુજાતખાંનો રોજો આવેલો છે.

અબુતુરાબનો રોજો : આ રોજો આશાવલ (હાલનું અસારવા)માં આવેલો

છે. અકબરના સમયમાં અબુતુરાબનું મૃત્યુ થતાં આ રોજો બંધાવવામાં આવ્યો હતો. આ રોજાની કમાનો કોઈ અંતરાય વગર કરેલી હોવાથી રોજાની સુંદરતામાં ઠીકઠીક વધારો થાય છે. મીર અબુતુરાબ મક્કેથી કદમ મુબારક (મહમ્મૂદ સાહેબના પગલાં) લાવેલા અને અકબરના કહેવાથી અહીં મોટી ઇમારત બનાવી એ પગલાં તેમાં પધરાવવામાં આવ્યાં હતાં.

સૈયદ રાજુની કબર : ઔરંગઝેબના હુકમથી કતલ કરવામાં આવેલા મહેદવી પંથના સૈયદ રાજુની આ કબર હાલમાં શાહીબાગમાં નવરોજી હોલની પાછળ આવેલી છે. આ કબર અમદાવાદની એક ગણનાપાત્ર કબર છે.

સિદ્ધપુરની જામી મસ્જિદ : આ મસ્જિદ હિંદુ મંદિર રુદ્રમાળના ત્રણ ગર્ભગૃહોના મંડપને આવરી લઈને, સિદ્ધપુર (જિ. મહેસાણા)માં ઈ.સ. ૧૬૪૫માં શાહજાદા ઔરંગઝેબના સમયમાં બંધાઈ હતી. મસ્જિદમાંના સ્તંભો ઉપરનાં શિલ્પો કાળજીપૂર્વક ટાંચી નાખ્યાં હોવા છતાં પણ આ હિંદુ મંદિર હોવાની સાક્ષી પૂરે છે. મસ્જિદના લિવાનની પશ્ચિમની દીવાલમાં મધ્યમાં પથ્થરનો મુખ્ય મહેરાબ અને એની બાજુમાં મિંબર કરેલ છે. ગર્ભગૃહોની બહારની દીવાલો અકબંધ છે. બંને પાંખોવાળા ઘુમ્મટની પાછળ ગર્ભગૃહ પરનાં શિખર જોવા મળે છે. મસ્જિદના પ્રવેશમાર્ગ પર ચોડેલી આરસની તકતીમાં ફારસી અને દેવનાગરીમાં હિ.સં. ૧૦૫૫ - વિ.સં. ૧૭૦૨ (ઈ.સ. ૧૬૪૫) નો લેખ જોવા મળે છે.

અમદાવાદનો શાહઅબ્દુલ વહાબનો રોજો : આ રોજો ખાનપુર આવેલો છે. એમાંની અસલ મસ્જિદ નાશ પામેલી છે. મધ્યમાં કમાનોથી ટેકવેલો ઘુમ્મટ છે. રવેશ પરના છાવણમાં સંખ્યાબંધ સ્તંભોથી નાના-નાના ઘુમ્મટ કરેલા છે. આ રોજો મુઘલકાળ દરમિયાન અમદાવાદની એક ભવ્ય ઇમારત હોવાની પ્રતીતિ કરાવે છે.

અમદાવાદનો હજરત પુસા સુહાગનો રોજો : અમદાવાદમાં દિલ્હી દરવાજા બહાર કેમ્પના રસ્તે જતાં ક્રોસિંગ પાસે આવેલો આ રોજો ઈંટ અને ચૂનાથી બાંધેલો છે. એને ફરતો કોટ છે. કોટનું પ્રવેશદ્વાર ભવ્ય છે. અહીં મુસાની કબર ઉપરાંત બીજી ચાર કબરો છે.

આ રોજાનું મહત્ત્વ સ્થાપત્યની દૃષ્ટિ કરતાં ધાર્મિક દૃષ્ટિએ વિશેષ છે. મસ્જિદના કોટમાં અંદરના ભાગમાં ચંપાનું એક પુરાણું ઝાડ આવેલું છે. સંતાનપ્રાપ્તિ કરવાની ઇચ્છાવાળા લોકો અહીં વૃક્ષની ડાળીએ કાચની બંગડીઓ ભરાવે છે :

આ રોજો સત્તરમી સદીના અંતભાગમાં બંધાયો હોય તેમ લાગે છે.

આ ઉપરાંત, મુઘલકાળ દરમિયાન સરદારખાનનો રોજો, વડોદરાનો કુત્બુદ્દીન મુહમ્મદખાનનો મકબરો, થરાદનો અમીરબેગનો મકબરો, અમદાવાદનો શેખ વજીઉદ્દીનનો રોજો (ખાનપુરમાં), ભરૂચની મદ્રેસા મસ્જિદ, સુરતની ખ્વાજા દાના સાહેબની દરગાહ, એદ્રુસ સાહેબની દરગાહ, અમદાવાદની પીરાન દરગાહ, હાજુ સાહેબની દરગાહ, મુહમ્મદ અમીરખાનનો મકબરો, મોમીનખાંની મસ્જિદ, પીરમશાહની મસ્જિદ વગેરે દરગાહો અને મકબરાઓ અસ્તિત્વમાં આવ્યાં. આ સર્વ ઇમારતો સ્થાપત્યની દૃષ્ટિએ નોંધપાત્ર છે.

રાજમહેલો

મુઘલકાળ દરમિયાન આઝમખાંનો રાજમહેલ અને શાહીબાગનો મહેલ-નામની બે નોંધપાત્ર ઈમારતો અસ્તિત્વમાં આવી.

આઝમખાંનો મહેલ : આ મહેલ ભદ્રમાં આવેલો છે. ઈ.સ. ૧૬૩૭માં સૂબા આઝમખાંએ ભદ્રના મુખ્ય દરવાજા પાસે આ મહેલ બંધાવેલો. મહેલમાં મુખ્ય ચોરસ ભાગની લંબાઈ લગભગ ૮૦ મીટર અને પહોળાઈ ૭૦ મીટર છે. ઉત્તરે તરફનો દરવાજો ભદ્રના કિલ્લા સાથે જોડી દીધેલો છે. હાલમાં મુખ્ય દરવાજો મુઘલાઈ ઘાટનો છે. દરવાજો પૂર્વાભિમુખ છે. આ ઈમારતને મહેલ નહિ, પણ સરાઈ તરીકે ઓળખવામાં આવતી.

દરવાજાની અંદર પ્રવેશ કરતાં અષ્ટકોણ ઓરડી આવે છે. ઓરડાની સાથે સંલગ્ન ભોંયરું છે. તેમાં પ્રકાશ આવવાની વ્યવસ્થા ઘણી સુંદર રીતે કરેલી છે. વચ્ચે સરસ મજાના હોજ આવેલા છે. કૂવારા દ્વારા તેમાં પાણી આવે છે. મહેલની ઉત્તરે ભદ્રકાળીનું મંદિર આવેલું છે. જર્મન મુસાફર મેન્ડેલ્સ્લો આ મહેલનું વર્ણન કરતાં જણાવે છે કે 'મેદાને શાહમાં ઈંટોનો બનાવેલ રાજમહેલ છે ; એના આગળના

ભાગમાં ચાર વખત નોબત વાગે છે.' મહેલના મુખ્ય દરવાજા ઉપર એક લેખ આવેલો છે, તેમાં લખ્યું છે કે 'અદલ ઇન્સાફ કરનારા આઝમખાં બહાદુરે શાહજહાંના રાજ્ય વખતે આ મકાન બાંધ્યું (હિ.સં. ૧૦૪૬ - ઈ.સ. ૧૬૩૭). આ મહેલનો ઉપયોગ પાછળથી મદ્રેસા તરીકે થયો હતો. મરાઠા સમયમાં તેમાં લશ્કરી અમલદાર રહેતો હતો. બ્રિટિશ સમયમાં ત્યાં પોસ્ટઑફિસ હતી. હાલ સરકારી પુસ્તકોનું વેચાણ થાય છે.

શાહીબાગનો મહેલ : શાહીબાગનો મહેલ બાદશાહ શાહજહાંના હુકમથી બંધાયો હતો, પણ કમનસીબી એ છે કે તેનો બંધાવનાર તેમાં એક દિવસ પણ રહેવા ગયો નથી. સાબરમતી નદીના કિનારે બંધાયેલા આ મહેલનો આકાર ચોરસ છે. વચ્ચે મોટો અષ્ટકોણ ઓરડો અને આસપાસ ચાર નાની અષ્ટકોણ ઓરડીઓ આવેલી છે. મકાનની નીચે એક ભોંયરું છે. સાથે મુઘલશાહી બાગ છે. 'મિરાતે અહમદી'માં શાહીબાગનો ઉલ્લેખ કરતાં જણાવ્યું છે કે અઢારમી સદીના ઉત્તરાર્ધમાં મુઘલાઈ નબળી પડતાં સૂબાઓ શાહીબાગ તરફ ઘણા જ બેદરકાર બન્યા; બાગ ઉજ્જડ બન્યો; મરાઠાઓએ બાગનાં ઘણાં કીમતી ઝાડ કાપી નાખ્યાં. મોમીનખાન પહેલાના સમયમાં સાબરમતી નદીમાં ભયંકર પૂર આવતાં શાહીબાગને ઘણું જ નુકસાન થયું હતું. ઈ.સ. ૧૭૬૧માં બાગ એક વિશાળ ખેતરમાં ફેરવાઈ ગયો હતો.

ખંભાતના નવાબનો મહેલ : ખંભાતમાં જામી મસ્જિદની બાજુમાં મુઘલાઈ ઘાટનો ખંભાતના નવાબનો એક રાજમહેલ આવેલો છે. મહેલમાં દરબાર ભરવાનો ભાગ ઘણો જ સુંદર છે. ખંભાતમાં રાજમહેલ પાસેના લાલ બાગમાં આવેલાં મકાનોનો સમૂહ મુઘલકાલીન જણાય છે. મહેલમાં ફૂવારા અને બાગ આવેલા છે.

આ ઉપરાંત, ઈ.સ. ૧૬૪૪માં સુરતનાં કિલ્લેદાર એક મકાન બંધાવ્યું હતું, જેની રચના અમદાવાદના આઝમખાંના મહેલને મળતી આવે છે. આ મકાનના નામ ઉપરથી એ લત્તાનું નામ મુઘલસરાઈ પડ્યું છે. માંગરોળમાં આવેલા રાજમહેલની રચના પણ મુઘલકાલીન હોય તેમ લાગે છે. રાણપુરમાંથી મળેલા લેખમાં જણાવ્યું છે કે સૂબા આઝમખાંએ નદીના કિનારે હોજ સહિતનું મકાન બંધાવ્યું હતું.

કિલ્લા

આ સમયે રાજકીય દૃષ્ટિએ કિલ્લાઓનું મહત્ત્વ વિશેષ હતું. મુઘલકાળમાં કેટલાક કિલ્લાઓ અસ્તિત્વમાં આવ્યાં. આ કિલ્લાઓ દિલ્હી અને આગ્રાના કિલ્લાઓની સરખામણીએ ઘણી જ ઊતરતી કક્ષાના હતા.

કાલીનો કિલ્લો : 'મિરાતે અહમદી'માં જણાવ્યા પ્રમાણે, આ કિલ્લો સાબરમતી નદીના કિનારે આવેલા કાલી ગામમાં સૂબા આઝમખાને બંધાવ્યો હતો.

આઝમાબાદનો કિલ્લો : સૂબા આઝમખાને વાત્રક નદીના કિનારે કોળી લોકો ઉપર અંકુશ રાખવા માટે આ કિલ્લો બંધાવ્યો હતો. આ કિલ્લાના અવશેષો હાલમાં ખેડા જિલ્લાના કપડવંજ ગામની પશ્ચિમે આવેલા છે.

અન્ય કિલાઓ : આ ઉપરાંત રાણપુર, અંજાર, જૂનાગઢ, ખંભાત, કડી, અઠવા (જિ. સુરત) વગેરે ઠેકાણે મુઘલકાળ દરમિયાન કિલ્લાઓ બાંધવામાં આવ્યા હતા.

મુઘલ શાસકોએ કોઈ નવાં શહેર ભાગ્યે જ વસાવ્યાં હતાં, પરંતુ ચાલુ શહેરોનો વિકાસ થયો. મુઘલકાળ દરમિયાન અમદાવાદનો સારો વિકાસ થયો. 'મિરાતે અહમદી' પરથી જાણવા મળે છે કે મુઘલ શાસકોના સમયમાં અમદાવાદની પોળો, ચકલાં અને પરાં વિકસ્યાં. તેને ફરતો કિલ્લો મુઘલકાળમાં બંધાયો હોય તેમ જણાય છે. 'પાટક' પરથી અમદાવાદમાં 'વાડા' અને પાટણમાં 'પાડા' શબ્દ પ્રચલિત થયા. શહેરમાં મોટા બાગ અસ્તિત્વમાં આવ્યા.

વર્તમાન પાટણ શહેર મુઘલકાળના અંત સુધીમાં વિકસ્યું હોય તેમ ઉપલબ્ધ પુરાવાઓના આધારે જણાય છે. પાટણની પશ્ચિમે અનાવડા ગામ છે, તે જૂનું અણહિલપાટણ હોવાનો ઘણો સંભવ છે. પાટણનો કોટ અકબરના સમય પછી થોડા સમયમાં થયો અને પછીથી મરાઠાઓએ તેને મજબૂત કરી વ્યવસ્થિત કર્યો.

મુઘલકાળ દરમિયાન સલ્તનતકાળમાં વિકસેલા ચાંપાનેરની ઝડપથી પડતી થઈ. મુઘલકાળમાં મહમૂદાબાદ રાજધાની નહિ રહેવાના કારણે, તેમ જ પર્વતની

તળેટીમાં ઉદ્યોગો અભાવે અહીંનો વેપારરોજગાર અટકી પડ્યો. પરિણામે ઘણા લોકોએ સ્થળાંતર કર્યું.

સુરતમાં મહમૂદ બેગડાના સમયમાં ઈ.સ. ૧૫૪૩માં મોટો કિલ્લો બંધાયો હતો. આ વખતે કિલ્લાની આગળનો ભાગ 'શહેરપનાહ' નામે ઓળખાતો. તેને કેવળ ત્રણ જ ભાગોળ હતી : વરિયાવી, બુરહાનપુરી અને નવસારી. નવસારી ભાગોળની દક્ષિણે 'નવસૈયદ' નામની દરગાહ, પાસે ગોપી તળાવ અને આંબાવાડી હતાં.

શાહજહાંના સમયમાં સુરતમાં વસ્તીનો વધારો થતાં ધીરે ધીરે લોકો શહેરપનાહ બહાર વસવા લાગ્યા. પરિણામે તેમના રક્ષણ માટે ધીરે ધીરે કિલ્લાનો વિકાસ વધ્યો. સમય જતાં આ વિસ્તાર 'આલમપગાસ' નામે ઓળખાયો. બાદશાહ ઔરંગઝેબના સમયમાં સુરત 'મક્કાનો દરવાજો' તરીકે ઓળખાવા લાગ્યું. પરિણામ યાત્રાળુઓ અને અન્ય વેપારીઓની અવરજવર વધી. સુરતની સમૃદ્ધિ વિકસતાં તેના ઉપર મરાઠાઓનાં આક્રમણો થવા લાગ્યાં. શિવાજીએ અનેક વાર સુરત લૂંટ્યું. આથી કોટને મજબૂત બનાવવાની શાસકોને ફરજ પડી. શહેરપનાહના કોટનો વિસ્તાર વધ્યો.

આ સમયે સુરતથી ૫ કિ.મી. દૂર આવેલા આઠવા ગામે એક કિલ્લો બંધાવવામાં આવ્યો. પાછળથી આ કિલ્લાનો નાશ થયો.

'તારીખે સોરઠ'માં જણાવ્યા પ્રમાણે, ઈ.સ. ૧૬૩૩માં જૂનાગઢ શહેરને ફરતો કિલ્લો મુઘલ સૂબા ઈસાખાને બંધાવેલો. ઈ.સ. ૧૬૬૧માં મિરઝા ઈસારતખાને એ કિલ્લો નવેસરથી બંધાવ્યો. ઉપલબ્ધ પુરાવાઓના આધારે જણાય છે કે જૂનાગઢને પહેલાં જૂનો કોટ હતો. મુઘલકાળમાં તેનું સમારકામ થયું હશે.

ખંભાતમાં અકબરના સમયમાં કોટ બંધાયો હોવાનું 'તુઝુકે જહાંગીરી'માં નોંધાયું છે. અકબરે ખંભાતમાં આવી દરિયાનાં સહુપ્રથમ દર્શન કર્યા તેની યાદમાં અકબરપરું વસાવ્યું. તેના હાકેમ હસનખાને તેની સ્મૃતિમાં ત્રણ દરવાજા બંધાવ્યા હોવાનું મનાય છે. ખંભાતમાં જહાંગીરના નામ પરથી જહાંગીરપરું વસાવવામાં આવ્યું હતું.

કડીમાં ગુજરાતમાં સૂબા મુર્તુઝખાને ઈ.સ. ૧૬૦૮-૧૦માં લશ્કરી દૃષ્ટિએ કિલ્લો બંધાવ્યો હતો.

વડોદરામાં માંડવીનો મંડપ મુઘલકાળમાં બંધાયો હતો.

મુઘલો બાગ-બગીચાના ઘણા શોખીન હતા. મુઘલકાળ દરમિયાન અમદાવાદ, સુરત, ખંભાત, પાલનપુર, જૂનાગઢ વગેરે સ્થળોએ મોટા બાગ બનાવવામાં આવ્યા હતા.

ઉલ્લેખિત જળાશયો

'મિરાતે અહમદી'માંથી આ સમયનાં કેટલાંક જળાશયોના ઉલ્લેખ મળે છે.

પાટણનું ખાન સરોવર : આ જળાશય અકબરના સમયમાં સૂબા મિરઝા આઝીઝ કોકાએ ગુજરાતના પાટનગરમાં બંધાવ્યું હતું (ઈ.સ. ૧૫૯૦-૯૩). આ તળાવનો ઘેરાવો લગભગ ૧૨૦૦ ચો. ફૂટનો હતો. આ તળાવ બંધાવવામાં પાટણનાં પ્રાચીન મંદિરો અને મકાનોના અવશેષોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ તળાવની એક બાજુએ ઈ.સ. ૧૭૬૬-૬૭ માં દામાજી ગાયકવાડે બંધાવેલું એક શિવાલય આવેલું છે.

આ ઉપરાંત ઔરંગઝેબના રાજ્યકાળ દરમિયાન જૂનાગઢના સરદારખાન ફોજદારે ઈ.સ. ૧૬૬૬માં એક તળાવ બંધાવ્યું હતું.

કુંડ : 'મિરાતે અહમદી'માં ગુજરાતમાં અસ્તિત્વ ધરાવતા કેટલાક કુંડોના ઉલ્લેખ છે. જેવા કે ગંગા-જમના કુંડ, દામોદર કુંડ (ગિરનારની તળેટી), લોટી કુંડ (પાટણના બે મુજપુર પાસે), કામીર કુંડ (ખંભાત પાસે) લસુંદરાના કુંડ (કપડવંજ પાસે), દેવકી ઊનાઈના કુંડ (ગણદેવી, જિ. સુરત પાસે) વગેરે.

વાવ : બાદશાહ જહાંગીરના સમયમાં અમદાવાદના સલીમપુરા નામના પરામાંથી મળેલા એક લેખ પરથી જણાય છે કે મોડાસા કસબાના એક સુલેમાન નામના પરામાંથી મળેલા એક લેખ પરથી જણાય છે કે મોડાસા કસબાના એક સુલેમાન નામના વહોરાએ હિ.સં. ૧૦૩૨ (ઈ.સ. ૧૬૨૨) માં એક વાવ

બંધાવવાની શરૂઆત કરેલી તે હિ.સં. ૧૦૩૫ (ઈ.સ. ૧૬૨૬)માં પૂરી થઈ હતી. ખંભાત નજીક કસારી ગામ પાસે, ઘોઘા (જિ. ભાવનગર)માં, અમદાવાદમાં પાંચકૂવા પાસેની અમૃતવર્ષિણી વાવ, વાયડની વાવ વગેરે નોંધપાત્ર વાવો મુઘલકાળ દરમિયાન બંધાઈ હતી એમ ઉપલબ્ધ અભિલેખો પરથી જાણવા મળે છે.

કૂવા : સૂબા આઝમખાને હિ.સં. ૧૦૫૧ (ઈ.સ. ૧૬૪૨)માં રાણપુરમાં નદીકિનારે એક કૂવો બંધાવ્યો હતો. આ મતલબનો એક લેખ કૂવાની દીવાલમાંથી મળી આવેલો છે.

આ ઉપરાંત, વિ.સં. ૧૭૪૨ (ઈ.સ. ૧૬૮૬) માં અંજારમાં પૂજારી માધવગરે એક કૂવો બંધાવ્યો હતો. વિ.સં. ૧૭૫૭ (ઈ.સ.૧૭૦૧)માં ઔરંગઝેબના સમયમાં પાટણમાં સાળવીવાડમાં ઢલ કૂવો નામે એક કૂવો કરાવવામાં આવ્યો હતો. તેનો જીર્ણોદ્ધાર ઈ.સ. ૧૭૦૧માં થયો હતો.

ગુજરાતમાં ખેડા જિલ્લામાં વાત્રક નદીના કાંઠે આવેલા આમલિયારાથી ૮ કિ.મી. દૂર આવેલા મોડવા ગામમાં એક મુઘલકાલીન કૂવો આવેલો છે. કૂવો મહેમદાવાદના ભમરિયા કૂવાને મળતો છે. તે ઈંટ-માટીનો બનાવેલો છે. કૂવામાં સાંકડી કમાન બનાવેલ છે. તેની બીજી બાજુએ ત્રણ મજલાનું ઓરડાવાળું બાંધકામ જોવા મળે છે. દરેક મજલાનો વચ્ચેનો ઓરડો મોટો અને કમાનદાર બારીવાળો બનાવેલો છે. નાના ઓરડામાં ભમરીવાળી સીડી છે. દીવાલમાં હવાઉજાસ માટે વ્યવસ્થા છે. અનેક ગોખ છે.

શિલ્પો

મુઘલકાલીન ગુજરાતમાં પ્રાચીનકાળ જેવાં ભવ્ય દેવાલયો ન હોવાથી શિલ્પોમાં વિવિધતા જોવા મળતી નથી. આ સમયનાં શિલ્પો મોટે ભાગે શામળાજી, દ્વારકા જેવાં મંદિરોમાં તથા અન્ય દેવળોમાં છૂટાંછવાયાં મળે છે. તેમાં દેવો, માનવ-આકૃતિઓ, પ્રાણીઓ, રૂપાંકનો વગેરે શિલ્પોનો સમાવેશ થાય છે. આ સમયે ભૌમિતિક અને ફૂલવેલની આકૃતિઓનું પ્રાધાન્ય હતું. આ ઉપરાંત, ધાતુકલા અને કાષ્ઠકલાનો વિકાસ થયો હતો.

દેવોનાં શિલ્પો : સાબરકાંઠા જિલ્લાનાં શામળાજીના ગદાધર મંદિરમાં વિવિધ દેવદેવીઓની પ્રતિમાઓ મળી આવે છે. આમાં વિષ્ણુ, શિવ, ગણેશ, યમ, કુબેર, ઈશાન, અગ્નિ, નૈઋતિ, વાયુ, ઈન્દ્ર, વરુણ વગેરે દેવદેવીઓનો સમાવેશ થાય છે. મંદિરની મુખ્ય પ્રતિમા વિષ્ણુના ત્રિવિક્રમ સ્વરૂપની છે. મંદિરમાં અન્ય બે વિષ્ણુનાં સ્વરૂપો છે - એક નૃત્યમુદ્રામાં અને બીજું ગરુડારૂઢ લક્ષ્મી નારાયણનું સ્વરૂપ છે. દેવીઓનાં શિલ્પોમાં ઈન્દ્રાણી, યમી, વૈષ્ણવી વગેરેનો સમાવેશ થાય છે. મંદિરના નરથરમાં રામ, સીતા તેમ જ બાલકૃષ્ણનાં સ્વરૂપોની સાથે વિવિધ પ્રસંગો - જેવા કે લંકાદહન, વાલીવધ, સીતાહરણ, વાસુદેવનું ગોકુલગમન, કાલીયમર્દન, પૂતનાવધ, દાણલીલા, વસ્ત્રહરણ વગેરે પ્રસંગો કંડારેલા છે.

દ્વારકાધીશના મંદિરમાં ત્રિવિક્રમ વિષ્ણુની પ્રતિમા, દિક્પાલોનાં વ્યાલશિલ્પો વગેરે મળી આવે છે. નારાયણ સરોવરના મંદિરમાં વિષ્ણુની ત્રિવિક્રમ સ્વરૂપની ચતુર્ભુજ મૂર્તિ આવેલી છે.

અસારવાના મુઘલકાલીન નીલકંઠ મહાદેવના મંદિરમાં એક દશભુજ ગણેશની ઊભી પ્રતિમા આવેલી છે. શામળાજીના મંદિરમાં નૃત્ય કરતા ગણેશની પ્રતિમા જોવા મળે છે. ખંભાતના મહાલક્ષ્મીનારાયણ મંદિરમાં એક સફેદ આરસની લક્ષ્મીજીની પ્રતિમા આવેલી છે તે મુઘલકાલીન હોય તેમ લાગે છે. અમદાવાદમાં દોશીવાડાની પોળમાં આવેલા નટવરલાલ શ્યામલાલ મંદિરમાં આ સમયની એક વેણુગોપાલની દ્વિભુજ પ્રતિમા આવેલી છે.

આ ઉપરાંત અમદાવાદ, શત્રુંજય ,ગિરનાર, ખંભાત, પાટણ વગેરે સ્થળોનાં મુઘલકાલીન જૈન મંદિરોમાં ઋષભદેવ, નેમિનાથ, પાર્શ્વનાથ, મહાવીર વગેરે તીર્થંકરોની પ્રતિમાઓ ઉપરાંત યક્ષ-યક્ષિણીઓ, વિદ્યાદેવીઓ વગેરેની પ્રતિમાઓ મળી છે.

શૃંગાર શિલ્પો : શામળાજી, દ્વારકાધીશ, કુંભારિયાં વગેરે સ્થળોનાં મંદિરોમાં ઓછાવત્તા પ્રમાણમાં ભોગાસનનાં શિલ્પો જોવા મળે છે.

માનવ-આકૃતિનાં અને પ્રાણીઓનાં શિલ્પો : આવા શિલ્પો શામળાજીના

મંદિરની દીવાલ ઉપર અશ્વથર તથા નરથર વિભાગમાં તેમ જ દ્વારકાધીશના મંદિરમાં જોવા મળે છે. પ્રાણીઓનાં શિલ્પોમાં હાથી, વૃષભ. હંસ, મયૂર, કપોત, મૂષક, ગરુડ વગેરેનો સમાવેશ થાય છે.

આ સમયનાં ઘણાં ધાતુશિલ્પો, વડોદરા, ભૂજ, જૂનાગઢ, રાજકોટ વગેરે સ્થળોનાં સંગ્રહાલયોમાં, નાનાંમોટા મંદિરોમાં તેમ જ ઘણી વ્યક્તિઓનાં ખાનગી દેવસ્થાનોમાં જોવા મળે છે. આ જ પ્રમાણે આ સમયનાં ઘણાં લાકડાનાં શિલ્પો તથા કોતરકામ પાટણ, સુરત, અમદાવાદ વગેરે સ્થળેથી મળી આવે છે. સુરતના ચિંતામણિ દેરાસરનું લાકડાનું કોતરકામ ઘણું જ ઉત્તમ પ્રકારનું છે.

મુઘલકાલીન મસ્જિદોમાં જાળીઓ, ગોખ, ઝરૂખા, મિનારા વગેરે ઉપર સુંદર કોતરકામ કરેલું જોવા મળે છે. સલ્તનતકાળ કરતાં મુઘલકાલીન મસ્જિદોમાં રૂપાંકનોનું પ્રમાણ ઘણું ઓછું જોવા મળે છે. એમાં મોટે ભાગે પુષ્પ, ચિરાગ વગેરે નજરે ઊભેલ અવસ્થાનાં પડે છે. આવાં રૂપાંકનો અમદાવાદની સરદારખાનની મસ્જિદ, નવાબ સુજાતખાનની મસ્જિદ, શેખ વજીઉદ્દીનની દરગાહ વગેરે સ્થળે જોવા મળે છે.

ચિત્રકલા

ચૌલુક્યકાળ દરમિયાન જૈનોએ લઘુ ચિત્રશૈલીની વિકાસ કર્યો. સલ્તનતકાળમાં ચિત્રકલાનો વિકાસ કેટલેક અંશે અટકી ગયો હતો. મુઘલકાળ દરમિયાન ગુજરાતમાં ચિત્રકલાનો સારી રીતે વિકાસ થયો. અકબર બાદશાહના દરબારમાં ગુજરાતનાં ચિત્રકારોનું ઘણું માન હતું.

આ સમયે ચિત્રોના વિષય ગ્રંથોના વિષય અનુસાર ધાર્મિક હોઈ તેમાં મુખ્યત્વે દેવદેવીઓ, સાધુ-સાધ્વીઓ, શ્રાવક-શ્રાવિકાઓ, રાજાઓ, નામાંકિત ગૃહસ્થો વગેરે લગતાં ચિત્રો દોરાતાં. આ સમયનાં ચિત્રો ઈ.સ. ૧૫૮૩ની 'સંગ્રહણી સૂત્ર'ની હસ્તપ્રત, કચ્છના અંજાર ગામેથી મળેલી ઉત્તરાધ્યયન સૂત્રની ચિત્રોવાળી પોથી, મુનિ પુણ્યવિજયજીને દોશીવાડાની પોળમાંથી વિ.સં. ૧૭૬૫ (ઈ.સ.૧૭૦૮)માં મળેલી ઉપદેશમાલાની પોથી, અમદાવાદના દેવશાના પાડાના ભંડારમાં આવેલ 'હરબલ ચોપાઈ'ની પોથી, વિજયસેન અને વિવેકહર્ષસૂરિને લગતાં ચિત્રો,

'ધન્નાશાલિભદ્ર-રાસ'નાં ચિત્રો, શ્રીધરની ઈ.સ. ૧૬૧૦ની દશકસ્કંધન ગુજરાતી ભાવાર્થવાળી જોધપુરમાંથી મળેલી પોથી, વિ.સં. ૧૭૧૬ (ઈ.સ. ૧૬૬૦) ની આસપાસ સુરતમાં લખાયેલ ચંદ્રરાજાના રાસની પોથી, મુંબઈના પ્રિન્સ ઑવ વેલ્સ મ્યુઝિયમમાં સચવાયેલી, સુરતમાં લખાયેલી અને ચિત્રાયેલી 'દુર્ગાશપ્તશતી'ની પોથી વગેરેમાંથી મળી આવે છે.

આ સમયની ચિત્રકલામાં મુઘલ ચિત્રશૈલીની અસર વર્તાય છે. પોથીઓ ઉપરાંત મુઘલ શૈલીની અસર દર્શાવતાં બાદશાહ જહાંગીરનાં ફરમાનોને લગતાં બે સુંદર ચિત્રો મળ્યાં છે. આ ચિત્રો જહાંગીરના દરબારી કલાકાર શાલિવાહને દોરેલાં છે. એક ચિત્રમાં સં. ૧૬૬૭માં વિજયસેનસૂરિએ મોકલાવેલા વિજ્ઞપ્તિપત્રમાં વિવેક-હર્ષગણિએ રાજા રામદાસ દ્વારા બાદશાહ જહાંગીરની મુલાકાત લીધી અને બાદશાહે પર્યુષણના તહેવારમાં જીવહિંસા નહિ કરવાનું ફરમાન કાઢ્યું તેનું આલેખન કરવામાં આવેલું છે. બીજું ચિત્ર વિજયસેનસૂરિનું છે. તેમાં સુરિની આસપાસ શ્રાવકો બેઠેલા છે ; વિજયહર્ષસૂરિ દેખાય છે ; તેમની પાછળ મુઘલ દરબારનો કોઈ અધિકારી હોય તેમ જણાય છે. આ ચિત્રમાં અંકિત શ્વેતાંબર જૈન સાધુઓની વેશભૂષા ઘણી જ નોંધપાત્ર છે.

આ ઉપરાંત, જિનસિંહસૂરિના શિષ્ય મતિસારે રચેલ 'ધન્નાશાલિભદ્રરાસ' માંનાં ચિત્રો જહાંગીરના દરબારી ચિત્રકાર શાલિવાહને આલેખેલાં છે. આ પ્રતનું લખાણ દેવનાગરી લિપિમાં જૂની ગુજરાતીમાં લખેલું છે. એમાં કુલ ૩૯ ચિત્રો છે.

પંડિત ઉદહર્ષે 'મેઘદૂત'ની નકલ વિ.સં. ૧૭૨૬ (ઈ.સ. ૧૬૭૦)માં આસણીકોટ (રાજસ્થાન)માં કરી હતી. આ હસ્તપ્રત અમદાવાદના લા. દ. ભારતીય સંસ્કૃત વિદ્યામંદિરમાં સંગૃહીત કરેલી છે. શ્રી લાભકીર્તિ ગણિના શિષ્ય હર્ષસોમે જામનગરમાં વિ.સં. ૧૭૦૨ (ઈ.સ. ૧૬૪૪)માં તૈયાર કરેલી 'કુમારસંભવમ્' ની સચિત્ર પ્રત પણ આ જ સંસ્થામાં સાચવી રાખેલી છે.

સોળમા સૈકાની ગુજરાતીની શૈલીનાં ચિત્રોવાળી 'રાજપ્રશ્નીય સૂત્ર' ની એક પ્રત મુનિશ્રી પુણ્યવિજયજીના સંગ્રહમાં છે. ડૉ. ઉમાકાન્ત શાહ તેની લિપિ અને મરોડ પરથી તે પ્રત ઈ.સ. ૧૬૦૦ કે તેની અગાઉના સમયની હોવાનું માને છે.

ઈ.સ. ૧૯૨૯માં 'બાલગોપાલસ્તુતિ'ની એક હસ્તપ્રત મળી આવેલી છે. તેમાં લગભગ ૪૦ ચિત્રો છે. આ પોથી પંદરમી સદીના ઉત્તરાર્ધની હોવાનું વિદ્વાનો માને છે. હાલમાં તે વડોદરાના સંગ્રહાલયમાં છે. ડૉ. મંજુલાલ મજમુદારને ખેડા જિલ્લાના પેટલાદ ગામની સંસ્કૃત પાઠશાળામાંથી એ સચિત્રપોથી મળેલી છે, જેમાં કુલ ૨૯ ચિત્રો છે. તે પોથી સત્તરમા સૈકાના પૂર્વાર્ધની હોવાનું મનાય છે.

'દશમસ્કંધ'ની શ્રીધરની ગુજરાતી ભાવાર્થવાળી એક ચિત્રિત પોથી જોધપુરમાંથી મળી આવેલી છે. આ પોથીનો સમય ઈ.સ. ૧૬૧૦નો છે. આ પોથીમાંનાં ચિત્રો નારદપુત્ર ગોવિંદે આલેખેલાં છે.

મુઘલકાળમાં ગુજરાતના સમાજજીવન ઉપર કવિ જયદેવના 'ગીતગોવિંદ'ની અસર વધુ હતી. 'ગીતગોવિંદ'ની પંદરમા સૈકાની મનાતી એક હસ્તપ્રત પાવાગઢના પૂજારી પંડિત બાલાશંકર પાસેથી પાટણમાંથી મળેલી છે. 'ગીતગોવિંદ'ની એક દશાવતારનાં ચિત્રોવાળી પોથી પાટણમાંથી પ્રો. કાન્તિલાલ બ. વ્યાસને મળેલી છે. આ પોથી તેની ભાષાશૈલી ઉપરથી સત્તરમા સૈકાની હોવાનું મનાય છે. આ પોથીમાંનું વિષ્ણુના વરાહ-અવતારનું ચિત્ર ઘણું સુંદર છે.

મુઘલકાળમાં ગુજરાતનાં જૈન અને હિંદુ મંદિરોમાં, રાજવીઓના મહેલોની દીવાલો ઉપર તથા ધનિકોની હવેલીઓના કાષ્ઠકામ ઉપર સુંદર ચિત્રકામ થતું. અમદાવાદના નગર શેઠ શાંતિદાસ ઝવેરીનું એક ચિત્ર ઝવેરીવાડના સાગરગચ્છના ઉપાશ્રયમાં થાંભલા ઉપર આલેખેલું છે. એમાં તેઓ પોતાના આચાર્ય ગુરુ રાજસાગર-સૂરિ સમક્ષ ધર્મલાભ પ્રાપ્ત કરતા જણાય છે. જામનગરના દરબારગઢમાંથી મુઘલકાલીન યુદ્ધદશ્યોનાં ચિત્રો મળી આવેલાં છે. તેમાં ઈ.સ. ૧૫૯૧માં ધ્રોળ નજીક ભૂચર મોરીમાં જામ સત્રસાલ અને મુઘલ સૂબા મિરઝા અઝિઝ કોકા વચ્ચે થયેલા યુદ્ધનું ચિત્ર આલેખેલું છે.

સૌરાષ્ટ્રમાં દામનગર પાસે આવેલા પાંડર સીગાના શિવાલયમાંથી અઢારમી સદીનાં કેટલાંક ભિત્તિચિત્રો મળી આવેલાં છે. આ ચિત્રોના પ્રસંગો રામાયણ અને ભાગવતમાંથી લેવામાં આવેલા છે. ચિત્રોમાં પાત્રોના આલેખનમાં ગુજરાતી શૈલીની વેશભૂષા જોવા મળે છે.

આ સર્વ ઉપરથી જણાય છે કે ચિત્રકલા પણ સાંસ્કૃતિક ઇતિહાસ મેળવવામાં ખૂબ મદદગાર બને છે. મુઘલકાલીન શૈલીવાળાં લઘુચિત્રોવાળી જૈન પોથીઓ ઉપરથી તત્કાલીન સમાજ પર જૈન ધર્મગુરુઓની અસર, મુઘલ દરબારમાં પ્રવર્તની તેમની પ્રતિભા, જીવદયા માટે તેમણે કરેલ કાર્ય, તત્કાલીન સમાજનો પહેરવેશ વગેરેનો ખ્યાલ આવે છે.

વૈષ્ણવ સંપ્રદાયની સચિત્ર પોથીઓ પરથી સમાજમાં 'ગીતગોવિંદ'નો મહિમા, ભગવાન વિષ્ણુ અને તેમના અવતારોનું સ્થાન તથા બાલકૃષ્ણના જીવનપ્રસંગોનો સમાજ ઉપરનો પ્રભાવ વગેરે બાબતોનો ખ્યાલ આવે છે. આ સર્વ ચિત્રો પરથી જણાય છે કે મુઘલકાળ દરમિયાન કૃષ્ણજીવનના અને ખાસ કરીને રાસલીલાના પ્રસંગો ઘણા જ લોકપ્રિય બન્યા હતા.

સંગીત

પંદરમી સદીમાં મુસ્લિમ આક્રમણો થતાં ગુજરાતનું સંગીત મોટે ભાગે વૈષ્ણવ હવેલીઓમાં સચવાયું. આ સમયનું સંગીત ભક્તિપ્રધાન હતું. આ સમયનો મહાન સંગીતકાર વૈજનાથદાસ (બૈજુ) ચાંપાનેર નિવાસી હતો. તે સમય જતાં મુઘલ દરબારનો માનીતો સંગીતકાર બન્યો હતો. તેણે 'સંગીત એકાદશા' નામનો ગ્રંથ રચ્યો હતો.

ઈ.સ. ૧૬૨૪માં જામનગરના દરબારી કવિ શ્રીકંઠે રચેલા 'રસકૌમુદી' નામના ગ્રંથમાંથી સંગીત વિશેની કેટલીક મળે છે. સોળમા-સત્તરમા સૈકામાં રચાયેલા જૈન રાસાઓમાં ખંભાતી રાગનો ઉલ્લેખ થયેલો છે. આજે આ ખંભાતી રાગ ખંભાતમાં ગવાય છે કે કેમ તે જાણવા મળતું નથી. રસકવિ દયારામે સંગીતના ક્ષેત્રમાં નોંધપાત્ર ફાળો આપેલો છે. તેમનો તંબુર તેમના સ્મૃતિચિહ્ન તરીકે આજે પણ ડભોઈમાં સચવાયેલો છે.

નાટ્યકલા

મુઘલકાલ દરમિયાન નાટ્યકલાના ક્ષેત્રમાં ભવાઈનું સ્થાન મહત્ત્વનું હતું. આ સમયે ભવાઈના વિવિધ વેશો ભજવાતા. ભવાઈના વેશો રસ્તામાં, ચોરામાં કે

મંદિરના ચોકમાં ભજવાતા. ભવાઈ શક્તિમાતાની ઉપાસનાનો એક પ્રકાર છે એમ મનાતું. એમાં સંવાદ કરતાં ગીત, વાદ્ય અને નર્તનને પ્રાધાન્ય અપાય છે. આ સમયે ભવાઈ દ્વારા નાટ્યકલા જીવંત અને લોકપ્રિય બની હતી.

સંદર્ભગ્રંથો

આચાર્ય નવીનચંદ્ર. આ.	શામળાજી, અમદાવાદ, ૧૭૭૯.
જોટ ર. ભી.	૧. ગુજરાતનું પાટનગર અમદાવાદ,૧૯૨૯.
	૨. ખંભાતનો ઇતિહાસ, અમદાવાદ, ૧૯૩૫.
ઝવેરી કૃ. મો.	ગુજરાતીઓએ લખેલા ફારસી ગ્રંથો, અમદાવાદ, ૧૯૪૫
દવે ક. ભા.	અંબિકા, કોટેશ્વર અને કુંભારિયાં, વડોદરા, ૧૯૬૩.
દેસાઈ મો. દ.	જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ, મુંબઈ, ૧૯૩૩.
નવાબ સારાભાઈ મ.	જૈન ચિત્રકલ્પદ્રુમ - ગ્રં. ૨, અમદાવાદ, ૧૯૫૮.
નાયક છોટુભાઈ ર.	ગુજરાતના નાગરોનું ફારસી ભાષા અને સાહિત્યનું ખેડાણ, અમદાવાદ, ૧૯૫૦.
પરીખ ર. છો. અને	ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ
શાસ્ત્રી હ. ગં (સં)	- ગ્રં. ૬ : મુઘલકાળ, અમદાવાદ, ૧૯૭૯.
ભટ્ટી નાગજીભાઈ કે.	નારાયણ સરોવર, અમદાવાદ, ૧૯૭૩.
મજમુદાર મંજુલાલ ર.	'ગુજરાતની ચિત્રકલા' શ્રી ફાર્બસ-ગુજરાતી
	ત્રૈમાસિક, પુ. ૮, અંક ૪, મુંબઈ, ૧૮૪૩-૪૪.
મહેતા ભરતકામ ભા.	ભવાઈના વેશની વાર્તાઓ, વડોદરા, ૧૯૬૪.

રાવળ રવિશંકર મ.	'પાંડરશિંગાનાં ભીંતચિત્રો' ગુજરાત સંશોધન મંડળનું ત્રૈમાસિક - પું. ૧, અંક ૪, મુંબઈ, ૧૯૩૯.
વ્યાસ કાંતિલાલ બ.	સત્તરમા શતકની ગુજરાતી ચિત્રકલા, ગુજરાત સંશોધન મંડળનું ત્રૈમાસિક - પુ. ૧૦, મુંબઈ, ૧૯૪૮.
શાહ ઉમાકાન્ત પ્રે.	૧. સોળમા સૈકાની ગુજરાતી ચિત્રશૈલી, સ્વાધ્યાય : પુ. ૭, વડોદરા, ૧૯૬૯.
	૨. સુરતની ચિત્રકલા હિંદુ મિલન-મંદિર : વર્ષ ૨૫, અં. ૧૨, સુરત, ૧૯૭૩.
સોમપુરા કા. ફૂ.	દ્વારકાધીશનું મંદિર : દ્વારકા સર્વસંગ્રહ, દ્વારકા, ૧૯૭૩.
Burgess J.	Muhammadan Architecture of Ahmedabad, London, 1950.
Fergussion J.	Architecture at Ahmedabad, London, 1866.
Majmudar M. R.	Gajarat : Its Art-Heritage, Bombay, 1968
Mehta N. C.	Studies in Indian Paintings, Bombay, 1926.

●

પ્રકરણ ૮ : મરાઠાઓના અમલ નીચેનું ગુજરાત

ખંડ ૩ : મરાઠાકાળ

રાજકીય ઈતિહાસ

મુઘલ બાદશાહ ઔરંગઝેબના મૃત્યુ બાદ મુઘલ સત્તા નબળી પડતાં ગુજરાતમાં ધીરે ધીરે મરાઠાઓના શાસનનો ઉદય થયો. મરાઠા શાસન દરમિયાન ગુજરાતમાં ચારે બાજુ અંધાધૂંધી અને અવ્યવસ્થા ફેલાઈ. મરાઠા શાસનના પ્રારંભકાળમાં લખાયેલ 'મિરાતે અહમદી', 'સેલુકરનો ગરબો', 'ફતેહસિંહરાવનો ગરબો', 'ચાડિયાની લાવણી' વગેરે સાહિત્યકૃતિઓમાંથી તેમ જ આ સમયનાં ઉપલબ્ધ ખતપત્રો, સંસ્કૃત-ગુજરાતી અભિલેખો - જેવા કે પ્રાચીન જૈન લેખ સંગ્રહ, રાધનપુર પ્રતિમાલેખ સંગ્રહ વગેરેમાંથી આ સમયના રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસને લગતી વિપુલ માહિતી મળે છે.

મુઘલ બાદશાહ ઔરંગઝેબના ધર્માન્ધપણાને લીધે હિંદુપતના રક્ષણને અર્થે દક્ષિણ ભારતની પ્રજામાં શિવાજીએ રાષ્ટ્રીય ભાવના જાગ્રત કરી પોતાનું સ્વતંત્ર રાજ્ય સ્થાપ્યું. પોતે જીતેલા પ્રદેશોના રક્ષણ માટે પૈસાની વારંવાર જરૂર પડતાં, શિવાજીએ પૈસા મેળવવા ગુજરાત ઉપર અવારનાર આક્રમણો કરી અઢળક દોલત લૂંટમાં મેળવી. આ પરિસ્થિતિ શિવાજીના મૃત્યુ બાદ પણ ચાલુ રહી. શિવાજી પછીના મરાઠા સરદારોએ એક યા બીજા બહાના હેઠળ ગુજરાત ઉપરનાં આક્રમણો ચાલુ રાખ્યાં.

દિલ્હીની મુઘલસત્તા નબળી પડતાં ગુજરાતના મુઘલ સરદારોમાં ગુજરાતની સૂબાગીરી મેળવવા માટેની ખટપટો વધી પડી. આ તકનો લાભ લઈ એક યા બીજા પક્ષને મદદ કરવાના બહાને મરાઠાઓએ ધીરે ધીરે ગુજરાત પર વર્ચસ્ જમાવવા માંડ્યું. ઈ.સ. ૧૭૧૬માં પેશવા બાલાજી વિશ્વનાથે ગુજરાતમાં મરાઠા સત્તા વિસ્તારવા માટે ખંડેરાવ દાભાડે નામના માણસની નિમણૂક કરી. આ દાભાડે પૂનાના

રાજકારણમાંથી મુક્ત થઈ ગુજરાત ઉપર ધ્યાન આપી શકે તેમ ન હોવાથી, તેણે પોતાના વિશ્વાસુ સરદારો કંથાજી કદમ અને દયાજી ગાયકવાડ તથા તેના ભત્રીજા પિલાજીરાવ ગાયકવાડને ગુજરાતનો હવાલો સોંપ્યો. બીજી તરફ પેશવા બાલાજી વિશ્વનાથ તથા દાભાડેએ મુઘલ બાદશાહ મુહમ્મદશાહ અને તેના દીવાન અલીભાઈઓ પાસેથી કુનેહથી ગુજરાતમાંથી ચોથ ઉઘરાવવાનો હક મેળવ્યો. ધીરે ધીરે તેમણે ચોથ ઉઘરાવવાના બહાને ગુજરાતમાં ત્રાસ વર્તાવવા માંડ્યો. અઢારમી સદીના મધ્ય ભાગ સુધીમાં તો દક્ષિણ ગુજરાત અને પૂર્વ ગુજરાતના ઘણાખરા પ્રદેશો ઉપર મરાઠાઓનું વર્ચસ્ સ્થપાયું.

ગુજરાતની અવ્યવસ્થિત રાજકીય પરિસ્થિતિનો કંથાજીએ લાભ લેવા માંડ્યો. તેનો આશય ગુજરાતમાં મરાઠા સત્તા સ્થાપવાનો હતો. તેણે મુઘલ સરદાર હમીદખાનને તેના દુશ્મન મુઘલ સૂબા સુજાતખાનને હરાવવા મહી નદીના ઉત્તરના પ્રદેશમાંથી ચોથ ઉઘરાવવાની શરતે લશ્કરી મદદ કરી. સુજાતાખાન હારતાં મરાઠાઓએ અમદાવાદમાં પ્રવેશ કર્યો. શરત પ્રમાણે હમીદખાન મરાઠાઓની રકમ ચૂકવી ન શકતાં મરાઠાઓએ અમદાવાદ લૂંટ્યું. થોડાક સમય બાદ ચોથ ઉઘરાવવાની બાબતમાં મરાઠા સરદાર કંથાજી અને પિલાજીરાવ વચ્ચે મતભેદ પડતાં છેવટે મહી નદીના પૂર્વ તરફના પ્રદેશમાંથી પિલાજીરાવ ચોથ ઉઘરાવે અને પશ્ચિમ તરફના ભાગમાંથી કંથાજી ચોથ ઉઘરાવે એમ નક્કી કરવામાં આવ્યું.

ધીરે ધીરે કંથાજી અને પિલાજીરાવ ગુજરાતમાં બળવાન બનતા જતા હતા. તેઓ પૂનાના પેશવાઓની અવગણના કરતા હતા. આ વાત પૂનાના પેશવા બાલાજી બાજીરાવને ખૂબ ખટકતી હતી. આથી ગુજરાતમાંની ચોથનો પોતાનો હિસ્સો વસૂલ કરવા બાલાજી બાજીરાવ અને તેમનો ભાઈ ચિમનાજી જાતે ગુજરાતમાં આવ્યા. આ તકનો લાભ મુઘલ સૂબા સરબુલંદખાંએ ગુજરાતમાં મરાઠા સરદારોને પેસવા ન દેવાની અને તેના બદલામાં સુરત અને અમદાવાદ સિવાયના પ્રદેશમાંથી પેશવા ચોથ અને સરદેશમુખી ઉઘરાવે તેવી તથા અમદાવાદની આવકમાંથી ૫ ટકાનો હિસ્સો આપવાની શરતે પેશવા સાથે સંધિ કરી. આ સંધિ દિલ્હી દરબારને અપમાનજનક લાગતાં તેણે તે ફગાવી દીધી અને ગુજરાતના સૂબાને પદભ્રષ્ટ કરી તેના સ્થાને મારવાડના રાજા અભયસિંહને ગુજરાતનો સૂબો બનાવ્યો.

ઈ.સ. ૧૭૨૯માં ખંડેરાવ દાભાડેનું મૃત્યુ થતાં તેનો પુત્ર ત્રંબકરાય દાભાડે ગુજરાતનો સત્તાધીશ બન્યો. તે પેશવાનો વિરોધી હોવાથી ચોથ અને સરદેશમુખીમાંથી પેશવાને હિસ્સો આપવાને બદલે ગુજરાતમાંથી પેશવાઈને નાબૂદ કરવા પ્રયત્ન કરવા લાગ્યો. તે મરાઠાઓના દુશ્મન નિઝામની મદદ લઈને પેશવા સામે યુદ્ધે ચડ્યો. પેશવા અને ત્રંબકરાવ દાભાડે વચ્ચે વડોદરા જિલ્લાના ડભોઈ પાસેના ભીલપુર ગામ પાસે ભયંકર યુદ્ધ થયું. આ યુદ્ધમાં ત્રંબકરાવ મરાયો. છેવટે દાભાડે અને ગાયકવાડના કુટુંબે પેશવાની સત્તા માન્ય કરવી પડી. તેમણે ગુજરાતની ચોથની આવકમાંથી પેશવાને હિસ્સો આપવાનું સ્વીકારવું પડ્યું.

ત્રંબકરાવ દાભાડેનું મૃત્યુ થતાં તેનો પુત્ર યશવંતરાવ ગુજરાતનો સુકાની બન્યો; પણ તે સગીર હોવાથી તેના બદલે પિલાજીરાવ ગાયકવાડે સત્તાનાં સૂત્રો ધારણ કર્યાં. પિલાજીરાવે હોશિયારીપૂર્વક ધીરે ધીરે પોતાની સત્તા ગુજરાતમાં વધારી. ઈ.સ. ૧૭૩૨ માં ગુજરાતના મુઘલ સૂબા અભયસિંહે પિલાજીરાવનું ડાકોરમાં ખૂન કરાવ્યું. આથી ગુસ્સે થઈને ત્રંબકરાવ દાભાડેની પત્ની ઉમાબાઈ તથા પિલાજીરાવના પુત્ર દમાજીરાવ ગાયકવાડે અમદાવાદ ઉપર આક્રમણ કર્યું. અભયસિંહે આ વખતે ખંભાતના નવાબ મોમીનખાંની મદદ વડે સખ્ત સામનો કર્યો, પણ છેવટે અભયસિંહે મરાઠાઓ સાથે સંધિ કરવાની ફરજ પડી. ઈ.સ. ૧૭૩૪માં વડોદરા ગાયકવાડની રાજધાનીનું શહેર બન્યું. અભયસિંહ ગુજરાતની પરિસ્થિતિથી તંગ આવી જઈ પોતાના વિશ્વાસુ સરદાર રતનસિંહ ગુજરાતની પરિસ્થિતિથી તંગ આવી જઈ પોતાના વિશ્વાસુ સરદાર રતનસિંહ ભંડારીને અમદાવાદનો હવાલો સોંપી મારવાડ ચાલ્યો ગયો.

ઉમાબાઈએ દમાજીરાવને દક્ષિણમાં લશ્કરી કામગીરી સોંપતાં એનો મદદનીશ રંગોજી ગુજરાતનો સૂબો બન્યો. ખંભાતન મોમીનખાએ ગુજરાતની સૂબાગીરી મેળવવા અર્ધું અમદાવાદ આપવાની શરતે રંગોજી સાથે સંધિ કરી. તક જોઈ બંનેએ ભેગા મળી અમદાવાદ ઉપર આક્રમણ કર્યું. રતનસિંહ ભંડારી હાર્યો. શરત મુજબ મોમીનખાંએ અર્ધું અમદાવાદ રંગોજીને સોંપી દીધું (ઈ.સ. ૧૭૩૭). ધીરે ધીરે રંગોજીએ અમદાવાદમાં રહી સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતના પ્રદેશોમાં મરાઠાઓની સત્તા વિસ્તારી.

ઈ.સ. ૧૭૪૩માં મોમીનખાંનું અવસાન થતાં ફરી પાછો ગુજરાતની સૂબાગીરી માટે સંઘર્ષ શરૂ થયો. રંગોજીએ પાટણના સૂબેદાર જવાંમર્દખાંની મદદથી પોતાનું સ્થાન ટકાવી રાખ્યું. ઈ.સ. ૧૭૪૯માં છત્રપતિ શાહુનું અવસાન થતાં પૂનામાં તારાબાઈ અને બાલાજી વિશ્વનાથ વચ્ચે સત્તા માટે સંઘર્ષ શરૂ થયો. દમાજીરાવ ગાયકવાડ તારાબાઈના પક્ષે જોડાતાં બાલાજી વિશ્વનાથે દમાજીરાવ ઉપર ગુજરાતની આવકમાંથી પોતાને મળતો હિસ્સો આપી દેવા દબાણ કર્યું. દમાજીરાવ લેણી રકમ નહિ આપી શકતાં પેશવાએ દમાજીરાવ તથા તેના ભાઈનું લોહગઢના કિલ્લામાં નજરકેદ કર્યા. છેવટે બંનેએ બાલાજી વિશ્વનાથની શરતોનો સ્વીકાર કરી છુટકારો મેળવ્યો. શરત અનુસાર સુરત મહાલના તાપી નદીના ઉત્તર-દક્ષિણ પ્રદેશમાંથી તથા મહી નદીના ઉત્તર બાજુના ગોધરા, ધંધુકા તથા વિરમગામ સુધીના પ્રદેશમાંથી ચોથ અને સરદેશમુખી ઉઘરાવવાનો હક પેશવાને મળ્યો.

પૂનાના પેશવા અને દમાજીરાવ ગાયકવાડ વચ્ચે થયેલી સમજૂતી અનુસાર દમાજીરાવ ગાયકવાડ તથા પેશવાના ભાઈ રઘુનાથરાવ (રાઘોબા) બંનેએ સંયુક્તપણે અમદાવાદ ઉપર આક્રમણ કર્યું. ઈ.સ. ૧૭૫૩માં તેમણે અમદાવાદ કબજે કર્યું. રાઘોબાએ વિઠ્ઠલ શિવદેવને અમદાવાદનો વહીવટ સોંપ્યો. અમદાવાદનો કબજો મેળવ્યા બાદ મરાઠાઓએ ખંભાતના નવાબ મોમીનખાંને ખંડણી ભરવાની ફરજ પાડી. પરિણામે મોમીનખાં અને મરાઠાઓ વચ્ચે ફરીથી સંઘર્ષ થયો. ઈ.સ. ૧૭૫૬માં મોમીનખાંએ દમાજીરાવ અને રાઘોબાની ગેરહાજરીનો લાભ લઈ અમદાવાદ કબજે કરતાં પૂનાના પેશવા બાલાજી બાજીરાવે તરત જ અમદાવાદ ઉપર આક્રમણ કર્યું. એક વર્ષના સખત સંઘર્ષ બાદ છેવટે મોમીનખાં હાર્યો અને ફરીથી મરાઠાઓએ અમદાવાદનો કબજો મેળવ્યો (ઈ.સ. ૧૭૫૮).

ધીરે ધીરે દમાજીરાવ ગાયકવાડ તથા પેશવાના સેનાપતિ સદાશિવ રામચંદ્રે અમદાવાદ અને તેની આસપાસના પ્રદેશમાં શાંતિ સ્થાપી. સદાશિવરામે મરાઠાઓના સિક્કા ગુજરાતમાં ચાલુ કર્યા. રાજ્યના મહત્ત્વના હોદ્દાઓ પરથી મોમીનખાંના માણસોને દૂર કર્યા. દમાજીરાવે અમદાવાદમાં જમાલપુરમાં પોતાની હવેલી પાછળ વાવ કરાવી તથા અમદાવાદના કોટનું સમારકામ કરાવ્યું.

હારેલો મોમીનખાં ખંભાત રવાના થયો. પણ તેણે મરાઠાઓ સાથે સંઘર્ષ ચાલુ રાખ્યો. દમાજીરાવે પોતાનો ખંભાતનો હિસાબ ચૂકતે કરવા ખંભાત ઉપર આક્રમણ કર્યું. મોમીનખાં અંગ્રેજોની મદદ વડે પેશવા પાસે પૂના નાસી ગયો. પૂનામાં જઈ પેશવાનો મિત્ર બની, કેટલીક બાંયધરી લઈ જળમાર્ગે ખંભાત પાછો આવ્યો. સદાશિવ રામચંદ્ર વાડાશિનોર, લુણાવાડા, પાલનપુર, હળવદ વગેરે પ્રદેશો પર મરાઠાઓની સત્તા સ્થાપી (ઈ.સ. ૧૭૬૦).

ઈ.સ. ૧૭૬૧માં પાણીપતના મેદાનમાં મરાઠાઓની સખત હાર થતાં મોમીનખાંએ પોતાની ચાલ બદલી. તેણે દમાજીરાવ સાથે મળી જઈ ગુજરાતમાંથી પેશવાને હઠાવવાની પેરવી કરવા માંડી. તેમાં તેને જોઈએ તેટલી સફળતા ન મળી. દમાજીરાવે ખંભાતના મોમીનખાંની સત્તા હેઠળ ખેડા જિલ્લો તથા તેની આસપાસનો પ્રદેશ કબજે કર્યો.

અચાનક પેશવા બાલાજી વિશ્વનાથનું મૃત્યુ થતાં પૂનામાં તેની જગ્યાએ તેનો પુત્ર માધવરાવ પેશવા બન્યો. માધવરાવ અને તેના કાકા રઘુનાથરાવ (રાઘોબા) વચ્ચે સત્તા માટે સંગ્રામ શરૂ થતાં દમાજીરાવ રઘુનાથરાવના પક્ષે જોડાયો. આથી માધવરાવે દમાજીરાવના પુત્રને કેદ કર્યો અને ગુજરાતનો કેટલોક પ્રદેશ ખંડણી પેટે લઈ લીધો. ઈ.સ. ૧૭૬૮માં દમાજીરાવનું મૃત્યુ થતાં તેના પુત્રો ગોવિંદરાવ અને ફતેસિંહરાવે માધવરાવની સર્વશરતો માન્ય કરી વડોદરાની પોતાની સત્તા પાછી મેળવી.

થોડાક વખતમાં વડોદરામાં ગોવિંદરાવ અને ફતેહસિંહરાવ વચ્ચે સત્તાનો સંઘર્ષ શરૂ થયો. કાબેલ ફતેહસિંહરાવે પૂના જઈ નવા કરાર કરી સત્તા અને લશ્કર રાખવાની પરવાનગી મેળવી. ગોવિંદરાવે સત્તા પાછી મેળવવા પ્રયત્નો કર્યા, પણ તેમાં તેને ધારી સફળતા ન મળી ફતેસિંહરાવે સમય ઓળખી અંગ્રેજો સાથે સુલેહ કરી. શરત પ્રમાણે નક્કી કરવામાં આવ્યું કે અંગ્રેજોએ ગુજરાતના જીતેલા પ્રદેશો પોતાની પાસે રાખવા અને ગાયકવાડની અંગત બાબતમાં દખલગીરી કરવી નહિ.

ઈ.સ. ૧૭૮૦માં અંગ્રેજોએ આક્રમણ કરી ફતેહસિંહરાવને પૂનાના પેશવાની પકડમાંથી છોડાવ્યો અને અમદાવાદ ફતેહસિંહરાવને સોંપ્યું. અમદાવાદનો વહીવટ

કરવા પોતાના કારભારી સદાશિવ ગણેશને નીમ્યો. આ સમય દરમિયાન પૂનામાં માધવરાવ પેશવાનું અવસાન થતાં તેનો નાનો ભાઈ નારાયણરાવ પેશવા બન્યો, પણ રઘુનાથરાવે તેનું ખૂન કરાવતાં તેનો પુત્ર માધવરાવ બીજો પેશવા બન્યો. ઈ.સ. ૧૭૮૭માં સાલબાઈ મુકામે અંગ્રેજો અને મરાઠાઓ વચ્ચે સંધિ થતાં અમદાવાદ અને તેની આસપાસના પ્રદેશ ઉપર ફરીથી પેશવાની સત્તા સ્થપાઈ. ઈ.સ. ૧૭૮૫માં પેશવા માધવરાવનું અવસાન થતાં રઘુનાથરાવનો પુત્ર બાજીરાવ બીજો પેશવા બન્યો.

શ્રી મગનલાલ વખતચંદના જણાવ્યા મુજબ, પેશવાના ગુજરાતના પ્રદેશમાં ઈ.સ. ૧૭૮૩ થી ૧૮૦૦ દરમિયાન ત્રંબકજી મકનજી, રાઘાજી જીવાજી, કરસનદાસ ભીમરાવ, સેલૂકર વગેરે સૂબેદાર થયા. સેલૂકરે ગુજરાતમાં સખ્ત ત્રાસ વર્તાવ્યો હતો. ઈ.સ. ૧૮૦૦માં ગાયકવાડને પેશવાના પ્રદેશમાંથી ચોથ ઉઘરાવવાનો ઈજારો મળતાં ગાયકવાડ તરફથી રાવબાદાદા તથા રઘુનાથ મહિપત (કાકાસાહેબ) વગેરે સૂબા બન્યા.

ગુજરાતમાં સત્તા મેળવવા વડોદરાના ગાયકવાડો અને પેશવાઓ વચ્ચે ચાલતા સંઘર્ષનો લાભ લઈ અંગ્રેજોએ ધીરે ધીરે ગુજરાતમાં પોતાની સત્તા વધારી. અંગ્રેજોએ કાઠિયાવાડમાં વગર પરવાનગીએ જમીનની માપણી કરતાં છેવટે પેશવાએ ગાયકવાડનો ઈજારો કાયમને માટે બંધ કર્યો (ઈ.સ. ૧૮૫૪). ધીરે ધીરે વડોદરામાં અંગ્રેજોનું વર્ચસ્ વધવા માંડ્યું. વડોદરાથી પેશવા સાથેનો હિસાબ સમજવા આવેલા અંગ્રેજોના કૃપાપાત્ર ગંગાધર શાસ્ત્રીનું પૂનામાં ખૂન થયું. આના પરિણામે અંગ્રેજો અને પેશવા બાજીરાવ બીજાના સંબંધો બગડ્યા. છેવટે પેશવા બાજીરાવ બીજાએ પોતાની સત્તા ટકાવી રાખવા પૂનાના કરાર કર્યા. આના પરિણામે વડોદરાના ગાયકવાડને ગુજરાતનો ઈજારો કાયમ માટે મળ્યો. લશ્કરી ખર્ચ પેટે અંગ્રેજ સરકારને કાઠિયાવાડમાંથી ઉઘરાવેલી રકમ આપવી પડી. નર્મદાની ઉત્તર તરફના પ્રદેશના કેટલાક હકો અંગ્રેજોને મળ્યા. અંગ્રેજો જ્યારે નેપાળ વિગ્રહમાં જોડાયેલા હતા, ત્યારે તકનો લાભ લઈ બાજીરાવ બીજાએ તેમની પકડમાંથી છૂટવા પ્રયત્ન કર્યો. ખડકી આગળ અંગ્રેજો અને પેશવા વચ્ચે યુદ્ધ થયું. કમનસીબે બાજીરાવ બીજો હારી ગયો. તેણે કાયમને માટે અંગ્રેજોની શરણાગતિ સ્વીકારી સમગ્ર મરાઠા રાજ્ય તેણે

અંગ્રેજોના ચરણે ધરી દીધું. ગાયકવાડે અમદાવાદ, દશક્રોઈ તાલુકો વગેરે અંગ્રેજોને આપીને પેટલાદ, સુરત અઠ્ઠાવીસી, સિદ્ધપુર વગેરે લીધાં.

આમ, ઈ.સ. ૧૮૧૮ ના જૂનની ૩જી તારીખે મરાઠા રાજ્યનો સંપૂર્ણપણે અસ્ત થયો. ગુજરાતમાં કંપની સરકારનું રાજ્ય સ્થપાયું. ઈ.સ. ૧૮૨૦માં ગાયકવાડ સયાજીરાવ બીજાએ અંગ્રેજી હાકેમ લોર્ડ એલ્ફિન્સ્ટન સાથે નવા કરાર કરીને ગુજરાતના ખંડિયા રાજાઓ ઉપરની સર્વ સત્તા અંગ્રેજોના ચરણે ધરી. છેવટે ગાયકવાડનું રાજ્ય પણ અંગ્રેજ તાબાનું રાજ્ય બની ગયું.

રાજ્યતંત્ર

મરાઠાઓનું રાજ્યતંત્ર આગળના મુઘલ બાદશાહોના રાજ્યતંત્ર જેવું હતું. સામાન્ય રીતે વહીવટી તંત્ર કથળી ગયું હતું. મરાઠાઓના (પૂનાની પેશવાઈ સરકારના) રાજ્યતંત્ર વિશે સવિશેષ માહિતી અભિલેખો અને સાહિત્યમાંથી મળે છે, પણ મરાઠાકાલીન ગુજરાતના રાજ્યતંત્ર વિશેની આધારભૂત માહિતી મેળવવી મુશ્કેલ છે. મુઘલોના શાસનની સાથે સાથે ગુજરાતમાં મરાઠાઓનું શાસન ચાલતું હતું, તેથી સંભવ છે કે કરવેરા-પદ્ધતિ સિવાય અન્ય વહીવટી તંત્ર મુઘલોની પદ્ધતિ પ્રમાણેનું ચાલતું હશે. ઉપલબ્ધ ખતપત્રોમાંથી તેમ જ 'મિરાતે અહમદી' જેવા ગ્રંથમાંથી મરાઠાકાલીન ગુજરાતના કેટલાક વહીવટી વિભાગો તથા અધિકારીઓ અંગેની માહિતી મળે છે. રાજ્યતંત્રની અન્ય વિગતો - જેવી કે મહેસૂલપ્રથા, ન્યાયતંત્ર વગેરેને લગતી માહિતી બહુ જ થોડી મળે છે.

રાજ્યતંત્રનું સ્વરૂપ

મરાઠાકાળ દરમિયાન ગુજરાતનો વહીવટ પૂનાના પેશવાઓ અને વડોદરાના ગાયકવાડો દ્વારા ચાલતો હતો. અહીંનો વહીવટ પૂનાના પેશવાઓ પોતાના સૂબા મારફતે ચલાવતા. પેશવાનો સૂબો અમદાવાદમાં રહેતો. ગાયકવાડે પોતાની રાજધાની વડોદરામાં રાખી હતી. આમ, મરાઠાઓની સત્તા હેઠળનો પ્રદેશ બે વિભાગોમાં વહેંચાયેલો હતો :

(૧) ઉત્તર ગુજરાત તથા પશ્ચિમ ગુજરાતનો મહી નદીની ઉત્તરનો પ્રદેશ પેશવાની સત્તા હેઠળનો રહેતો. એ પ્રદેશમાંથી પેશવાનો સૂબો ચોથ ઉઘરાવતો.

(૨) મહી નદીથી દક્ષિણના પ્રદેશમાંથી ગાયકવાડ ચોથ ઉઘરાવતો. એથી તે પ્રદેશ ગાયકવાડની સત્તા હેઠળનો મનાતો.

મરાઠાઓની હકૂમતનો સમય ગુજરાતમાં અવ્યવસ્થા, લૂંટફાટ અને લડાઈઓનો હતો. આ સમયે ઘડીમાં પેશવા તો ઘડીમાં ગાયકવાડ સર્વોપરી બનતા. આથી બંનેના વહીવટી તંત્રમાં ઘડી ઘડીમાં ફેરફાર થતા. આમ છતાં બંનેની રાજનીતિ એકસરખી જોવા મળે છે. ચોથ અને સરદેશમુખીના નામે બળજબરીથી પૈસા પડાવવા એ શાસનકર્તાઓનું મુખ્ય ધ્યેય હતું. 'રાસમાળા'માં ફાર્બસ નોંધે છે કે આખો દેશ પેશવા અને ગાયકવાડ વચ્ચે વહેંચાઈ ગયો હતો. શરૂઆતમાં મુઘલો અને મરાઠાઓના સંઘર્ષ લીધે સૌરાષ્ટ્રનાં રાજ્યો અલગ રહી બંનેને સાચવતાં હતા, જેની હુકમત સ્થપાય તેને ખંડાણી આપતાં હતાં. આથી મરાઠાઓ તેમની આંતરિક બાબતમાં માથું મારતા નહીં. અમદાવાદ શહેર શરૂઆતમાં મુઘલો અને મરાઠાઓ વચ્ચે વહેંચાઈ ગયું હતું, ત્યારે પછી તે ગાયકવાડ અને પેશવા વચ્ચે વહેંચાઈ ગયું હતું.

સમગ્ર રાજ્યતંત્ર લશ્કર ઉપર આધારિત હતું. આથી લશ્કરના ભરણ-પોષણ માટે પ્રજા પાસેથી જુદા જુદા નામે કરવેરા ઉઘરાવવામાં આવતા હતા. આ કરવેરા ઘણા ત્રાસરૂપ હતા. પ્રજાના રક્ષણ માટેની કોઈ જવાબદારી મરાઠાઓ સ્વીકારતા નહિ. આના પરિણામે શિક્ષણનો વિકાસ અટકી ગયો હતો. મરાઠાઓ હિંદુઓ હોવાથી કોઈ ધાર્મિક અત્યાચારો આ સમયે થયા નથી, તેમ છતાં ગુજરાતનો સાંસ્કૃતિક વિકાસ લગભગ રૂંધાઈ ગયો હતો.

અધિકારીઓ

ઉપલબ્ધ ખતપત્રો ઉપરથી જણાય છે કે ગુજરાતમાં મુઘલાઈ નબળી પડી હોવા છતાં કેટલાંક ખતપત્રોમાં 'પાદશાહ શાહઆલમ' નામનો ઉલ્લેખ થતો. સામાન્ય રીતે ગુજરાતનો વહીવટ સૂબેદાર મારફતે ચાલતો.

સૂબો : ગુજરાતમાં મરાઠાઓની સત્તા સ્થપાતાં પૂનાથી પેશવાના સૂબેદારની નિમણૂક થતી. એ જ પ્રમાણે અમદાવાદમાં ગાયકવાડ તરફથી સૂબાની નિમણૂક થતી. એ શહેર-સૂબા તરીકે ઓળખાતો. સૂબો પ્રાંતનો વડો મનાતો. તેણે મહેસૂલ ઉઘરાવવું મિલકત અને પ્રજાનું રક્ષણ કરવું તેમ જ ન્યાય લગતું કામ કરવાનું રહેતું.

પાદશાહી દીવાન : આ અધિકારીની નિમણૂક મુઘલે દરબાર, દિલ્હીમાંથી થતી. તે ૫૦ ઘોડેસ્વારીનો મનસબદાર ગણાતો. તે પોતાની સત્તા હેઠળના પ્રદેશમાંથી મહેસૂલ ઉઘરાવવાની તેમજ અન્ય લશ્કરી જવાબદારી સ્વીકારતો. મુઘલ બાદશાહની જાગીરોની તે દેખભાળ રાખતો.

પ્રાદેશિક દીવાન : પ્રાદેશિક દીવાનની નિમણૂક પાદશાહી દીવાન જાતે કરતો. પ્રાદેશિક દીવાન પાદશાહી દીવાનને રાજકારભારમાં મદદ કરતો.

બક્ષી : આ અધિકારી સામાન્ય રીતે અધિકારીઓના તથા સૈનિકોના પગાર ચૂકવવાને લગતું કાર્ય કરતો. 'મિરાતે અહમદી'માં જણાવ્યું છે કે 'મોટા બક્ષીઓના પત્રકમાં ચાર બક્ષીઓની મહોરવાળી સનદથી એમની નિમણૂક થાય છે.' બક્ષીઓ રાજ્યના નાના પરગણામાં બનતા બનાવોની માહિતી એકઠી કરી બાદશાહને પહોંચાડતા. તેઓ નાસી ગયેલા કે મરી ગયેલા મનસબદારોની જાગીરો જપ્ત કરતા.

મામલતદાર અને કમાવીસદાર : મામલતદાર સરકારનો અને કમાવીસદાર મહાલનો વડો કહેવાતો મોટે ભાગે તેઓ ખેડૂતની સ્થિતિ સુધારવાનું કાર્ય કરતા, રાજ્યમાં નવા ઉદ્યોગો પ્રોત્સાહન આપતા, ફોજદારી ઝઘડાઓ પતાવવાનું કાર્ય પણ કરતા. કમાવીસદાર ખેડૂતો અંગેની વિગતોને લગતું કાર્ય કરતો.

ફડનવીસ : આ અધિકારી નાણાંના હિસાબને લગતું કાર્ય કરતો. તે ફરમાનો પર મિતિ નાખતો, રોજમેળ તૈયાર કરતો, નાણાંની થેલીઓ તૈયાર કરતો. તે રાજ્યની આવક-જાવકનું સરવૈયું તૈયાર કરતો. મામલતદારને નાણાંને લગતો સર્વ હેવાલ આપતો.

કોટવાલ : કોટવાલ પોતાની સત્તા હેઠળના પ્રદેશનું રક્ષણ કરવાનું કાર્ય કરતો. તે ફોજદારી ગુનાઓનો નિકાલ કરતો. શહેરની આંતરિક વ્યવસ્થા અને કાયદો

સાચવતો. તે રાજ્યમાં ચીજવસ્તુના વેચાણભાવ ઉપર દેખરેખ રાખવાનું, શહેરમાં આવતા-જતા માણસોની નોંધ રાખવાનું વગેરે કાર્ય કરતો. શહેરમાં દસ વાગ્યે તોપ ફૂટ્યા પછી કોઈ ફરતું દેખાય તો તેને કોટવાલ પાસે હાજર કરવામાં આવતો. ટૂંકમાં, તે શહેરની દેખરેખ રાખતો અને પોતાના હાથ નીચેના જરૂરી અધિકારીઓની નિમણૂક કરતો.

હવાલદાર : હવાલદાર શહેરના રક્ષણ માટે રાખવામાં આવતી સૈનિકોની ટુકડીઓનો ઉપરી હતો. શહેરમાં શાંતિ જાળવવાનું કાર્ય કરતો.

કાનુનગો : આ અધિકારી જમીનને લગતા કાયદાની જાણકારી રાખતો. ખેડૂતો સાથે જમીનને લગતા હિસાબો પતાવતો.

મુફતી : 'મિરાતે અહમદી'માં અધિકારીને 'પેશકાર કાઝી' કહ્યો છે. આ ઉપરથી એમ લાગે છે કે કાઝીને ન્યાયના કાર્યમાં મદદ કરવાનું કાર્ય કરતો હશે.

અદાલતી દારોગા : આ અધિકારી અદાલતમાં વ્યવસ્થા જાળવવાનું કાર્ય કરતો.

વાકાનવાસ (વાકિઅહનવીસ) : આ અધિકારી રાજ્યમાં બનતા બનાવોની નોંધ રાખતો.

અમીન : અમીન સ્થાનિક અધિકારીઓ ઉપર કાબૂ રાખવાનું સૂબાની મિલકતનું રક્ષણ કરવાનું તથા રાજ્યનાં જુદાં જુદાં ખાતાંઓ ઉપર દેખરેખ રાખવાનું કાર્ય કરતો.

અદાલતનો કરોડો : આ અધિકારી રાજ્યના મહેસૂલને લગતું તેમ જ અદાલતનાં દંડની વસૂલાતને લગતું કામ કરતો. મુઘલ વહીવટી તંત્રમાં તેનો ખાસ કોઈ ઠેકાણે ઉલ્લેખ આવતો નથી.

દેસાઈ : આ અધિકારીઓ ગામડામાં થતી ખેતીને લગતી કામગીરી બજાવતા. તેઓ પ્રજા અને સરકાર વચ્ચે કડી સમાન હતા. મુખ્યત્વે તેઓ મહેસૂલ એકત્ર કરવામાં મદદ કરતા.

પાટીલ : પાટીલ ગુજરાતમાં મહેસૂલ, ન્યાય અને પોલીસ ખાતાનો વડો કહેવાતો. તેનો હોદ્દો વંશપરંપરાનો હતો. સામાન્ય રીતે તે ગામ (નાનું ગામડું)નો વડો કહેવાતો. ગામના લોકો મારફતે તેની જીવનજરૂરિયાત પૂરી થતી. ગામલોકોએ તેના માટે જુદા જુદા લાગા ભરવા પડતાં. ગામમાં ચોરાયેલી વસ્તુ ન મળે તો તે માટે પાટીલે કિંમત ચૂકવવી પડતી.

કુલકર્ણી : આ અધિકારી પાટીલના હાથ નીચે હાલના તલાટી જેવું, મહેસૂલને લગતું કાર્ય કરતો.

કાઝી : કાઝી ન્યાય ખાતાનો વડો ન્યાયાધીશ હતો. શહેરનો કાઝી વીસ સવારોની મનસબદારી ભોગવતો. સૂબાનો કાઝી અને કસબાનો કાઝી બંનેય મુઘલ દરબારમાંથી નિમાતા. મરાઠાકાળમાં પણ 'કાઝી'ના સ્થાનમાં કોઈ ફેરફાર થયો નહોતો.

વહીવટી વિભાગો

મરાઠાઓના શાસનકાળમાં રાજકીય અવ્યવસ્થાને લીધે વહીવટી વિભાગોની હદો અવારનવાર બદલાયા કરતી. સમગ્ર રાજ્યને સૂબા (પ્રાંત), સરકાર પરગણું, મહાલ અને મૌજ (ગામ) એમ જુદા જુદા વિભાગોમાં વહેંચવામાં આવ્યું હતું. ગામડું એ રાજ્યનો નાનામાં નાનો એકમ હતું. પ્રાંતનો વડો સૂબો કહેવાતો. તેના હાથ નીચે જુદી જુદી સરકારો રહેતી. સરકાર એ હાલના જિલ્લા જેવો વહીવટી વિભાગ હતો. સરકારને નાનાં નાનાં પરગણાં અને મહાલમાં વહેંચી નાખી દરેક ઉપર જુદા જુદા અધિકારીઓની નિમણૂક કરવામાં આવતી. આ વિભાગો હાલના તાલુકા, મહાલ જેવા હતા. મોટા બજારવાળા શહેરને કસબો કહેવામાં આવતો અને બજાર વગરના ગામને મૌજ (ગામ) કહેતા. કસબાનો ઉપરી કોટવાલ કહેવાતો અને મૌજ (ગામ)નો ઉપરી પાટીલ કહેવાતો.

દરેક પરગણામાં પોલીસથાણું રાખવામાં આવતું. થાણામાં ફોજદાર અને કોટવાલની ભેગી ફરજો બજાવનાર અધિકારીની નિમણૂક કરવામાં આવતી. તે ફોજદારી ગુનાનો નિકાલ કરતો.

ગામડાનો વહીવટ સામાન્ય રીતે પંચાયત દ્વારા ચાલતો. તેનો મુખ્ય અધિકારી મુખી અથવા પાટીલ કહેવાતો.

આવકનાં સાધનો

રાજ્યની આવકનું મુખ્ય સાધન જમીનમહેસૂલ હતું. જમીનની માપણી મુઘલકાળમાં રાજા ટોડરમલે કરેલી પદ્ધતિ પ્રમાણે થતી. જમીનની જાત પ્રમાણે મહેસૂલ નક્કી થતું. ખાલસા જમીન પર લેવાતું. ઇનામી જમીન કરમુક્ત રહેતી. કૂવાના પાણીની સગવડવાળી જમીન બાગાયત તરીકે અને માત્ર વરસાદ ઉપર આધાર રાખતી. જમીન જિરાયત તરીકે ઓળખાતી. કેટલીક વાર પાકની જાત ઉપર પણ મહેસૂલ નક્કી થતું. ઉપજની કિંમત નક્કી કરી તેના ત્રીજા ભાગની રકમ ઉપર મહેસૂલ અંકાતું.

રાજ્યમાં મુલકગીરીના નામે પણ કર ઉઘરાવાતો. મુલકગીરી એટલે મહેસૂલ ઉઘરાવવા મરાઠાઓ જે સૈન્ય રાખતા તેના નિભાવ માટેનો કર. સરદારો નાના રાજવીઓ પાસેથી ખંડણી ઉપરાંત ખારાજીત અથવા ખરિયાત નામનો લાગો ઉઘરાવતા. આ ઉપરાંત રાજ્યમાં જકાત (નાકાવેરો), તુર્કવેરો તથા બાબીવેરો, મરાઠાઓના હાથે ઉઘરાવવામાં આવતા ધનીમવેરો, નાળબંદી (ઘોડાઓની નાળ બેસાડવાના ખર્ચ પેટે લેવાતો કર), ઘાસદાણા (આ કર મહેસૂલ ઉઘરાવવા જનારા સિપાઈઓ માર્ગમાં આવતાં ગામો પાસેથી પોતાના ઘોડાઓની ખોરાકી પેટે ઉઘરાવતા) વગેરે લાગા દ્વારા સારી રકમ એકઠી કરવામાં આવતી. ઘણા લાગાઓ પ્રજા માટે ત્રાસરૂપ હતા, પણ પેશવા કે ગાયકવાડ બેમાંથી કોઈ પણ પ્રજાને લાગાઓના ત્રાસમાંથી મુક્ત કરવાની દરકાર કરતા નહિ, કારણ કે બંનેને પૈસાની ભૂખ હતી !

મરાઠાઓના સમયમાં મહેસૂલ ઉઘરાવવા માટે ઈજારા આપવામાં આવતા. જે કોઈ વધારે પૈસા આપે તેને આખા પરગણામાંથી મહેસૂલ ઉઘરાવવાનો ઈજારો આપવામાં આવતો. પેશવાએ ગાયકવાડને ગુજરાતમાંથી મહેસૂલ ઉઘરાવવાનો ઈજારો આપ્યો હતો. ઈજારદારો પોતે ઈજારાનો રકમ ઉપરાંત વધારે રકમ મેળવવા પ્રજા પર અનેક પ્રકારનો ત્રાસ ગુજારતા. અમદાવાદના સૂબા શેલુકરે પોતે ચૂકવવાની

ઈજારાની રકમ કરતાં વધુ નાણાં મેળવવા પ્રજા ઉપર ભયંકર ત્રાસ વર્તાવ્યો હતો.

ચોથ અને સરદેશમુખી

ઔરંગઝેબના અવસાન પછી શિવાજીએ દક્ષિણમાં સ્વતંત્ર રાજ્ય સ્થાપ્યું. જીતેલા પ્રદેશો સાચવવા માટે શિવાજીએ સૈન્ય રાખવું પડતું. આ સૈન્યના નિભાવ માટે પુષ્કળ ખર્ચ થતો. રાજ્યની આવકનાં સાધનો ટાંચાં હોવાથી મરાઠા સરદારો બીજાઓના રાજ્યમાં અવારનાવાર લૂંટ કરી અઢળક દોલત મેળવતા. સમય જતાં આ તેમનો વંશપરંપરાગત હક હોય તેમ મરાઠા સરદારો અવારનવાર રાજ્યમાં ઊતરી આવતા. આ ત્રાસમાંથી બચવા માટે ઔરંગઝેબ પછીના નબળા રાજવીઓએ નછૂટકે છત્રપતિ શાહુને મુઘલ રાજ્યમાંથી ચોથ ઉઘરાવવાનો હક આપ્યો, જ્યારે તળગુજરાત ઉપર મરાઠાઓની સત્તા સ્થપાઈ ત્યારે તેઓ સૌરાષ્ટ્રમાંથી ચોથ ઉઘરાવતા. ચોથ માટે પેશવા અને ગાયકવાડે પોતપોતાના પ્રદેશો વહેંચી લીધા હતા. તેઓ કેટલાકમાંથી ચોથ લેતા તો કેટલાકમાંથી સરદેશમુખી ઉઘરાવતા.

ચોથ એટલે રાજ્યની કુલ આવકનો ચોથો ભાગ ખંડણીરૂપે લેવો તે અને સરદેશમુખી એટલે રાજ્યની કુલ આવકના દસ ટકા જેટલી રકમ ખંડણીરૂપે લેવી તે. ગુજરાતમાંથી ચોથ અને સરદેશમુખીના નામે પેશવા સરકારે અને ગાયકવાડ સરકારે અઢળક લૂંટ ચલાવી હતી. મુઘલ સૂબાએ સંજોગોવશાત્ ગુજરાતમાંથી ચોથ અને સરદેશમુખી ઉઘરાવવાનો હક મરાઠાઓને આપ્યો તેનું પરિણામ એ આવ્યું કે ધીરે ધીરે ગુજરાતમાંથી મુઘલ સત્તા નાશ પામી અને મરાઠા સત્તાનો ઉદય થયો. છેવટે એ જ ચોથ અને સરદેશમુખીના ઝઘડામાં પેશવાઓ અને ગાયકવાડોનું પણ પતન થયું અને ગુજરાતમાં અંગ્રેજ સત્તા સ્થપાઈ.

ન્યાયપ્રથા

ન્યાયનું કાર્ય મોટાં શહેરોમાં કાઝીઓ અને હિંદુ શાસ્ત્રીઓ મારફતે ચાલતું. મુસ્લિમ સત્તા હેઠળના પ્રદેશમાં કાઝીઓ કુરાનને કેન્દ્રમાં રાખીને ન્યાય આપતા, જ્યારે હિંદુ સત્તા હેઠળના પ્રદેશોમાં હિંદુ શાસ્ત્રીઓ પુરાણો અને સ્મૃતિગ્રંથોને આધારે ન્યાય આપતા. ઝઘડાઓનો નિકાલ બને ત્યાં સુધી લવાદ દ્વારા થતો. આ માટે

શહેરોમાં પાટીલ અને નાનાં ગામડાંઓમાં નગરશેઠ પંચની નિમણૂક કરતા. પંચનો ચુકાદો ઉભય પક્ષોએ માન્ય રાખવો પડતો. કેટલીક વાર પંચના ચુકાદાથી સંતોષ ન થાય તો અગ્નિ વગેરે જેવી દિવ્ય પરીક્ષાની માગણી કરવામાં આવતી. સામાન્ય રીતે પંચના ચુકાદા સામે અપીલ ન થતી.

ફોજદારી ગુના માટે કેદ, દંડ વગેરે સજા થતી. વ્યભિચારના ગુના માટે સ્ત્રીને ગુલામીની સજા થતી. ખૂન અને રાજદ્રોહ માટે દેહાંતદંડની સજા થતી.

કેદીઓને કિલ્લાઓના અંધારિયા ખંડમાં પૂરી રાખવામાં આવતા. ખોરાક, કપડાં વગેરે નિયમ પ્રમાણે અપાતાં. શ્રાદ્ધ કે જનોઈ જેવા પ્રસંગોએ કેદીઓને છૂટા કરવામાં આવતા. રાજકીય કેદીઓ માટે સામાન્ય કેદી કરતા સારી વ્યવસ્થા રાખવામાં આવતી.

સિક્કા

ગુજરાતમાં મુઘલ સત્તાનો અસ્ત થતાં ધીરે ધીરે મરાઠાઓનું અધિપત્ય વધ્યું. તેમણે અમદાવાદની ટંકશાળમાંથી બહાર પડતા જૂના રૂપિયામાં થોડોક ફેરફાર કરી 'સિક્કાઈ' રૂપિયા નામે ઓળખાતા રૂપિયા બહાર પાડ્યા. તેમણે કેટલાક ગણેશની છાપવાળા રૂપિયા પણ બહાર પાડ્યા હતા. સિક્કાઈ રૂપિયા સૌરાષ્ટ્રના ચલણમાં પણ દાખલ થયા હતા. સમય જતાં ગુજરાતમાં મરાઠાઓનો વહીવટ તદ્દન બગડી જતાં ચલણમાં ઘણી જ અવ્યવસ્થા ઊભી થઈ. સિક્કાઈ રૂપિયાનું મૂલ્ય ઘણું જ ઓછું થઈ ગયું. આવી સ્થિતિ જોઈ ડનલોપ નામના અંગ્રેજ અધિકારીએ રૂ. ૯૩ ના ૧૦૦ સિક્કાઈના હિસાબે નવા સિક્કા પડાવ્યા. શિવાજી અને અન્ય છત્રપતિઓએ સોના અને તાંબાના સિક્કા પડાવ્યા. શિવાજીના સિક્કાઓ શ્રી સિક્કા, મલ્હારશાહી, ચાંદોરી રૂપિયા વગેરે ગુજરાતમાં દક્ષિણ તરફ વપરાતા. પૂનાની ટંકશાળનો અંકુશી રૂપિયો અમદાવાદની ટંકશાળમાં પડાવાતો હોવાનો ઉલ્લેખ મળે છે. પેશવાઓએ ચાંદી અને તાંબાના સિક્કા પડાવ્યા હતા. પેશવાઓએ સિક્કા ઉપર પોતાનું ચિહ્ન ઉમેરી બાદશાહનું નામ અને હિજરી વર્ષ ચાલુ રાખ્યું. કેટલાકમાં હાથીનું અને રાજ્યનું નામ આપતા.

સમય જતાં ગુજરાતમાં પેશવા અને ગાયકવાડ એમ બે સરકારો અસ્તિત્વમાં

આવી. ફતેહસિંહરાવ બીજો બાબાસાહેબના નામે ઓળખાતો હોવાથી તેણે બહાર પાડેલા સિક્કા 'બાબાશાઈ' નામે ઓળખાતા. ગાયકવાડ સરકારના તાંબાના સિક્કાઓ 'વડોદરિયા' ના નામે ઓળખાતા. એના ઉપર ગાયકવાડનો પહેલો અક્ષર 'गा' લખાતો. મુખ્ય બાજુએ અકબર બીજાનું નામ અને હિજરી વર્ષ ફારસીમાં લખાતાં. આવા સિક્કાઓ વડોદરા, અમદાવાદ, પેટલાદ, અમરેલી વગેરે ટંકશાળોમાંથી બહાર પાડવામાં આવેલા અંગ્રેજ રૂપિયા કરતાં ગાયકવાડી રૂપિયામાં મિશ્રણ ઓછું હતું, શુદ્ધતા વધારે હતી; પણ વજનમાં તે હલકા હોવાથી તેની કિંમત બ્રિટિશ સરકારના ચલણના રૂપિયા સામે ૧૩ આના અને ।।$\frac{1}{2}$ પાઈ બરાબર ગણાતી.

બાબાશાઈ રૂપિયામાં ઘણા દોષ હતા. સિક્કાઓ સરખા આકારના હતા, પણ કિનારી ઉપર આડી લીટીઓ ન હતી. આથી તેમાંથી ધાતુ ઓછી થાય તેની ખબર પડતી નહિ. કદમાં જાડો હોવાથી ખખડાવી શકાતો નહિ. તે જલદીથી ઘસાઈ જતો. જો બનાવતી વખતે તેનું વજન ઓછું હોય તો 'થીગડી' લગાડવામાં આવતી. કેટલીકવાર થીગડી નીકળી જતી. આથી કેટલીકવાર ૧૧૨ બાબાશાઈ રૂપિયા બરાબર ૧૦૦ બ્રિટિશ રૂપિયા થતા, તો કેટલીકવાર ૧૨૦ બાબાશાઈ રૂપિયા બરાબર ૧૦૦ બ્રિટિશ રૂપિયા થતા. આથી નાણાનો ફેરફાર કરવા માટે ઘણો વટાવ આપવો પડતો.

વડોદરા રાજ્યમાં અમદાવાદની ટંકશાળનો રૂપિયો ચલણમાં હતો. તે કડી, વડનગર, વિસનગર વગેરે પ્રદેશોમાં ચાલતો. પાટણ મહાલના પ્રદેશમાં આ રૂપિયાનું મૂલ્ય ઘણું જ ઓછું હતું. આથી ઘણા વેપારીઓ 'વડોદરિયા' રૂપિયાને ગાળી નાખી નફો મેળવતા. વડોદરા રાજ્યના નવસારી જેવા પ્રદેશોમાં ભરૂચી રૂપિયા ચાલતા. આ રૂપિયા ભરૂચમાં શકનશાહ નામના નવાબે સ્થાપેલી ટંકશાળમાંથી બહાર પાડવામાં આવતા.

ઈ.સ. ૧૮૦૦માં આણંદરાવ ગાયકવાડે બાબાશાઈ સિક્કા પડાવેલા. તેના ઉપર આ. ગા. અક્ષરો અંકિત થયા હતા. કટારનું ચિહ્ન હતું. પૈસાનો સિક્કો લંબચોરસ હતો.

વડોદરાની ટંકશાળ

વડોદરાની ટંકશાળ છેક પુરાતનકાળની હતી. તેમાં સાંચાકામ અલ્પ પ્રમાણમાં હતું. વીસ હજાર તોલા ચાંદી રહી શકે તેવી મોટી ગાગર જમીનમાં ખાડો ખોદી મૂકવામાં આવતી. ત્યાર પછી તેમાં ચાંદી, તાંબુ વગેરે ઓગાળી પ્રવાહીને નાના માપનાં વાસણોમાં ઢાળવામાં આવતું. ત્યાર પછી તે ટુકડા સોનીને આપવામાં આવતા. સોની તેના ૨૯ વાલ ૧ ગુંજના સરખા વજનના ટુકડા કરતો. પછી સાફ કરીને તેના પર છાપ પાડવામાં આવતી. ઘણી વાર સિક્કા ઉપર છાપ બરાબર ન પડતી. તેમાં બીજી પણ ઘણી ક્ષતિઓ રહી જતી. કોઈ કકડો કાપી લે તો પણ ખબર ન પડતી. સિક્કો વજનમાં જાડો બનતો હોવાથી જલદીથી ઘસાઈ જતો. આથી બ્રિટિશ રૂપિયા સામે સિક્કાનું મૂલ્ય-પ્રમાણ સતત બદલાતું રહેતું.

આવી રીતે સૌરાષ્ટ્રમાં જામનગર, નવાનગર, જૂનાગઢ, પોરબંદર વગેરે સ્થળોએ તેમ જ કચ્છમાં ભૂજ વગેરે સ્થળોએ 'કોરી'નું ચલણ હતું. કોરીને સામાન્ય રૂપિયા સાથે સંબંધ ન હતો. ૧ રૂપિયા બરાબર ૨॥ કોરી ગણાતી. તાંબાના સિક્કા 'ઢીંગલો', 'દોકડો' કે 'ત્રાંબિયો' નામે ઓળખાતા. ઈ.સ. ૧૬૭૩માં કચ્છમાં ભૂજની ટંકશાળમાં કોરીનો સિક્કો પાડવાનું શરૂ થયું. કચ્છમાં પ્રાગમલજી (ઈ.સ.૧૬૯૮ થી ૧૭૧૫) ના સમય સુધી સોનાની કોરીઓ પ્રચલિત હતી. મરાઠા સમયમાં આ ચલણ અદશ્ય થયું. ઈ.સ. ૧૮૧૪માં ભારમલજીએ ચાંદીની કોરી બહાર પાડી હતી.

ઈ.સ. ૧૭૯૩ થી ૧૮૧૬ વચ્ચે ફ્રેન્ચોએ સુરતથી શાહઆલમ બીજાના નામના સિક્કા પાડ્યા હતા. તે દેશી બનાવટના હતા. તેના ઉપર ટંકશાળનું કોઈ ચિહ્ન ન હતું.

મુઘલશાઈ સિક્કા લગભગ ઈ.સ. ૧૮૦૦ સુધી ચલણમાં રહ્યા હતા. અંગ્રેજોએ સુરતની ટંકશાળમાંથી પોતાના સિક્કાઓ ઈ.સ. ૧૮૦૦ થી ૧૮૩૫ દરમિયાન બહાર પાડ્યા હતા. તેની એક બાજુએ તાજનું ચિહ્ન હતું.

મરાઠાકાળના ઘણા સિક્કાઓ અમદાવાદ, વડોદરા વગેરે શહેરોનાં મકાનોના

પાયા ખોદતાં કે ખેતરોમાં દાટેલા મળ્યા છે. મરાઠાઓના સિક્કાઓ દસક્રોઈના ઉવારસદમાંથી, ધોળકાના મલોઠા ગામમાંથી (સિક્કાઈ રૂપિયા) તથા અમદાવાદના શાહપુર વિસ્તારમાંથી સવિશેષ મળ્યા છે.

સંદર્ભગ્રંથો

આચાર્ય નવીનચંદ્ર આ.	ગુજરાતના સિક્કાઓ, અમદાવાદ, ૧૯૮૦.
જોટ ર. ભી.	ગુજરાતનું પાટનગર - અમદાવાદ, ૧૯૨૯.
પઠાણ નિઝામુદ્દીન નૂ. (અનુ)	મિરાતે અહમદી - ભા. ૧-૨, માંગરોળ, ૧૯૧૩.
પરીખ રસિકલાલ છો. તથા	ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ
શાસ્ત્રી હ. ગં. (સં.)	- ગ્રં. ૭ મરાઠાકાળ, અમદાવાદ, ૧૯૮૧,
પારેખ હીરાલાલ ત્રિભુવનદાસ	અર્વાચીન ગુજરાતનું રેખાદર્શન -ખંડ ૧, અમદાવાદ, ૧૯૩૫.
મશરૂવાળા ઈશ્વરદાસ ઇચ્છારામ(અનુ)	વડોદરાના રાજ્યકર્તાઓ, વડોદરા, ૧૯૦૫.
શાસ્ત્રી હ. ગં. તથા પ્રરીખ પ્ર. ચિ.	ભારતીય સિક્કાશાસ્ત્ર, અમદાવાદ, ૧૯૭૯.
શેઠ મગનલાલ વખતચંદ	અમદાવાદનો ઇતિહાસ, અમદાવાદ, ૧૮૫૧,

Commissariat M. S. — History of Gujarat - Vol. III, Ahmedabad, 1980.

Desai S. H. — Arabic and Parsian Inscriptions of Saurashtra, Junagadh, 1980.

Elliot F. A. H. — The Rulers of Baroda, Baroda, 1934.

Sardesai G. S. — New History of Marathas - Vol, I, Bombay, 1957; Vol. II, Bombay, 1958,

Sen S. N. — Administrative System of the Marathas, Calcutta, 1928.

Yazdani G. and Gyani R. G. (Eds) — Important Inscriptions From the Baroda State - Vol. II : Muslim Inscriptions, Baroda, 1944.

●

પ્રકરણ ૯ : મરાઠાકાલીન ગુજરાતની સંસ્કૃતિનો સંક્ષિપ્ત પરિચય

સામાજિક સ્થિતિ

ગુજરાતમાં મુઘલોની સત્તા નબળી પડતાં મરાઠાઓનું વર્ચસ્ જામ્યું. ધીરે ધીરે તેમણે ગુજરાતમાં સત્તા પ્રાપ્ત કરી. મરાઠાઓનો સમય ગુજરાત માટે ઘણો જ કમનસીબ હતો. તેમણે પોતાની સત્તા દરમિયાન ચારે બાજુ ચોથ અને સરદેશમુખીના નામે લૂંટ ચલાવી હતી. તેનાથી સમગ્ર ગુજરાતનું સામાજિક જીવન અસ્તવ્યસ્ત બની ગયું. ચારે બાજુ અંધાધૂંધી અને અવ્યવસ્થા ફેલાઈ. આ ઉપરાંત મુઘલકાળ દરમિયાન ગુજરાત ભયંકર દુકાળમાં સપડાયું. તેણે પણ ગુજરાતના સમાજજીવનને છિન્નભિન્ન કરી નાખ્યું.

હિંદુ સમાજ

સમાજ અનેક નાની મોટી જ્ઞાતિઓમાં વહેંચાઈ ગયો હતો. દરેક જ્ઞાતિમાં નાની- મોટી પેટાજ્ઞાતિઓ અસ્તિત્વમાં આવી હતી. જ્ઞાતિઓમાં ભોજન અને લગ્ન વ્યવહારો ઉપરના આગળથી ચાલ્યા આવતા અંકુશો ધીરે ધીરે વધારે સખ્ત બન્યા હતા. મુસ્લિમ આક્રમણો ઓછાં થતાં ધર્માન્તર પ્રવૃત્તિની બીક ઓછી થઈ હતી, પણ મરાઠાઓના અત્યાચારો અન્ય રીતે ઘણા વધી ગયા હતા.

સમાજ ઉપર બ્રાહ્મણોની પકડ વધી હતી; જ્યારે વણિકોએ સદાયે મરાઠા સરદારોથી ભયભીત રહેવું પડતું. વણિકો વેપાર કરતા, પણ ધનિક દેખાવાનું પસંદ કરતા ન હતા. સામાન્ય માનવી કરતાં સારાં કપડાં જો કોઈ પહેરે તો સૂબાના ચાડિયાઓ સરકારને ખબર આપે; સરકારનો માણસ તેમને અનેક પ્રકારના ત્રાસ આપે અને પૈસા પડાવે. આ સમયે ચાડિયાઓનું જોર ઘણું જ વધી ગયું હતું. કોઈની મિલકત સલામત ન હતી. ચારે બાજુ ચોરી અને લૂંટફાટ વધી પડ્યાં હતાં.

સમાજનો નીચલો વર્ગ અત્યંત ગરીબ હતો. દરેકે જ્ઞાતિના નિયમો પ્રમાણે

પોતાનો જીવનવ્યાવહાર ગોઠવવો પડતો. જો ભૂલ થાય તો જ્ઞાતિનાં પંચોનો રોષ સહન કરવો પડતો.

સમાજમાં સ્પર્શાસ્પર્શના નિયમો વધારો કડક બન્યા હતા. બ્રાહ્મણોમાં જમતી વખતે રેશમી કપડાં પહેરીને જમવા બેસવું પડતું. માટીના વાસણોમાં ભોજન કરવાનો નિષેધ હતો. ખોરાક રાંધે છે, તેને ઘણું જ મહત્ત્વ આપવામાં આવતું. કન્યાવિક્રય કરનાર હલકો મનાતો. ઊંચા કુળવાળાને કન્યા આપવા સહુ તત્પર રહેતા. કુલાભિમાનને લીધે વૃદ્ધ કે ખોડખાંપણવાળાને પણ કન્યા આપવા ઘણા તત્પર બનતા. મરાઠાઓનાં આક્રમણોને લીધે બાળલગ્નનું પ્રમાણ વધી ગયું હતું !

બાળલગ્નના પરિણામે બાળમરણનું વધતાં સમાજમાં વિધવાવિવાહનો પ્રશ્ન જટિલ બન્યો હતો. વિધવાની સ્થિતિ કરુણાજનક હતી. પરિણામે સતીપ્રથાનું જોર વધી ગયું હતું. આ સમયના સતીના પાળિયા સૌરાષ્ટ્ર, કચ્છ વગેરે ઠેકાણેથી મળી આવે છે.

અઢારમી-ઓગણીસમી સદી દરમિયાન ગુજરાતમાં પુત્રીનો જન્મ ઘણો જ દુઃખકારક મનાતો. દહેજપ્રથાનું જોર વધતાં ઘણા લોકો પોતાની દીકરીને જન્મતાં જ દૂધના તપેલામાં ડુબાડી દેતા. આ પ્રથા ગુજરાતની જાડેજા, રાજપૂત અને પાટીદાર જેવી કોમોમાં ઘણી જ વ્યાપક બની હતી.

સમાજમાં અસ્પૃશ્યતાના ખ્યાલો વિકૃત બન્યા હતા. આભડછેટના નિયમો ઘણા જ કડક હતા. હરિજનોનાં રહેઠાણ નગર બહાર રાખવામાં આવતાં. તેમણે નગરમાં પ્રવેશ કરતી વખતે ચોક્કસ રીતે જાહેરાત કરીને આવવું પડતું. પોતાના ફેંટામાં શીંગડું રાખવું પડતું. તેમના માટેનાં જળાશયો અલગ રાખવામાં આવતાં. સવર્ણોનો તેમણે અનેક રીતે ત્રાસ ભોગવવાનો પડતો.

અમદાવાદમાં લાંચનું પ્રમાણ વધી ગયું હતું. ઘરબારના ઝઘડામાં એક વાર જેણે રાજ્યમાં ફરિયાદ કરી હોય તેની પાસેથી લાંચ સામાવાળાને કેદમાં બેસાડે; જ્યારે તે વધારે લાંચ આપે, ત્યારે તેને છોડીને ફરિયાદીને જેલમાં બેસાડે ! આમ, રાજ્યમાં ન્યાય જેવું કંઈ હતું જ નહિ! ગાયકવાડના સૂબાના સમયમાં રુશવતનું પ્રમાણ એટલું બધું હતું કે અમદાવાદના એક લત્તાને 'સોનારૂપાની ઈંટનો વાડો'

કહેવામાં આવતો.

અમદાવાદનો સૂબો રામચંદ્ર કાચા કાનનો હતો. તે ચાડિયાઓની ગમે તેવી બાતમીને સાચી માની પ્રજાને પરેશાન કરતો. તેના સમયમાં ચાડિયાઓનું ટોળું ઘણું જ વિશાળ બની ગયું હતું ! કહેવાય છે કે એક વાર એ લોકો લગભગ બાર મણનો દૂધપાક ખાઈ ગયા હતા. તેમનાથી બધા લોકો ડરતા હતા. તેઓ કોઈના ઘરની સાચીખોટી વાત સૂબાને કરતા. સૂબો પૈસા પડાવવા ભારે જુલમ કરતો. વેપારીઓ જાહેરમાં પોતાનાં નાણાંની ઉઘરાણી કરતા ગભરાતા. પોતાની સાચી મિલકતની ખબર ન પડે તે માટે તેઓ તદ્દન સાદું જીવન જીવતા. ઘોડાઘાડી ગામના નગરશેઠને ત્યાં જ રહેતી.

પ્રજા સૂબાનો આવો ત્રાસ સહન કરીને થાકી ગઈ હતી. એક વખત અમદાવાદના એક ઓતિયા નામના ચાડિયાએ સાદોબા નામના બારોટની પત્નીના ચારિત્ર્ય વિશે સૂબાને ભંભેરણી કરતાં સૂબા તરફથી બારોટ પર તવાઈ આવી. આથી આખું ગામ વિફર્યું. ગામમાં ચાડિયાઓ વિરુદ્ધ મોટું તોફાન થયું. તેમાં ઓતિયો (ઉત્તમચંદ) અને ગોધિયો (ગોરધન) નામના બે ચાડિયા મરાયા.

ઈ.સ. ૧૮૦૦માં કાકાસાહેબ રઘુનાથ મહિપત નામના સરસૂબાની નિમણૂક થઈ. ઈ.સ. ૧૮૦૮માં વડોદરાથી તથા શહેરના આગેવાનોએ મળીને ફરિયાદ કરતાં હુકમ કરવામાં આવ્યો કે મરનાર માણસનો દીકરો કે દીકરીનો દીકરો તેની મિલકતનો સીધો વારસદાર થાય. દીકરીને દીકરો ન હોય તો દીકરી પોતે મિલકતની વારસદાર ગણાય. આ બાબતનો લેખ ત્રણ દરવાજા આગળ મૂકવામાં આવ્યો હતો.

મુસ્લિમ સમાજ

ગુજરાતમાં મુઘલોની સત્તા નબળી પડતાં મુસ્લિમોને મળતા રાજકીય લાભો ઓછા થવા લાગ્યા. મરાઠાઓ મુસ્લિમોના વિરોધી હોવાથી તેમના પર ત્રાસ વર્તાવતા. બહારથી આવીને વસતા મુસલમાનોની સંખ્યા ઘણી ઘટી ગઈ. ગુજરાતમાં વસતા મુસ્લિમો યોગ્ય ધંધાના અભાવે ગરીબાઈમાં સડવા લાગ્યા. આથી તેમનાં નીતિનાં ધોરણો ઘણાં જ નીચાં ગયાં.

સામાન્ય રીતે મુસ્લિમ સમાજમાં બે વિભાગો નજરે પડતા હતા : (૧) જાગીરદારો તથા નવાબો અને (૨) સામાન્ય ધંધો કરતા મુસ્લિમો, જાગીરદારો તથા નવાબો (જેવા કે જૂનાગઢ, ખંભાત, પાલનપુરના નવાબો વગેરે) બાદશાહી જીવન જીવતા. તેઓ મોજ-શોખમાં જીવન વ્યતીત કરતા. કાઝી, સૈયદ, મૌલવી વગેરે ઉપલા વર્ગનું પ્રતિનિધિત્વ ધરાવતા.

આ સમયે સામાન્ય રીતે મુસ્લિમોના ખોરાક, પહેરવેશ, ધાર્મિક માન્યતાઓ, લગ્નપ્રથા, તહેવારોની ઉજવણી, રમતગમતો, સ્ત્રીકેળવણી વગેરે બાબતોમાં ખાસ કોઈ ફેરફાર થયો ન હતો. ઘણા મુસ્લિમો અરબીફારસી ભાષાની પકડમાંથી મુક્ત થઈ ગુજરાતની ભાષાના રંગે રંગાતા જતા હતા. આમ છતાં ધર્મ-નીતિક્ષેત્રે કુરાનનું સવિશેષ મહત્ત્વ હતું. ધર્માંતર પામેલા મુસલમાનો પોતાના પ્રણાલિકાગત હિંદુ રિવાજોને વળગી રહ્યા હતા. વેશ્યાઓ અને ગણિકાગૃહોની સંખ્યા વધતી જતી હતી. ગુલામીની પ્રથા વ્યાપક બની હતી. નીચલા વર્ગના મુસ્લિમો ગણિકાગૃહોને સારી રીતે મદદગાર થતા !

ટૂંકમાં, મરાઠાકાળ દરમિયાન ગુજરાતનું સમાજજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું હતું. ચારે બાજુ અનાચાર, અત્યાચાર, લાંચ-રુશવત, અંધશ્રદ્ધા, ખોટા વહેમ વગેરેનું સામ્રાજ્ય પ્રસરી રહ્યું હતું. મરાઠા સરદારો ચોથ અને સરદેશમુખી ઉઘરાવવાને બહાને પ્રજામાં આંધળી લૂંટ ચલાવતા. હિંદુ અને મુસ્લિમ સમાજનો સામાન્ય નાગરિક સતત સંઘર્ષ અને ભયમાં જીવતો હતો.

આર્થિક સ્થિતિ

મરાઠાકાળ દરમિયાન ગુજરાતની આર્થિક સ્થિતિ ઘણી જ ખરાબ હતી. મરાઠાઓનાં ધાડાં ચોથ અને સરદેશમુખી ઉઘરાવવાના બહાના હેઠળ અવારનવાર ગુજરાત ઉપર ચડી આવતાં હતાં. તેના પરિણામે ગામડાં બરબાદ થયાં હતાં. ખેતી બરબાદ થઈ હતી. વરસાદ સિવાય ખેતી માટે સિંચાઈની બીજી કોઈ સારી વ્યવસ્થા ન હતી. પરિણામે ખેડૂત વર્ગ અતિશય ગરીબ બની ગયો હતો.

આ ઉપરાંત, અઢારમી સદીના ઉત્તરાર્ધમાં ગુજરાતમાં ભયંકર દુકાળ પડ્યો

હતો. ઈ.સ. ૧૭૬૧ (વિ. સં. ૧૮૧૭)ના દુકાળમાં અમદાવાદની આસપાસ ભયંકર નુકસાન થયું. રોગચાળો ફાટવાથી હજારો માણસો મરકીમાં મૃત્યુ પામ્યાં હતાં. માણસોને બાળવાની પણ વ્યવસ્થા ન હતી. ભૂખમરો એટલો બધો હતો કે માણસો શેર અનાજ મેળવવા પોતાનાં બાળકોને પણ પાણીના ભાવે વેચવા તૈયાર થતા. ઈ.સ. ૧૭૯૦-૯૧ (વિ. સં. ૧૮૪૭)નો દુકાળ 'સુડતાળો' નામે ઓળખાતો. તેની ભયંકરતા એટલી બધી હતી કે કોઈ કંજૂસ પ્રત્યે તિરસ્કાર બતાવતો હોય તો લોકો એમ કહેતા કે તેના ઘરમાં સુડતાળો ચાલે છે. ઈ.સ. ૧૮૧૨-૧૩ (વિ. સં. ૧૮૬૯)માં પડેલા દુકાળે સમગ્ર ગુજરાતને બરબાદ કર્યું. તે 'અગણોતરા કાળ' તરીકે ઓળખાય છે. વરસાદના અભાવ અને તીડોના આક્રમણ સામે ગુજરાત ટકી શક્યું નહિ. અનેક માણસો ભૂખથી મૃત્યુ પામવા લાગ્યાં. મડદાંને બાળવા લાકડાં ન હતાં. ઊંચકનાર માણસો મળતા નહિ. સ્ત્રીઓએ મડદાં ઊંચકવાનું કાર્ય કરવું પડતું. રાજ્ય તરફથી અનાજની વહેંચણી કરવામાં આવતી, પણ તે અપૂરતી હતી. આમ, દુકાળને કારણે ગુજરાતની ખેતી અને ઉદ્યોગો બરબાદ થયા હતા. વેપાર પડી ભાંગ્યો હતો. બંદરો ઉપર પરદેશીઓની અવરજવર અટકી ગઈ હતી.

અમદાવાદનો કાપડ ઉદ્યોગ અને ગળીનો ઉદ્યોગ મૃત પ્રાયઃ બન્યા હતા. ખંભાતનો અકીક, કાપડ અને તાળાના ઉદ્યોગો જાણીતા હતા, પણ રાજકીય અવ્યવસ્થાને કારણે પરદેશો સાથેનો વેપાર પડી ભાંગ્યો હતો. અહીંથી અકીકનો સામાન, હાથીદાંત, જાડું કાપડ વગેરે વસ્તુઓ આફ્રિકા વગેરે દેશોમાં જતી. સુરતમાં અંગ્રેજોની વેપારી કોઠી શરૂ થતાં સુરત બંદરેથી માલની હેરફેર થતી. ધીરે ધીરે સુરત બંદર સમૃદ્ધ બનતું ગયું હતું. તેની સમૃદ્ધિને જોઈ મરાઠાઓએ અનેક વાર સુરત લૂંટ્યું હતું.

ઓગણીસમી સદીમાં ભરૂચ પણ કાપડ ઉદ્યોગનું મોટું કેન્દ્ર હતું. અહીં પરદેશ મોકલવા દર વર્ષે લગભગ સવાચાર લાખ રૂપિયાનું કાપડ તૈયાર થતું હતું. કાપડ ઉપરાંત અનાજ, ખાંડ વગેરેની પણ નિકાસ ભરૂચ બંદરેથી થતી હતી. માળવાનો બધો વેપાર ભરૂચ બંદરેથી ચાલતો હતો.

ભરૂચ પછી સુરત ધીરે ધીરે એક સમૃદ્ધ બંદર બન્યું હતું. અહીં વહાણ બાંધવાનો

મોટો જહાજવાડો હતો. અહીંના જહાજવાડાના માલિકો પારસી હતા. સમય જતાં આ પારસીઓએ મુંબઈમાં ગોદી બાંધી, તેના પરિણામે સુરત બંદરની પડતી થઈ. ઈ.સ. ૧૭૬૮થી ૧૮૦૧ના ગાળામાં બ્રિટનના નૌકાકાફલાનાં વહાણો સુરતના જહાજવાડામાં બનતાં હતાં. તે ખૂબ જ ટકાઉ હતાં.

મુંબઈના આરંભિક વિકાસમાં ગુજરાતીઓએ વિપુલ ફાળો આપેલો છે - ખાસ કરીને દક્ષિણ ગુજરાતના પારસીઓએ, ખંભાતના જૈનોએ, કચ્છના વણિકોએ તથા ભાટિયાઓએ તેમ જ સુરત અને જામનગરના વણિકોએ. એમાં નવસારીના શેઠ જમશેદજી જીજીભાઈ, જામનગરના શેઠ મૂળજી જેઠા, સર કાવસજી જહાંગીર, સુરતના શેઠ પ્રેમચંદ રાયચંદ, ખંભાતના મોતીશા અમીચંદ, કચ્છના મથુરદાસ ગોકળદાસ તથા ગોકળદાસ તેજપાલ વગેરેનાં નામ મુંબઈમાં આદ્યપર્યંત સચવાયાં છે. પારસીઓએ ત્યાંના મિલ ઉદ્યોગમાં, ગુજરાતી મુદ્રણકળામાં, પત્રકારત્વમાં, નાટ્યકલામાં તથા સખાવતોમાં ઘણો ફાળો આપેલો છે. ટૂંકમાં, ગુજરાતીઓએ મુંબઈને વિકસાવવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો છે.

મુંબઈના જહાજવાડાને વિકસાવવામાં સુરતના શેઠ ધનજીભાઈના મિસ્ત્રી લવજી નસરવાનજીનો ફાળો નોંધપાત્ર છે. એમણે અહીં વહાણ બાંધવાની ગોદીઓ બાંધી (ઈ.સ. ૧૭૫૪-૬૦). આ માટે નવસારીથી લાકડું મંગાવવામાં આવતું. લુહારી કામ સુરતના લુહારો પાસે અને શઢના વણાટનું કામ વણકરો પાસે કરાવવામાં આવતું. લવજીની ગોદીમાં બનેલાં વહાણો યુરોપના દેશોમાં ખૂબ વખણાતાં. આ ઉપરથી આ કુટુંબની અટક વાડિયા (એટલે કે વહાણો બાંધનાર) પડી હતી. આમ, મુંબઈનો જહાજ ઉદ્યોગ વિકસાવવામાં પારસીઓએ નોંધપાત્ર ફાળો આપ્યો હતો.

આ ઉપરાંત મરાઠાકાળ દરમિયાન મહુવા, વેરાવળ, માંગરોળ, પોરબંદર, સલાયા, બેડી, તૂણા, મુંદ્રા, લખપત વગેરે બંદરોએથી ગુજરાતનો વેપાર ચાલતો. કચ્છમાં માંડવીનો જહાજવાડો ઘણો પ્રખ્યાત હતો. ઈ.સ. ૧૭૫૯થી સુરત બંદર ઉપર અંગ્રેજોનું વર્ચસ્ વધી પડતાં સ્થાનિક તેમ જ અન્ય પરદેશી વેપારીઓ ઉપર તેની ઘણી જ ખરાબ અસર થઈ હતી. અહીંનાં બંદરોએથી કાપડ, મરી, કાચું રેશમ, ખાંડ, ગોળ, પાન, નારિયેળ, સોપારી, એલચી, દવાઓ, અનાજ, લાકડું,

કલાઈ, ચાંદી વગેરે ચીજોની આયાત થતી હતી અને રૂ. ઘી, અનાજ, તેલ, કાપડ, ગળી, શાર્ક માછલીનું ચામડું વગેરે વસ્તુઓની નિકાસ થતી હતી.

મરાઠાઓએ ગુજરાતમાં મુઘલકાળ દરમિયાન અમદાવાદ, ખંભાત, જૂનાગઢ, સુરત વગેરે સ્થળોએ જે ટંકશાળો ચાલુ હતી - તે ચાલુ રાખી હતી. તેમણે જૂના બાદશાહી સિક્કાઓમાં થોડાંક ચિહ્નોના ફેરફાર કરીને રૂપિયા બહાર પાડ્યા હતા. વેપારીઓ ચાંદી અને તાંબુ ટંકશાળમાં લાવતા. તેમની પાસેથી ચોક્કસ રકમ લઈ સિક્કા પાડી આપવામાં આવતા. મરાઠાઓનો રૂપિયાને સિક્કાઈ કે શક્કાઈના નામે ઓળખવામાં આવતા. અમદાવાદની ટંકશાળામાંથી બહાર પાડેલા નવ જાતના સિક્કાઓ ગુજરાતના જુદા જુદા પ્રદેશોમાં ચાલતા. વડોદરાની ટંકશાળામાંથી બહાર પડેલા રૂપિયાને 'બાબાશાઈ' રૂપિયો અથવા 'શીઆશાઈ' રૂપિયો કહેતા. પિલાજીરાવ ગાયકવાડના ખેડાના સિક્કાને 'ખેડિયો' રૂપિયો કહેતા. દરેકનું તોલમાપ જુદું જુદું હતું. સિક્કામાં વપરાયેલી ધાતુના પ્રમાણમાં તેની કિંમત અંકાતી. મરાઠાઓના સમયમાં ખંભાત, છોટાઉદેપુર, ભાવનગર, કચ્છ, નવાનગર, જામનગર વગેરે સ્થળોના રાજવીઓ મુઘલ સ્લતનની સત્તા સ્વીકારી પોતાના સ્વતંત્ર સિક્કાઓ છાપતા. સૌરાષ્ટ્ર અને કચ્છના સિક્કાઓ 'કોરી'ના નામે ઓળખાતા. કોરીમાં ચાંદી અને તાંબુ વપરાતાં. સૌરાષ્ટ્રમાં તાંબાના પાંચિયા અને દોકડા પણ ચલણમાં હતા. ૧ રૂપિયાનું મૂલ્ય ૧૦૦ દોકડા હતું.

ધર્મ-સંપ્રદાય

ગુજરાતમાં મરાઠાઓનો રાજ્યકાળ અંધાધૂંધી અને અવ્યવસ્થાનો હોવા છતાં, ધાર્મિક ક્ષેત્રે કોઈ ખાસ ફેરફાર જણાતા નથી. સામાન્ય રીતે મરાઠાઓ હિંદુ હોવાથી દેવમંદિરો નિર્ભય બન્યાં હતાં. મરાઠાઓએ ધાર્મિક ઝનૂન વાપરી કોઈ મુસ્લિમ ધાર્મિક સ્થાપત્યોને નુકસાન કર્યું હોય તેવું જાણવા મળતું નથી. આ અગાઉથી ચાલ્યા આવતા ધર્મસંપ્રદાયો - જેવા કે હિંદુ, જૈન, ઈસ્લામ, જરથોસ્તી ખ્રિસ્તી વગેરે તેમના યથાવત્ સ્વરૂપે સચવાયેલા જોવા મળે છે. પ્રજાનું ધાર્મિક જીવન શાંત હતું.

હિંદુ ધર્મ

હિંદુ ધર્મમાં આગળથી ચાલતી આવતી બે શાખાઓ શૈવ અને વૈષ્ણવ યથાસ્વરૂપ ટકી રહી હતી. પાશુપત સંપ્રદાયનો સદંતર લોપ થયો હતો. સમાજમાં પ્રચલિત શૈવ ધર્મ તદ્દન સાદો અને સરળ હતો. તેમાં કોઈ રહસ્યમય ગૂઢ તાંત્રિક ક્રિયાઓ ન હતી. ગુજરાતના ગામે ગામ શિવાલયો આવેલાં હતાં. ગુજરાતનો સામાન્ય નાગરિક ભોળા શંભુની પ્રાર્થનામાં રાચતો. ઘણા બ્રાહ્મણો શિવાલયમાં બેસી આજીવિકા પ્રાપ્ત કરતા. ટૂંકમાં, પૌરાણિક શૈવ સંપ્રદાય તેના યથાવત્ સ્વરૂપે ટકી રહ્યો હતો.

શાક્ત સંપ્રદાયમાં પણ સાદાઈ આવી ગઈ હતી. ગુજરાતમાં દરેક ગામમાં એકાદ માતાજીનું મંદિર તો હોય જ. સામાન્ય રીતે કાલિકા, અંબિકા અને બહુચરાજી લોકપ્રિય દેવીઓ હતી. આ ઉપરાંત, શીતળામાતાની પૂજા પણ લગભગ દરેક ગામમાં થતી. અનેક ઠેકાણે શીતળાનાં મંદિરો જોવા મળે છે. દરેક શિવાલયમાં ગૌરીની પ્રતિમા જોવા મળે છે. સમાજના નીચલા વર્ગના લોકો મેલડી માતાના નામે અજ્ઞાની લોકો પાસે કેટલીક ધાર્મિક વિધિઓ કરાવતા. મેલડી માતાના નામે ભૂવાઓ લોકોના અજ્ઞાનનો ઘણો ગેરલાભ લેતા. પૌરાણિક દેવીસ્તુતિઓનું સાહિત્ય - જેવું કે ચંડીપાઠ, ગરબા વગેરે આ સમયે રચાયું.

વૈષ્ણવ સંપ્રદાયમાં પ્રેમલક્ષણા ભક્તિને કેન્દ્રમાં રાખી શ્રી વલ્લભાચાર્યે પ્રસારેલ પુષ્ટિ સંપ્રદાય હવે સંપૂર્ણ રીતે વિકાસ પામ્યો હતો. ગુજરાતમાં પાટણ, મોડાસા, સુરત વગેરે તેનાં નોંધપાત્ર કેન્દ્રો હતાં, વલ્લભાચાર્યે અને વિઠ્ઠલનાથજીએ જ્યાં જ્યાં પારાયણ કર્યું હતું. તે જગાઓને વૈષ્ણવ ધર્મની બેઠક- પ્રભુજીની બેઠક - તરીકે ખાસ ધાર્મિક મહત્ત્વ પ્રાપ્ત થયું હતું. ગુજરાતમાં અનેક વૈષ્ણવો ખેરાળુ, ગોધરા, ખંભાત વગેરે સ્થળોની આ પ્રભુજીની બેઠકોએ અવારનવાર જતા હોય છે. આમ, મુઘલકાળ દરમિયાન દૃઢમૂલ થયેલ પુષ્ટિમાર્ગ સંપ્રદાય મરાઠાકાળમાં પણ યથાવત્ ટકી રહ્યો હતો. કવિ દયારામ ઈ.સ. ૧૭૭૭-૧૮૫૩ દરમિયાન થઈ ગયા. તેઓ પુષ્ટિમાર્ગના ચુસ્ત અનુયાયી હતા. સમય જતાં પુષ્ટિ સંપ્રદાયના આ લોકપ્રિય કવિએ ગુજરાતને પોતાની ગરબીઓ દ્વારા ઘેલું કર્યું હતું.

ગુજરાતી રામાયણનો કર્તા ગિરધર, જ્ઞાનમાર્ગી કાવ્યો રચનાર ધીરો, ધર્મના નામે આડંબર કરનારને ખુલ્લા પાડતો ભોજો, 'હરિનો મારગ' જેવાં અમર કાવ્યો રચનાર પ્રીતમ વગેરે ભક્તકવિઓ આ સમયે થઈ ગયા. તેમણે ગુજરાતના ધાર્મિક જીવનને ચેતનવતું રાખ્યું હતું.

આ સમયે સ્વામિનારાયણ સંપ્રદાયે ગુજરાતમાં ઘણું જ પ્રશંસનીય કાર્ય કર્યું. સ્વામિનારાયણ સંપ્રદાયના આદ્યસ્થાપક શ્રી સહજાનંદ સ્વામીએ ગુજરાતને પોતાનું કાર્યક્ષેત્ર બનાવી સમાજજીવનને ચેતનવંતું બનાવ્યું.

મરાઠાકાળ દરમિયાન સમાજમાં અજ્ઞાન અને અંધશ્રદ્ધાનું સામ્રાજ્ય પ્રવર્તતું હતું. ભૂતપ્રેતના નામે અનેક વહેમો પ્રચલિત હતા. વિવિધ માન્યતાઓના નામે પશુહિંસા થતી હતી. પૂજારીઓ દેવના પ્રસાદના નામે માંસમદિરાનું સેવન કરતા હતા. નીચલી કોમોમાં બાળકીને દૂધ પીતી કરવાનો રિવાજ પ્રચલિત હતો. સતીના નામે અનેક નિર્દોષ વિધવા સ્ત્રીઓના ભોગ લેવાતો હતો. સમાજમાં પ્રચલિત સર્વ સંપ્રદાયોમાં શિથિલતા આવી હતી. પુષ્ટિ સંપ્રદાયમાં સંકુચિતતા વ્યાપક બનતાં તેના પ્રત્યાઘાતરૂપે સ્વામિનારાયણ સંપ્રદાય ગુજરાતમાં સવિશેષ પ્રસર્યો.

સ્વામિનારાયણ સંપ્રદાયના આદ્યસ્થાપક શ્રી સહજાનંદનું મૂળ નામ ઘનશ્યામ હતું. તેઓ અયોધ્યા પાસેના છપૈયા ગામના વતની હતા. માતાપિતાના મૃત્યુ બાદ સંસારનો ત્યાગ કરી હિમાલયમાં વસી યોગવિદ્યાનો અભ્યાસ કરીને તેઓ સૌરાષ્ટ્રના માંગરોળ ગામમાં આવ્યા. અહીં તેમને રામાનંદ સ્વામીના શિષ્ય મુક્તાનંદ સ્વામીનો પરિચય થયો. ધીરે ધીરે તેઓ રામાનંદના શિષ્ય બની ગયા. રામાનંદનું કાર્ય તેમણે આગળ ધપાવ્યું. આગળ જતાં તેઓ સહજાનંદ સ્વામી તરીકે ઓળખાયા. સહજાનંદ સ્વામીને તેમના ભક્તો નારાયણનો અવતાર માને છે. આથી એમણે સ્થાપેલો સંપ્રદાય સ્વામિનારાયણ સંપ્રદાય તરીકે ઓળખાયો. સ્વામિનારાયણ સંપ્રદાયે સાત્ત્વિક ભક્તિ, વૈરાગ્ય, સદાચાર અને સત્સંગ ઉપર ભાર મૂકી સમાજની અનેક દોષિત - દુરાચારી વ્યક્તિઓને સદાચારના માર્ગે વાળી. તેમણે કથાવાર્તા દ્વારા ગુજરાતમાં ધાર્મિક સુધારણાનું કાર્ય બજાવ્યું.

ધીરે ધીરે તેમણે સમાજસેવાનાં કાર્યોનો આરંભ કર્યો. તેમણે સમાજના

શ્રમજીવીઓને ઉત્તેજન આપવા મંદિરો બંધાવવાનું શરૂ કર્યું. તેમણે કથાવાર્તા સાંભળવા માટેની સ્ત્રી-પુરુષોની સભાઓ જુદી કરી, પણ સ્ત્રીઓને ધર્મથી વિમુખ ન કરી. આમ, તેમણે સમગ્ર ગુજરાતમાં ફરીને યજ્ઞો, ઉત્સવો, સમૈયા, સદાવ્રતો વગેરે દ્વારા ધર્મ - જાગૃતિ આણી. તેમના કાર્યથી પ્રભાવિત થઈને તે વખતના મુંબઈના ગવર્નરે માલ્કમે અમદાવાદમાં હાલ કાલુપુરમાં જે સ્વામિનારાયણનું મંદિર છે, તે જગા આપી હતી.

આ સંપ્રદાયમાં સત્સંગનો મહિમા વિશેષ છે. આથી આ સંપ્રદાયના અનુયાયીઓ સત્સંગી તરીકે ઓળખાય છે. આ સંપ્રદાયના ઉપદેશમાં ગૂઢ તત્ત્વજ્ઞાન નથી; શુદ્ધ આહાર અને આચાર ઉપર ભાર મૂકવામાં આવ્યો છે. ઉપદેશ સાદી અને સરળ ભાષામાં કરવામાં આવે છે. સંપ્રદાયનું મુખ્ય ધ્યેય સમાજમાં સમાનતા લાવવાનું છે. અહીંના ધર્મનાં દ્વાર સર્વ માટે ખુલ્લાં છે.

આ સંપ્રદાયમાં મુક્તાનંદ, બ્રહ્માનંદ, ગોપાળાનંદ, પ્રેમાનંદ, નિષ્કુળાનંદ, દેવાનંદ, મંજુકેશાનંદ વગેરે નોંધપાત્ર સંતો થયા. તેમણે પોતાના ગ્રંથો દ્વારા સમાજમાં ધર્મભાવના વિકસાવી. મુક્તાનંદનું 'મુકુન્દબાવની', બ્રહ્માનંદનું 'સુમતિપ્રકાશ', પ્રેમાનંદનું 'શિક્ષાપત્રી', 'વચનામૃતો', 'સહજાનંદના વિરહનાં બારમાસી કાવ્યો' વગેરે નોંધપાત્ર ગ્રંથો છે.

આ સંપ્રદાયનાં મુખ્ય કેન્દ્રો અમદાવાદ, વડતાલ, ગઢડા, કચ્છ, બોચાસણ, સારંગપુર, નડિયાદ વગેરે છે. આ સંપ્રદાયનાં મંદિરો ગુજરાતમાં અનેક સ્થળે આવેલાં છે. મંદિરમાં સાધુસંતો દ્વારા ધર્મનું શિક્ષણ આપવાનું કાર્ય કરવામાં આવે છે. સાધુઓ માટે આ સંપ્રદાયમાં કડક નિયમનો છે.

સ્વામી સહજાનંદે ગુજરાતને પોતાની કર્મભૂમિ બનાવી ગુજરાતના સમાજજીવનમાં ક્રાંતિ આણી. સ્ત્રી અને પુરુષ - બંને મોક્ષનાં અધિકારી છે એ ભાવના વિકસાવી. પતિ પાછળ સતી થનાર સ્ત્રીનો મોક્ષ થઈ શકતો નથી! આ વિચારને વહેતો કરી સતી પ્રથા અટકાવી. સમાજમાંથી બાળહત્યા, કન્યાવિક્રય, સ્ત્રીહત્યા, ભૂતપ્રેતની માન્યતા વગેરે દૂષણો દૂર કર્યાં. સદાચારનો મહિમા વધારી શ્રમજીવીઓને ખરાબ વ્યસનોમાંથી છોડાવ્યા. સાદું અને સદાચારી જીવન જીવવાનો ઉપદેશ આપી

સમાજમાં સ્વસ્થ જીવનની ભાવના વિકસાવી. તેમણે સાધુસંતો અને સત્સંગીઓ માટે આચારસંહિતા રચી. પરધર્મીઓને પોતાનામાં સમાવ્યા. હિંદુઓને મુસલમાન બનતા અટકાવ્યા.

ટૂંકમાં, સ્વામિનારાયણ સંપ્રદાયે મરાઠાકાળમાં રાજકીય અવ્યવસ્થા હોવા છતાં તંદુરસ્ત સમાજ સ્થાપવાનું ઉત્તમ કાર્ય કર્યું.

હિંદુ ધર્મમાં મુઘલકાળની સરખામણીએ મરાઠાકાળમાં ઘણાં ઓછાં દેવાલયો બંધાયાં છે. કેટલાંક દેવાલયોનો જીર્ણોદ્ધાર થયો છે. ઈ.સ. ૧૭૬૨માં સાબરકાંઠા જિલ્લામાં આવેલા શામળાજીના મંદિરનો જીર્ણોદ્ધાર થયો હતો. ડાકોરમાં પેશવાના શરાફ સતારાના ગોપાળ જગન્નાથ તાંબેકરે ઈ.સ. ૧૭૬૨માં હાલનું રણછોડજીનું વૈષ્ણવ મંદિર બંધાવ્યું. ઈ.સ. ૧૭૮૭માં અહલ્યાબાઈ હોલકરે પ્રભાસપાટણમાં સોમનાથનું મંદિર બંધાવ્યું. ઈ.સ. ૧૭૯૫માં સિદ્ધપુરમાં અહલ્યાબાઈનો મઠ બંધાયો. પાટણના હરિહરેશ્વર મહાદેવ સામેના બ્રહ્મકુંડનો ફતેહસિંહરાવ ગાયકવાડે ઈ.સ. ૧૭૮૪માં જીર્ણોદ્ધાર કરાવ્યો. અઢારમી સદીના મધ્ય ભાગમાં સુરતના અભેરામ નામના વણિકે તાપીના કિનારે અશ્વિનીકુમાર મંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો. ઓગણીસમી સદીના આરંભમાં સુરતમાં અર્જુન ત્રવાડી નામના બ્રાહ્મણે બાલાજીનું મંદિર બંધાવ્યું હતું. અમદાવાદમાં ભદ્રના દરવાજા પાસેના ભદ્રકાલીના મંદિરનો ઉલ્લેખ 'મિરાતે અહમદી'માં નથી, તેથી એમ લાગે છે કે તે મંદિર ઈ.સ. ૧૭૬૧ પછી મરાઠાશાસન દરમિયાન બંધાયું હશે. પાટણમાં રાજગઢીને અડીને આવેલું ભદ્રકાલીનું મંદિર પણ મરાઠાકાળ દરમિયાન બંધાયું હોય તેમ લાગે છે.

મરાઠાઓના સમયમાં સોમનાથ, ડાકોર, ચાણોદ પાસે કરનાળી, નર્મદા કિનારાનાં કેટલાંક તીર્થો વગેરેનું રક્ષણ રાજ્ય તરફથી થતું. વડોદરા અને અન્ય તીર્થોમાં કથાવાર્તા માટે રાજ્ય તરફથી વ્યવસ્થા થતી. મંદિરો, મઠો તેમ જ અન્ય દેવળોના રક્ષણ માટે રાજ્ય તરફથી ખાસ વ્યવસ્થા થતી. આ માટે ગાયકવાડ સરકારમાં ધર્માધિકારી નામના અધિકારીની નિમણૂક થતી. આ અધિકારી રાજ્યનાં મંદિરોની વ્યવસ્થા કરતો. ત્યાં પૂજન-અર્ચન વગેરે વ્યવસ્થિત થાય તે માટે પૂજારીઓની નિમણૂક કરતો.

મરાઠાકાળ દરમિયાન વડોદરા, જામનગર, સુરત વગેરે સંસ્કૃત વિદ્યાભ્યાસ માટેનાં નોંધપાત્ર કેન્દ્રો હતાં. અહીં જુદા જુદા પ્રદેશોમાંથી સંસ્કૃતના ધર્મગ્રંથોના અભ્યાસ માટે વિદ્યાર્થીઓ આવતા. વડોદરામાં શ્રાવણ માસ દરમિયાન 'દક્ષિણા' પરીક્ષા લેવાતી. આ પરીક્ષા આપવા માટે દૂર દૂરથી વિદ્યાર્થીઓ આવતા. સ્વામિનારાયણ મંદિરના આશ્રયે સંસ્કૃત પાઠશાળાઓ ચાલતી. અહીં સંસ્કૃત ભાષાના વિવિધ ધર્મગ્રંથોનો અભ્યાસ થતો.

ટૂંકમાં, મરાઠાકાળ દરમિયાન રાજકીય અવ્યવસ્થા હોવા છતાં હિંદુ ધર્મને મરાઠા શાસકો તરફથી યોગ્ય રાજ્યાશ્રય મળ્યો હતો.

જૈન ધર્મ

આ સમયે રાજકીય અવ્યવસ્થાની કોઈ અસર જૈન ધર્મ ઉપર દેખાતી ન હતી. જૈન ધર્મના ધર્મગુરુઓ સમગ્ર ગુજરાતમાં ફરીને ધર્મપ્રચારનું કાર્ય કરતા અને ધાર્મિક સાહિત્ય દ્વારા જનસમાજમાં જ્યોતિષ, વૈદક જેવા વિષયોનું શિક્ષણ આપતા. ઘણા ભાવિક ગૃહસ્થો ધર્મગ્રંથોની નકલ કરાવી પોતાની ધર્મભાવના વિકસાવતા હતા; તો ઘણા ધનિકો મંદિરો બંધાવવાનું કે જીર્ણોદ્ધારનું કાર્ય કરી તથા સંઘયાત્રાઓ યોજીને જૈન ધર્મને સજીવન રાખતા હતા. અલબત્ત, રાજકીય અવ્યવસ્થાને લીધે મંદિર-નિર્માણની પ્રવૃત્તિમાં કેટલેક અંશે ઓટ આવી હતી. આબુ, શત્રુંજય, ગિરનાર, ખંભાત, પાટણ વગેરે જૈન ધર્મનાં નોંધપાત્ર કેન્દ્રો હતાં. ઈ.સ. ૧૮૦૮માં શેઠ શાંતિદાસ ઝવેરીના વંશજ શેઠ વખતચંદે શત્રુંજયનો સંઘ કાઢ્યો હતો અને શત્રુંજય ઉપર કેટલીક પ્રતિમાઓ પધરાવી હતી.

આ સમયે ઈ.સ. ૧૭૬૨માં મુનિ રઘુનાથજીના શિષ્ય ભીખમજીએ મૂર્તિપૂજાના વિરોધમાં તેરાપંથની સ્થાપના કરી. આ શાખાનો વિકાસ કચ્છમાં થયો, પણ તળ ગુજરાતમાં તેની કોઈ ખાસ અસર પડી ન હતી.

ઈસ્લામ

ઈસ્લામે ગુજરાતમાં રાજ્યાશ્રય ગુમાવતાં તેની પ્રતિભા મુઘલકાળની સરખામણીએ ઘણી જ ઓછી થઈ હતી. યોગ્ય શિક્ષણના અભાવે મુસ્લિમોનું ધાર્મિક

જીવન ઘણું જ અસ્તવ્યસ્ત બની ગયું હતું. અમીરો મોજશોખમાં પોતાનું જીવન વ્યતીત કરતા હોવાથી સમાજનાં નીતિનાં ધોરણો ઘણાં જ નીચાં ગયાં હતાં. તેમનું નૈતિક જીવન અધઃપતનના માર્ગે હતું. આ સમય દરમિયાન મુસ્લિમોના ધાર્મિક જીવન ઉપર સૂફી સંતોનો પ્રભાવ વધતો જતો હતો. તેઓ દ્વારા ઈસ્લામનું સ્વરૂપ નક્કી થતું હતું. પરિણામે સમાજમાં કેટલોક સંઘર્ષ ઊભો થયો. સૈયદ અહમદ બરેલવીએ સૂફીઓ વિરુદ્ધ એક આંદોલન શરૂ કર્યું. તેમની એ ચળવળને ભારતની વહાબી ચળવળ કહે છે. આ ચળવળનો આધારભૂત ગ્રંથ 'મિરાતે મુસ્તકીમ' છે. આ ચળવળ બ્રિટિશ શાસનમાં પણ ચાલુ રહી હતી.

આ સમયે ગુજરાતના શિયા ઈસ્માઈલ વહોરાઓમાં હિબ્તિયા ફિરકાનો ઉદ્ભવ થયો. આ ઉપરાંત વહોરાઓમાં સુલેમાની, દાઉદી, અલીઆ, નાગોશી વહોરા જેવા પેટાવિભાગો પડી ગયા.

જરથોસ્તી ધર્મ

આ સમયે જરથોસ્તી ધર્મના અનુયાયીઓએ ઉદવાડાને પોતાના ધર્મનું મુખ્ય તીર્થધામ બનાવી, સુરતની આસપાસના પ્રદેશમાંથી આગળ વધી મુંબઈમાં વસવાટ શરૂ કર્યો હતો. તેમણે મુંબઈમાં પહેલવહેલી ગોદી બાંધી હતી. આ સમય દરમિયાન જરથોસ્તી ધર્મમાં શહેનશાહી, કદમી અને પસલી જેવા પંથો પડી ગયા હતા અને એ પંથો વચ્ચે ઘણા જ મતભેદો પ્રવર્તતા હતા. તેમનામાં કબીસાનો કલહ (એટલે કે વર્ષની ગણતરી માટેનો ઝઘડો) નામે જાણીતો થયેલો ઝઘડો અઢારમી સદીની શરૂઆતમાં શરૂ થયો. ઈ.સ. ૧૭૩૦માં સહુપ્રથમ પારસીઓએ જાણ્યું કે પોતાનું નવું વર્ષ ઈરાનના જરથોસ્તીઓ કરતાં એક મહિનો મોડું શરૂ થાય છે. આને લીધે વર્ષની ગણતરી માટેનો તેમનામાં ઝઘડો શરૂ થયો. વર્ષની ગણતરીમાં સુધારો કરનારા કદમી કહેવાયા.

ટૂંકમાં, આ સમયે જરથોસ્તીઓ સંપૂર્ણ રીતે શાંતિમય જીવન વ્યતીત કરતા હતા. તેમણે જ્યાં જ્યાં વસવાટ કર્યો, ત્યાં ત્યાં તેઓ પોતાના ધાર્મિક ઉત્સવો અને તહેવારો ઊજવતા. તેઓએ ઘણા લાંબા સમયથી ગુજરાતમાં વસવાટ કરેલો હોવાથી તેમના પહેરવેશ, ભાષા વગેરે ઉપર ગુજરાતની સંસ્કૃતિની અસર વર્તાવા લાગી હતી.

ખ્રિસ્તી ધર્મ

મુઘલકાળ દરમિયાન અંગ્રેજો, ફિરંગીઓ વગેરે પરદેશી પ્રજાઓએ પોતાનાં વેપારી કેન્દ્રો સ્થાપ્યાં હતાં. દીવ અને દમણ ફિરંગીઓનાં મુખ્ય કેન્દ્રો હતાં, તો સુરત અને ખંભાત અંગ્રેજોનાં મુખ્ય કેન્દ્રો હતાં. આ સ્થળોએ તેમનાં દેવસ્થાનો બંધાયાં હતાં. આ સમયે ધીરે ધીરે ગુજરાતમાં ખ્રિસ્તી ધર્મનો પ્રસાર વધતો જતો હતો. ઘણા ખ્રિસ્તી ધર્મગુરુઓએ આ સમય દરમિયાન ગુજરાતના આદિવાસી પ્રદેશોમાં વસવાટ કરી, ધર્માન્તર પ્રવૃત્તિ આદરીને ખ્રિસ્તી ધર્મનો પ્રસાર કર્યો હતો. તેમણે અહીં દવાખાનાં, શિક્ષણસંસ્થાઓ વગેરે સ્થાપીને તથા લોકોમાં ધાર્મિક પુસ્તકો વહેંચીને સમાજના નીચલા વર્ગને પોતાના ધર્મ તરફ આકર્ષ્યો હતો. રોમન કેથલિકોએ દીવ, દમણ, સુરત, ભરૂચ અને વડોદરામાં પોતાનાં દેવળો બંધાવ્યા. પ્રોટેસ્ટન્ટ સંપ્રદાયે વડોદરાને પોતાનું કેન્દ્ર બનાવ્યું.

ઈ.સ. ૧૮૦૪માં લંડનથી આવેલા લંડન મિશનરી સોસાયટીના રેવ. વિલિયમ ફાઈવી અને જેમ્સ સ્કીનર નામના બે મિશનરીઓએ સુરત અને તેની આસપાસના પ્રદેશમાં ખ્રિસ્તી ધર્મના પ્રસારનું કાર્ય શરૂ કર્યું. ઈ.સ. ૧૮૨૦માં બાઈબલનો ગુજરાતી તરજૂમો બહાર પાડવામાં આવ્યો. અહીં તેમણે પ્રાર્થનામંદિર સ્થાપ્યું. આ પછી ધીરે ધીરે સુરત, ખેડા, પંચમહાલ, ભરૂચ, સાબરકાંઠા વગેરે જિલ્લાઓમાં ખ્રિસ્તી ધર્મનો ફેલાવો થયો.

ટૂંકમાં, મરાઠાકાળ દરમિયાન રાજકીય અંધાધૂંધી પ્રવર્તતી હોવા છતાં ધાર્મિક શાંતિ પ્રવર્તતી હતી. બધા ધર્મ-સંપ્રદાયો પોતપોતાના નીતિનિયમોના ધોરણે અસ્તિત્વ ટકાવી રહ્યા હતા.

સાહિત્ય

મરાઠાકાળમાં સંસ્કૃત ભાષામાં ઘણું ઓછું સાહિત્ય રચાયું હતું. મોટે ભાગે જૈન સૂરિઓએ તથા સ્વામિનારાયણ સંપ્રદાયના સાધુઓએ સંસ્કૃત સાહિત્યના સર્જનમાં નોંધપાત્ર કાર્ય કર્યું હતું. આ સમય દરમિયાન નીચેના લેખકોએ સાહિત્યના સર્જનમાં નોંધપાત્ર ફાળો આપ્યો હતો.

દેવશંકર પુરોહિત (ઈ.સ. ૧૭૬૧-૬૮) : સુરત જિલ્લામાં આવેલા રાંદેરના વતની કવિ દેવશંકરે 'અલંકારમંજૂષા' નામનો ગ્રંથ સંસ્કૃતમાં રચ્યો. તેમાં તેમણે માધવરાવ પેશવા અને ન્યાયાધીશ રામશાસ્ત્રીની પ્રશસ્તિ કરી છે.

જિનલાભસૂરિ (ઈ.સ. ૧૭૨૭-૭૮) : આ સૂરિએ પોતાનો 'આત્મપ્રબોધ' નામનો ગ્રંથ ઈ.સ. ૧૭૭૬-૭૭માં મુંદ્રામાં પૂર્ણ કર્યો હતો. ગ્રંથનો વિષય ધાર્મિક છે.

પદ્મવિજયગણિ : સૂરિ પદ્મવિજયે ઈ.સ. ૧૮૦૧-૦૨માં 'જયાનંદચરિત' નામનો ૧૪ સર્ગોનો ગ્રંથ સંસ્કૃતમાં રચ્યો. ગ્રંથની શરૂઆતમાં મહાવીરની સ્તુતિ કરેલી છે.

આ ઉપરાંત વિજયલક્ષ્મીસૂરિએ 'ઉપદેશપ્રાસાદ' (ઈ.સ. ૧૮૦૨-૦૩), ક્ષમાકલ્યાણગણિએ 'તર્કસંગ્રહ-ફક્કિકા', 'ભૂ-ધાતુ વ્યાખ્યા', 'ખતરગચ્છ પટ્ટાવલી' (ઈ.સ. ૧૭૭૧થી ૧૯૭૪), જ્યોતિવિજયગણિએ અણહિલપુર પાટણમાં 'તત્ત્વામૃત', રંગવિજયમુનિએ ભરૂચમાં 'ગુર્જરદેશ રાજવંશાવલી' વગેરે ગ્રંથો સંસ્કૃતમાં રચ્યા, જેમાં મહાવીર સ્વામીના નિર્વાણથી માંડીને મુઘલ બાદશાહ મુહમ્મદશાહ (ઈ.સ. ૧૭૧૯-૪૮) સુધીની વિગતો નિરૂપી છે.

'ગુર્જરદેશ રાજવંશાવલી' ૯૫ શ્લોકોનું નાનું કાવ્ય છે. કાવ્યમાં અનુષ્ટુપ, સ્રગ્ધરા, શાર્દુલવિક્રીડિત વગેરે છંદોનો ઉપયોગ કર્યો છે. પાંચ ખંડમાં વહેંચાયેલા આ ગ્રંથમાં શરૂઆતમાં મગધ અને ઉજ્જૈનના રાજવીઓનાં નામ અને વર્ષ આપીને પછી ગુજરાતના ચાપોત્કટ (ચાવડા), ચૌલુક્યો, વાઘેલાઓ, દિલ્હીના સુલતાનો, મુઘલ બાદશાહો વગેરેનાં નામ અને રાજ્યકાળનું વર્ષ આપેલાં છે. વર્ષોની સંખ્યા પદ્યમાં શબ્દસંકેતમાં આપેલી છે. આ ઉપરાંત આ ગ્રંથમાં વસ્તુપાળની પ્રશસ્તિ પણ કરેલી છે. આ કૃતિમાં ભગવાન મહાવીરના નિર્વાણથી માંડીને મુઘલ બાદશાહ મુહમ્મદશાહ સુધીની નોંધ કરેલી છે. આ કૃતિ મેરુતુંગની કૃતિ 'વિચારશ્રેણી'ને કંઈક અંશે મળતી આવે છે.

આ સર્વ ગ્રંથો જૈન ધર્મને લગતા છે અને સંસ્કૃત ભાષામાં રચાયેલા છે.

સહજાનંદ સ્વામી

સ્વામિનારાયણ સંપ્રદાયના આદ્યસ્થાપક સ્વામી સહજાનંદે કેટલાક નોંધપાત્ર ગ્રંથો રચી સંપ્રદાયને સમૃદ્ધ બનાવ્યો છે. તેમના ગ્રંથોમાં 'શિક્ષાપત્રી' મહત્ત્વનો ગ્રંથ છે. 'શિક્ષાપત્રી'માં સત્સંગીઓ માટેનો આચાર, અધ્યયન, ધર્મગુરુની અને ગૃહસ્થના ધર્મ વગેરેને લગતી ચર્ચા કરવામાં આવી છે. આ ગ્રંથમાં ૨૧૨ શ્લોકો છે. તેની રચના સં. ૧૮૮૨ (ઈ.સ. ૧૮૨૬)માં થયેલી હોવાનું ફલશ્રુતિના શ્લોક ૨૧૧માં જણાવ્યું છે. કાવ્યમાં ઉપજાતિ અને અનુષ્ટુપ છંદનો ઉપયોગ કરેલો છે.

આ સમયે સ્વામિનારાયણ સંપ્રદાયને લગતી શતાનંદ મુનિની 'સત્સંગી જીવન' નામની કૃતિ રચાઈ. આ ગ્રંથમાં સહજાનંદ સ્વામીના જન્મથી માંડી રામાનંદ સ્વામી પાસે તેમણે લીધેલી દીક્ષા સુધીની વિગતો આલેખાયેલી છે. આ સાથે તેમાં સહજાનંદ સ્વામીનો ધર્મોપદેશ, વડતાલ, અમદાવાદ, ભૂજ વગેરે સ્થળોનાં મંદિરો, વર્ણાશ્રમધર્મ વગેરેને લગતી ચર્ચા કરેલી છે. (સં. ૧૮૮૫-૮૬).

ગુજરાતી સાહિત્ય

આ સમયે ગુજરાતી ભાષામાં પણ શૈવ અને વૈષ્ણવ સંપ્રદાયને લગતા કેટલાક ગ્રંથો રચાયા. આ સમયના ગ્રંથોમાં મોટે ભાગે આખ્યાનો, રાસ, ગરબા વગેરેનો સમાવેશ થાય છે. આ સમયની કૃતિઓમાં સહજાનંદ સ્વામીનું 'શિક્ષાપત્રી' ગવરીબાઈનાં અદ્વૈતવાદને લગતાં પદો; ધીરા ભગતનું 'દ્રોપદી વસ્ત્રાહરણ', સુરતીભાઈનો વિવાહ, જ્ઞાનકક્કો, આત્મબોધ, યોગમાર્ગ; કેવલપુરીનું તત્ત્વસાર; કાલિદાસ (વસાવડના) નું પ્રહલ્લાદાખ્યાન, સીતાસ્વયંવર, ધ્રુવાખ્યાન; કેશવનું પુરુષોત્તમ મહાત્મ્ય; ગોવિંદરામ વૈષ્ણવનાં પ્રેમભક્તિ, ઉમિયાશિવસંવાદ વગેરે કાવ્યો; નરભેરામનું બોડાણાચરિત્ર તથા રાસલીલા, ગજેન્દ્રમોક્ષ વગેરે પેદા નોંધપાત્ર છે.

આ ઉપરાંત મરાઠાકાળ દરમિયાન રૂપસેનરાસ, નેમરાજુબના બારમાસ, હરિબલમચ્છીરાસ, ગજસિંહકુમારરાસ વગેરે અનેક રાસ રચાયા. આ રાસસાહિત્ય સામાન્ય કક્ષાનું હતું.

અરબી-ફારસી સાહિત્ય

મરાઠાકાળ દરમિયાન ફારસી હજુ દરબારી ભાષા તરીકે ચાલુ હતી, ઈસ્લામના શિક્ષણ માટે તે ઉપયોગી હતી; જ્યારે ઉર્દુ ભાષા હજુ ઘડાતી હતી. અરબી-ફારસી ભાષાના સાહિત્યનું ખેડાણ અરબસ્તાન અને ઈરાનની સરખામણીએ ભારતમાં સારા પ્રમાણમાં થયું હતું. ગુજરાતમાં પણ કેટલાક નાગરો, કાયસ્થો અને સૂફી સંતોએ અરબી-ફારસીમાં ગ્રંથો રચ્યા છે. અમદાવાદના સુંદરલાલ નામના નાગર બ્રાહ્મણે અરબી-ફારસી શબ્દકોશ રચ્યો (ઈ.સ. ૧૮૧૯) ! ઈ.સ. ૧૭૯૦માં 'પ્રબોધચંદ્રોદય' નામના સંસ્કૃત નાટકનું ફારસીમાં 'ગુલઝારે હાલ' નામથી ભાષાંતર થયું. તેમાં ઈ.સ. ૧૭૯૦માં ગુજરાતમાં પડેલા દુકાળનું આબેહૂબ વર્ણન આપેલું છે. આ ઉપરાંત મુહમ્મદ મુર્તજા કુરેશી મુઝફ્ફરાબાદી સોરઠીએ 'મજમા-ઉન-નવાદિર' નામનો ફારસી કાવ્યસંગ્રહ, મુહમ્મદ કાસમ બની અબ્દુર્રહેમાને 'સફીન ઉસ સાદાત', શેખ નિઝામુદ્દીન વલદે શેખ મહમદ યાહ્યાએ 'મખઝન-ઉલ-અરાસ' (એટલે કે ઓરસનો ખજાનો), સુરતના બક્ષી કુટુંબના મીર મુહમ્મદ ફઝલેવકાયે 'અહસન ઉલ મદાયહ' વગેરે ગ્રંથો રચી ફારસી સાહિત્યને સમૃદ્ધ બનાવ્યું.

આ ઉપરાંત, કેટલાક ફારસી લેખોએ પણ આ સમયે ફારસીમાં ધાર્મિક સાહિત્ય રચ્યું હતું. એમાં ફારસી ખુલાસયે દીન, ચરિત્રનામા, મહેતા નાનાભાઈએ લખેલ મોનાજાત (પ્રાર્થના વગેરે નોંધપાત્ર છે. અમદાવાદના સૈયદ મોહમ્મદ મીરે તીરંદાજી (બાણવિદ્યા) ઉપર ફારસીમાં રિસાલો લખ્યો. મોબેદ ફારામરોઝ રુસ્તમ ખોરશેદે ફારસી પદ્યમાં જહાંગીરનામા તથા કાઉસનામાં રચ્યાં. મુનશી નંદલાલે કસીદા (પ્રશંસાકાવ્યો) રચ્યાં. મુલ્લાં ફિરદોસીના શાહનામાના અનુકરણમાં જ્યોર્જનામા રચ્યું.

મિરાતે અહમદી

મરાઠાકાળ દરમિયાન રચાયેલો આ એક નોંધપાત્ર ફારસી ગ્રંથ છે. તેના લેખક અલી મુહમ્મદખાનના પિતા ઔરંગઝેબ બાદશાહના સમયમાં બક્ષી તરીકે સેવા બજાવતા હતા. આ ગ્રંથમાં લેખકે વનરાજ ચાવડાથી શરૂ કરી છેક ઈ.સ. ૧૭૬૧ સુધીનો ઈતિહાસ આપેલો છે. ઈ.સ. ૧૭૧૯ થી ૧૭૬૧ સુધીનો મરાઠા

શાસનનો આંખે દેખ્યો હેવાલ તેમણે આ ગ્રંથમાં આપેલો છે. એની પુરવણીમાં અમદાવાદને લગતી વિગતો આપેલી છે. આવો વ્યવસ્થિત હેવાલ અન્યત્ર મળતો નથી.

આ ગ્રંથની પુરવણીમાં લેખકે અમદાવાદની વિગતો ઉપરાંત તત્કાલીન સમયની ગુજરાતની સામાજિક, આર્થિક, ધાર્મિક સ્થિતિનો ચિતાર આપેલો છે. આ ઉપરાંત તેમાં ગુજરાતની ભૂગોળ, ગુજરાતનું વહીવટી તંત્ર, ગુજરાતની વસ્તી, મુસલમાન- સૌરાષ્ટ્ર અને ગુજરાતનાં હિંદુ અને જૈન તીર્થો, ગુજરાતનાં બંદરો, બેટ નદીઓ પર્વતો વગેરેનું વર્ણન આપેલું છે.

તારીખે સોરઠ - વ - હાલાર

દીવાન રણછોડજી અમરજીએ ઈ.સ. ૧૮૩૦માં લખેલા સૌરાષ્ટ્રના સોરઠ અને હાલાર પ્રદેશોના તત્કાલીન ઇતિહાસને આલેખતા આ પુસ્તકમાં સોરઠ અને હાલારનો વિગતવાર ક્રમબદ્ધ ઇતિહાસ આલેખવામાં આવ્યો છે.

આ ઉપરાંત આ સમયે મુનશી જશવંતરાયે 'સઈદનામા', નવલરામે 'તારીખે અહમદખાની', 'ખતે હોલકર', રણછોડદાસે 'દકાયક-ઉલ-ઈનશા', સુજાનરાયે 'નિયાઝનામા', ખુશાલદાસે 'દસ્તુર ઉલ ઇમ્તિયાઝ' વગેરે ગ્રંથો રચ્યા છે. આ સર્વ ગ્રંથોના લેખકો નાગરો હોવાનું મનાય છે. આ જોતાં મરાઠાકાળ દરમિયાન ગુજરાતના નાગરોએ ફારસી સાહિત્યને વિકસાવવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો હોય તેમ લાગે છે.

ગુજરાતમાં રચાયેલા ફારસી માહિત્યમાં રૂક્કાત (પત્રવહેવાર) અને બયાઝ (રોજનીશી) વગેરે મહત્ત્વનું સ્થાન ધરાવે છે. શોભરામની રોજનીશીમાંથી માત્ર ગુજરાતના જ નહિ, પણ ભારતના ઇતિહાસની પણ કેટલીક વિગતો મળે છે. તેમાંથી બાદશાહ ફર્યુખશાયરના મૃત્યુને લગતી કેટલીક મહત્ત્વની કડીઓ પ્રાપ્ત થાય છે. ઈ.સ. ની ૧૮મી સદીના ગુજરાતના એક નાગર બ્રાહ્મણ છબીલારામ લેખલા પત્રલેખનના સંગ્રહમાંથી બાદશાહ ફર્રુખશાયર અને રાજા છબીલરામ (ફર્રુખશાયરે છબીલારામને 'રાજા' ઈલ્કાબ આપેલા હતો) વચ્ચે થયેલો પત્રવહેવાર ગુજરાતના ઇતિહાસ માટે મહત્ત્વનો છે. આ પત્રસંગ્રનું નામ 'અજામલ ઉલ આફાક' 'અર્થાત્

દુનિયાની અજાયબીઓ) છે. આ સમય દરમિયાન લખાયેલી ડાયરીઓમાં મુનશી, નંદલાલ કિસનજી વૈદ તથા ભવાનીશંકર રાયની ડાયરીઓ ગુજરાતના ઇતિહાસ ઉપર વેધક પ્રકાશ પાડે છે. નંદલાલે ફતેહસિંહરાવ ગાયકવાડના સૂબા ગોપાળરાવની પ્રશસ્તિ ફારસીમાં લખી છે. ફારસીમાં પ્રશંસાકાવ્યોને 'કસીદા' કહે છે.

આમ, મરાઠાકાળ દરમિયાન ઘણું જ નોંધપાત્ર ફારસી સાહિત્ય રચાયું. આ ફારસી સાહિત્યને સમૃદ્ધ કરવામાં ગુજરાતના નાગરોએ મહત્ત્વનો ફાળો આપ્યો છે. એ ગુજરાતના ઇતિહાસની એક મહત્ત્વની બીના છે.

સ્થાપત્ય અને શિલ્પ

આ સમયે સ્થાપત્યના ક્ષેત્રે કેટલીક નોંધપાક્ષ પ્રગતિ સધાઈ હતી. મરાઠાકાળ દરમિયાન વડોદરા, ભાવનગર, ખંભાત, સુરત, નાડિયાદ, કડી, અમરેલી વગેરેને કેટલુંક રાજકીય મહત્ત્વ પ્રાપ્ત થયું હતું. આના પરિણામે નગરોમાં કેટલાંક મકાનો બંધાયાં હતાં. નાડિયાદને ખંડેરાવ ગાયકવાડે રાજધાની બનાવી હોવાથી શહેરની આસપાસ કોટ બંધાયો. કોટને નવ મજબૂત દરવાજા હતા. કચ્છમાં જમાદાર ફતેહમામદે વાગડમાં બાદરગઢ અને ફતેહગઢ નામના બે કિલ્લા સરહદના રક્ષણ અર્થે કરાવ્યા કડી (જિ. મહેસાણા)માં મલ્હારરાવ ગાયકવાડે રંગમહેલ અને સૂપડામહેલ નામની ઈમારત બંધાવી. હાલમાં આ મહેલોનો અવશષો કડીમાં જોવા મળે છે. (સૂપડા - મહેલને ઈ.સ. ૧૯૦૨ થી જેલમાં ફરેવી નાખવામાં આવ્યો છે.) થામણામાં ગંગાદત્તજી માહેશ્વરજીએ 'દેવજીની હવેલી' નામે પ્રખ્યાત ઇમારત બંધાવી. ઈ.સ. ૧૭૮૧માં સુરતમાં બક્ષી મીર નજમુદ્દીને દરિયા-મહેલ નામનો મહેલ બંધાવ્યો.

આ સમયે કેટલાંક નવાં જળાશયો બંધાયા ઈ.સ. ૧૮૦૬માં પાટણમાં બારોટ બહાદુરસિંગ જનકરણસિંગે પાંચ મજલાની એક વાવ બંધાવી. એમા બે માળ ઈંટોના અને ત્રણ માળ પથ્થરના છે. ઈ.સ. ૧૭૫૨ માં સોજીત્રામાં મોગરાળ તળાવ બંધાવવામાં આવ્યું. આ ઉપરાંત નડિયાદમાં રતન તળાવ, શંખોદ્ધાર (સૌરાષ્ટ્ર)માં દામાજી સરોવરનો આરો વગેરે આ સમયે બંધાયાં. સુરતમાં અને પાટણમાં નવા બાગ કરાયા.

હિંદુ મંદિરો

વડોદરામાં ગાયકવાડ સરકાર અસ્તિત્વમાં આવતાં કેટલાંક હિંદુ મંદિરો બંધાયાં હતાં. આ સમયે સોલંકીકાળની શૈલીનાં કેટલાંક શૈવ મંદિરો અને વૈષ્ણવોનાં હવેલી મંદિરો અસ્તિત્વમાં આવ્યાં. શિવાલયમાં આગળના ભાગમાં નંદી, વિષ્ણુમંદિરમાં ગરુડ અને રામમંદિરમાં હનુમાનની પ્રતિમાઓ નજરે પડે છે. મંદિરોના શિખરને દક્ષિણ ભારતની જેમ પિરામિડનો ઘાટ અપાવા લાગ્યો.

આ સમયે સુરતમાં રહિયા સોનીના ચોકમાં આવેલું બાલાજીમંદિર (૧૯મી સદીનો પહેલો દસકો), ભરૂચનું ભૃગુભાસ્કરેશ્વર મંદિર (ઈ.સ. ૧૭૮૩), વડોદરાનું વિઠ્ઠલમંદિર, બહુચરમાતાનું મંદિર, ખંડોબાનું મંદિર, ગણપતિ મંદિર, નીલકંઠેશ્વર મહાદેવ અને યવતેશ્વર મંદિર, ખંભાતનું કવિ પ્રીતમદાસે બંધાવેલું મથુરાદાસ બાવાનું મંદિર તથા નવું હવેલી મંદિર, ઉમરેઠનું વેરાઈ માતાનું મંદિર (ઈ.સ. ૧૭૬૬), સોજીત્રાનું કામનાથ મહાદેવ શિવાલય (ઈ.સ. ૧૭૬૯), નડિયાદનું નારણદેવ મંદિર (ઈ.સ. ૧૮૦૨ - આ મંદિર મલ્હારરાવ ગાયકવાડે બંધાવવાનું શરૂ કરેલું પણ તેમને નડિયાદ છોડી નાસી જવું પડતાં પાછળથી આ મંદિર વડોદરાના હરિભક્તિ કુટુંબના રતન શેઠાણીએ ઈ.સ. ૧૮૦૭માં પુરું કરાવ્યું હતું), ખેડા જિલ્લાના સારસા ગામનું સતકેવળનું મંદિર, અમદાવાદનાં ભદ્રના કિલ્લાના વિસ્તારમાં આવેલાં મંદિરો તથા રામબારી આગળનું કૃષ્ણમંદિર, પાટણ પાસે આવેલ ભૂતિયાવાસણા ગામનું ભૂતેશ્વર, કડીનાં યવતેશ્વર મહાદેવ અને રાધાકૃષ્ણનું મંદિર, સિદ્ધપુરનાં સિદ્ધેશ્વર અને નીલકંઠ મહાદેવનાં મંદિરો, બહુચરાજીનું નવું દેવાલય (ઈ.સ. ૧૭૯૫), અમરેલીનું જાગનાથ મંદિર (ઈ.સ. ૧૮૧૭), બેટદ્વારજીનું ત્રિવિક્રમ મંદિર, જૂનાગઢની પુષ્ટિમાર્ગીય હવેલી, સુપેડીનાં બે મંદિરો વાંકાનેર પાસેનું જડેશ્વરનું મંદિર, પાળિયાદ (તા. બોટાદ)નું શિવમંદિર, ભૂજની છતરડી વગેરે આ સમયે બંધાયેલાં મંદિરો છે. આ સર્વ મંદિરોમાં કેટલાંક શિવાલયો છે, તો કેટલાંક વિષ્ણુમંદિરો છે. આ ઉપરાંત આ સમયે હનુમાન, ગણપતિ, દેવી મંદિરો વગેરે અલગ રીતે અસ્તિત્વમાં આવ્યાં. ઈન્દોરનાં રાણી અહલ્યાબાઈ હોલકરે ગુજરાતમાં પ્રભાસપાટણ, દ્વારકા વગેરે સ્થળોએ મંદિરો બંધાવવામાં મહત્ત્વનો ફાળો આપ્યો હતો.

અમદાવાદમાં મરાઠાકાળ દરમિયાન અનેક મંદિર બંધાયાં હતાં. એમાંના ઘણાં જીર્ણોદ્ધારને લીધે અસલ સ્વરૂપે જોવા મળતાં નથી, પરંતુ ખાડિયા ગેટથી બાલાહનુમાન જવાના રસ્તે જેઠાભાઈની પોળની સામે આવેલું વિસનગરા નાગરોનું હાટકેશ્વર મંદિર નોંધપાત્ર છે. આ મંદિર એના બંધાવનાર તુલજારામ મહાદેવના નામે ઓળખાય છે. મંદિર મરાઠાકાલીન હોવા છતાં તેની શૈલી સોલંકીકાલીન છે. મંદિર પૂર્વાભિમુખ છે. એમાં મંડપ, ગર્ભગૃહ, શણગાર ચોકી વગેરેની રચના છે. ત્રણે બાજુથી મંદિરમાં જવા માટે પ્રવેશદ્વારો છે. નાનાં ઉરુમગોવાળું શિખર છે. મંદિરના ગર્ભગૃહમાં મધ્યમાં શિવલિંગ અને પાછળના ગોખમાં પાર્વતીની ચતુર્ભુજ મૂર્તિ છે. ગર્ભગૃહનું અંદરનું વિત્તમાન ભૌમિતિક આકૃતિઓથી શોભે છે. અંતરાલમાં ડાબી બાજુએ ગણપતિની મૂર્તિ છે. અહીં એક ઉમા-મહેશ્વરની મૂર્તિ આવેલી છે. શિવના ડાબા ખોળામાં પાર્વતી અને જમણા ખોળામાં બાલગણેશ નજરે પડે છે. રંગમંડપમાં બાર સ્તંભો છે. સ્તંભો ઉપર નૃત્યાંગનાઓનાં શિલ્પો છે. મંદિરના પ્રવેશદ્વાર આગળ બહુચર માતાનું મંદિર છે.

ડાકોરનું પ્રસિદ્ધ રણછોડરાયનું મંદિર મરાઠાકાળમાં બંધાયું હતું. આ વૈષ્ણવ મંદિર શામળાજીના દેવગદાધર મંદિરના જેવું છે. અહીં વિષ્ણુના ત્રિવિક્રમ સ્વરૂપની 'રણછોડરાય' નામે ઓળખાતી સુંદર પ્રતિમા છે. એક અનુશ્રુતિ અનુસાર જાણવા મળે છે કે આ પ્રતિમા ભક્ત બોડાણા ઈ.સ. ૧૧૫૫ માં દ્વારકાથી ડાકોર લાવેલાં, પણ તે લગભગ ૫૬૯ વર્ષ સુધી અપૂજ્ય રહી. ઈ.સ. ૧૭૨૫માં લક્ષ્મીજીનુ મંદિર બંધાતાં ત્યાં તેની સહુપ્રથમ પ્રતિષ્ઠા કરવામાં આવી. ત્યાર બાદ ઈ.સ. ૧૭૭૨માં પેશવાના શરાફ સતારાના ગોપળ જગન્નાથ તાંબેકરે આ મંદિર બંધાવતા વિ.સં. ૧૮૨૮ ના મહા વદ ૫ ને બુધવારે આ મૂર્તિની સ્થાપના કરવામાં આવી. મંદિર પશ્ચિમાભિમુખ છે. મંદિરમાં વિશાળ ચોક અને બહાર સન્મુખ ગોમતી નામનું તળાવ આવેલું છે. મંદિરને પીઠ, ગર્ભગૃહ, અંતરાલ, મંડપ અને ત્રણે બાજુએ પ્રવેશદ્વારો આવેલાં છે. આ મંદિરના બાંધકામમાં ગુજરાતના મુસ્લિમ સ્થાપત્યની અસર વર્તાય છે . શિખરના ચારે ખૂણે ચાર મિનારાઓની રચના કરેલી છે. ઘુમ્મટ સાદો છે.

આમ, મરાઠાકાળ દરમિયાન ઠીકઠીક પ્રમાણમાં હિંદુ મંદિરો બંધાયા. આ સર્વ મંદિરો સામાન્ય સ્તરનાં અને સ્થાપત્યની દૃષ્ટિએ ઘણી જ ઊતરતી કક્ષાનાં હતાં.

જૈન મંદિરો

મરાઠાકાળ દરમિયાન હિંદુ મંદિરોની માફક કેટલાંક જૈન મંદિરો બંધાયાં. ઘણાં મંદિરોનો જીર્ણોદ્ધાર થયો. મંદિરો પૈકી ઘણાં ચૌલુક્ય શૈલીનાં શિખરબંધ મંદિરો છે. ઘણાં મંદિરોમાં ગર્ભગૃહ, મંડપ અને ચોકીની રચના જોવા મળે છે. કેટલાંક મંદિરો ત્રણ ગર્ભગૃહવાળાં, તો કેટલાંક પાંચ ગર્ભગૃહવાળાં જોવા મળે છે. આ મંદિરોમાં તીર્થંકરોની પ્રતિમાઓ સ્થાપેલી છે. ઘણાં મંદિરોમાં યક્ષ-યક્ષિણીઓની પ્રતિમાઓ સુંદર રીતે કંડારેલી જોવા મળે છે.

આ સમયે બંધાયેલાં નોંધપાત્ર જૈન મંદિરો નીચે પ્રમાણે છે : અમદાવાદનું શેઠના પાડામાંનું શીતલાનાથનું મંદિર, વાઘણ પોળનું અજીતનાથનું મંદિર, શાંતિનાથનાં દેરાસર, સોજીત્રાનું સમડીચકલાનું મહાવીર સ્વામીનું મંદિર, મીયાંગામનું શાંતિનાથનું દેરાસર, સિનોર (તા. વડોદાર)નું શ્રાવકવાડાનું સુમતિનાથનું મંદિર તથા છીપવાડમાંનું વાસુપૂજ્યનું દેરાસર, ભરૂચનું શ્રીમાળી પોળનું શંખેશ્વર પાર્શ્વનાથનું મંદિર, સુરતનું ગોપીપુરામાંનું મહાવીર સ્વામીનું દેરાસર, વલસાડનું શેઠ ફળિયામાંનું મહાવીર સ્વામીનું દેરાસર, વલસાડનું શેઠ ફળિયામાંનું મહાવીર સ્વામીનું દેરાસર, દમણનું વાણિયાવાડમાંનું આદિનાથ મંદિર, પાલનપુરનું કમાલપુરામાંનું દેરાસર, થરાદનું બજારમાં આવેલું શાંતિનાથનું દેરાસર, વિસનગરનું કડા બજારનું પાર્શ્વનાથનું મંદિર, ઉમતા (તા. વિસનગર)નું કુંથુનાથનું મંદિર, ઊંઝાનું તલાટીના માઢમાંનું શાંતિનાથનું મંદિર, વીરમગામનું સંઘવી ફળિયામાંનું શાંતિનાથનું મંદિર, અમરેલી જૂની બજારમાંનું સંભવનાથનું મંદિર વગેરે.

આ સમયે શત્રુંજય પર અમદાવાદના મોદી પ્રેમચંદ લવજીની ટૂંક અને એ પરનાં ત્રણ મુખ્ય અને અન્ય નાનાં મંદિરો બંધાયાં. એમાંનું મોટું મંદિર પૂર્વાભિમુખ છે. એની ઉત્તર અને દક્ષિણ બાજુએ શણગાર-ચોકીઓ આવેલી છે. મંદિરની બહારની દીવાલ પર ગણેશ, ભવાની તથા અન્ય હિંદુ દેવ-દેવીઓનાં શિલ્પો છે. ગર્ભગૃહ પર ત્રણ શિખર આવેલાં છે. મધ્યના ઊંચા શિખરવાળા ગર્ભગૃહમાં આદિનાથ પ્રતિમા સ્થાપેલી છે.

આમ, મરાઠાકાળ દરમિયાન રાજકીય અવસ્યવસ્થા હોવા છતાં ધાર્મિક ક્ષેત્રે ઠીકઠીક પ્રગતિ થઈ હતી. અનેક નાનાં મોટાં મંદિરો અસ્તિત્વમાં આવ્યાં હતાં. મુખ્ય કારણ એ છે કે સ્થાપત્યના કાર્યમાં કોઈ રાજકીય અંતરાયો આવવાના નથી કે મંદિર પર કોઈ આક્રમણો થવાનાં નથી. તેની લોકોને ખાતરી હતી.

ઈસ્લામી સ્થાપત્ય

આ સમયે બંધાયેલી કેટલીક નવી મસ્જિદો સ્થાપત્યની દૃષ્ટિએ ઘણી ઊતરતી કક્ષાની હતી.

ઈ.સ. ૧૭૯૨માં ઉમરેઠમાં કાજી અજુમુદ્દીને ગરુડમંદિર તોડીને મસ્જિદ બનાવી. આ મસ્જિદ હાલમાં ફતેહ મસ્જિદ તરીકે ઓળખાય છે. આ ઉપરાંત સુરતની પીર મક્કીશાહની દરગાહ, કચ્છમાં પીર ગુલામઅલીની જગ્યામાં આવેલી દરગાહો, લખપતની લખપતી પીરની દરગાહ અને પીરઘોષની દરગાહ, ભૂજનો જમાદાર ફતેહમામદનો રોજો વગેરે આ સમયની નોંધપાત્ર મુસ્લિમ ઈમારતો છે.

ભૂજનો જમાદાર ફતેહમામદનો રોજો પૂર્વાભિમુખ છે. ઊંચી પીઠ પર બાંધેલો છે. એને ફરતો ચોક છે. વિશાળ કોટ કરેલો છે. રોજાની દરગાહ એક મુખ્ય ખંડમાં છે. એની આગળ ચોકી છે. આ રચના હિંદુ મંદિરને મળતી આવે છે. મુખ્ય ખંડમાં ત્રણ કબરો ઉત્તર-દક્ષિણ આવેલી છે. વચ્ચેની કબર ફતેહમામદની, પૂર્વ બાજુની કબર એની બીબીની તથા પશ્ચિમ બાજુની કબર એના વડા પુત્ર ઈબ્રાહીમમિયાંની છે. કબરોની ઉપરના છાવણ પણ ઊંચો અને ચોકીના છાવણ પર નીચો અર્ધઅંડાકર ઘુમ્મટ છે. ખંડની અંદરના ભાગમાં કલાકૃતિઓથી શણગારેલો ગોખ છે. રોજામાં અન્ય વ્યક્તિઓની કબરો છે. દા.ત., તોપચી ગોલંદાજ અબ્દુલહમીદની કબર વગેરે.

ખ્રિસ્તી દેવળો

આ સમયે ખ્રિસ્તી ધર્મના અનુયાયીઓની વસ્તી ગુજરાતમાં સારા પ્રમાણમાં વધી હતી. મરાઠાકાળ દરમિયાન ગુજરાતમાં સુરતમાં ઈ.સ. ૧૭૫૯માં કેથલિક સંપ્રદાયના કાર્મેલાઈટ સંઘે તથા ઈ.સ. ૧૮૦૨માં ફિરંગીઓએ દેવળ બાંધ્યું.

ફિરંગીઓના દેવળની જગ્યા પાછળથી આર્યસમાજે ખરીદી લઈ તેના પર મંદિર બાંધ્યું. ઈ.સ. ૧૮૧૪ માં ભરૂચમાં 'અવરલેડી ઓવ્ હેલ્થ' નામનું દેવળ બંધાયું.

શિલ્પ

મરાઠાકાળ દરમિયાન ગુજરાતમાં શિલ્પકલાનો સારી રીતે વિકાસ થયો હતો. આ શિલ્પોમાં મુઘલકાલીન લક્ષણો ઠીકઠીક પ્રમાણમાં જોવા મળતાં હોવા [illegible] કલાની દૃષ્ટિએ ઘણી ઊતરતી કક્ષાનાં હતાં. આ સમયનાં શિલ્પો [illegible] મંદિરોમાંથી મળે છે. તેમાં ધાતુશિલ્પોઓ પણ સમાવેશ થાય છે. આ [illegible] દેવદેવીનાં શિલ્પો તૈયાર થતાં.

અમદાવાદના ભદ્રના કિલ્લાના વિસ્તારમાં આ સમયનાં અનેક [illegible] શિલ્પો જેવાં કે હનુમાન, ગણેશ, રામ-સીતા-લક્ષ્મણ, પંચમુખી શિવલિંગ, બદરીનારાયણ, લક્ષ્મીનારાયણ, શ્રી કૃષ્ણ વગેરેની પ્રતિમાઓ જોવા મળે છે. ગણપતિના મંદિરમાં ચતુર્ભુજ ગણપતિની પ્રતિમાના જમણા અને ડાબા હાથમાં અનુક્રમે પરશુ અને અંકુશ છે, નીચલો જમણો હાથ વરદ મુદ્રામાં છે, નીચલા ડાબા હાથમાં ભગ્નદંત છે. પ્રતિમા અર્ધપર્યંકાસનમાં છે. ગણપતિનું વાહન ઉંદર દર્શાવેલું છે. લક્ષ્મીનારાયણ મંદિરમાં લક્ષ્મીનારાયણને મનુષ્યાકૃતિવાળી ગરુડની મૂર્તિ પર બેઠેલા દર્શાવેલા છે.

આ ઉપરાંત ભદ્રના કિલ્લા પાસેના મંદિરમાંની ભદ્રકાલીની મૂર્તિ, ચાણોદમાં કુબેરેશ્વર મહાદેવમાંની ઉમા-મહેશની મૂર્તિ, પાટણ તાલુકાના ભૂતિયાવાસણા ગામમાંની, કચ્છમાં લખપતજીની છતડીમાંના દશાવતાર, સરસ્વતી, ગોપીવસ્ત્રાહરણ, કાલિયદમન, લખપતજીનો પાળિયો વગેરે આ સમનાં નોંધપાત્ર શિલ્પો છે. આ ઉપરાંત શત્રુંજય ઉપરનાં જૈન મંદિરોમાંનાં શિલ્પો સવિશેષ છે. શામળાજી પાસેથી આ સમયનો એક પાળિયો ગુજરાત રાજ્યના પુરાતત્ત્વ ખાતાને મળેલો છે. તેની નીચે ઈ.સ. ૧૭૭૦ ની સાલનો લેખ છે. હળવદમાંના સતીના અનેક પાળિયા આ સમયના હોવાનું મનાય છે.

ધાતુશિલ્પોમાં સુરતના ત્રિપુરાસુંદરી માતાના મંદિરમાં આ સમયની કહેવાતી એક મહિષાસુરમર્દિનીની સુંદર પ્રતિમા આવેલી છે. તેની કમરે મરાઠી શૈલીની

સાડી ધારણ કરાવેલી છે. સોળ હાથ છે તથા ગળે મહિષમુંડ છે. વડોદરાના સંગ્રહાલયમાં આ સમયનાં કેટલાંક શિલ્પો- જેવાં કે ગૌરી, જૈન ચતુર્ભુજ યક્ષી, પદ્માવતી, દીપલક્ષ્મી, બાલકૃષ્ણ વગેરે સંગ્રહાયેલાં છે.

આ સમયે લાકડા ઉપરનું કોતરકામ કચ્છ તથા સૌરાષ્ટ્રમાં સારી રીતે વિકસ્યું હતું. ભૂજના મ્યુઝિયમમાં મરાઠા સમયની કલાના ઉત્તમ વડોદરાનાં સંગ્રહાલયમાં પણ લાકડા ઉપરની કારીગરીવાળાં મરાઠીકાલીન શિલ્પો સચવાયેલાં છે. અમદાવાદની વાઘણ પોળમાંનાં અજીતનાથના જૈન દેરાસરમાંનો લાકડાનો સુંદર કલાત્મક મંડપ તથા તેમાંનું નારી-કુંજરનું શિલ્પ આ સમયનાં હોવાનું મનાય છે. મુંબઈના પ્રિન્સ ઑવ વેલ્સ મ્યુઝિયમમાં ગુજરાતની કેટલીક કાષ્ઠ-કલાકૃતિઓ સચવાયેલી છે, જેમાં ૧૯મી સદીના પ્રારંભની એક નૃત્યપટ્ટિકા નોંધપાત્ર છે.

ટૂંકમાં, આ સમયનાં શિલ્પોમાં કલાનું પ્રમાણ ઓછું છે, બીબાંઢાળ શિલ્પોનું સર્જન વધારે પ્રમાણમાં થયેલું જોવા મળે છે. વેશભૂષામાં પ્રાદેશિક અસર ઓછી વર્તાય છે.

ચિત્રકળા

મુઘલકાળ દરમિયાન ગુજરાતમાં ચિત્રકળાના ક્ષેત્રમાં લઘુચિત્ર શૈલી પ્રચારમાં હતી. આ કલાના કેટલાક નમૂના જૈન, વૈષ્ણવ અને શાક્ત સંપ્રદાયના ગ્રંથોની હસ્તપ્રતોમાં જોવા મળે છે. આ ચિત્રોનો મોટો સંચય ગુજરાત, સૌરાષ્ટ્ર અને રાજસ્થાનના જ્ઞાનભંડોરોમાં કે ચિત્રશાળાઓમાં તૈયાર કરાવવામાં આવ્યો હતો. આ સમયનાં ચિત્રોનો મુખ્ય વિષય ધાર્મિક હોવા છતાં તેમાંથી ઘણા લૌકિક નમૂના પણ જોવા મળે છે. આ ચિત્રોમાં આલેખાયેલાં પાત્રોનું નિરૂપણ સ્પષ્ટ અને આબેહૂબ છે.

આ સમયનાં કેટલાંક ચિત્રો જૈન ગ્રંથોની હસ્તપ્રતો - જેવો કે કલ્પસૂત્ર, ઉત્તરાધ્યયન,શાંતિનાથસ્તવન. સંગ્રહણીસૂત્ર, લોકપ્રકાશ, પ્રજ્ઞાપનાસૂત્ર, શાંતિનાથ-ચરિત્ર, ઉપાસક દશાંગસૂત્ર, ચંડરાસ, નલદવંયતી, શ્રેણિક રાસ, શ્રીપાલરાસ, ઉપદેશમાલા વગેરેમાંથી મળે છે. સત્તરમી સદીના ઉત્તરાર્ધમાં લખાયેલી

એક પોથીમાં, અમદાવાદના દેવશાના પાડામાંથી મનુશ્રી પુણ્યવિજયજીસૂરિની સત્તરમાં સૈકાના ઉત્તરાર્ધમાં લખાયેલી હોવાનું મનાતી 'આર્દ્રકુમારરાસ'ની હસ્તપ્રતમાં, વિ.સં.૧૭૧૨ (ઈ.સ.૧૬૫૫)માં લખાયેલ 'ચંડારાસ' ની હસ્તપ્રત વગેરેમાંથી સુંદર ચિત્રો મળી આવેલ છે.

ભો. જે વિદ્યાભવનમાં સંગૃહીત 'ગીતગોવિંદ' ની અઢારમા સૈકાની હસ્તપ્રતમાં વિષ્ણુના દશાવતારનાં ચિત્રો, રાધા અને કૃષ્ણના-મિલન વિરહના પ્રસંગો, શિવસંપ્રદાયની અસર નીચે લખાયેલી કાગળની પોથીઓમાં શિવકવચ અને છાયાપુરુપજ્ઞાન વગેરે ચિત્રો આ સમયનાં ધાર્મિક વિષયોને આલેખતાં, લઘુચિત્ર શૈલીનાં ઉત્તમ ચિત્રો છે. લૌકિક વિષયોમાં 'રતિરહસ્ય' ની હસ્તપ્રતમાં કામાસક્ત સ્ત્રીપુરુષોનાં ચિત્રોનું આલેખન જોવા મળે છે.

શાક્ત સંપ્રદાયના લોકપ્રિય ગ્રંથો 'દેવીભાગવત' તથા 'ચંડીપાઠમહાત્મ્ય' જેવા ગ્રંથોની સચિત્ર પોથીએ મળે છે. વળી, 'સૂર્ય સહસ્ત્રનામ સ્તોત્ર' ની પોથીમાં સૂર્યદેવનું માનુષી સ્વરૂપનું ભાવવાહી ચિત્ર આલેખાયું છે.

લૌકિક વિષયોમાં 'રતિરહસ્ય'ની હસ્તપ્રતમાં કામાસક્ત સ્ત્રીપુરુષોનાં ચિત્રોનું સુંદર આલેખન જોવા મળે છે. પ્રતનાં ચિત્રિત પાનાંઓમાં પાનાંઓમાં ગોળ આકૃતિમાં પશુ- પંખીની આકૃતિઓ જોવા મળે છે.

અમદાવાદ અને સુરતનાં જૈન મંદિરોમાં ભિત્તિચિત્રો આલેખાયેલાં જોવા મળે છે. આ મંદિરોમાં કાષ્ઠ ઉપરનું કોતરકામ સુંદર છે. આ પહેલાં સુરતનાં ચિંતામણિ પાર્શ્વનાથના મંદિરમાં, અમદાવાદના અજિતનાથ તથા પાર્શ્વનાથ મંદિરમાં ઉત્તમ પ્રકારનું કાષ્ઠકામ થયું હતું.

અમદાવાદ અને સુરતનાં જૈન મંદિરોમાં ભિત્તિચિત્રો આલેખાયાં છે. આ મંદિરોમાં કાષ્ઠ ઉપરનું કોતરકામ સુંદર છે. પહેલાં સુરતના ચિંતામણિ પાર્શ્વનાથના મદિરમાં, અમદાવાદના અજિતનાથ તથા પાર્શ્વનાથના મંદિરમાં ઉત્તમ પ્રકારનું કાષ્ઠકામ થયું હતું.

અમદાવાદ અને સુરતનાં જૈન મંદિરોમાં ભિત્તિચિત્રો આલેખાયાં છે. આ

મંદિરોમાં કાષ્ઠ પરનું કોતરકામ ઉત્તમ પ્રકારનું થયું છે. હિંદુ મંદિરોમાં સોખડા (જિ. ગાંધીનગર) ના વૈદ્યનાથ મંદિરની ભીંત પર રામાયણ કથાપ્રસંગોનાં ચિત્રો જોવા લાયક છે. ભૂજમાં રાઓશ્રી લખપતના આયના મહેલમાં રાજાઓનાં વ્યક્તિચિત્રો તથા રાજસવારી અને રાજદરબારનાં દૃશ્યો આલેખાયાં છે.

ઈ.સ. ૧૮૧૮માં કચ્છના અંજારમાં મેકમર્ડો નામના અંગ્રેજે બંધાવેલ મકાનની દીવાલ ઉપર રામરાવણનું યુદ્ધ, અશોકવાટિકામાં સીતા, ગોવર્ધનધારી કૃષ્ણ, કાન-ગોપી વગેરેનાં સુંદર ચિત્રો આલેખવામાં આવેલાં છે. આ ચિત્રો મરાઠાકાળની લલિત કળાનો ખ્યાલ આપે છે.

મરાઠાકાળની ચિત્રકલા મુઘલકાલીન ચિત્રકલા કરતાં ઘણી જ ઊતરતી કક્ષાની છે. આનું કારણ મહદંશે ગુજરાતની રાજકીય આવ્યવસ્થા ગણી શકાય જૈન પોથીઓ અને હિંદુ હસ્તપ્રતોનાં ચિત્રોમાં માનવઆકૃતિઓમાં સપ્રમાણતા જોવા મળતી નથી. આ સમયનાં ઉપલબ્ધ ચિત્રો ઉપરથી આપણને તત્કાલીન ગુજરાતની રાજકીય, સામાજિક, આર્થિક, ધાર્મિક વગેરે પરિસ્થિતિઓનો સચોટ ખ્યાલ આવે છે. આ સર્વ ચિત્રો ઉપરથી સ્પષ્ટ જણાય છે કે મરાઠાકાળમાં ગુજરાતની લઘુચિત્ર શૈલીનાં વળતાં પાણી થવા માંડ્યાં હતાં.

સંગીત

ગુજરાતમાં ઈતિહાસના ઉગમ-કાળથી લોકજીવનમાં સંગીતનું મહત્ત્વ સ્વીકારાયું છે. ગુજરાતમાં સંગીતકળાને પ્રોત્સાહન આપી તેને વિકસાવવામાં વૈષ્ણવ, શાક્ત અને જૈન ધર્મે મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. ગુજરાતના રાજવીઓએ ગાયકો, વાદકો અને નર્તકોને રાજ્યાશ્રય આપી સંગીતની કલાને વિકસાવી છે.

મરાઠા સમયમાં જૈન અને હિંદુ મંદિરોમાં આલેખાયેલાં ભિત્તિચિત્રોમાં ગાયક અને વાદકોના સમૂહો જોવા મળે છે. આ ચિત્રોમાં પખવાજ, મૃદંગ, ઢોલ, નગારું, ખંજરી, ડફ, નોબત, ભૂંગળ, નરઘાં વગેરે વાદ્યો જોવા મળે છે. ચિત્રો પરથી જણાય છે કે તે સમયે તંતુવાદ્યમાં એકતારો, તંબુરો, તુંબરી, વીણા, સારંગી, જંતુર, રાવણહથ્થો વગેરે મરાઠાકાલીન લોકસમૂહમાં જાણીતાં હશે. આ ઉપરાંત સામાન્ય

કક્ષાના લોકો કાંસીજોડાં, કરતાલ, ઝાંઝર, ઘૂઘરા વગેરેનો પણ ગાતી વખતે ઉપયોગ કરતા હશે.

મરાઠાકાળમાં સંગીતપરંપરા વૈષ્ણવ મંદિરોમાં અને જૈન મંદિરોમાં સચવાઈ રહી હતી. વૈષ્ણવ મંદિરોમાં સવાર-સાંજ પ્રતિમાં સમક્ષ જુદા જુદા રાગોમાં કીર્તન ગવાતાં. ધમારો અને ધ્રુપદ સાજસંગીત સાથે ગવાતાં. વૈષ્ણવ મંદિરોમાં ગવાતું સંગીત હવેલી સંગીત તરીકે લોકોમાં પ્રચલિત થયું. જૈન મંદિરોમાં લોકો ભવાઈ દ્વારા સંગીતની મજા માણતા. ગણિકાગૃહોમાં અને રાજદરબારમાં ગઝલ, ઠુમરી, કવાલી વગેરેને પ્રાધાન્ય મળતું. આ ઉપરાંત માણભટ્ટો, કથાકારો, ભરથરીઓ વગેરે પણ સંગીતકલાને ચેતનવંતી રાખતા.

મરાઠાકાળ રાજકીય અવ્યવસ્થા અને અંધાધૂંધીનો હોવા છતાં પણ હવેલી સંગીત, ભાવના, ભવાઈ, માણભટ્ટો વગેરેએ સંગીત દ્વારા સમાજની ધાર્મિકવૃત્તિને ટકાવી રાખી હતી. સંગીત પણ લોકોની ધર્મભાવનાને વિકસાવવામાં મહત્ત્વનો ભાગ ભજવતું.

નૃત્યકલા

મરાઠાકાળ દરમિયાન ગુજરાતમાં રાસ, ગરબા, ગરબી, ભવાઈ વગેરે ઘણાં જ લોકપ્રિય હતાં. રાસ અને ગરબા એ નૃત્યના ક્ષેત્રે ગુજરાતની આગવી વિશિષ્ટતા છે. પ્રાચીન ગ્રંથોમાંથી રાસના બે પ્રકાર તાલા રાસ (ફરતે કુંડાળે માત્ર તાલીઓથી તાલ આપીને અને લકુટા રાસ વગેરે વિષેના ઉલ્લેખો મળે છે. મધ્યકાળ અને મરાઠાકાળમાં ભવાઈ એ મનોરંજન માટેનું મહત્ત્વનું સાંધન મનાતું. આમાં સંગીત અને નૃત્ય બંનેનો સમાવેશ થતો. આ એક લોકનૃત્યુનો પ્રકાર છે. તેનાં દ્વારા લોકોમાં ધાર્મિક ચૈતન્ય ટકાવી રાખવામાં આવતું. ભવાઈના કલાકારો રાજા અને સમાજના દોષોની જાહેરમાં ભવાઈ દ્વારા ટીકા કરી સમાજને દોષો પ્રત્યે જાગ્રત રાખવા. આ ભવાઈના જુદા જુદા વેશો કલાકારો ભજવતા. વેશોની રચના અસાઈત, માંડણ જેવા કલાકારોએ કરી છે. અસાઈત ઠાકરે ભવાઈના ત્રણસો સાઠ વેશ અંબામાની આરાધના કરી હોવાની માન્યતા ગુજરાતમાં પ્રચલિત છે. આ વેશો શરૂઆતમાં ગણેશ અને શક્તિની પૂજા કરીને ભજવાતા. આ વેશોમાં ઝંડા-ઝૂલણ, જસમા-

ઓડણ વગેરે વેશો લોકોમાં ઘણ જાણીતા છે. કેટલાક વેશો - જેવા કે વણઝારાનો વેશ, વાઘરીનો વેશ વગેરે દ્વારા લોકોની ખાસિયતો રજૂ થતી. આ વેશોનો વિષય સામાન્ય રીતે સામાજિક ધાર્મિક અને ઐતિહાસિક હોય છે. કેટલાકમાં નૃત્ય અને સંગીત તથા અંગકસરતનું પ્રમાણ સવિશેષ હોય છે.

ટૂંકમાં, ભવાઈ દ્વારા મરાઠાકાલીન સમાજના દર્શન થાય છે. ભવાઈ એ ગુજરાતી નાટ્યશૈલીનો 'એ' વિશિષ્ટ પ્રકાર છે.

પાળિયા

પાળિયા એટલે ધીંગાણાં, સતી, સંત અને શૂરાની યાદ આપતાં સ્મારકો. મરાઠાકાળ દરમિયાન ગુજરાતમાં અનેક સ્થળોએ નાનામોટા અસ્તિત્વમાં આવ્યા. કચ્છમાં, સાબરકાંઠા જિલ્લામાં તેમ જ ગુજરાતના વિવિધ સ્થળોએ પાળિયા અને ખાંભીઓ સચવાયેલાં જોવા મળે છે. સતીના પાળિયા કચ્છ અને સૌરાષ્ટ્રના પ્રદેશમાંથી વિપુલ પ્રમાણમાં મળે છે.

ઝારાના યુદ્ધમાં વીરગતિને પામનાર ગોવર્ધન ખવાસ નામના એક સૈનિકનો પાળિયો કચ્છના મ્યુઝિયમમાં સચવાયેલો છે. શિલાના ઉપરના ભાગમાં ઘોડા ઉપર બેઠેલા યોદ્ધાનું શિલ્પ છે. તેના જમણા હાથમાં ભાલો છે. એની પાછળ સૂર્ય-ચંદ્રની આકૃતિઓ કંડારેલી છે. તેના ઉપર સં. ૧૮૧૯ (ઈ.સ. ૧૭૬૨-૬૩) નો લેખ છે.

આવો જ એક બીજો પાળિયો શામળાજી વિસ્તારમાંથી ગુજરાતના પુરાતત્ત્વ ખાતાને મળી આવેલો છે. તેમાં વીર યોદ્ધો હાથમાં ઘોડાની લગામ પકડી અશ્વારૂઢ થયેલો કંડારવામાં આવેલો છે. બીજા હાથમાં માળા છે, કપાળમાં વૈષ્ણવ તિલક છે. પહેરવેશમાં પાઘડી, કાનમાં ગોળ કડીઓ, ગળામાં માળા જોવા મળે છે. કમરબંધમાં કટાર ખોસેલી છે. પીઠ ઉપર ઢાલ છે. પાછળના ભાગમાં સૂર્ય-ચંદ્રની આકૃતિ કંડારેલ છે. નીચેના ભાગમાં સંવત ૧૮૨૬ (ઈ.સ. ૧૭૬૯-૭૦) ની સાલનો લેખ છે.

આમ, પાળિયાઓ પ્રથમ દૃષ્ટિએ સામાન્ય લાગતા હોવા છતાં મહત્ત્વના રાજકીય બનાવો અને સાંસ્કૃતિક ઇતિહાસને લગતી માહિતી પૂરી પાડે છે. પાળિયા ઉપરના ઘણા લેખોમાંથી તત્કાલીન સમાજનું દર્શન થાય છે. તેના ઉપરનાં શિલ્પો

કલાની દૃષ્ટિએ ઘણાં જ ઊતરતી કક્ષાનાં હોવા છતાં તે એક વિશિષ્ટ પ્રકારનાં સ્મારકો છે.

કેટલેક ઠેકાણે પાળિયાની પૂજા પણ થતી હોય છે. મોટા ભાગે સતીના પાળિયાઓ પુજાય છે. મોડાસામાં લગભગ અઢારમી સદીના ઉત્તરાર્ધના મનાતા એક સતીના પાળિયાની વ્યવસ્થિત રીતે પૂજા થાય છે.

સંદર્ભગ્રંથો

આચાર્ય નવીનચંદ્ર આ. — ગુજરાતના ધર્મસંપ્રદાયો. અમદાવાદ, ૧૯૮૩.

જોટ ર. ભી — ૧. ગુજરાતનું પાટનગર અમદાવાદ, ૧૯૨૯.

૨. ખંભાત ઇતિહાસ, અમદાવાદ, ૧૯૩૫.

ઝવેરી કૃ. મો. — ગુજરાતીઓએ લખેલા ફારસી ગ્રંથો, અમદાવાદ, ૧૯૪૫.

દેસાઈ ઈ. ઈ. — 'સુરત સોનાની મૂરત', સૂરત, ૧૯૫૮.

દેસાઈ મોહનલાલ — જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ, મુંબઈ, ૧૯૩૩.

દેસાઈ શંભુપ્રસાદ હ. (અનુ.) — તારીખે સોરઠ-વ-હાલાર, જૂનાગઢ, ૧૯૭૮.

દેસાઈ સુધા — ભવાઈ - ગુજરાતનું લોકનાટ્ય, ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ - ગ્રં. ૨, અમદાવાદ, ૧૯૭૬.

નાયક અસાઈત	હંસાઉલી (સં. કે. કા. શાસ્ત્રી), અમદાવાદ, ૧૯૪૫.
પઠાણ નિઝામુદ્દીન નૂ. અનુ	મિરાતે અહમદી - ભા. ૧-૨, માંગરોળ, ૧૯૧૩.
પરીખ ર. છો. અને	ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ -
શાસ્ત્રી હ. ગં. (સં)	ગ્રં. ૭ : મરાઠાકાળ, અમદાવાદ, ૧૯૮૧.
મકાટી પીલાં ભીખાજી	પારસી સાહિત્ય ઇતિહાસ, નવસારી, ૧૯૪૯.
માસ્તર કરીમ મહંમદ	મહાગુજરાતના મુસલમાનો, વડોદરા, ૧૯૬૯.
રાઠોડ રામસિંહ	કચ્છનું સંસ્કૃતિ દર્શન, અમદાવાદ, ૧૯૫૯.
લાજરસ તેજપાળ	ગુજરાતમાં ખ્રિસ્તી મંડળીનો ઇતિહાસ, સુરત, ૧૯૨૮.
Majmudar. M. R.	Cultural History of Gujarat. Bombay, 1965.

●

પારિભાષિક શબ્દસૂચિ

અંગ્રેજી - ગુજરાતી

Administration = રાજ્યતંત્ર

Administrative = વહીવટી

Age = યુગ

Agriculture = ખેતી

Ancient = પ્રાચીન

Architecture = સ્થાપત્ય

Attack = આક્રમણ

Basement = પીઠ

Bracket = ટેકો

Capital = રાજધાની; શિરાવટી

Castle = કિલ્લો, કોટ

Chronology = કાલગણના

Climate = આબોહવા

Coin = સિક્કો

Condition = સ્થિતિ

Copper-plate = તામ્રપત્ર

Cult = સંપ્રદાય

Cultural = સાંસ્કૃતિક

District = જિલ્લો

Division = વિભાગ

Document = દસ્તાવેજ

Door - frame = દ્વારશાખ

Economic = આર્થિક

Empire = સામ્રાજ્ય

Era = સંવત; સન

Export = નિકાસ

Famine = દુકાળ

Figure = આકૃતિ

Fort = કિલ્લો; દુર્ગ

Governor = સૂબો

Historical = ઐતિહાસિક

Import = આયાત

Interest = વ્યાજ

Invasion = ચઢાઈ

Jain temple = દેરાસર

Jangha = જંઘા

Kingdom = રાજ્ય

Legend = દંતકથા

Literary = સાહિત્યિક

Messenger = દૂત; સંદેશવાહક

Minister = વજીર

Niche = ગવાક્ષ

Officer = અધિકારી

Ornaments = ઘરેણાં

Palace = રાજમહેલ

Porch = ચોકી

Region = પ્રદેશ

Reign = રાજ્યકાલ

Industry = ઉદ્યોગ

Inscription = અભિલેખ

Religious = ધાર્મિક

Renovation = જીર્ણોદ્ધાર

Reservoir = જળાશય

Royal - patronage = રાજ્યાશ્રય

Rule = શાસન

Sculpture = શિલ્પ

Shrine = ગર્ભગૃહ

Social = સામાજિક

Source = સાધન; સ્રોત

Spy = ગુપ્તચર

Style = શૈલી

Successor = ઉત્તરાધિકારી

Tax = કર

Tempal = દેવાલય

Trade = વેપાર

Vyala = વ્યાલ

Weight = તોલ

ગુજરાતી - અંગ્રેજી

અધિકારી = Officer

અભિલેખ = Inscription

આકૃતિ = Figure

આક્રમણ = Attack; Invasion

આર્થિક = Economic

આબોહવા = Climate

આયાત = Import

ઉત્તરાધિકારી = Successor

ઉદ્યોગ = Industry

ઐતિહાસિક = Historical

કર = Tax

કાલગણના = Chronology

કિલ્લો = Fort

કોટ = Castle

ખેતી = Agriculture

ગવાક્ષ = Niche

ગર્ભગૃહ = Shrine

ગુપ્તચર = Spy

ઘરેણાં = Ornaments

દ્વારશાખ = Door-frame

ધાર્મિક = Religious

નિકાસ = Export

પીઠ = Basement

પ્રદેશ = Region

ભરણી = Capital

યુગ = Age

રાજધાની = Capital

રાજમહેલ = Palace

રાજ્ય = Kingdom

રાજ્યકાલ = Reign

રાજ્યતંત્ર = Administration

રાજ્યાશ્રય = Royal-patronage

વજીર = Minister

વહીવટી = Administrative

વિભાગ = Division

વેપાર = Trade

વ્યાજ = Interest

વ્યાલ = Vyala

ચડાઈ = Invasion

ચોકી = Porch

જળાશય = Reservoir

જંઘા = Jangha

જિલ્લો = District

જીર્ણોદ્ધાર = Renovation

ટેકો = Bracket

તામ્રપત્ર = Copper-plate

તોલ = Weight

દસ્તાવેજ = Document

દંતકથા = Lengend

દુકાળ = Famine

દૂત = Messenger

દેરાસર = Jain temple

દેવાલય = Temple

શાસન = Rule

શિરાવટી = Capital

શિલ્પ = Sculpture

શૈલી = Style

સંપ્રદાય = Cult

સંવત, સન = Era

સાધન = Source

સામાજિક = Social

સામ્રાજ્ય = Empire

સાહિત્યિક = Literary

સાંસ્કૃતિક = Cultural

સિક્કો = Coin

સ્થાપત્ય = Architecture

સ્થિતિ = Condition

Rajeshkumar Gambhava